साप्ताहिक
203 वर्ष
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 44
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ કાર્તિક વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૭ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# महायुतीची हाव अन् १० वर्षात वाढला जगण्याचा भाव

## महागाईचा भडका

| | किंमत 2013 मध्ये | किंमत 2024 मध्ये |
|---|---|---|
| सिलेंडर | ₹410 | ₹802 |
| पेट्रोल | ₹73/Litre | ₹103.44/Litre |
| डिझेल | ₹51.97/Litre | ₹89.97/Litre |
| खाद्यतेल | ₹80/Litre | ₹180/Litre |
| तांदूळ | ₹26/Kg | ₹40/Kg |
| गहू | ₹22/kg | ₹30/kg |
| तूर डाळ | ₹74/Kg | ₹130/Kg |
| टोमॅटो | ₹18/Kg | ₹80/Kg |
| बटाटा | ₹12/kg | ₹27/kg |
| मीठ | ₹15/Kg | ₹25/Kg |
| साखर | ₹28/Kg | ₹42/Kg |
| दूध | ₹27/Litre | ₹56/Litre |




## महालुटीने सामान्यांना वाऱ्यावर सोडलं, सुखी संसाराचं स्वप्न महागाईनं मोडलं




प्रकाशक: श्री. प्रमोद मोरे, जनरल सेक्रेटरी, महाराष्ट्र प्रदेश काँग्रेस कमिटी, टिळक भवन, काकासाहेब गाडगीळ मार्ग, दादर, मुंबई - ४०० ०२५

# ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું: ચાર શહેરોમાં ૧૮ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હવે ધીમે ધીમે ઠંડીની એન્ટ્રી થઈ રહી છે. શનિવારે ઠંડીનો ચમકારો તીવ્ર બન્યો હતો અને અનેક સ્થળોએ સવારે ૧ થી ૨ ડિગ્રી તાપમાન નીચું ઊતર્યું હતું. ખાસ કરીને ગાંધીનગરમાં ૧૪.૮ ડિગ્રી તથા અમરેલી ખાતે ૧૬.૪ અને પોરબંદરમાં ૧૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે સૌથી વધુ ઠંડી અનુભવાઈ હતી. આ ઉપરાંત ચાલુ શિયાળુ સિઝનમાં પ્રથમ વાર રાજકોટ ખાતે ૧૮.૬ ડિગ્રી તાપમાન સાથે ઠંડીનો તીવ્ર ચમકારો અનુભવાયો હતો.

રાજ્યનાં ચાર શહેરોનું લઘુતમ તાપમાન ૧૮ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. રાજ્યનાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. કચ્છના નલિયા અને ભાવનગરના મહુવામાં લઘુતમ તાપમાનનો પારો ૧૭.૫ ડિગ્રીએ પહોંચ્યો હતો, જ્યારે વડોદરામાં પણ ૧૭.૬ ડિગ્રી લઘુતમ નોંધાયું હતું. રાજ્યમાં સૌથી વધારે ઠંડી સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં જોવા મળી રહી છે જો કે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં પણ સવારના સમય અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો - ગુલાબી ઠંડી મહેસૂસ થઈ રહી છે.

ગુજરાતનાં અન્ય શહેરો જેવાં કે, અમદાવાદમાં ૧૯.૫, ભુજ ખાતે ૧૯.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું તથા દમણમાં ૨૩, ડિસામાં ૧૮.૫, દિવમાં ૧૭.૩, દ્વારકામાં ૨૨.૬, ઓખામાં ૨૩.૨, સુરતમાં ૨૧.૭ તથા વેરાવળમાં ૨૧.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે આવતા સપ્તાહથી ક્રમશ: સવારનું તાપમાન ઘટવા સાથે ઠંડી વધવાની સંભાવના વ્યક્ત કરી હતી.

# ગુજરાતમાં ડાયાબિટીસના દર્દીઓ વધ્યા: ડાયાબિટીક દવાઓનું વેચાણ ૩૩ ટકા વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે, રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં એન્ટી ડાયાબિટીક દવાઓનાં વેચાણમાં ૩૩ ટકાનો વધારો થયો છે. ફાર્મરિક દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા અનુસાર, ગુજરાતમાં ઑક્ટોબર ૨૦૨૦માં ડાયાબિટીસની દવાઓનું વેચાણ રૂા. ૭૨૮ કરોડથી વધીને રૂ. ૯૭૦ કરોડ થયું હતું.

ડાયાબિટીસ સાથેના બીજા રોગમાં પણ વધારો થયો છે જેનાથી કૉમ્બિનેશન દવાઓના ઉપયોગમાં વધારો થયો છે. આ જ સમયગાળા દરમિયાન, ઓરલ એન્ટીડાયાબિટીક કૉમ્બિનેશનનું વેચાણ રૂા. ૩૫૯ કરોડથી વધીને રૂા. ૫૫૮ કરોડ થયું હતું, જે ઓએડીએસ માત્ર બ્લડ સુગરને જ નહીં, પરંતુ કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ અને અન્ય સહ-રોગો માટે આપવામાં આવે છે. મેટફોર્મિન અને ગ્લિમેપીરાઇડ જેવી દવાઓનાં વેચાણમાં ખૂબ વધારો થયો છે. આ ડાયાબિટીસ અને તેની સહ-રોગ જેવી બીમારીઓ, જેમ કે હૃદય, કિડની અને આંખ સંબંધિત બીમારીઓ માટે આપવામાં આવે છે.

ગુજરાતમાં છૂટક વેચાણ કરાયેલાં ટોચનાં પાંચ ઓએડી સંયોજનોમાં મેટફોર્મિન સાથે ગ્લિમેપીરાઇડનો સમાવેશ થાય છે, જેનું વેચાણ ઑક્ટોબર ૨૦૨૪માં રૂા. ૧૪૯ કરોડ થયું હતું. અન્યમાં મેટફોર્મિન અને ગ્લિમેપીરાઇડ, સીતાગ્લિપ્ટિન અને મેટફોર્મિન,ગ્લિમેપીરાઇડ અને વોગ્લિબોઝનો સમાવેશ થાય છે. પિયોગ્લિટાઝોન સાથે મેટફોર્મિન, અને મેટફોર્મિન સાથે ટેનેલિગ્લિપ્ટિનનું વેચાણ પણ વધ્યું છે.

આ દવાઓનું વેચાણ ૨૦૨૦માં રૂા. ૧૧૯ કરોડથી વધીને ઓક્ટોબર ૨૦૨૪માં રૂા. ૧૪૯ કરોડ થયું હતું, જે બ્લડ સુગરના સ્તરને નિયંત્રણમાં રાખવાની તેની અસરકારક ક્ષમતાને કારણે છે. તેની સાથે સાથે મેટોરમિન અને ગ્લિમેપીરાઇડ સાથે વોગ્લિબોઝ જેવી ટ્રિપલ દવાઓનાં સંયોજનમાં પણ આ જ સમયગાળામાં વેચાણમાં ૫૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો

તે જ રીતે નેટફોર્મિન સાથેનાં ટેનેલિગ્લિપ્ટિન જેવાં ઇરુગ્સનું રૂા. ૩૧ કરોડ જ્યારે મેટફોર્મિન સાથેના સિટાગ્લિપ્ટિનનું ઑક્ટોબર ૨૦૨૪ દરમિયાન રૂ. ૪૬ કરોડનું વેચાણ જોવા મળ્યું હતું. ડાયાબિટીસની દવાઓનું વધતું વેચાણ ગુજરાતમાં ડાયાબિટીસનાં વધતાં જતાં જોખમોને દર્શાવે છે. ડાયાબિટીસની સાથે હાયપરટેન્શન, કિડનીની બીમારીઓ અને અન્ય સીવીડી જેવી બીમારીઓમાં પણ વધારો થઈ રહ્યો છે.

# અમદાવાદના બોપલમાં બાવીસ માળની બિલ્ડિંગમાં આગ, ૧ મહિલાનું મોત, બાવીસ લોકો સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના બોપલ વિસ્તારમાં શુક્રવારે રાત્રે એક એપાર્ટમેન્ટમાં આગ લાગવાની ઘટના બની હતી. બોપલમાં ૨૨ માળના ઈસ્કોન પ્લેટિનમ બિલ્ડિંગના એમ બ્લોકમાં સાતમા અને આઠમા માળ વચ્ચે લાગેલી આગ ૨૧મા માળ સુધી પ્રસરી હતી.

આગ લાગતાં જ ફાયર વિભાગની ૧૨ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના ૫૦ જેટલા જવાનો ઘટનાસ્થળે આગ બુજાવવા અને બચાવની કામગીરીમાં જોડાયા હતા. આ ઘટનામાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. જ્યારે ૨૨ લોકોને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા.

ફાયર વિભાગ દ્વારા મેજર કોલ જાહેર કરીને રેસ્ક્યૂ ઑપરેશન હાથ ધરાયું હતું. જેમાં ફસાયેલા ૧૦૦થી વધુ લોકોને મકાનની બારીઓના કાચ તોડીને સુરક્ષિત બહાર કાઢી લેવાયા હતા. આ ઘટનામાં એક મહિલાનું મોત થયું હોવાની પુષ્ટિ થઈ હતી. જ્યારે ઈજાગ્રસ્ત લોકોને સારવાર હેઠળ તાત્કાલિક ધોરણે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ત્રણ લોકો વેન્ટિલેટર પર સારવાર લઈ રહ્યા છે.

જ્યારે ૬ લોકોને આઈસીયુમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અન્ય લોકોને સામાન્ય ઈજા હોવાથી સારવાર આપવામાં આવી હતી. આ ઘટનામાં ૧૭મા માળનો એક ફ્લૅટનો તમામ સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

આગની ઘટનામાં એપાર્ટમેન્ટના લોકોમાં અફરાતફરી સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ફાયર વિભાગનું કહેવું છે કે શોર્ટ શર્કિટના કારણે આગ લાગી હતી. જ્યારે સ્થાનિક લોકોનું કહેવું છે કે બાળકોએ ફટાકડા ડક લાઈનમાં નાખ્યા હોવાથી આગ લાગી હતી.

અન્ય એક કારણ એવું પણ ચર્ચાય છે કે આઠમા માળ પર આવેલા એક ઘરની બહાર ટેબલ પર મૂકવામાં આવેલા દિવાના કારણે આગ લાગી હતી.

# અમદાવાદ જિલ્લામાં રોગચાળો અટકાવવા ટેક્નોલૉજીનો ઉપયોગ: ડ્રોનથી મચ્છર નિયંત્રણની કામગીરી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ શહેર અને જિલ્લામાં મચ્છરોના વધી રહેલા ઉપદ્રવને કારણે મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. આ રોગચાળાને અટકાવવા માટે હવે અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા ટેક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવશે. પંચાયત દ્વારા હવે મચ્છરોના બ્રિડિંગની સાઈટો ડ્રોન દ્વારા શોધવામાં આવશે અને ત્યાં અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ મોકલીને દવા છંટકાવ જેવી કામગીરી કરવામાં આવશે. અમદાવાદ જિલ્લા પંચાયતના અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, ચોમાસા બાદ ભરાયેલાં પાણીવાળાં સ્થળો કે કાયમી પાણીથી ભરાયેલાં સ્થળો પર મચ્છરોની ઉત્પત્તિ થતી હોય છે. જેના નિયંત્રણ માટે તેને લારવા અવસ્થામાં નાબૂદ કરી તેના પ્રજનન ચક્રને તોડી નાખવું જરૂરી બને છે. તળાવ, મોટા ખાડાઓ, કચરાનું ડેમ્પિંગ, સાઈડ રોડની ઓફસાઇડિંગ, ખુલ્લી ટાંકીઓ અને ખુલ્લા પાત્રો વગેરે એવાં સ્થળો છે, જેને ગ્રાઉન્ડ ટીમ દ્વારા શોધવા કે ત્યાં મચ્છરોની લારવા અવસ્થાની સાઈટ પર સ્પ્રે કરવો શક્ય બનતું નથી. જેથી હવે આ સમસ્યાનું સમાધાન પણ ટેક્નોલૉજીની મદદથી કરવામાં આવ્યું છે.

અધિકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા મચ્છરજન્ય રોગોને કંટ્રોલ કરવા માટે એઆઈ આધારિત ડ્રોન ટેક્નોલૉજીનો ઉપયોગ કરી મચ્છર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા આ પ્રૉજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. ડ્રોનથી સરવે કરીને સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળની વિગતવાર માહિતી ઍરિયલ ફોટોગ્રાફ સાથે ગૂગલ મેપ પર ઑનલાઇન ઉપલબ્ધ થશે.

આ માહિતીના આધારે સાઈટની સફાઈ, ખુલ્લાં પાત્રોનો નિકાલ અને લારવા સાઈટ ઉપર દવા છંટકાવ કરવાનું નિશ્ચિત કરી ગ્રાઉન્ડ ટીમ અને ડ્રોન ટીમને ઑટોમેટિક અસાઈન થઈ જશે. જ્યાં ગ્રાઉન્ડ ટીમ દ્વારા છંટકાવ શક્ય ન હોય ત્યાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. ઔદ્યોગિક એકમો અને રહેણાંક વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ સ્થળની સફાઈનાં સૂચનો આપ્યાં બાદ પણ જો જરૂરી કામગીરી નહીં થાય તો એપિડેમિક ઍક્ટ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# ખ્યાતિ હૉસ્પિટલની તપાસ માટે પોલીસે આરોગ્ય વિભાગ પાસે કાર્ડિયોલૉજિસ્ટ ડૉક્ટરોની ટીમની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં ખ્યાતિ હૉસ્પિટલની ઘટનામાં પાંચ લોકો સામે ફરિયાદ નોંધાયા બાદ હવે પોલીસ તંત્ર ઍક્શન મૉડમાં આવી ગયું છે. પોલીસે ડૉ. પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરીને તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવી લીધા હતા અને હવે ફરાર થયેલા અન્ય ચાર લોકોને ઝડપી લેવા માટે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે આ હૉસ્પિટલમાં ભોગ બનેલા ૧૯ લોકોની મૅડિકલ ફાઈલ અને તપાસની સીડી કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ખ્યાતિ હૉસ્પિટલમાં બનેલી ઘટના બાદ તપાસ માટે અમે કાર્ડિયોલૉજિસ્ટ ડૉક્ટરોની મદદ માંગી હતી. જેથી આરોગ્ય વિભાગ અમને શનિવાર સુધીમાં ટીમની ફાળવણી કરશે. જેથી પોલીસ આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરી શકશે. કાર્ડિયોલૉજિસ્ટની ટીમ સાથે પોલીસની ટીમ દર્દીઓની તમામ સીડીનું એનાલિસિસ કરશે બાદમાં રિપોર્ટનું એનાલિસિસ કરશે.

પોલીસને આ પ્રકારે તપાસ કરતાં સ્પષ્ટ થઈ જશે કે, અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલના સંચાલકોએ દર્દીઓની તપાસની સીડી અને મૅડિકલ રિપોર્ટમાં કયા પ્રકારની ગોલમાલ કરી છે. તે ઉપરાંત હૉસ્પિટલ દ્વારા યોજાયેલા નિદાન કેમ્પમાંથી આવેલા દર્દીઓને કોઈ સમસ્યા હતી કે નહીં તેમ જ કોઈ સમસ્યા નહીં હોવા છતાં તેમનું ઑપરેશન કરી દેવામાં આવ્યું છે તેનો દર્દીઓની તપાસની સીડી અને રિપોર્ટના આધારે હાથ ધરાયેલી તપાસ બાદ એક રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. પોલીસને કાર્ડિયોલૉજિસ્ટ ડૉક્ટરોની ટીમ તપાસ માટે મળ્યા બાદ આ કેસની તપાસ વધુ ઊંડાણપૂર્વક કરવામાં આવશે.

# ગુજરાત સીએસઆર ફંડનું ત્રીજું સૌથી મોટું લાભાર્થી: વર્ષ ૨૦૨૨-૨૩માં ફંડ ૮૬ ટકા વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશની કૉર્પોરેટ કંપનીઓ કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ઍક્ટ ૨૦૧૩ અંતર્ગત સામાજિક, શૈક્ષણિક ઉત્થાન અને ગ્રામીણ વિકાસ કાર્યો માટે ફંડ ફાળવે છે. કૉર્પોરેટ સોશિયલ રિસ્પૉન્સિબિલિટી (સીએસઆર) હેઠળ મોટી રકમ મૂળભૂત સુવિધાઓ ઊભી કરવા પાછળ ખર્ચવામાં આવે છે. એક રિપોર્ટ મુજબ પછી દેશમાં કૉર્પોરેટ સોશિયલ રિસ્પૉન્સિબિલિટી (સીએસઆર) ફંડ મેળવનાર ત્રીજા સૌથી મોટા રાજ્ય તરીકે ગુજરાત ઊભરી આવ્યું છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૩,૦૦૦ કરતાં વધુ કંપનીઓ દ્વારા ગુજરાતમાં રૂા. ૭,૧૪૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. રિપોર્ટ મુજબ મહારાષ્ટ્ર અને કર્ણાટક પહેલા અને બીજા જ્યારે ગુજરાત ત્રીજા નંબર પર આવે છે.

વડોદરાની એક કન્સલ્ટિંગ અને રિસર્ચ ફર્મના ગુજરાત સીએસઆર પર્ફોર્મન્સ રિપોર્ટ ૨૦૧૮-૨૦૨૩ મુજબ વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાતમાં સીએસઆર ફંડના રૂા. ૧,૦૮૨ કરોડ ખર્ચાયા હતા, જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં સીએસઆર ખર્ચમાં ૮૬ ટકાનો વધારો થઈને રૂા. ૨,૦૦૮ કરોડ થયા હતા. આ રિપોર્ટમાં જણાવાયું છે કે ૨૦૨૧-૨૨માં ખર્ચવામાં આવેલા રૂા. ૧,૬૦૪ કરોડથી ગુજરાતમાં ૨૦૨૨-૨૩માં સીએસઆર ખર્ચમાં ૨૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધુ સીએસઆર ખર્ચ શિક્ષણ (રૂા. ૨,૪૩૭ કરોડ), માનવ આરોગ્ય (રૂા. ૨,૨૧૭ કરોડ) અને ગ્રામીણ વિકાસ (રૂા. ૫૧૩ કરોડ) પાછળ થયો છે. વર્ષ ૨૦૧૮-૧૯થી ૨૦૨૨-૨૩ સુધીમાં શિક્ષણમાં સીએસઆર ખર્ચ લગભગ બમણો થયો છે, કારણ કે મોટા ભાગના કૉર્પોરેટ હાઉસે શાળાઓનું નવીનીકરણ હાથ ધર્યું હતું, ગરીબ વિદ્યાર્થીઓને સહાય કરવા માટે શિષ્યવૃત્તિ આપી હતી અને શિક્ષક તાલીમ કાર્યક્રમો દ્વારા શિક્ષણની ગુણવત્તામાં વધારો કર્યો હતો.

રાજ્યના કુલ સીએસઆર ખર્ચના ૩૪ ટકા તો માત્ર શિક્ષણ પર ખર્ચ કરવામાં આવ્યો છે. શિક્ષણ પાછળ લગભગ રૂા. ૨,૪૩૭ કરોડ ખર્ચવામાં આવ્યો છે. રાજ્યમાં સૌથી વધુ સીએસઆર રોકાણ મેળવનારા જિલ્લામાં અમદાવાદ રૂા. ૧,૭૪૦ કરોડ સાથે ટોચ પર છે, ત્યાર બાદ વડોદરા (રૂા. ૪૫૨ કરોડ), સુરત (રૂા. ૩૯૬ કરોડ), ભરૂચ (રૂા. ૩૨૦ કરોડ) અને વલસાડ (રૂા. ૨૩૩ કરોડ)નો નંબર આવે છે.

# વિજાપુરમાં પરિવારે અજાણ્યા મૃતદેહને પુત્રનો સમજી અગ્નિસંસ્કાર કરી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લાના વિજાપુર શહેરનો એક વ્યક્તિ અમદાવાદના નરોડામાં રહેતો હતો અને ઘરે જાણ કર્યા વિના ક્યાંક ચાલ્યો ગયો હતો. ત્યાર બાદ પરિવારે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસને તપાસમાં એક મૃતદેહ મળ્યો હતો. જેની ઓળખ પરિવારે પોતાનો પુત્ર બ્રિજેશ હોવાની કરીને તેના અગ્નિસંસ્કાર કરી દીધા હતા. પરંતુ બ્રિજેશ ઘરે પરત ફરતાં પરિવારજનો પણ ચોંકી ગયા હતા. હવે પોલીસ માટે આ કેસ કોયડા સમાન બની ગયો હતો કે, જો ગુમ થયેલો માણસ જીવે છે તો આ લાશ કોની હતી? પ્રાપ્ત વિગતો પ્રમાણે વિજાપુર શહેરમાં પ્રભુનગર સોસાયટીમાં રહેતો સુથાર પરિવારનો પુત્ર બ્રિજેશ અમદાવાદમાં નરોડામાં રહેતો હતો અને શૅરબજારનો વ્યવસાય કરતો હતો. આ બ્રિજેશ ૨૭ ઑક્ટોબરે ઘરેથી કહ્યા વિના ચાલ્યો ગયો હતો. જેથી પરિવારે નરોડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગેની ફરિયાદ નોંધાવી હતી. સાબરમતિ પોલીસને બ્રિજ પાસેથી એક અજાણી વ્યક્તિનો મૃતદેહ મળ્યો હતો.

# ગુજરાતમાં પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય વધારીને ₹ ૧ લાખ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૧-૨૨માં નવી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકી હતી. રાજ્ય સરકારે આ યોજનાની સહાયમાં વધારો કર્યો હતો, સરકાર દ્વારા સહાયની રકમ ૭૫૦૦૦ થી વધારીને ૧ લાખ કરવામાં આવી હતી.

કૃષિ પ્રધાન રાઘવજી પટેલે આ યોજના અંગે વાત કરતાં કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને પોતાના ખેતરમાં જ સંગ્રહસ્થાન ઊભું કરવા માટે પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મુકાઈ હતી. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછું ૩૩૦ ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અગાઉ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૭૫,૦૦૦ સહાય આપવામાં આવતી હતી. ખેડૂતોને વધુમાં વધુ સહાય મળી રહે તે માટે રાજ્ય સરકારે ચાલુ વર્ષે સહાયની રકમમાં વધારો કર્યો હતો. હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૧,૦૦,૦૦૦ બંનેમાંથી જે ઓછું હોય તે સહાય આપવામાં આવશે.

મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રાજ્યના ૩૬,૬૦૦થી વધુ ખેડૂતોને સંગ્રહસ્થાન ઊભું કરવા માટે રૂ. ૧૮૪.૨૭ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. સહાયની રકમમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે આ યોજના હેઠળ રાજ્યભરના કુલ ૧૩,૯૮૨ ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખેડૂતો આ યોજનાનો લાભ મેળવીને પોતાની ખેત પેદાશોને આશરે ૧૬ થી ૧૭ મેટ્રિક ટન જેટલી સંગ્રહ ક્ષમતા ધરાવતા ૩૩૦ ચોરસ ફૂટના આ સ્ટ્રક્ચરમાં લાંબા સમય સુધી વરસાદ, વાવાઝોડું, તીડ અને ચોરી જેવી આકસ્મિક આફતો સામે સુરક્ષિત રાખી શકશે.

એટલું જ નહિ, ખેતી કાર્યોમાં વપરાતી ખાતર, બીયારણ, દવા, ખેત ઓજારો, સિંચાઈનાં સાધનો અને તાડપત્રી જેવી વિવિધ સામગ્રીને પણ ખેડૂતો આ સંગ્રહ સ્ટ્રક્ચરમાં વ્યવસ્થિત રીતે સાચવી શકશે. પરિણામે ખેડૂતોની આવકમાં વધારો પણ થશે.

# ગુજરાતમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ શરૂ: ૧૭, ૨૩ અને અને ૨૪ નવે. નામ નોંધાવી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે, જેના પગલે ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણા માટે કવાયત હાથ ધરી છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ખાસ ઝુંબેશ અંતર્ગત આગામી તા.૧૭ નવેમ્બર (રવિવાર), તા.૨૩ નવેમ્બર (શનિવાર) અને ૨૪ નવેમ્બર (રવિવાર)ના રોજ સવારે ૧૦થી સાંજે પાંચ કલાક દરમિયાન જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગોમાં દરેક મતદાન મથક ખાતે બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ સાથે હાજર રહેશે. આ કાર્યક્રમનો હેતુ ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર થાય અને એક પણ મતદાર મતાધિકારથી વંચિત ન રહે તેનો છે. મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે.

૧લી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થતાં હોય તેવા યુવાનો મતદાર તરીકે નોંધણી કરાવી શકશે. તે ઉપરાંત જે યુવાનોના ૧લી જાન્યુઆરી-૨૦૨૫થી ૧લી ઓક્ટોબર-૨૦૨૫ દરમિયાન ૧૮ વર્ષ પૂર્ણ થતાં હોય તેઓ ઍડવાન્સ એપ્લિકેશન કરી સંબંધિત ક્વાર્ટરમાં પોતાનું નામ નોંધાવી શકશે. મતદારયાદી સુધારણા કાર્યક્રમ - ૨૦૨૪ અંતર્ગત નવી નોંધણી, સરનામામાં ફેરફાર કે મતદાર ઓળખપત્રકમાં સુધારો પણ કરી શકાશે. ખાસ ઝુંબેશના દિવસો સિવાય ૨૮મી નવેમ્બર-૨૦૨૫ સુધી સંબંધિત જિલ્લા કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી, મામલતદાર કચેરી પાસે રાખવામાં આવેલી મતદાર યાદીમાં પોતાનું તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકશે. આ ખાસ ઝુંબેશના દિવસોએ મતદાન કેન્દ્રો પર ઉપસ્થિત બીએલઓ દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરી યોગ્ય દિશાનિર્દેશ આપવા જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી.

# રેલવે ટ્રેક પર રીલ બનાવનારાની ખેર નથી: સ્ટંટબાજો વિરુદ્ધ કાનૂની કાર્યવાહી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પર લોકપ્રિય બનવા માટે રેલવે ટ્રેક પર રીલ બનાવવાનું પ્રમાણ વધી રહ્યું છે, જો કે તેનાથી રેલવે તંત્રની મુશ્કેલી વધી છે. જો કે રેલવે વિભાગે રીલ બનાવનારા સામે આકરું વલણ અખત્યાર કર્યું છે. રેલવે બૉર્ડે આ સંદર્ભે પોતાના તમામ ઝોનને નિર્દેશ આપ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, જો રીલ બનાવનારા સુરક્ષિત રેલવે કામગીરી માટે ખતરો ઊભો કરે છે અથવા કોચ અથવા રેલવે પરિસરમાં યાત્રીઓ માટે અસુવિધાનું કારણ બને છે તો તેમની સામે ગુનો નોંધવામાં આવશે.

રેલવે બૉર્ડના આ દિશા-નિર્દેશ તાજેતરમાં કેટલાક એવા કિસ્સાઓ સામે આવ્યા બાદ આવી છે, જેમાં ખાસ કરીને યુવાનોએ પોતાના મોબાઇલ ફોનથી રેલવે ટ્રેક પર અને ચાલતી ટ્રેનોમાં સ્ટંટ કરતાં વીડિયો બનાવવામાં રેલવે સુરક્ષા સાથે ચેડાં કર્યાં હતાં. બૉર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'લોકો રીલ બનાવવામાં તમામ હદો વટાવી ચૂક્યા છે. તેઓ ન માત્ર પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે, પરંતુ રેલવે ટ્રેક પર વસ્તુઓ મૂકીને અથવા વાહનો ચલાવીને અથવા ચાલતી ટ્રેનોમાં ખતરનાક સ્ટંટ કરીને સેંકડો મુસાફરોની સુરક્ષાને પણ જોખમમાં મૂકે છે.' એવા ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. રેલવે બોર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે, રેલવે પ્રોટેક્શન ફૉર્સને નિયમોનું ઉલ્લંઘન કરીને રીલ બનાવનારાઓ પ્રત્યે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવા માટે કહેવામાં આવ્યું છે.

# અમદાવાદમાં આઈઆઈએમના વિદ્યાર્થીની આત્મહત્યા: તપાસ સમિતિ રચાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ-અમદાવાદ (આઈઆઈએમ-એ)ના બીજા વર્ષના પીજીપીના વિદ્યાર્થીએ વસ્ત્રાપુરમાં બી-સ્કૂલના નવા કેમ્પસમાં પોતાની હૉસ્ટેલના રૂમમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. વિદ્યાર્થીની આત્મહત્યાના દોઢ મહિનાથી વધુ સમય વિત્યા બાદ ચાર સભ્યોની એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી. જે વિદ્યાર્થીના મૃત્યુનાં કારણો અને સંજોગોની તપાસ કરશે.

અક્ષિત ભુક્યાની આત્મહત્યાની તપાસ માટે વિદ્યાર્થીઓ અને ૧૭ સિનિયર ફેકલ્ટીએ એક બાહ્ય સમિતિની રચના કરવાની માગણી કરી હતી. જેના પગલે સમિતિની રચના કરાઈ હતી. ત્રણ સભ્યો આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને તેમાંથી બે બૉર્ડ ઑફ ગવર્નર્સમાં છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ નિમણૂક બીઓજીના ચેરપર્સન પંકજ પટેલે કરી હતી.

આ ચાર સભ્યોમાં મેક માય ટ્રિપના ફાઉન્ડર અને ચૅરમૅન દીપ કાલરા, મેકકિન્સે એન્ડ કંપનીના સિનિયર પાર્ટનર રમેશ મંગલેશ્વરન, નયન પરીખ ઍન્ડ કન્સલ્ટન્ટ્સના મૅનેજિંગ ડિરેક્ટર નયન પરીખ અને ભરૂચા ઍન્ડ પાર્ટનર્સના કો-ફાઉન્ડર અલકા ભરૂચાનો સમાવેશ થાય છે.

ચાર સભ્યોની સમિતિએ કેમ્પસમાં ૧૭ ફેકલ્ટી સભ્યો અને સ્ટુડન્ટ્સ અફેર્સ કાઉન્સિલના સભ્યો સાથે અલગ-અલગ બેઠક યોજી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે લગભગ એક કલાક સુધી ચાલેલી બંને બેઠકો દરમિયાન સભ્યોએ ૨૬ સપ્ટેમ્બરની ઘટના અને ટીઆરબીએસ ઇવેન્ટ વિશે પૂછપરછ કરી હતી. સભ્યોએ કાઉન્સિલને જણાવ્યું હતું કે તેમને અક્ષિતના મૃત્યુ, વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સંસ્થાકીય પગલાંની તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે જેથી ભવિષ્યમાં આવી ઘટનાને અટકાવી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ તેલંગાણાના વારંગલના ૨૪ વર્ષીય અક્ષિત ભુક્યા ૨૬ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦.૪૫ વાગ્યાની આસપાસ તેની હોસ્ટેલના રૂમમાં લટકતો મળી આવ્યો હતો.

અક્ષિતના મૃત્યુના પગલે આઈઆઈએમ-એના સત્તાવાળાઓએ ધ રેડ બ્રિક સમિટ નામની પ્રીમિયર મૅનેજમેન્ટ કોન્ક્લેવને રદ કરી હતી. અક્ષિત ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થનારા આ ત્રણ દિવસના પ્રતિષ્ઠિત કાર્યક્રમનો પ્રાઇમરી કૉ-ઑર્ડિનેટર હતો.

# રાજકોટ ગેમઝોન અગ્નિકાંડના આરોપી પૂર્વ એટીપીઓ જયદીપ ચૌધરીએ જામીન અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ ગેમઝોન અગ્નિકાંડની ઘટનામાં મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ એટીપીઓ જયદિપ ચૌધરી મધ્યસ્થ જેલમાં બંધ છે. તેમણે જેલમાંથી બહાર આવવા માટે કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ અરજી મુદ્દે આગામી ૧૯મી નવેમ્બરે કોર્ટમાં સુનાવણી હાથ ધરાશે. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોત થયાં હતાં. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો હતો. અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કન્હૈયાલાલ હીરનનું મોત થયાં બાદ બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જેમાંથી અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, ઇલેશ ખેર, ગૌતમ જોશી, રાજેશ મકવાણા અને મનસુખ સાગઠિયાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1689/57

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 44
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ કારતક વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૧૭ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ઝાંસી મૅડિકલ કૉલેજના શિશુ વૉર્ડમાં આગ, ૧૦ ભૂલકાનાં મોત

### આગની ઘટના બાદ નાસભાગ જેવો માહોલ સર્જાયો

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 67,770/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

લખનઊઃ ઉત્તર પ્રદેશની ઝાંસી મૅડિકલ કૉલેજમાં શુક્રવારે મોડી રાત્રે લાગેલી ભીષણ આગમાં ૧૦ બાળકોનાં મોત થયાં હતાં. આગ એટલી ભયાનક હતી કે શિશુ વૉર્ડની બારી તોડીને અનેક બાળકોને બહાર કાઢવામાં આવ્યાં હતાં.

આગની ઘટના બાદ મૅડિકલ કૉલેજમાં નાસભાગ જેવો માહોલ સર્જાયો હતો. હૉસ્પિટલમાં ઠેર ઠેર રોતી-કકળતી માતાઓ, નવજાત શિશુને હાથમાં લઈને ભાગતા ડૉક્ટરો, કેટલાકના મૃતદેહો અને બીજાના અડધા બળેલા મૃતદેહો જોઈને બધાની કંપારી છૂટી ગઈ હતી. આ ઘટનાથી અનેક ઘરોના દીપક ઓલવાઈ ગયા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ મહારાણી લક્ષ્મીબાઈ મૅડિકલ કૉલેજમાં શુક્રવારે રાત્રે ૧૦.૪૫ વાગ્યાની આસપાસ ઇલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટને કારણે આગ ફાટી નીકળી હતી. વૉર્ડમાં ધુમાડો નીકળતો જોઈ લોકોએ ઍલાર્મ વગાડ્યો હતો, પરંતુ કોઈ કંઈ સમજે તે પહેલાં આગ ફેલાઈ ગઈ હતી. મોટા ભાગનાં બાળકો ધુમાડા અને દાઝી જવાને કારણે (જુઓ પાનું ૨) ▸▸



**આગઃ** ઝાંસી જિલ્લામાં શનિવારે સવારે મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કૉલેજમાં આગ લાગ્યા બાદ નવજાત બાળકોના ઈન્ટેસિવ કેર યુનિટ (એનઆઈસીયુ)ના અવશેષો. (એજન્સી)

મોટાભાઈ ! ૩૮ વરસનો અનુભવ છે!
હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
Heena Tours & Travels
022-61596900

## મોદીએ મૃતકના પરિવારજનને બે લાખ આપવાની જાહેરાત કરી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઉત્તર પ્રદેશની ઝાંસી જિલ્લાની હૉસ્પિટલના બાળકોના વોર્ડમાં લાગેલી આગમાં મરણ પામનાર બાળકો અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારને બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટ અવિનાશ કુમારે પત્રકારોને કહ્યું હતું કે ઈલેક્ટ્રિક શોર્ટસર્કિટને લીધે મહારાણી લક્ષ્મી બાઈ મેડિકલ કોલેજના નીયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં શુક્રવારે રાત્રે ૧૦-૪૫ કલાકે આગ લાગી હતી.

વડા પ્રધાનની કચેરીએ 'એક્સ' પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે હૃદયદ્રાવક! ઉત્તર પ્રદેશની ઝાંસીની હૉસ્પિટલમાં થયેલી આગની દુર્ઘટના હૃદય માટે કષ્ટદાયી છે. જે લોકોએ તેમના નિર્દોષ બાળકોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સહાનુભૂતિ, હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેમને આ મોટી ખોટ સહન કરવાની શક્તિ આપે.

મોદીએ કહ્યું હતું કે રાજ્ય સરકારની (જુઓ પાનું ૨) ▸▸

અજય મોદીના હનીમુન પ્રવાસો
કેરાલા ૩ સ્ટાર હોટલ
Jan. 4-11-18-25
Feb. 1-4-8-11-15-18-22-25
Mar. 1-4-8-11-15-18-22-25-29
₹56900* કપલ દીઠ
MUMBAI - 63596 19321
PUNE - 92270 86539

## ભારતનો દક્ષિણ આફ્રિકા સામે વિક્રમોની વણઝાર સાથે સિરીઝ વિજય

### વર્ષ ૨૦૨૪માં ભારતે ૨૬ ટી-૨૦માંથી ૨૪ મૅચ જીતીને નવો વિક્રમ રચ્યોઃ ભારતીયોની ૨૩ સિક્સર અને ટી-૨૦માં ભારતની કુલ ૨૩ સેન્ચુરી વિશ્વમાં હાઇએસ્ટ, સૅમસનનો ત્રણ સેન્ચુરીનો વિક્રમ



જોહનિસબર્ગઃ ઓપનર સંજુ સૅમસન અને વનડાઉન બૅટર તિલક વર્માએ સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ સિરીઝ દરમ્યાન શુક્રવારની છેલ્લી મૅચ પહેલાં અનુક્રમે ઓપનિંગમાં અને મિડલ-ઑર્ડરમાં રમીને સેન્ચુરી ફટકારવાની સાથે એક-એક મૅચમાં વિજય અપાવ્યો હતો, પરંતુ શુક્રવારે ચોથી અને છેલ્લી મૅચમાં બન્ને યુવાન બૅટરે જોડીમાં રમવાની સાથે સદી ફટકારીને ભારતને જડબેસલાક જીત અપાવીને સિરીઝની ટ્રોફી ૩-૧થી અપાવી દીધી હતી. ૨૦૨૪ની સાલમાં ભારત કુલ ૨૬ ટી-૨૦ મૅચ રમ્યું જેમાંથી (જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનનાં બે શહેરમાં પ્રદૂષણ સર્વોચ્ચ સપાટીએઃ શાળા-કૉલેજો બંધ

પાકિસ્તાનઃ પાકિસ્તાનના લાહોર શહેરનો ઍર કવાલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઈ) શુક્રવારે કથળીને ૧૬૦૦ પર જતો રહ્યો હતો. આ સાથે જ લાહોર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર બની ગયું હતું. ઉત્તર ભારત પણ પ્રદૂષણમાં સતત થઈ રહેલા વધારાની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. સ્વિસ મૉનિટર આઈક્યૂઍર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ શુક્રવારે સવારે લાહોરના સીઈઆરપી ઑફિસ વિસ્તારમાં ૧૫૮૭ એક્યૂઆઈ નોંધાયો હતો.

શુક્રવારે લાહોરના સીઈઆરપી ઑફિસ, સૈયદ મારાતિબ અલી રોડ, (જુઓ પાનું ૨) ▸▸


## ગુજરાતમાં ૪.૨ની તીવ્રતાના ભૂકંપના આંચકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવદિવાળીની રાત્રે ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં ૪.૨ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. આ ભૂકંપ ૧૦ સેકન્ડ સુધી અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના સેવાળા ગામમાં નોંધાયું હતું. શુક્રવારની મોડી રાત્રે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારોમાં ધ્રુજારી અનુભવાતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના આંચકાથી લોકોમા ભયનો માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદના નવા વાડજ, પાલનપુર, પાટણ, અંબાજી સહિતના વિસ્તારોમાં પણ મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. આ આંચકામાં ચાણસ્માના ગ્રામીણ વિસ્તારનાં મકાનોમાં તિરાડો પડી હતી. જ્યારે ચાણસ્માના સેવાળા અને (જુઓ પાનું ૨) ▸▸

## વોટબેંકના રાજકારણથી દૂર રહું છુંઃ મોદી

નવી દિલ્હીઃ વોટ બેંકને ખુશ કરવા માટે યોજનાઓ તૈયાર કરવા માટે અગાઉની સરકારો પર પ્રહાર કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે મારી સરકારનો હેતુ વોટ બેંકના રાજકારણથી માઈલો દૂર છે અને તે લોકો દ્વારા લોકો માટે અને લોકોની પ્રગતિના મંત્ર સાથે આગળ વધી રહી છે. એક લીડરશીપ સમિટમાં મુખ્ય વક્તવ્ય આપતાં વડા પ્રધાને જણાવ્યું હતું કે અગાઉની સરકારો દ્વારા કરવામાં આવેલી વોટ બેંકની રાજનીતિને કારણે સૌથી મોટું નુકસાન એવું થયું છે કે દેશમાં અસંતુલિત અસમાનતાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમારા વહીવટથી સરકારમાં લોકોનો વિશ્વાસ પુનઃસ્થાપિત થયો છે. ૯૦ના દાયકાના સમયગાળાને યાદ કરતા તેમણે કહ્યું હતું કે જ્યારે ભારતમાં ૧૦ વર્ષમાં પાંચ ચૂંટણીઓ થઈ હતી, મોદીએ કહ્યું (જુઓ પાનું ૨) ▸▸









LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૭-૧૧-૨૦૨૪ થી તા. ૨૩-૧૧-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ કર્ક રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. વક્રી ગુરુ વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર સમગતિએ ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃષભ રાશિમાં તા. ૨૦મીએ કર્ક રાશિમાં તા. ૨૨મીએ સિંહ રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીનાં સ્થળની બદલી શક્ય છે. વેપારનાં કામકાજ સફળ બનશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. સંતાનના જવાબદારીના કામકાજ મહિલાઓ સરળતાથી પૂર્ણ કરી શકશે. સપ્તાહના પ્રાસંગિક કામકાજ ધાર્યા મુજબના કામકાજ પૂર્ણ થવાથી મહિલાઓના ઉત્સાહમાં ઉમેરો થાય. વિદ્યાર્થીઆને નવા અભ્યાસની તકો પ્રાપ્ત થાય.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના સોદામાં ગોચરગ્રહ ફળ શુભ નથી. નોકરીમાં યશ મેળવશો. ભાઈ-બહેનો સાથેના નાણાંવ્યવહાર સંપન્ન થશે. પ્રવાસ લાભદાયી પુરવાર થાય. નવા કારોબારનો પ્રારંભ શક્ય છે. નાણાંઆવકની વૃદ્ધિ થશે. મિલકત - વાહનના નિર્ણય માટે ગોચરફળ શુભ છે. મહિલાઓને નવી નોકરીના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળ થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંના આયોજનો સફળ થાય. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. નોકરી અર્થે પ્રવાસ સફળ રહેશે. કુટુંબીજનો સાથેના નાણાંવ્યવહાર સંપન્ન થશે. અકારણ નાણાં ખર્ચ ટાળવા જરૂરી છે. વાદવિવાદ ટાળવા જરૂરી છે. નવા નાણાંઆવકના સાધનો મેળવશો. મહિલાઓના આ સપ્તાહના ધાર્યા મુજબના કામકાજ અનુકૂળ બનશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અધ્યયન, અભ્યાસ માટે સાધનો પ્રાપ્ત કરશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબના નવા નાણાં રોકાણ માટેની સફળ તકો પ્રાપ્ત કરશો. નોકરીમાં દૃઢ મનોબળ, આત્મવિશ્વાસ ઉપયોગી થશે. નવીન કાર્યપદ્ધતિ શીખી શકશો. વાહનની ખરીદી માટે સપ્તાહ અનુકૂળ છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને સંતાનની જવાબદારીમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓને પ્રવાસ દ્વારા અભ્યાસના કામકાજ પૂર્ણ કરવા માટે સફળતા જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ માટે સાનુકૂળ માર્ગદર્શન મેળવશો. નોકરીના મિત્રો સાથે મતભેદ ટાળવા જરૂરી છે. વ્યક્તિગત મહત્તા માનમરતબો જળવાઈ રહેશે. કામકાજમાં સતત પરિશ્રમ, વ્યસ્તતા અનુભવશો. નવા નાણાં રોકાણ અનુકૂળ નથી. મહિલાઓને પડોશ મિત્રો સાથેના મતભેદોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નિત્ય અભ્યાસમાં નવીન તકો પ્રાપ્ત થશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબનું નાણાં રોકાણ શક્ય છે. નવી નોકરીનો પ્રારંભ થાય. ભાઈ-બહેનો સાથેના મતભેદો ઉકેલાશે. વ્યવહારુપણે ગેરસમજણો ટાળી શકશો. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને કુટુંબીજનોના પ્રસંગોમાં સુખદ સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષા મુજબ નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરીમાં સ્થાન પરિવર્તન થાય. તા. ૧૮, ૧૯, ૨૧ નિર્ણયો માટે સુખદ પુરવાર થશે. નવીન કામકાજ, પ્રવૃત્તિઓ સપ્તાહમાં પ્રારંભી શકશો. ભાઈ-બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. મહિલાઓને કુટુંબીજનોનો સુખદ અનુભવ થાય. પ્રસંગો સુખરૂપ સંપન્ન થતાં જણાશે. વિદ્યાર્થીઓને અપેક્ષિત સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજની પદ્ધતિમાં પરિવર્તનો શક્ય છે. નોકરીમાં યશ મેળવશો. નોકરી અર્થે પ્રવાસ જણાય છે. ભાગીદારનો સહયોગ મેળવશો. ભાગીદારોમાં નાણાં વ્યવહાર સંપન્ન થશે. લાંબા સમયના કામકાજનો પ્રારંભ સફળ બનશે.પ્રવાસ દ્વારા મહિલાઓના પ્રવાસ સફળ થાય. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતા મેળવશે. સપ્તાહના દૈનિક અભ્યાસ સફળ બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાંરોકાણની તકને અનુસરી શકશો. નોકરીમાં યશ મેળવશો. સહકાર્યકરો ઉપયોગી થશે. તા. ૧૭, ૧૯, ૨૦ ધાર્યા મુજબનાં હસ્તગત કાર્યો સફળ થતાં દર્શાવે છે. મિત્રો દ્વારા વ્યક્તિગત કામકાજ સફળતાથી સંપન્ન થશે. મિલકતના નિર્ણયો સરળતાથી લઈ શકશો. મહિલાઓને કાર્યક્ષેત્રે યશ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થશે.

મકર (ખ. જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષા મુજબના નાણાં વ્યવહાર પૂર્ણ કરી શકશો. નોકરીમાં યશ મેળવશો. નવી નોકરીનો પ્રારંભ થશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વેપાર વધશે. વેપારની પ્રવૃત્તિઓમાં નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. ગૃહિણીઓના આ સપ્તાહના પ્રસંગો સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને શિક્ષકનું માર્ગદર્શન સમયાનુસાર પ્રાપ્ત થતું જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં સ્થિરતાનો અનુભવ થાય. પ્રગતિનો અનુભવ થાય. ધાર્યા મુજબના મિલકતના નિર્ણયો લઈ શકશો તથા મકાન-મિલકતના ખરીદ-વેચાણના કામકાજમાં પણ પ્રગતિ જણાશે. નવા કારોબારનો પ્રારંભ કરવા માટે મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં સફળતાનો અનુભવ થાય.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ બની રહેશે. સપ્તાહમાં નવી નોકરીનો પ્રારંભ જણાય છે. મિલકતની લેવડદેવડની પ્રવૃત્તિમાં યશ મેળવશો. ભાગીદાર સાથેના વિવાદનો ઉકેલ આવશે. મહિલાઓને આ સપ્તાહની પ્રાસંગિક જવાબદારીમાં સફળતા જણાશે. વાંચન-અભ્યાસ જાળવી રાખવા માટે વિદ્યાર્થીઓને અનુકૂળતા જણાશે. પરીક્ષાના પરિણામો પ્રોત્સાહક બની રહેશે.

## આજનું પંચાંગ

### સૌર હેમંતઋતુ, રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૨૪

### લાલા લજપતરાય પુણ્યતિથિ.

ભારતીય દિનાંક ૨૬, માહે કાર્તિક, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક વદ -૨
જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ વદ-૨
પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૬મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૭-૨૨ સુધી, પછી મૃગશીર્ષ.
ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૦ સુધી (તા. ૧૮મી) પછી મિથુનમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૪૮ અમદાવાદ ક. ૦૬ મિ. ૫૬, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૪, સ્ટા.ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતી : સવારે ક. ૧૨-૧૮, મધ્યરાત્રે ક. ૦૧-૨૨ (તા. ૧૮)
ઓટઃ સાંજે ક. ૧૮-૨૮
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - દ્વિતિયા. લાલા લજપતરાય પુણ્યતિથિ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
મુહૂર્ત વિશેષઃ લગ્ન, શ્રી વિનાયક પૂજા, ભગવાન શ્રી સૂર્યનારાયણ દેવતાનું પૂજન,બીજ તિથિ, રોહિણી નક્ષત્ર અનુસાર બ્રહ્માજીનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ચંદ્ર દેવતાનું પૂજન, અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું. મિત્રતા કરવી, મુંડન કરાવવું નહીં. રાજ્યાભિષેક, પાટ અભિષેક પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી. બગીચો બનાવવો. વસત્રો -આભૂષણ, નોકરી -વેપાર, બી વાવવું, ધાન્ય ભરવું, ધાન્ય વેચવું. સીમંત સંસ્કાર, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક.
આચમનઃ ચંદ્ર શની ચતુષ્કોણ કાર્ય ક્ષેત્રે અધિક પરિશ્રમ રહે, ચંદ્ર બુધ પ્રતિયુતી વાક્ ચાતુર્યતા,ચંદ્ર ગુરુ યુતિ સ્વતંત્ર કારોબારમાં પ્રગતી રહે, મંગળ રાહુ ત્રિકોણ ભાઇ બહેનો સાથે નાણાં વ્યવહારમાં કાળજીની આવશ્યકતા જરૂરી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર શની ચતુષ્કોણ, ચંદ્ર બુધ પ્રતિયુતિ, ચંદ્ર ગુરુ યુતિ,મંગળ રાહુ ત્રિકોણ.
ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી, હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૭-૧૧-૨૦૨૪ થી તા. ૨૩-૧૧-૨૦૨૪

રવિવાર, કાર્તિક વદ-૨, વિ. સં. ૨૦૮૧, તા. ૧૭મી નવેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૭-૨૨ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૦ સુધી (તા. ૧૮મી) પછી મિથુન રાશિ પર જન્માક્ષર. લાલા લજપતરાય પુણ્યતિથિ, લગ્ન, શુભ દિવસ.

સોમવાર, કાર્તિક વદ-૩, તા. ૧૮મી નક્ષત્ર મૃગશીર્ષ બપોરે ક. ૧૫-૪૮ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય ક. ૨૦-૦૮, વિષ્ટિ ક. ૦૭-૫૬ થી ૧૮-૫૬. લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ શુભ દિવસ.

મંગળવાર, કાર્તિક વદ-૪, તા. ૧૯મી, નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૪-૧૫ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, કાર્તિક વદ-૫, તા. ૨૦મી, નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૪-૪૧ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૮-૪૬ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, શુભ દિવસ.

ગુરુવાર, કાર્તિક વદ-૬, તા. ૨૧મી, નક્ષત્ર પુષ્ય બપોરે ક. ૧૫-૩૪ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ડોંગરેજી મહારાજ પુણ્યતિથિ, સૂર્ય સાયન ધનુ રાશિમાં પ્રવેશ, ગુરુ પુષ્યામૃત સિદ્ધિ યોગ સૂર્યોદયથી ક. ૧૫-૩૪. વિષ્ટિ ક. ૧૭-૦૪ થી ૨૯-૩૦. ખાતમુહૂર્ત, શુભ દિવસ.

શુક્રવાર, કાર્તિક વદ-૭, તા. ૨૨મી, નક્ષત્ર આશ્લેષા સાંજે ક. ૧૭-૦૯ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સાંજે ક. ૧૭-૦૯ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ભારતીય માર્ગશીર્ષ માસારંભ, લગ્ન, ખાતમુહૂર્ત શુભ દિવસ.

શનિવાર, કાર્તિક વદ-૮, તા. ૨૩મી નક્ષત્ર મઘા રાત્રે ક. ૧૯-૨૬ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, કાલભૈરવ જયંતી. ખાતમુહૂર્ત, લગ્ન, શુભ દિવસ.

# હેમંત સોરેન મુસ્લિમોને પાછલે બારણેથી અનામત આપવાનું કાવતરું ઘડી રહ્યા છેઃ અમિત શાહ

ડુમકા (ઝારખંડ): ઝારખંડના ડુમકા ખાતે શનિવારે એક સભાને સંબોધન કરતાં ગૃહ પ્રધાન અમિત શાહે ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેન પર એમ કહીને આક્રમક પ્રહાર કર્યા હતા કે કૉંગ્રેસની મદદથી સોરેન મુસ્લિમોને પાછલે બારણેથી અનામત આપવાનું કાવતરું ઘડી રહ્યાં છે. કૉંગ્રેસ અને સોરેનની આવી કોઈ પણ યોજનાને ભાજપ સફળ થવા નહીં દે એવી ચેતવણી પણ અમિત શાહે આપી હતી.

રાજ્યમાં આદિવાસીઓની વસતીમાં થઈ રહેલા ઘટાડા માટે સોરેન જવાબદાર હોવાનું તેમણે કહ્યું હતું.

મતબેંક વધારવા ઝારખંડ સરકાર ઘૂસણખોરીને પ્રોત્સાહન આપી રહી છે એવો આક્ષેપ કરતાં તેમણે કહ્યું હતું કે રાજ્યમાં આદિવાસીઓની વસતીમાં થઈ રહેલા ઘટાડા માટે સોરેન સરકાર જવાબદાર છે કેમ કે તેઓ ઘૂસણખોરોને આદિવાસી મહિલાઓ સાથે પરણવાની પરવાનગી આપી રહ્યા છે.

આ લોકો આદિવાસીઓની જમીન પણ પચાવી પાડી રહ્યા છે જેની પરવાનગી આપવામાં નહીં આવે, એમ તેમણે કહ્યું હતું.

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહનસિંહે દસ વર્ષમાં ઝારખંડને રૂ. ૮૪,૦૦૦ કરોડ આપ્યા હતા જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દસ વર્ષમાં રાજ્યને ૩.૯૦ લાખ કરોડ આપ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

સોરેન સરકાર ભ્રષ્ટાચાર અને ભંડોળની લૂંટમાં સંડોવાયેલી છે, પરંતુ ૨૩ નવેમ્બર બાદ તેમની આ પ્રવૃત્તિ બંધ થઈ જશે, એમ તેમણે કહ્યું હતું.

અમિત શાહે વચન આપ્યું હતું કે રાજ્યમાં જો ભાજપની સરકાર આવશે તો તે એટલા ઉદ્યોગો સ્થાપશે કે સ્થાનિક યુવકોને રોજગાર માટે બહાર જવાની જરૂર નહીં પડે.

અમિત શાહે વચન આપ્યું હતું કે કોઈ પણ યોજનાના અમલ માટે સ્થાનિક લોકોનું સ્થળાંતર કરતાં પહેલાં તેમનું પુનર્વસન કરવામાં આવશે.

અમિત શાહે દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન ઝારખંડને નક્સલવાદમુક્ત કરવામાં આવ્યું છે અને બાકી રહી ગયેલું કામ માર્ચ ૨૦૨૫ સુધીમાં પૂરું કરવામાં આવશે.

માધોપુરમાં અન્ય એક સભાને સંબોધન કરતાં અમિત શાહે કહ્યું હતું કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી વચનો આપ્યા બાદ વિદેશ જતા રહે છે. ભાજપ જ એકમાત્ર એવો પક્ષ છે જે આપેલા વચનોનું સમયસર પાલન કરે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# મણિપુરમાં ઉગ્રવાદીઓએ છ લોકોનું અપહરણ કર્યું, નદીકિનારે ત્રણ મૃતદેહ મળ્યા

જીરીબામ : મણિપુરમાં હજુ પણ હિંસાની ઘટનાઓ સતત બની રહી છે. જેમાં મણિપુર આસામ - બોર્ડર નજીકના જીરીબામમાં શુક્રવારે પણ ત્રણ મૃતદેહો મળી આવ્યા હતા. જેમાં બે શિશુ અને એક મહિલાનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ કેટલાક દિવસો પહેલાં પરિવારના છ સભ્યોનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ મૃતદેહો આસામની સરહદ પર નદીના કિનારેથી મળી આવ્યા હતા. જો કે હજુ સુધી મૃતદેહોની ઓળખ થઈ શકી નથી.

પોલીસે કહ્યું કે હજુ સુધી એ વાતની પુષ્ટિ થઈ શકી નથી કે આ મૃતદેહો અપહરણ કરાયેલા લોકોના છે કે અન્ય કોઈના.

ઓળખ માટે મૃતદેહોનો ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે. મંગળવારે જ જીરીબામમાં જ સુરક્ષાદળોએ એન્કાઉન્ટરમાં ઉગ્રવાદીઓને ઠાર કર્યા હતા. ઉગ્રવાદીઓએ CRPFની ચોકી પર હુમલો કર્યો હતો. આ જ ગામમાં મેઇતેઇ પરિવારના છ લોકોનું અપહરણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓનું કહેવું છે કે ઉગ્રવાદીઓએ એક જ પરિવારનું અપહરણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મણિપુરમાં ગયા વર્ષે ૩ મેથી હિંસાની ઘટનાઓ ચાલી રહી છે. કેન્દ્ર સરકારે મણિપુરમાં વધારાનાં દળો પણ તહેનાત કર્યાં છે. જો કે, હિંસા હજુ અટકી નથી. મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં શુક્રવારે સેંકડો લોકો જીરીબામમાં સુરક્ષા દળો સાથેના એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા લોકો માટે ન્યાયની માંગ સાથે વિરોધ કરવા માટે રોડ પર ઊતર્યા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### વિક્રમોની વણઝાર

૨૨ જીત્યું અને માત્ર બે મૅચમાં પરાજય જોવો પડ્યો. ભારતની બે મૅચ ટાઇ રહી હતી જેમાંની એકમાં ભારતે અફઘાનિસ્તાનને હરાવ્યું હતું અને બીજી ટાઇમાં ભારતનો શ્રીલંકા સામે વિજય થયો હતો. એ જોતાં ભારત ૨૦૨૪માં ૨૬માંથી ૨૪ ટી-૨૦ મૅચ જીત્યું અને એ સંબંધમાં ભારતનો ૮૪.૬૧ની વિનિંગ ટકાવારી હાઇએસ્ટ છે.

શુક્રવારે ભારતે ૨૦ ઓવરમાં એક વિકેટે ૨૮૩ રન બનાવ્યા ત્યાર બાદ સાઉથ આફ્રિકાની ટીમ ૧૮.૨ ઓવરમાં ફક્ત ૧૪૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ત્રણ ઓવરમાં ફક્ત ૨૦ રનમાં ત્રણ વિકેટ લીધી હતી.

તિલક વર્મા (૧૨૦ અણનમ, ૪૭ બૉલ, ૬૯ મિનિટ, દસ સિક્સર, નવ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. તેણે મૅન ઑફ ધ મૅચના અવૉર્ડ ઉપરાંત સિરીઝમાં બે સેન્ચુરી સહિત સૌથી વધુ ૨૮૦ રન બનાવવા બદલ મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર પણ જીતી લીધો હતો. આખી શ્રેણીમાં સ્પિનર વરુણ ચક્રવર્તીની ૧૨ વિકેટ હાઇએસ્ટ હતી. અર્શદીપ સિંહની આઠ વિકેટ બીજા નંબરે અને રવિ બિશ્નોઈની પાંચ વિકેટ ત્રીજા નંબરે હતી.

શુક્રવારે તિલક અને ઓપનર સંજુ સૅમસન (૧૦૯ અણનમ, ૫૬ બૉલ, ૧૦૪ મિનિટ, નવ સિક્સર, છ ફોર) વચ્ચે ૨૧૦ રનની વિક્રમજનક અતૂટ ભાગીદારી થઈ હતી. ઓપનર અભિષેક શર્મા (૩૬ રન, ૧૮ બૉલ, ૩૩ મિનિટ, ચાર સિક્સર, બે ફોર) ટીમના ૭૩ રનના સ્કોર પર આઉટ થયો ત્યાર બાદ સૅમસન અને તિલક ટીમના સ્કોરને ૨૮૩ રન સુધી લઈ ગયા હતા.

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ફૉર્મેટમાં ભારત વતી કુલ ૨૩ વ્યક્તિગત સદી નોંધાવવામાં આવી છે જે વર્લ્ડ રેકૉર્ડ છે. બીજા નંબરે ન્યૂ ઝીલૅન્ડ માત્ર ૧૨ સેન્ચુરી સાથે ભારતથી ઘણું દૂર છે. ઑસ્ટ્રેલિયા (૧૧ સદી) ત્રીજા સ્થાને, સાઉથ આફ્રિકા (આઠ સદી) ચોથે અને ઇંગ્લૅન્ડ (સાત સદી) પાંચમે છે.

ભારતના ૨૮૩ રન વિદેશી ધરતી પર ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું હાઇએસ્ટ ટીમ-ટોટલ છે. મોટા ક્રિકેટ-રાષ્ટ્રોની રેકૉર્ડ-બુકમાં ભારતનો ૨૯૭/૬નો સ્કોર તમામ દેશોના ટીમ-સ્કોર્સમાં હાઇએસ્ટ છે. એ ૨૯૭ રન ભારતે ગયા મહિને ૧૨મી તારીખે હૈદરાબાદમાં બાંગ્લાદેશ સામેની મૅચમાં બનાવ્યા હતા. ૨૦૧૯માં અફઘાનિસ્તાને દેહરાદૂનમાં આયરલૅન્ડ સામેની ટી-૨૦માં ૨૭૮/૩નો સ્કોર નોંધાવ્યો હતો જે ભારતે ૨૮૩/૧ના સ્કોર સાથે તોડ્યો છે.

ભારતનો ૨૮૩/૧નો સ્કોર મોટા દેશોના ટીમ-સ્કોર્સમાં (ભારતના જ બાંગ્લાદેશ સામેના ૨૯૭/૬ પછી) સેકન્ડ હાઇએસ્ટ છે. એ ઉપરાંત, સાઉથ આફ્રિકાની ધરતી પર પણ ભારતનો ૨૮૩/૧નો સ્કોર સૌથી ઊંચો છે. એક ટી-૨૦માં એક જ દેશની ટીમના બે બૅટરે સેન્ચુરી ફટકારી હોવાની પહેલી ઘટના બની છે અને એનો શ્રેય તિલક-સૅમસનની જોડીને જાય છે.

તિલક-સૅમસને ફક્ત ૯૩ બૉલમાં બીજી વિકેટ માટે ૨૧૦ રનની અતૂટ ભાગીદારી કરી હતી અને આ પણ નવો વિશ્વવિક્રમ છે. બન્ને બૅટર્સે જ્યાં બૉલ ન મોકલ્યો હોય એવો મેદાનનો એકેય વિસ્તાર નહોતો છોડ્યો. તિલક અને સૅમસને કેટલાક જીવતદાન વચ્ચે પોતાના રૂટિન શૉટ્સ ઉપરાંત સાહસિક બનીને નવી સ્ટાઇલના શૉટ્સ પણ ફટકાર્યા હતા.

૨૦૨૪ના વર્ષમાં સૅમસને ત્રણ ટી-૨૦ સેન્ચુરી ફટકારી અને એ વિશ્વવિક્રમ છે. તેણે ૧૨મી ઑક્ટોબરે હૈદરાબાદમાં બાંગ્લાદેશ સામે ૧૧૧ રન, આઠની નવેમ્બરે ડરબનમાં સાઉથ આફ્રિકા સામે ૧૦૭ રન અને ૧૫મી નવેમ્બરે જોહનિસબર્ગમાં સાઉથ આફ્રિકા સામે ૧૦૯ રન બનાવ્યા હતા.

શુક્રવારે સૅમસને ૫૧ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી, જ્યારે તિલક વર્માએ સદી પૂરી કરવામાં તેનાથી ૧૦ બૉલ ઓછા લીધા હતા અને ૪૧ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. ભારતીય બૅટર્સે શુક્રવારની મૅચમાં કુલ ૨૩ સિક્સર ફટકારી હતી જે નવો વર્લ્ડ રેકૉર્ડ છે.

કોઈ ટીમના બૅટર્સે એક ટી-૨૦ સિરીઝમાં કુલ ચાર સેન્ચુરી નોંધાવી હોય એવું પહેલી જ વખત બન્યું છે. સાઉથ આફ્રિકા સામેની શ્રેણીમાં બે સેન્ચુરી સૅમસને (૧૦૭ રન અને ૧૦૯ અણનમ) તથા બે સેન્ચુરી તિલક વર્માએ (૧૦૭ રન અને ૧૨૦ અણનમ) ફટકારી હતી. કોઈ ટીમના બૅટર્સે એક જ સિરીઝમાં ત્રણ સેન્ચુરી નોંધાવી હોય એવું પણ નથી બન્યું. એક ટીમ વતી એક સિરીઝમાં અગાઉ વધુમાં વધુ બે સેન્ચુરી બની હતી, પણ ભારતે ચાર સેન્ચુરી સાથે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. શુક્રવારની મૅચમાં ભારત અને ભારતીય બૅટર્સે બીજા ઘણા વિક્રમો પણ નોંધાવ્યા હતા. ■

### વોટબેંકના રાજકારણથી દૂર

કે દેશમાં ખૂબ અસ્થિરતા હતી. તે સમયે નિષ્ણાતો, અખબારોમાં લખનારા લોકોએ આગાહી કરી હતી કે ભારતે આ રીતે જીવવું પડશે, ભારતમાં બધું આ રીતે ચાલશે. પરંતુ ભારતના નાગરિકોએ ફરી એકવાર આવા નિષ્ણાતોને ખોટા સાબિત કર્યા છે, એમ તેમણે કહ્યું હતું. વિશ્વભરમાં અનિશ્ચિતતા અને અસ્થિરતાની ચર્ચા થઈ રહી છે અને દરેક ચૂંટણીમાં ઘણા દેશોમાં સરકાર બદલાતી જોવા મળી રહી છે તેની નોંધ લેતા મોદીએ ધ્યાન દોર્યું કે આવા સમયે ભારતના લોકોએ ત્રીજી વખત અમારી સરકારને પસંદ કરી છે.

'પહેલાં આપણે વારંવાર એક વાક્ય સાંભળતા હતા સારું અર્થશાસ્ત્ર એ ખરાબ રાજકારણ છે,' નિષ્ણાતો તરીકે ઓળખાતા લોકો તેનો ખૂબ પ્રચાર કરતા હતા. પરંતુ અગાઉની સરકારોને આનાથી નિષ્ક્રિય બેસી રહેવાનું બહાનું મળતું હતું. એક રીતે, તે ખરાબ શાસન, બિનકાર્યક્ષમતાને ઢાંકવાનું માધ્યમ બની ગયું હતું, એમ મોદીએ કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ૨૦૧૪માં દેશનું કેન્દ્રીય બજેટ ૧૬ લાખ કરોડની આસપાસ હતું તે આજે ૪૮ લાખ કરોડ પર પહોંચી ગયું છે. કેપિટલ એક્સપેન્ડિચર (મૂડીલક્ષી ખર્ચ) રૂ. ૧૧ લાખ કરોડની આસપાસ છે અને તે નવી સ્કૂલો, સંશોધન સંસ્થાનો અને રેલવે ક્ષેત્ર પર ખર્ચ કરવામાં આવી રહ્યા છે. જનતાનાં નાણાંની પણ બચત થઈ રહી છે. અમારી સરકારનું વલણ છે કે જનતા માટે વધુ ખર્ચ કરો અને જનતા માટે જ વધુ બચત કરો.

એક સમય હતો જ્યારે એલપીજી સિલિન્ડર ઘણા લોકો માટે એક સપનું હતું. સરકાર આ મુદ્દે ચર્ચા કરતી હતી. અમારી સરકારે દરેક ઘરને ગેસ જોડાણ આપવાનું પ્રાધાન્ય રાખ્યું હતું. ૨૦૧૪માં દેશમાં ૧૪ કરોડ ગેસ જોડાણ હતા તે વધીને અત્યારે ૩૦ કરોડ થઈ ગયા છે. હવે ગેસની અછતની વાત ક્યારેય સાંભળવા મળતી જ નથી. અગાઉ, સરકાર માત્ર આગામી ચૂંટણી જીતવા માટે ચલાવવામાં આવતી હતી અને તે વોટ બેંકને ખુશ કરવા માટે બનાવવામાં આવેલી યોજનાઓ સાથે ચૂંટણી જીતવા માટે એક વોટ બેંક તૈયાર કરવામાં આવી હતી, એમ તેમણે કૉંગ્રેસની આગેવાની હેઠળની ભૂતકાળની સરકારો પર કટાક્ષ કરતા જણાવ્યું હતું.

આ પ્રકારની રાજનીતિથી સૌથી મોટું નુકસાન એ હતું કે દેશમાં અસંતુલિત અસમાનતાનું પ્રમાણ સતત વધતું ગયું. વિકાસનાં બોર્ડ લગાવવામાં આવ્યાં તો હતાં, પરંતુ દેખાતાં ન હતાં. આ મૉડેલે સરકારમાં જનતાનો વિશ્વાસ તોડ્યો હતો. આજે અમે તે વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો છે, એમ મોદીએ કહ્યું હતું.

અમે સરકારનો હેતુ નક્કી કર્યો છે. મતબેંકની રાજનીતિથી આ હેતુ હજારો માઈલ દૂર છે. અમારી સરકારનો ઉદ્દેશ વિશાળ, વ્યાપક છે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. મોદીએ કહ્યું કે તેમની સરકારનો હેતુ નવા ભારતનું નિર્માણ કરવાનો છે, દેશને વિકસિત બનાવવાનો છે.

મુંબઈ પર થયેલા ૨૬/૧૧ના આતંકવાદી હુમલાને યાદ કરતાં તેમણે કહ્યું હતું કે હવે સમય બદલાઈ ગયો છે અને હવે આતંકવાદીઓ તેમના ઘરમાં અસુરક્ષિત હોવાની લાગણી ધરાવતા થઈ ગયા છે. તેમણે કહ્યું હતું કે આ સેમિનારમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલા સંબંધી અહેવાલો જોવા મળ્યા હતા. એ એવો સમય હતો જ્યારે પાડોશી દેશ દ્વારા પ્રાયોજિત આતંકવાદને કારણે લોકોને ઘરમાં પણ અસુરક્ષા લાગી રહી હતી.

તેમણે એ બાબતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે કાશ્મીરના ભારતમાં વિલીનીકરણના અહેવાલો પણ એક્ઝિબિશનમાં જોવા મળ્યા હતા અને ત્યારે તેમને ઓક્ટોબર-૧૯૪૭માં લોકોએ અનુભવી હતી તેવી જ લાગણી થઈ હતી. અત્યારે મને પ્રતીત થાય છે કે કેવી રીતે અનિર્ણાયકતાએ કાશ્મીરને સાત દાયકા સુધી હિંસાગ્રસ્ત છોડી દીધું હતું. કાશ્મીરમાં વિક્રમી મતદાનના અહેવાલો જોઈને મને સારું લાગ્યું. ■

### ૧૦ ભૂલકાંનાં મોત

મૃત્યુ પામ્યાં હતાં. આગને કારણે હૉસ્પિટલ પરિસરમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. આગમાં ૧૬ શિશુ ગંભીર રીતે ઘાયલ પણ થયાં હતાં. આગ લાગવાની માહિતી મળતાં જ વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. રાજ્યના સીએમ યોગીએ ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક અને પ્રિન્સિપલ સેક્રેટરીને તુરંત ઝાંસી મોકલ્યા છે. જિલ્લા મૅજિસ્ટ્રેટ, વરિષ્ઠ પોલીસ અધિક્ષક, ઉઈઋઅને ફાયર બ્રિગેડની ટીમો સહિત પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ સ્થળ પર હાજર થઈ ગયા છે. વહીવટીતંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૦ બાળકોનાં મોતની પુષ્ટિ કરવામાં આવી છે. જેમાંથી સાત બાળકોની ઓળખ થઈ છે, જ્યારે ત્રણ બાળકોની ઓળખ થઈ શકી નથી.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આ ઘટનાને ''હૃદયદ્રાવક'' ગણાવી હતી અને ઘાયલ શિશુઓને શ્રેષ્ઠ તબીબી સંભાળ પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો હતો. સોશિયલ મીડિયા પર તેમણે લખ્યું હતું કે હું પ્રાર્થના કરું છું કે મૃતકોના આત્માને શાંતિ મળે અને ઘાયલ શિશુઓ ઝડપથી સાજા થાય. સીએમ યોગીએ ઝાંસીના કમિશનર અને ડીઆઈજીને અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે. આ અધિકારીઓએ ૧૨ કલાકમાં પોતાનો રિપોર્ટ આપવાનો રહેશે. મુખ્ય પ્રધાને આ ઘટનામાં અકાળે મૃત્યુ પામેલાં નવજાત બાળકોનાં માતા-પિતાને ૫ લાખ રૂપિયાની સહાય અને મુખ્ય પ્રધાન રાહત ફંડમાંથી ઘાયલ બાળકોના પરિવારને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

નોંધનીય છે કે મહારાણી લક્ષ્મીબાઈ મૅડિકલ કૉલેજ બુંદેલખંડની સૌથી મોટી હૉસ્પિટલ છે. આ વિસ્તારના અનેક જિલ્લાઓમાંથી લોકો અહીં સારવાર માટે આવે છે. ઝાંસી મૅડિકલ કૉલેજમાં સારવાર માટે આવતાં બાળકોની ઉંમર એક દિવસથી એક વર્ષની હોવાનું કહેવાય છે. ■

### પાકિસ્તાનમાં પ્રદૂષણ સર્વોચ્ચ સપાટીએ

પાકિસ્તાન એન્જિનિયરિંગ સર્વિસિસ ઑફિસિસ અને વીટીએસ એમ ચાર વિસ્તારમાં ૧૦૦૦ કરતાં પણ વધુ એક્યૂઆઈ નોંધાયો હતો.

વધેલા પ્રદૂષણને પગલે સમગ્ર પ્રાન્તના મોટા ભાગના વિસ્તારમાં ત્રણ મહિના માટે લગ્નો પર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. પાકિસ્તાનની પંજાબ સરકારે સરકારી સ્કૂલો અને કૉલેજો બંધ કરવા સહિતનાં પગલાં લીધાં છે.

પ્રદૂષણથી બચવા અનેક કર્મચારીઓને રજા આપી દેવામાં આવી છે અને ફરજ પર હાજર રહેનારા અન્ય કર્મચારીઓને માસ્ક પહેરીને આવવા જણાવવામાં આવ્યું છે.

પાકિસ્તાનના લાહોર તેમ જ મૂલતાન હાલ વિશ્વના સૌથી પ્રદૂષિત શહેર છે અને દરરોજ લગભગ ૭૦,૦૦૦ કરતાં પણ વધુ લોકો પ્રદૂષણ સંબંધિત સારવાર લઈ રહ્યા છે.

ગુરુવારે લાહોરનો સરેરાશ એક્યૂઆઈ ૧૩૦૦ રહ્યો હતો. પ્રદૂષણને અંકુશમાં લેવા વહીવટીતંત્ર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યાં હોવાં છતાં એક્યૂઆઈમાં સતત વધારો થઈ રહ્યો છે.

સતત વધી રહેલી ઠંડીને કારણે ધુમ્મસભર્યા વાતાવરણને લીધે લાહોરમાં માત્ર ૨૪ કલાકમાં શ્વસનતંત્રને લગતા ૧૫,૦૦૦ કરતાં પણ વધુ કેસ નોંધાયા છે. વાહનોની વધતી સંખ્યા, નવા બાંધકામ, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ, કચરો બાળવા સહિતનાં કારણો આ માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે. (એજન્સી) ■

### બે લાખ આપવાની જાહેરાત

દેખરેખ હેઠળ સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરી માટે દરેક પ્રયાસો કરી રહ્યું છે.

બીજી એક પોસ્ટમાં પીએમઓએ કહ્યું હતું કે વડા પ્રધાન મોદીએ વડા પ્રધાનના રાહત ભંડોળમાંથી ઝાંસી મેડિકલ કૉલેજની આગમાં મરણ પામનાર દરેક મૃતકના પરિવારને બે લાખ રૂપિયા એક્સ ગ્રેસિયા તરીકે આપવાની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયા અપાશે. (એજન્સી) ■

### ગુજરાતમાં ભૂકંપ

પાટણના ચંદુમાણા ગામે બંધ મકાનના રસોડાનું ધાબું ધરાશાયી થયું હતું, પરંતુ સદ્નસીબે કોઇ જાનહાનિ થઇ હોવાની વિગતો પ્રકાશમાં આવી નથી. મહેસાણા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં ભૂકંપના આંચકા આવતાં ડરનો માહોલ સર્જાયો હતો. લોકો ઘરની બહાર નીકળી દોડી ગયા હતાં.

પાટણના હારીજ, સમી સહિતના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મહેસાણાના બહુચરાજી તાલુકાના ચન્દ્રોડા, મંડાલી, અંબાળા, સુરપુરા સહિતના ગ્રામીણ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાતાં લોકોમાં ભય ફેલાયો હતો. બીજી તરફ કચ્છના રાપર તાલુકાના નાના રણમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં આડેસર, નાંદા સહિતનાં ગામોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના કારણે કોઈ જાનહાનિ થવા પામી નથી. ■

# ઈન્ડી અલાયન્સનો ઉદ્દેશ રાષ્ટ્રવાદી અને દેશભક્તિ વિચારધારાનો અંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: INDI અલાયન્સ, કેટલાક NGO સાથે મળીને, તમામ સંભવિત પદ્ધતિઓ અપનાવીને દેશમાં અરાજકતા પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. રાષ્ટ્રીય હિતને તેમના અજન્ડામાં કોઈ સ્થાન નથી કારણ કે તેઓ ભારત વિરોધી બાહ્ય શક્તિઓ સાથે હાથ મિલાવતા અચકાતા નથી. આ બાહ્ય શક્તિઓ નથી ઈચ્છતી કે ભારત મહાસત્તા બને. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભારતે બાહ્ય દળો દ્વારા હસ્તક્ષેપનો અનુભવ કર્યો હતો. INDI અલાયન્સે. સોશિયલ મીડિયાનો મોટા પાયે ઉપયોગ કરીને અને ખોટા વર્ણનો પેદા કરીને, જૂઠાણા અને અફવાઓ ફેલાવીને મતદારોના મનને આકાર આપવાનો પ્રયાસ કર્યો હતો. INDI અલાયન્સનો ઉદ્દેશ્ય નજીકના ભવિષ્યમાં રાષ્ટ્રવાદી અને દેશભક્તિની વિચારધારાનો અંત લાવવાનો છે.

આ પક્ષો તમામ વિભાજનકારી શક્તિઓને સમર્થ અને પ્રોત્સાહન આપે છે. વધુમાં, તેઓ આ પ્રાચીન રાષ્ટ્રની એકતાને અવગણીને, લોકોને ગેરમાર્ગે દોરવા માટે વિકૃત રીતે રજૂ કરે છે. આ પક્ષોનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ બંધારણીય સત્તાવાળાઓ વિશે અવિશ્વાસ પેદા કરવાનો છે જેથી કરીને તેમની કાયદેસરતા અને સત્તાને પડકારવામાં આવે અને લોકોને મૂંઝવણમાં મૂકવામાં આવે. આ ઉપરાંત તેઓ નાના-મોટા મુદ્દાઓનો ઉપયોગ કરીને લોકોને ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે જેથી લોકોમાં અશાંતિ પ્રવર્તતી રહે. તેમના અવરોધક અભિગમને કારણે વિકાસનાં કામોને પણ અસર થઈ રહી છે.

આ સ્થિતિ ચિંતાજનક છે કારણ કે આવી વૃત્તિઓ આ રાષ્ટ્રના ભૌગોલિક એકીકરણ માટે ગંભીર ખતરો છે. વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિના જોખમને નકારી શકાય નહીં. અરાજકતાવાદી પક્ષો વર્તમાન અને ભવિષ્ય વિશે લોકોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહી છે. તેઓ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે લોકો હંમેશાં ઉશ્કેરાયેલા, ગુસ્સે અને બેચેન રહે. અરાજકતાવાદી લોકોને પરિસ્થિતિનો સામનો કરવા માટે માનસિક રીતે તૈયાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. CAA પર આંદોલન અને ખેડૂતોના આંદોલન જેવી ઘટનાઓ આ સિદ્ધાંતને સમર્થન આપે છે.

અરાજકતાવાદી પક્ષોએ ચૂંટણીની વચ્ચે EVMનો મુદ્દો ઉઠાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય લોકતાંત્રિક પ્રક્રિયાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેનો ઉદ્દેશ્ય વર્તમાન સરકારની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવવાનો હતો. જ્યારે તેમના ચુકાદાઓ તેમના કાર્યસૂચિને અનુરૂપ ન હોય ત્યારે આ પક્ષો ભારતના ન્યાયતંત્ર અને ચૂંટણી પંચની નિંદા કરતા અચકાતા નથી. અરાજકતાવાદીનું સૌથી મોટું ઉદાહરણ મહારાષ્ટ્રમાં ભાજપને સત્તાથી દૂર રાખવા માટે એમવીએની રચના હતી. એમવીએ એક અકુદરતી અલાયન્સ છે પરંતુ ભાજપનો વિરોધ કરવા તેમને એકસાથે લાવ્યા હતા.

MVA એ સંભાજી બ્રિગેડ, શહેરી નકસલીઓ, સમાજવાદીઓ અને સામ્યવાદીઓના તમામ જૂથો, મુસ્લિમો, ખ્રિસ્તીઓ જેવા પક્ષો સાથે હાથ મિલાવ્યા છે. જે તમામ ભાજપ વિરોધી છે. આ પક્ષો લોકોને ઉત્તેજિત અને ગુસ્સે રાખવા માટે તમામ અનૈતિક સાધનોનો ઉપયોગ કરીને મહારાષ્ટ્રમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સામ્યવાદીઓ અને ડાબેરીઓ તેમના વૈચારિક અજન્ડાને ચલાવવા માટે શિવસેના (UBT), કૉંગ્રેસ અને NCP (શરદ પવાર) જેવા રાજકીય પક્ષોમાં ઘૂસી ગયા છે. ■

# બાબા સિદ્દીકી હત્યાકેસઃ વધુ એક આરોપીની પંજાબથી ધરપકડ

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસની તપાસ કરી રહેલી ક્રાઇમ બ્રાન્ચે વધુ એક આરોપીને પંજાબથી પકડી પાડ્યો હતો. આરોપીની ઓળખ આકાશદીપ કરજસિંહ ગિલ (૨૨) તરીકે થઇ હોઇ તે પંજાબના ફઝિલ્કા જિલ્લાના પક્કા ચિશ્તી ગામનો રહેવાસી છે.

બાબા સિદ્દીકી હત્યાકેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછમાં આકાશદીપ ગિલનું નામ સામે આવ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચે પંજાબની એન્ટિ-ગેન્ગસ્ટર ટાસ્ક ફોર્સ (એજીટીએફ) સાથે જોઇન્ટ ઓપરેશન હાથ ધરીને તેને પકડી પાડ્યો હતો. આકાશદીપને બાદમાં કોર્ટમાં હાજર કરીને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવાયા હતા અને તેને હવે મુંબઈ લાવવામાં આવશે.

આરોપી આકાશદીપ ગિલ લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગ સાથે સંકળાયેલો હતો અને બાબા સિદ્દીકીની હત્યામાં સંડોવાયેલા શૂટરોને તેણે લૉજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો.

દરમિયાન સિદ્દીકી હત્યાકેસમાં ઉત્તર પ્રદેશથી ધરપકડ કરાયેલા મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમ ઉર્ફે શિવાએ પૂછપરછમાં મોટો ખુલાસો કર્યો છે. સ્ટેન્ડઅપ કોમેડિયન મુનાવર ફારુકી અને શ્રદ્ધા વાલકર હત્યાકેસના આરોપી આફતાબ પૂનાવાલા લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગના હિટલિસ્ટ પર હોવાનું શિવાની પૂછપરછમાં જાણવા મળ્યું છે. ■

# દહિસરમાં દેવેન્દ્ર ફડણવીસ અને ગોપાલ શેટ્ટીએ મનીષા ચૌધરીને જીતાડવાની હાકલ કરી



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દહિસર વિધાનસભા મતદારસંઘના મહાયુતિના ઉમેદવાર મનીષા અશોક ચૌધરીના પ્રચાર માટે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પરબતનગર અંબા માતાના મંદિરની સામે રેલીને સંબોધી હતી.

રેલીમાં તેમણે રાજ્ય અને મુંબઈના વિકાસ માટે મહાયુતિ સરકાર દ્વારા કરવામાં આવેલા કામને ગણાવ્યા હતા અને આ વિસ્તારના વિકાસ માટે મનીષા ચૌધરીના કામની પ્રશંસા કરી હતી અને ૨૦ નવેમ્બરની ચૂંટણીમાં મનીષા ચૌધરીને જંગી મતોથી વિજયી બનાવવાની હાકલ કરી હતી.

આ પ્રસંગે ઉત્તર-મુંબઈના ભૂતપૂર્વ સંસદસભ્ય અને ભાજપના અગ્રણી નેતા ગોપાલ શેટ્ટી પણ પ્રચાર રેલીમાં હાજર હતા. રેલીને નાગરિકોના મળેલા પ્રતિસાદને પગલે આ ચૂંટણીમાં મનીષા ચૌધરી માટે સકારાત્મક વાતાવરણ તૈયાર થયું હોવાનું માનવામાં આવે છે. ■

# બંધારણ દેશનું ડીએનએ પણ ભાજપ-સંઘ માટે માત્ર કોરી કિતાબ છેઃ રાહુલ ગાંધી



અમરાવતી: કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું હતું કે તેમની પાર્ટી બંધારણને દેશનું ડીએનએ માને છે, જ્યારે શાસક ભાજપ અને આરએસએસ માટે તે ''કોરી કિતાબ'' માત્ર છે.

ભાજપ પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે, બંધારણમાં ક્યાંય એવું નથી લખ્યું કે મહારાષ્ટ્રમાં થયું તેમ ધારાસભ્યોને ખરીદીને સરકારો પાડી શકાય છે અને ટોચના ઉદ્યોગપતિનું રૂ. ૧૬ લાખ કરોડ રૂપિયાનું દેવું માફ થઈ શકે છે. ''કોંગ્રેસ બંધારણને દેશનો ડીએનએ માને છે, જ્યારે શાસક ભાજપ અને આરએસએસ માટે તે એક કોરી બુક છે,'' તેમણે આરોપ લગાવ્યો.

પીએમ મોદી અને ભાજપે તાજેતરમાં જ એવો દાવો કર્યો હતો કે કોંગ્રેસ નેતા તેમની પ્રચાર રેલીઓમાં કોરા પાનાવાળી બંધારણની પ્રત બતાવી રહ્યા છે. તે પછી રાહુલ ગાંધીનો આ પ્રત્યુત્તર આવ્યો. ''મારી બહેને મને કહ્યું હતું કે આ દિવસોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી એ જ મુદ્દા વિશે વાત કરી રહ્યા છે જે હું ઉઠાવી રહ્યો છું.

મેં તેમને લોકસભામાં કહ્યું હતું કે જાતિની વસ્તી ગણતરી કરવામાં આવે અને અનામત પરની ૫૦ ટકાની મર્યાદા દૂર કરવી જોઈએ. હવે તેઓ તેમની ચૂંટણી રેલીઓમાં કહી રહ્યા છે કે હું આરક્ષણની વિરુદ્ધ છું. હવે તેઓ કહેશે કે રાહુલ ગાંધી જાતિ ગણતરીની વિરુદ્ધ છે. ■


**અભિનંદન !!**

સ્વ. ઓધવજીભાઈ અને સ્વ. કાંતાબેન સેજપાલ પરિવારે તા. ૫ થી ૧૧ નવેમ્બર ૨૦૨૪ નાસિકમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય સુંદર આયોજન સંપન્ન કર્યું છે. સાથે સંસ્કાર, ભક્તિ અને સંપૂર્ણ પરિવારને એકતાંતણે જોડી કુટુંબ એકતાનું દ્રષ્ટાંત બેસાડીને તેમણે ચાર પેઢીનું સન્માન, ઉત્સાહ વધારતાં કાર્ય સિદ્ધ કર્યુ છે.

કુટુંબના વડીલો
વિજયભાઈ, કનુભાઈ, ગુલાબબેન,
સોનલબેન અને હંસાબેનનાં માર્ગદર્શનમાં
પરિવારનાં પુત્ર અને પુત્રવધુઓ
નિલેશભાઈ-નીલાબેન,
સુનિલભાઈ-બીનાબેન,
ઉમેશભાઈ-સીમાબેન,
દિવ્યેશભાઈ-ઉર્વીબેન, પ્રતિક્ષાબેન,
આનંદભાઈ-શીતલબેન,
તેજસભાઈ-રાધાબેન,
તુષારભાઈ-શમિકાબેન
સહિત સમગ્ર પરિવારે હૃદયપૂર્વક આતિથ્ય સત્કાર કરતાં યોગદાન આપ્યું હતું.

આજના સમયમાં કુટુંબનું એકતાનું આ ઉમદા ઉદાહરણ સૌના માટે પ્રેરણારુપ છે.

સમસ્ત પરિવારને હાર્દિક શુભેચ્છા આવી કુટુંબ ભાવના પેઢી દર પેઢી ચાલતી રહે એવી પ્રભુને પ્રાર્થના

Theatrix


# ''હમ એક હે તો હમ સેફ હે'' આપણી શક્તિઓને આપણે કમજોર ન માનવી જોઈએઃ પરાગ શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના વોટિંગમાં ફક્ત ૩/૪ દિવસ રહ્યા છે. એવામાં ઉમેદવારોના પ્રચારમાં વેગ પકડ્યો હોય એમ જોવા મળી રહ્યું છે. ઘાટકોપર ઈસ્ટ વિધાનસભાના ભારતીય જનતા પાર્ટી અને મહાયુતિના ઉમેદવાર પરાગ શાહ પણ તેમના ક્ષેત્રમાં પ્રચારમાં વ્યસ્ત દેખાયા હતા. શનિવારના રોજ ઘાટકોપર ઈસ્ટ ખાતે આવેલી ધનજી દેવશી સ્કૂલમાં ભારતીય જનતા યુવા મોરચાના એક કાર્યક્રમમાં તેમણે હાજરી આપી હતી અને યુવા જે દેશનું ભવિષ્ય છે તેમને શું સમસ્યાઓ છે અને શું કરવાથી તેઓ તેમના અંગત જીવનમાં અને દેશ માટે આગળ આવી ને મદદરૂપ થઈ શકે છે એ બદલ ચર્ચા કરી હતી.

ભારતીય જનતા યુવા મોરચા (ઘાટકોપર પૂર્વ)ના અધ્યક્ષ કુણાલ દેવેન્દ્રએ જણાવ્યું કે પરાગભાઇએ અમારા યુવાનોની વાતને સાંભળી અને જે સમસ્યાઓ છે જેમકે યુવાનો માટે રોજગાર, ભણતર, ઘાટકોપરમાં મંદિરોના ડેવલપમેન્ટ માટેના મુદ્દા છે આવા અનેક મુદ્દા પર ચર્ચા થઈ હતી. પરાગ શાહે આ કાર્યક્રમમાં કહ્યું કે ''હમ એક હે તો હમ સેફ હે'' આપણી શક્તિઓને આપણે કમજોર ન માનવી જોઈએ. જો આપણે એક રહીશું તો આપણા વિસ્તાર અને દેશ માટે અનેક કર્યો કરી શકીશું. વધુમાં પરાગ શાહે કહ્યું કે મારો જ્યારે એક્સીડેન્ટ થયો (જ્યારે તેઓ પડી ગયા) ત્યારે સૌથી પહેલા ભારતીય યુવા મોરચાના કાર્યકરોએ મને આવીને કહ્યું હતું કે પરાગભાઇ તમે ચિંતા કરશો નહિ. તમને જો સારું ના હોય અને તમે ૨૦ તારીખ સુધી પણ લોકોની વચમાં ન જઈ શકો તો પણ અમે તમારા વતી પ્રચાર કરીશું ને તમને ફરી જિતાડીશું. શનિવાર સાંજના ઘાટકોપર ઈસ્ટમાં ઝવેરબેન હોલ ખાતે કીર્તિદાન ગઢવીના ડાયરાનો કાર્યક્રમ છે, જેમાં ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ હાજરી આપવા જઈ રહ્યા છે એમાં પણ પરાગ શાહ હાજર રહેશે અને ભૂપેન્દ્રભાઈ ઘાટકોપરની જનતાને ભારતીય જનતા પાર્ટી અને પરાગ શાહને જીતાડવાની અપીલ કરશે. ■

# ગઢચિરોલીમાં નક્સલવાદીઓએ બ્રિજ પર લગાવેલાં બે આઇઇડી નિષ્ક્રિય કરાયાં

ગઢચિરોલી: ગઢચિરોલી જિલ્લામાં નક્સલવાદીઓએ શનિવારે બ્રિજ પર લગાવેલાં બે ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઇઇડી) જપ્ત કરવામાં આવ્યાં હતાં.

સુરક્ષા દળો આઇઇડીને નિષ્ક્રિય કરવાના પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે એક આઇઇડીમાં વિસ્ફોટ થયો હતો. સદનસીબે કોઇને ઇજા થઇ નહોતી. પોલીસને માહિતી મળી હતી કે તડગાંવ અને ભામરાગઢ ગામને જોડતા પર્લાકોટા નદી પરના બ્રિજ પર આઇઇડી પ્લાન્ટ કર્યાં છે. આથી બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ)ની ટીમ ગઢચિરોલીથી હેલિકોપ્ટરમાં નીકળી હતી, જ્યારે ગઢચિરોલી પોલીસની ટીમો, સીઆરપીએફ અને બીએસએફના જવાનોએ એ વિસ્તારમાં તપાસ હાથ ધરતાં વિસ્ફોટકો મળી આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.આઇઇડીને નિષ્ક્રિય કરતી વખતે એક આઇઇડીમાં વિસ્ફોટ થયો હતો, જ્યારે બીજાને નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું. આ વિસ્ફોટમાં કોઇને પણ ઇજા થઇ નહોતી અને વધુ વિસ્ફોટકોની શોધ ચલાવવામાં આવી રહી છે. મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં વિક્ષેપ પાડવાનો નક્સલવાદીઓનો પ્રયાસ સુરક્ષા દળોની સતર્કતાને કારણે નિષ્ફળ રહ્યો હતો. (પીટીઆઇ) ■


**ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન**
**મંત્રાલય MSME (ભારત સરકાર)**

સી.બી.કોરા ઇન્સ્ટીટ્યુટ, સીંપોલી વિલેજ, મ્યુનીસીપલ સ્કુલની સામે, બોરીવલી (પશ્ચિમ)

**સરકારી પ્રમાણપત્ર**

**વારલી, કલમકારી પેંટીંગ કોર્સ**

શરૂઆત:- 24 Nov. પ્રેક્ટીસ સાથે
ઉપેરના બન્ને કોર્સ કલર સાથે કેનવાસ અને MDF ઉપર શીખવાડશું

હર્ષલા હેમંત સાવંત ૯૮૨૦૮૫૪૫૫૮
૮૬૯૩૦૯૮૧૮૧ / ૯૮૨૦૦૮૪૫૫૮

**જોઈએ છે – ગુજરાતી કેટરર**

શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.)ના લગભગ ૯૮ રૂમ અને ૮ ડોરમેટરીવાળા અતિથિગૃહના પરિસરમાં જ સ્થિત ગુજરાતી કેન્ટીન ચલાવવા માટે અનુભવી અને વિશ્વસનીય કેટરર્સ તરફથી પ્રસ્તાવો આમંત્રિત છે. પ્રસ્તાવ ફોર્મ રૂા.૩,૦૦૦/– રોકડા/ડ્રાફ્ટ દ્વારા નીચેના સરનામેથી તા.૧૮–૧૧–૨૦૨૪ થી તા.૨૭–૧૧–૨૦૨૪ સુધી બપોરે ૦૧:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી કામકાજના દિવસોમાં મેળવી શકાશે. ભરેલા પ્રસ્તાવો તા.૨૭–૧૧–૨૦૨૪ ના સાંજે ૫:૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે અને તે જ દિવસ સાંજે ૫:૩૦ વાગ્યે હાજર પ્રસ્તાવકોની હાજરીમાં જાહેરમાં ખોલવામાં આવશે.

માનદ્ મુખ્ય મંત્રી–શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.)
૨, રાજનિવાસ માર્ગ, સિવિલ લાઈન્સ, દિલ્હી – ૧૧૦૦૫૪
ફોન : ૦૧૧–૪૯૮૭૫૧૦૦, ૪૧૮૮૨૨૦૦


# કોન્સ્ટેબલે સોશિયલ મીડિયા પર મતપત્ર મૂક્યુંઃ ગુનો દાખલ કરાયો

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ એક પોલીસ કોન્સ્ટેબલે કથિત રીતે તેના પોસ્ટલ બેલેટ પેપરનો ફોટો સોશિયલ મીડિયા પર શૅર કર્યો હતો, જેને પગલે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દક્ષિણ મુંબઈમાં મલબાર હિલ બેઠકના રિટર્નિંગ ઑફિસર બાળાસાહેબ વાકચૌરેએ જણાવ્યું હતું કે કોન્સ્ટેબલ ગણેશ શિંદેએ બીડ જિલ્લાના આષ્ટી વિધાનસભા મતક્ષેત્ર માટે મુંબઈમાં પોસ્ટલ બેલેટ પર મતદાન કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે કોન્સ્ટેબલે કથિત રીતે મત કેન્દ્રમાંથી બેલેટ પેપરનો ફોટો પાડ્યો હતો અને બાદમાં સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે બેલેટ પેપરની ગુપ્તતાના ભંગ બદલ ગામદેવી પોલીસ સ્ટેશનમાં શિંદે વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને તેના પરિણામ ૨૩ નવેમ્બરે જાહેર થશે. પોસ્ટલ બેલેટ પર મતદાન કરવા માટે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે મત કેન્દ્રો ઊભા કરવામાં આવ્યાં છે. (પીટીઆઇ) ■

# રાણેના ગઢ સિંધુદુર્ગમાં ઉદ્ધવ-સેનાની કસોટી

મુંબઈ: શિવસેના (યુબીટી)ના ઉદ્ધવ ઠાકરેએ ભાજપના સાંસદ નારાયણ રાણેના ગઢ સિંધુદુર્ગમાં તેમના પુત્રો નીતેશ અને નીલેશ રાણેના નિશાન પર લીધા હતા. તેમણે અહીં વંશવાદની રાજનીતિ સામે અવાજને બુલંદ કર્યો હતો. એક સમયે સિંધુદુર્ગ શિવસેનાનો ગઢ ગણાતો હતો. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી તેના બે વિધાનસભ્યો અને પ્રધાનો દીપક કેસરકર અને ઉદય સામંતે ૨૦૨૨માં તેમના બળવા દરમિયાન મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે જોડાણ કર્યા પછી દક્ષિણ કોંકણ પ્રદેશ પર તેનું નિયંત્રણ પાછું મેળવવા માગે છે. શિવસેના (યુબીટી) નારાયણ રાણે સામે લોકસભાની ચૂંટણીમાં સિંધુદુર્ગ-રત્નાગિરિ બેઠક હારી ગઇ હતી.

ગોવા અને કર્ણાટકને અડીને આવેલા સિંધુદુર્ગ જિલ્લામાં સાવંતવાડી, કુડાલ અને કનકવલી એમ ત્રણ વિધાનસભા બેઠકો છે. નીલેશે કુડાલથી (શિંદે સેના) ઉમેદવારી નોંધાવી છે, જ્યારે નીતેશ ભાજપમાંથી પડોશમાં આવેલા કણકવલીમાંથી લડવાના છે. બુધવારે માલવણમાં એક રેલીને સંબોધતાં ઠાકરેએ કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વંશવાદની રાજનીતિની વાત કરે છે, પરંતુ તેમની પાર્ટી કોંકણમાં આ જ બાબતમાં સામેલ છે. ઉદ્ધવ ઠાકરેએ વધુમાં કહ્યું હતું કે ભાજપ તેમના પક્ષમાં 'દેશદ્રોહી'ઓને સ્વીકારશે, પણ બાળાસાહેબ ઠાકરેના પુત્ર ઉદ્ધવ ઠાકરેની વાત આવશે ત્યારે તેમને વંશવાદની રાજનીતિની સમસ્યા નડે છે. ■




# અબકી બાર, ચૌથી બાર

## મુંબાદેવીના મતદારોનો અમીન પટેલ માટે નારોઃ ૧૫ વર્ષમાં નવ વર્ષ ટોપ-થ્રીમાં રહેનારા વિધાનસભ્યને તેમના ઘરઆંગણે જોરદાર સમર્થન

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનું જોરદાર વાતાવરણ તૈયાર થયું છે ત્યારે મુંબઈના મુંબાદેવી વિસ્તારમાં અલગ જ વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ વિસ્તારના લોકોએ સામેથી એવો નારો આપ્યો છે કે અબકી બાર, ચૌથી બાર. દોઢ દાયકાથી વિધાનસભ્ય રહેલા કૉંગ્રેસના અમીન પટેલને આ વખતે સળંગ ચોથી વખત વિધાનસભામાં પહોંચાડવા માટે દરેક સમાજ અને વર્ગના લોકો કામ કરી રહ્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારના વર્તમાન વિધાનસભ્ય અમીન પટેલની છેલ્લાં પંદર વર્ષની કારકિર્દીમાં છ વખત એનજીઓ પ્રજા દ્વારા તેમને મહારાષ્ટ્રના શ્રેષ્ઠ વિધાનસભ્ય જાહેર કરવામાં આવ્યા હતા. કુલ નવ વર્ષ તેઓ મહારાષ્ટ્રના ટોપ-થ્રી વિધાનસભ્યોમાં રહ્યા છે. એટલું જ નહીં રાષ્ટ્ર પ્રમુખ દ્રૌપદી મુર્મૂના હસ્તે કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિયેશન (મહારાષ્ટ્ર)નો પ્રતિષ્ઠિત મોસ્ટ આઉટસ્ટેન્ડિંગ પાર્લામેન્ટેરિયનનો ખિતાબ જીતનારા મુંબઈના એકમાત્ર વિધાનસભ્ય છે.

મારા કામ પ્રત્યેના મારા સમર્પણ અને નિષ્ઠા અને લોકોની સેવા માટે સતત પ્રયાસો કરવાનું પરિણામ આ સન્માન છે અને તે મને વધુ કામ કરવાની પ્રેરણા આપે છે, એમ અત્યંત નમ્રતાથી જણાવતાં વિધાનસભ્ય અમીન પટેલે મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે મારા મતદારસંઘની કેટલીક મૂળભૂત સમસ્યાઓ હતી અને તેને દૂર કરવા માટે મેં મારા સ્તરે પ્રયાસો કર્યા છે અને તેમાં મને લોકોનો સાથ મળ્યો છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર મારા માટે અત્યંત મહત્ત્વનો મુદ્દો રહ્યો છે. મુંબઈની ક્લસ્ટર રિડેવલપમેન્ટ પૉલિસીને ઘડી કાઢવા માટે ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ (ડીસીઆર)માં સુધારા કરવામાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સાથે જ જર્જરિત ઈમારતોના સમારકામ માટે ભંડોળમાં વધારો કરવાની વકીલાત કરી હતી. હવે આ ભંડોળને વધારીને રૂ. ૫૦૦ કરોડ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

કામાઠીપુરા ક્લસ્ટર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ, મ્હાડાની ઈમારતના રિડેવલપમેન્ટ માટેના ભંડોળમાં વધારો, આરોગ્ય સેવાના વિકાસ માટે ગોરાબાઈ મેટરનિટી હૉસ્પિટલ, સિદ્ધાર્થ મુરલી દેવરા મલ્ટિ-સ્પેશિયાલિટી હૉસ્પિટલનું બાંધકામ, શિક્ષણ ક્ષેત્રે મતદારસંઘમાં બે નવી સ્કૂલો દુર્ગાદેવી હાઈ સ્કૂલ અને ઈસ્લામપુરા હાઈ સ્કૂલનું બાંધકામ, પાલિકાની સ્કૂલમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે પાલિકાની સ્કૂલોનું ખાનગી સ્કૂલો સાથે પાર્ટનરશીપ જેવા અનેક પ્રોજેક્ટ પર હું કામ કરી રહ્યો છું. આ બધાની પાછળનો એક જ હેતુ છે કે મતદારસંઘમાં લોકોનું જીવનધોરણ સુધરે, આગામી પેઢી ભણીગણીને આગળ વધે અને અહીંના લોકોને સ્થળાંતર કરવાને બદલે અહીં જ રહેવા મળે.

વિપક્ષમાં હોવા છતાં ભાજપના નેતૃત્વ હેઠળની સરકારમાં મને સીપીએનો આઉટસ્ટેન્ડિંગ પાર્લામેન્ટેરિયનનો એવોર્ડ મળે છે તેના પરથી જ સિદ્ધ થાય છે કે મારું કામ બોલે છે, મારે બોલવાની જરૂર નથી. મારા મતદારોને મારા પર વિશ્વાસ છે અને તેમનો વિશ્વાસ સાર્થક ઠેરવવાનો મારો નિર્ધાર છે. ■

# અતુલ ભાતખળકરને રેકોર્ડ બ્રેકિંગ સરસાઈથી વિજયી કરોઃ રાજભા ગઢવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી પૂર્વ મતદારક્ષેત્રના મહાયુતિના ઉમેદવાર અતુલ ભાતખળકરના પ્રચાર માટે શનિવારે સાંજે મલાડ પૂર્વના કાઠિયાવાડી ચોકમાં કવિરાજ- લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ જાહેરસભા લીધી હતી. ગુજરાતીભાષી લોકો આ સભામાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



આ સમયે ભાજપ જિલ્લા સચિવ સિદ્ધાર્થ શર્મા, જિલ્લા મહામંત્રી ગુજરાતી સેલના રાજેશ બારોટ, શિવસેના શિંદે જૂથના માજી નગરસેવક અને વિધાનસભા સમન્વયક્ એકનાથ હુંડારે, આરપીઆઈ વિધાનસભા અધ્યક્ષ હરિભાઉ કોંડે, માજી નગરસેવક સંગીતા શર્મા, વોર્ડ અધ્યક્ષ અજય યાદવ તથા ભાજપ મહાયુતિના કાર્યકર્તા અને પદાધિકારી હાજર રહ્યા હતા. મલાડ પૂર્વની જાહેરસભામાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. દરમિયાન ગુજરાત ગૌરવ તરીકે જાણીતા સૌરાષ્ટ્રના ગાયક કવિ રાજભા ગઢવીએ કહ્યું હતું કે હું જ્યારે કાંદિવલી કે મલાડમાં આવું છું ત્યારે મરાઠી માણસ હોય, ગુજરાતી માણસ હોય કે ઉત્તર ભારતીય ભાષી હોય એ લોકો તેમના કામ કરે છે અને તેમના વ્યક્તિત્વ જમીન સાથે જાડાયેલા હોય છે. ગઢવીએ કાઠિયાવાડી રાષ્ટ્રવાદી ગીતો વડે શ્રોતાનું મનોરંજન કરીને ઉત્સાહનું વાતાવરણ નિર્માણ કર્યું હતું.

અતુલ ભાતખળકર માટે મત માગતા તેમણે કહ્યું કે તેઓ આ મતદારસંઘના હીરો છે. બેજવાબદારી કે દુર્લક્ષને લીધે તેઓ હારે નહીં એ જોવાની આપણી જવાબદારી છે. આથી ૨૦ નવેમ્બરે મતદાન કરવા જાઓ અને તેમને વિક્રમસર્જક સરસાઈથી જીતાડો. આ વખતે આપણે તેમને વિધાનસભ્ય નહીં મંત્રીપદે બેસાડવાના છે. તેમને સવાલાખ મતની સરસાઈથી જીતાડો એવો અનુરોધ તેમણે કર્યો હતો. અતુલ ભાતખળકરે સભામાં કહ્યું કે મેં મદદ કરતી વખતે જાતપાત, ભાષા, પ્રાંત કે ધર્મ જોયા વગર બધાને મદદ કરી છે. હું દસ વર્ષથી વધારે સમયથી કામ કરું છું. મારામાં સંઘના સંસ્કાર છે. અમારામાં કોઈની પણ જાતિ, ધર્મ, ભાષા કે પ્રાંત જોયા વગર મદદ કરવાના સંસ્કાર છે. ભાજપે અમને મદદ કરતી વખતે જાતિ, ધર્મ કે ભાષા પૂછવાનું શીખવાડ્યું નથી. અમને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શીખ આપી છે કે જે ગરીબ છે તેમની પહેલાં મદદ કરો. મેં દસ વર્ષમાં એસઆરએના કામો કર્યા છે, ચોકનું સુશોભીકરણ કર્યું છે, રસ્તાને કોંક્રીટ બનાવ્યા છે અને ઈતર કામો કર્યા છે. મેં દસ વર્ષમાં મારો ફોન નંબર બદલાવ્યો નથી અને હું પણ બદલાયો નથી. આગામી પાંચ વર્ષમાં હું બદલીશ નહીં એની ખાતરી દઉં છું. ■

# વાશી ચેકનાકા નજીક ટ્રકમાંથી ૮૦ કરોડની ચાંદી પકડાઇ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી અગાઉ વિવિધ વિસ્તારમાંથી રોકડ જપ્ત કરવામાં આવી રહી છે ત્યારે માનખુર્દ પોલીસે શુક્રવારે રાતના વાશી ચેકનાકા નજીક ચાંદી ભરેલી ટ્રક પકડી પાડી હતી. ટ્રકમાંથી લગભગ ૮૦ કરોડની ચાંદી મળી આવી હતી.

માનખુર્દ પોલીસ શુક્રવારે રાતે વાશી ચેકનાકા નજીક વાહનોની ચકાસણી કરી રહી હતી ત્યારે ટ્રકને આંતરવામાં આવી હતી. ટ્રકની તલાશી લેવામાં આવતાં ચાંદીનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જે જોઇને પોલીસ પણ ચોંકી ઊઠી હતી. ટ્રકમાંથી લગભગ ૮૦ કરોડ રૂપિયાના મૂલ્યની ૮૪૭૬ કિલો ચાંદી મળી આવી હતી.

આ ચાંદી અંગે ડ્રાઇવરની પૂછપરછ કરતાં તે સંતોષકારક ઉત્તર આપી શક્યો નહોતો. આથી તેને અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ચેન્નઇથી આ ચાંદી મુંબઈમાં ભાયખલા ખાતે લાવવામાં આવી રહી હતી. આ અંગે આવકવેરા વિભાગને જાણ કરવામાં આવી છે.

## થાણેમાં ૫.૫૫ કરોડની રોકડ પકડાઇ

થાણેઃ ચૂંટણી પંચની સ્ટેટિક સર્વેલન્સ ટીમે (એએસટી) થાણે જિલ્લામાં કલ્યાણ ગ્રામીણ વિધાનસભા મતક્ષેત્રમાં શનિવારે એક વાહનમાંથી ૫.૫૫ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી હતી.

શિળફાટા વિસ્તારમાં શનિવારે સવારે એસએસટીને તહેનાત કરવામાં આવી હતી. ટીમે વાહનને શંકાને આધારે આંતર્યું હતું, જેમાંથી રોકડ મળી આવી હતી.

રિટર્નિંગ ઓફિસર વિશ્વાસ ગુજરે જણાવ્યું હતું કે વાહનમાં હાજર લોકો ઉપરોક્ત રોકડ અંગે કોઇ ખુલાસો આપવામાં કે યોગ્ય દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા.

ગુજરે જણાવ્યું હતું કે આ રકમ ૧૦ લાખ રૂપિયાની નિર્ધારિત મર્યાદાને વટાવી ચૂકી હોવાથી આ તેની તપાસ આવકવેરા વિભાગને સોંપવામાં આવી છે.

મેજિસ્ટ્રેટની હાજરીમાં રોકડની ચકાસણી કરવામાં આવી હતી અને બાદમાં આવકવેરા વિભાગના અધિકારીઓ દ્વારા તે જપ્ત કરવામાં આવી હતી. આ રોકડ ક્યાંથી આવી અને તે કયા હેતુસર વપરાવાની હતી તેની તપાસ ચાલી રહી છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)■

# મરાઠા વિરોધી ટિપ્પણી ભાજપના વિધાનસભ્ય પર બૂમરેંગ થઇ શકે

મુંબઈઃ જાલના ખાતે ભાજપના વિધાનસભ્ય અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બબનરાવ લોણીકરને રેલી દરમિયાન મરાઠા સમાજ માટે કરેલી ટિપ્પણી ભારે પડી શકે એમ છે. મરાઠા સમુદાયની તાકાત તો આંગળીને વેઢે ગણાય એટલી છે, એવી લોણીકરની કથિત ટિપ્પણીને કારણે મરાઠાઓ આક્રમક ભૂમિકા ભજવી શકે એમ છે.

૧૨મી નવેમ્બરના રોજ જાલનામાં પરતુર વિધાનસભા મતદારસંઘમાં એક રેલીમાં લોણીકરની ટિપ્પણીએ ક્વોટા કાર્યકર્તા મનોજ જરાંગેના ગુસ્સાને આમંત્રણ આપ્યું છે. લોણીકરે સમુદાયની શક્તિને ઓછી આંકી હતી જેને કારણે તેમને ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

જાલના એ મરાઠા ક્વોટા આંદોલનનું કેન્દ્ર રહ્યું છે અને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામતની માગણી સાથે જરાંગેની આગેવાની હેઠળના સમુદાય દ્વારા ભારે વિરોધ જોવા મળ્યો છે.

સમુદાયની તાકાતને ઓછી આંકવા બદલ મનોજ જરાંગે ભાજપના નેતાને જવાબ વાળતાં મનોજ જરાંગેએ કહ્યું હતું કે મરાઠાઓ આનો યોગ્ય જવાબ ચૂંટણીમાં આપશે. (એજન્સી)■

# સંજય ઉપાધ્યાયને વડા પ્રધાન મોદીના વિજયી ભવો આશીર્વાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને અઠવાડિયું બાકી છે ત્યારે પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. બોરીવલી મતદારસંઘમાંથી ભાજપના ઉમેદવાર સંજય ઉપાધ્યાયને માટે ભાજપના બધા જ કાર્યકર્તાઓ અત્યારે તન-મનથી કામે લાગી ગયા છે અને તેમનો વિજય ભવ્ય થવાની શક્યતા જોવાઈ રહી છે, ત્યારે દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંજય ઉપાધ્યાયને વિજયી ભવઃના આશીર્વાદ આપ્યા હતા.



ભાજપના સ્ટાર પ્રચારક નરેન્દ્ર મોદી ગુરુવારે મુંબઈના શિવાજી પાર્કમાં પ્રચારસભાને સંબોધવા આવ્યા હતા ત્યારે તેમણે કેન્દ્રની ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના કામ ગણાવ્યા હતા અને મહારાષ્ટ્રમાં ડબલ એન્જિનની સરકાર બનાવવા માટે લોકોને અપીલ કરી હતી. મુંબઈના પરાં વિસ્તારમાં આવેલા બોરીવલી મતદારસંઘના ઉમેદવાર સંજય ઉપાધ્યાયને અત્યાર સુધીના સૌથી વિક્રમી મતે જીતવાના આશીર્વાદ વ્યક્તિગત મુલાકાત વખતે આપ્યા હતા.

પક્ષના નિષ્ઠાવાન કાર્યકર્તા અને છેલ્લા સાડાત્રણ દાયકાથી નિઃસ્વાર્થ ભાવે પક્ષની સેવા કરનારા સંજય ઉપાધ્યાયને આ વખતે ભાજપે બોરીવલીમાંથી ઉમેદવારી આપી છે. આ નિષ્ઠાવાન ભાજપીનો વિજય પાર્ટીની પ્રતિષ્ઠા માટે આવશ્યક છે એવું તેમણે કહ્યું હતું.

સંજય ઉપાધ્યાયના પ્રચાર માટે ઉત્તર-મુંબઈ મતદારસંઘથી વર્તમાન સંસદસભ્ય અને કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયલ, ઉત્તર મુંબઈના ભૂતપૂર્વ સંસદસભ્ય અને બોરીવલીના ભૂતપૂર્વ વિધાનસભ્ય ગોપાલ શેટ્ટી પણ પ્રચારમાં ખભેખભા મિલાવીને સાથે પ્રચાર કરી રહ્યા હોવાનું ચિત્ર બોરીવલીમાં જોવા મળી રહ્યું છે.■

# કંગનાને ગમ્યો 'બટેંગે...' નારો

નાગપુરઃ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા આપવામાં આવેલ નારા 'બટેંગે તો કટેંગે'નો વિવાદ સતત થઈ રહ્યો છે ત્યારે હવે એના ટેકામાં બોલિવૂડ એક્ટ્રેસ અને ભાજપની સાંસદ કંગના રનૌતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. નાગપુરમાં ભાજપી સાંસદ કંગના રનૌતે કહ્યું હતું કે હવે સામાન્ય લોકો પણ 'બટેંગે તો કટેંગે' ના સૂત્રને સમજવા લાગ્યા છે. આ સૂત્ર આપણી એકતા વિશે છે. અમે પરિવારમાં પણ એવું જ કહીએ છીએ કે દરેક વ્યક્તિએ એકજૂટ રહેવું જોઈએ. અમારો પક્ષ સનાતની પક્ષ છે. અમારો પક્ષ બધાને સાથે લે છે અને જો અમે સાથે રહીશું તો પીઓકે પણ ભારતનો ભાગ બનશે. ■

# જળગાંવમાં પ્રચાર વખતે ગોવિંદાની તબિયત બગડી

જળગાંવઃ વિધાનસભા ચૂંટણી માટે જળગાંવમાં પ્રચાર કરતી બોલિવૂડ સ્ટાર ગોવિંદાની તબિયત અચાનક બગડી જતાં તેણે પ્રચાર અધવચ્ચે જ છોડી દેવો પડ્યો હતો. થોડા સમય પહેલા ગોવિંદાને પગમાં ગોળી વાગી હતી. તે પગ અચાનક દુખતાં ગોવિંદાને બેચેની થવા લાગી હતી. આથી

તેણે પ્રચાર કરવાનું બંધ કરી દીધું હતું. ગોવિંદા થોડા મહિના પહેલા શિંદેની શિવસેનામાં જોડાયા હતા અને હાલમાં મહાયુતિ માટે પ્રચાર કરી રહ્યા છે.

હાલમાં વિધાનસભાની ચૂંટણીના માહોલમાં રાજકીય નેતાઓની સાથે સેલિબ્રિટીઓ પણ પ્રચારમાં લાગી ગયા હોય તેવું લાગી રહ્યું છે. અભિનેતા ગોવિંદા ચૂંટણી પ્રચાર માટે શનિવારે જળગાંવના પ્રવાસે હતા. પચોરા ખાતે ગોળી લાગેલા પગમાં ગોવિંદાના દુખાવો થવા લાગ્યો હતો, સાથે તેને છાતીમાં પણ દુખાવો થવા લાગ્યો. આથી તેઓ અધવચ્ચે રોડ શો છોડીને મુંબઈ રવાના થયા હતા. ■

# પરાગ અળવણીની પ્રચાર ફેરીને મતદારોનો સારો પ્રતિસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાયુતિના ઉમેદવાર પરાગ અળવણીની પ્રચાર ફેરીઓને મતદારોનો સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આગામી ૨૦મી તારીખે થનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ ટકા મતદાન કરીને જંગી સરસાઈ સાથે વિજયી બનાવવાની હાકલ તેમણે વિલેપાર્લે મતદારસંઘના મતદારોને કરી છે.



છેલ્લા બે દિવસમાં પ્રચાર ફેરીઓ, બેઠકો અને વ્યક્તિગત મુલાકાતો દ્વારા તેમણે મતદારસંઘ ખૂંદી કાઢ્યો છે. વોર્ડ નં. ૭૧માં મંત્રાદેવી મંદિર, પટેલ સોસાયટી, પ્રગતિ મંડળ, સેન્ટ ફ્રાન્સિસ રોડ, સરોજીની રોડ, એલઆઈસી કોલોની વગેરે વિસ્તારમાં તેમની પ્રચાર ફેરીઓ પૂરી થઈ છે. આ પ્રચાર ફેરીમાં ભૂતપૂર્વ નગરસેવક અનીષ મકવાણી, ચિત્રેશ મુલાજી, ઉમેશ શુક્લા, સાગર જાધવ, ભારતી શુક્લા, અંજુ શર્મા, ઉમા બંગેરા, શિવસેનાના સુમિત જાધવ, આરપીઆઈના વિવેક પવાર, વિનોદ મોહીતે, એનસીપીના પલ્લવી જાડેજા સહિત મહાયુતિના બધા જ ઘટકપક્ષોના નેતા જોવા મળ્યા હતા.

વોર્ડ નંબર-૮૨માં તેમણે અલગ અલગ સ્થળે કરેલી ગ્રૂપ મિટિંગમાં સ્થાનિકો સાથે સંવાદ સાધ્યો ત્યારે પણ મહાયુતિના બધા જ પક્ષોના નેતા-કાર્યકર્તાની હાજરી જોવા મળી હતી.

વોર્ડ નંબર-૮૩માં વિવિધ વિસ્તારોને આવરી લેતી તેમની પ્રચાર ફેરીમાં સ્થાનિક નાગરિકોએ તેમને સારો પ્રતિસાદ આપ્યો હતો. આ વખતે પણ મહાયુતિના બધા જ ઘટકપક્ષોના નેતા-કાર્યકર્તાઓ સહભાગી થયા હતા.

વોર્ડ નંબર-૮૭માં શિવમંદિરથી તેમણે પ્રચાર ફેરીની શરૂઆત કરી હતી અને વિવિધ વિસ્તારમાં ફરીને નવરત્ન એસઆરએ સુધી પહોંચી હતી. અહીં પણ મહાયુતિના બધા જ ઘટકપક્ષોના નેતા-કાર્યકર્તાઓ હાજર હોવાથી અહીં મહાયુતિ મજબૂત હોવાનું ચિત્ર જોવા મળ્યું હતું. આ ચિત્ર પરાગ અળવણી માટે અત્યંત પ્રોત્સાહક અને સકારાત્મક માનવામાં આવી રહ્યું છે. ■

# મહાયુતિને ૮૩ બેઠકનું ટેન્શન

## આ એ જ બેઠકો છે જ્યાં શિંદે-સેનાની ઉદ્ધવ-સેના સાથે અને અજિત પવારની એનસીપીની શરદ પવારની એનસીપી સાથે સીધી ટક્કર છે


મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનો પ્રચાર ચરમસીમા પર છે અને હજી કોનું પલ્લું ભારે એ વિશે માત્ર અટકળો જ થઈ રહી છે ત્યારે સત્તાધીશ મહાયુતિને ખાસ ૮૩ બેઠકનું ટેન્શન છે. આ એ જ બેઠકો છે જેના પર શિંદે-સેનાની ઉદ્ધવ-સેના સાથે અને અજિત પવારની એનસીપીની શરદ પવારની એનસીપી સાથે સીધી ટક્કર છે. આ બેઠકોને લીધે મહાયુતિ અને ખાસ કરીને ભાજપને ચિંતા છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૮ મતવિસ્તાર સત્તાની ચાવી કોના હાથમાં જશે એ નક્કી કરશે. આ ૧૫૮ મતવિસ્તારમાં ભાજપ વિરુદ્ધ કૉંગ્રેસ, એકનાથ શિંદેની શિવસેના વિરુદ્ધ શિવસેના, ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ શિવસેના અને અજિત પવારની એનસીપી વિરુદ્ધ શરદ પવારની એનસીપીની ટક્કર રહેશે છે. આમ છતાં મહાયુતિને ૮૩ બેઠકની સૌથી વધુ ચિંતા સતાવી રહી છે, જ્યાં ખાસ કરીને એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી (રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી)નો ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના અને શરદ પવારની એનસીપી (એસપી) વચ્ચે સીધી લડાઈ છે.

જો આપણે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીની વાત કરીએ તો ત્યાં બે પક્ષો હતા. ૨૦૧૯માં મહાયુતિ અને મહાવિકાસ આઘાડી (એમવીએ) હતી, જે મુખ્યત્વે ભાજપ કૉંગ્રેસ સામે ચૂંટણી લડી રહ્યા હતા અને એનસીપી શિવસેના સામે લડી રહી હતી. જોકે, ૨૦૧૯ પછી સમીકરણો બદલાયા છે અને મહાયુતિ અને મહાવિકાસ આઘાડીમાં ત્રણ-ત્રણ પક્ષોનું ગઠબંધન થયું.


અમુક બેઠકો પર સીધી લડાઈ નક્કી કરશે કે રાજ્યમાં કોણ સત્તાનું સુકાન સંભાળી શકે છે. બીજી બાજુ ભાજપ, આરએસએસ, એકનાથ શિંદે અને અજિત પવારની ૮૩ સીટને લઈને ચિંતિત છે. જો આ ૮૩ બેઠક પર સાથી પક્ષોનું પ્રદર્શન સારું નહીં રહે તો રમત બગડી શકે છે. આથી આ બેઠકો જીતવા માટે ભાજપે પોતાની પૂરી તાકાત લગાવી છે. ■


કપોળ મરણ



ભૂપતરાય હરીલાલ ગાંધી
(ઉ.વ. ૮૩)
મહુવાવાળા હાલ સાયન શુક્રવાર તા. ૧૫.૧૧.૨૦૨૪ ના રોજ શ્રીજીચરણ પામેલ છે
પત્નીઃ સ્વ. ઈન્દીરાબેન ભૂપતરાય ગાંધી
પુત્ર - પુત્રવધુઃ નીરવ - રાજવી
દિકરી - જમાઈ: દેવાંગી - મેહુલ મહેતા, દીપાલી - ગૌરાંગ શેઠ
પૌત્ર - પૌત્રીઃ દિયાંશ - ખૂશી
સ્વસુર પક્ષઃ ચલાળાવાળા સ્વ. ચંદુલાલ હરગોવિંદદાસ ભુવા (હાલ લંડન)
ભાઈ - બેહેન: સ્વ. અનંતરાય ગાંધી, સ્વ. સુરેશભાઈ ગાંધી, સ્વ. પદમાબેન પ્રભુદાસ મહેતા
પ્રાર્થના સભા
સોમવાર, તા. ૧૮.૧૧.૨૦૨૪ સાંજે ૫ થી ૭
રવજી જીવરાજ હોલ ગ્રાઉન્ડ ફ્લોર, એસ.એન.ડી.ટી. કોલેજ, આર.એ. કિડવાઈ રોડ, માટુંગા (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૧૯








KAAJAL ADS



KAAJAL ADS



KAAJAL ADS



# ભારત મૅચ જીત્યું, સિરીઝ જીત્યું અને ખડકી દીધા આઠ-આઠ મોટા રેકૉર્ડ!

## તિલક વર્મા મૅન ઑફ ધ મૅચનો અને મૅન ઑફ ધ સિરીઝનો અવૉર્ડ જીત્યોઃ સૅમસન અને અર્શદીપ પણ મેચ વિનર્સ




જોહનિસબર્ગ સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતે શુક્રવારે રાત્રે અહીં સાઉથ આફ્રિકાને ચોથી અને છેલ્લી ટી-૨૦ મૅચમાં ૧૩૫ રનથી હરાવીને સિરીઝ ૩-૧થી જીતી લીધી હતી. ભારત અને ભારતીય ખેલાડીઓએ મળીને આ મૅચમાં આઠ નવા મોટા વિક્રમ રચ્યા હતા.

ભારતે ૨૦૨૪ના વર્ષમાં પોતાની છેલ્લી ટી-૨૦ મૅચ અને આ ફૉર્મેટની શ્રેણી જીતી લીધી છે.

તિલક વર્મા (૧૨૦ અણનમ, ૪૭ બૉલ, દસ સિક્સર, નવ ફોર), સંજુ સૅમસન (૧૦૯ અણનમ, ૫૬ બૉલ, નવ સિક્સર, છ ફોર) અને અર્શદીપ સિંહ (૩-૦-૨૦-૩) આ છેલ્લી મૅચના તેમ જ સિરીઝના ત્રણ હીરો હતા.

મૅન ઑફ ધ મૅચ અને મૅન ઑફ ધ સિરીઝ, આ બન્ને અવૉર્ડ તિલક વર્માએ લીધા હતા.

ભારતે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં માત્ર એક વિકેટે ૨૮૩ રન બનાવ્યા હતા. સાઉથ આફ્રિકાની ટીમ જવાબમાં ૧૮.૨ ઓવરમાં ૧૪૮ રનનો સ્કોર ઑલઆઉટ થઈ ગઈ હતી.

ભારતનો ૨૮૩/૧નો સ્કોર ટી-૨૦માં પોતાનો બીજા નંબરનો હાઈએસ્ટ સ્કોર છે. ગયા મહિને હૈદરાબાદમાં ટીમ ઇન્ડિયાએ બાંગ્લાદેશ સામે છ વિકેટે ૨૯૭ રન બનાવ્યા હતા જે મોટા દેશો વચ્ચેની ક્રિકેટમાં વિશ્વવિક્રમ છે.

ભારતની શુક્રવારની ઇનિંગ્સમાં તિલક-સૅમસન વચ્ચે બીજી વિકેટ માટે ૨૧૦ રનની વિક્રમજનક અતૂટ ભાગીદારી થઈ હતી. ભારતના ૨૮૩ રનમાં ઓપનર અભિષેક શર્મા (૩૬ રન, ૧૮ બૉલ, ચાર સિક્સર, બે ફોર)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. તેણે સૅમસન સાથે ૭૩ રનની શાનદાર ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી.

સાઉથ આફ્રિકાના ૧૪૮ રનમાં સૌથી ડેન્જરસ બૅટર ટ્રિસ્ટેન સ્ટબસના ૪૩ રન, ડેવિડ મિલરના ૩૬ રન અને માર્કો યેનસેનના અણનમ ૨૯ રન સામેલ હતા. સ્ટબ્સની વિકેટ રવિ બિશ્નોઈએ અને મિલરની વિકેટ વરુણ ચક્રવર્તીએ લીધી હતી.

આ મૅચમાં અર્શદીપે ત્રણ ઉપરાંત વરુણ અને અક્ષર પટેલે બે-બે વિકેટ તેમ જ હાર્દિક, બિશ્નોઈ, રમણદીપ સિંહે એક-એક વિકેટ લીધી હતી. સિપમલાની ૧૦મી વિકેટ રમણદીપે લીધી હતી અને રમણદીપની કરીઅરની એ સૌપ્રથમ વિકેટ હતી.

### ભારત માટે ૨૦૨૪નું વર્ષ એટલે સુવર્ણકાળ

(૧) જાન્યુઆરીમાં અફઘાનિસ્તાન સામે ૩-૦થી વિજય

(૨) જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં ૮-૦ (તમામ આઠ વિજય અને વર્લ્ડ ચૅમ્પિયન)

(૩) જુલાઈમાં ઝિમ્બાબ્વે સામે ૪-૧થી વિજય

(૪) જુલાઈમાં શ્રીલંકા સામે ૩-૦થી વિજય

(૫) ઑક્ટોબરમાં બાંગ્લાદેશ સામે ૩-૦થી વિજય

(૬) નવેમ્બરમાં સાઉથ આફ્રિકા સામે ૩-૧થી વિજય

નોંધઃ ભારતને ૨૦૨૪ના વર્ષમાં ટી-૨૦ સિરીઝોમાં જીત રોહિત શર્મા, શુભમન ગિલ અને સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં મળ્યા છે.

### ભારતના નામે લખાયા ટી-૨૦ ક્રિકેટના આઠ મોટા વિક્રમ

(૧) મોટા ક્રિકેટ-રાષ્ટ્રો વચ્ચેની એક મૅચમાં એક જ ટીમના બે બૅટરે સેન્ચુરી ફટકારી હોય એવું પહેલી જ વખત બન્યું છે. તિલક વર્મા (૧૨૦ અણનમ) અને સંજુ સૅમસન (૧૦૯ અણનમ).

(૨) ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત ત્રીજી વખત ૨૫૦-પ્લસનો સ્કોર નોંધાવવામાં સફળ થયું છે. મોટા ક્રિકેટ-દેશોમાં આ નવો વર્લ્ડ રેકોર્ડ છે બાંગ્લાદેશ સામે ૨૯૭/૬, સાઉથ આફ્રિકા સામે ૨૮૩/૧ અને શ્રીલંકા સામે ૨૬૦/૫. ભારતે આ ત્રણેય મૅચ જીતી લીધી હતી.

(૩) સમગ્ર ટી-૨૦ ફૉર્મેટમાં ત્રણ વખત ૨૫૦-પ્લસનો સ્કોર નોંધાવનાર ભારત ત્રીજી ટીમ છે. અન્ય બે ટીમમાં ઇંગ્લેન્ડની સરે કાઉન્ટી ટીમ અને આઈપીએલની સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમનો સમાવેશ છે. જોકે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ભારતના નામે વર્લ્ડ રેકોર્ડ છે.

(૪) તિલક અને સૅમસન વચ્ચેની બીજી વિકેટ માટેની અણનમ ૨૧૦ રનની ભાગીદારી ટી-૨૦માં ભારત વતી બનેલી સૌપ્રથમ ડબલ સેન્ચુરી પાર્ટનરશિપ છે. તેમણે રોહિત-રિન્કુ વચ્ચેની ૧૯૦ રનની અફઘાનિસ્તાન સામેની અણનમ ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો છે.

(૫) મેન્સ ટી-૨૦ ઇન્ટરનેશનલમાં પહેલી જ વખત બીજી વિકેટ માટે ૨૦૦-પ્લસની ભાગીદારી થઈ છે.

(૬) ભારતની ૨૩ સિક્સર ટી-૨૦ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં એક ટીમ દ્વારા ફટકારવામાં આવેલી હાઈએસ્ટ સિક્સર છે.

(૭) ટીમ ઇન્ડિયાએ મિડલ ઓવર્સ (૭-૧૬)માં કુલ ૧૫૭ રન બનાવ્યા હતા. પુરુષોની ટી-૨૦ ફૉર્મેટમાં આ નવો વિક્રમ છે. ટીમ ઇન્ડિયાએ પંજાબના બેંગ્લૂરુ સામેના ૧૫૫ રનનો રેકૉર્ડ તોડ્યો છે.

(૮) ટી-૨૦ મૅચમાં માત્ર એક વિકેટના ભોગે ૨૫૦ રન બનાવવાનો નવો વિક્રમ ભારતના નામે લખાયો છે. ■

# પાકિસ્તાનની બહુચર્ચિત ચૅમ્પિયન્સ ટ્રૉફીનું જાન્યુઆરીમાં ભારતમાં આગમન




ઇસ્લામાબાદઃ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રૉફી આગામી ફેબ્રુઆરીમાં પાકિસ્તાનમાં રમાવાની છે અને ત્યાં આ સ્પર્ધાની ટ્રૉફીની ટૂર ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના ઉપક્રમે આજે યજમાન પાકિસ્તાનમાં શરૂ કરવામાં આવી હતી. જોકે બીસીસીઆઈના સખત વિરોધને પગલે આ ટ્રૉફીની ટૂરમાંથી પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પી.ઓ.કે.)ના વિસ્તારો (સ્કાર્ડુ, હુન્ઝા, મુઝફ્ફરાબાદ)ને કાઢી નાખવામાં આવ્યા છે. આઈસીસી દ્વારા ભારતમાં ટ્રૉફીને જાન્યુઆરીના મધ્ય ભાગમાં (૧૫મી જાન્યુઆરીએ) લાવવાની યોજના છે.

ચૅમ્પિયન્સ ટ્રૉફીને પાકિસ્તાનમાં પી.ઓ.કે છોડીને માત્ર કરાચી, રાવલપિંડી, ઇસ્લામાબાદ અને અબોટાબાદમાં જ લઈ જવામાં આવશે.

૨૬મી નવેમ્બરે ટ્રૉફીને પાકિસ્તાનથી અફઘાનિસ્તાન પહોંચાડવામાં આવશે. ત્યાર પછી જે દેશોમાં જે તારીખે ટ્રૉફી મોકલવામાં આવશે એની યાદી આ મુજબ છેઃ બાંગ્લાદેશ (ડિસેમ્બર ૧૦-૧૩), સાઉથ આફ્રિકા (ડિસેમ્બર ૧૫-૨૨), ઑસ્ટ્રેલિયા (૨૫ ડિસેમ્બર-૫ જાન્યુઆરી), ન્યૂ ઝીલૅન્ડ (૬-૧૧ જાન્યુઆરી), ઇંગ્લૅન્ડ (૧૨-૧૪ જાન્યુઆરી) અને ભારત (૧૫-૨૬ જાન્યુઆરી). ■

# ઑસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને સિરીઝમાં હરાવ્યું

સિડનીઃ ઑસ્ટ્રેલિયાએ અહીં આજે પાકિસ્તાનને ત્રણ મૅચવાળી ટી-૨૦ સિરીઝની બીજી રોમાંચક મૅચમાં ૧૩ રનથી હરાવીને શ્રેણીમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી હતી.

વિકેટકીપર જોશ ઇંગ્લિસના સુકાનમાં ઑસ્ટ્રેલિયાએ બૅટિંગ લીધા બાદ નવ વિકેટે ૧૪૭ રન બનાવ્યા હતા જેમાં ઓપનર મૅથ્યૂ શૉર્ટના ૩૨ રન અને ઍરોન હાર્ડીના ૨૮ રન સામેલ હતા.

પાકિસ્તાની બોલર્સમાંથી હૅરિસ રઉફે ચાર વિકેટ, અબ્બાસ આફ્રિદીએ ત્રણ વિકેટ અને સુફિયાન મુકીમે બે વિકેટ લીધી હતી.

પાકિસ્તાનની ટીમ ૧૯.૪ ઓવરમાં ૧૩૪ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. એકમાત્ર ઉસમાન ખાન (બાવન રન) હાફ સેન્ચુરી ફટકારી શક્યો હતો. પાકિસ્તાને પહેલા ૪૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ઑસ્ટ્રેલિયન પેસ બોલર સ્પેન્સર જૉન્સને પાંચ અને સ્પિનર ઍડમ ઝૅમ્પાએ બે વિકેટ લીધી હતી. છેલ્લા બન્ને બૅટર રનઆઉટ થયા હતા.

ઑસ્ટ્રેલિયા પ્રથમ મૅચ ૨૯ રનથી જીત્યું હતું.

હવે સોમવારે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) છેલ્લી ટી-૨૦ રમાશે. ■

# ૫૮ વર્ષના ટાયસનના તમાચાનો ૨૭ વર્ષના જેક પૉલે મુક્કા મારીને બદલો લીધો

## જોકે પછીથી પૉલે જીત્યા બાદ ટાયસન સામે ઝૂકીને તેનું સન્માન કર્યું, પૉલ ૩૩૭ કરોડ રૂપિયા અને ટાયસન ૧૬૮ કરોડ રૂપિયા કમાયો






જેક પૉલે ૫૮ વર્ષના માઇક ટાયસનને કેટલાક અસરદાર મુક્કા મારીને તેને નબળો પાડી દીધો હતો અને તેને હરાવ્યા બાદ તેની સામે ઝૂકીને તેનું માન જાળવ્યું હતું.

ટેક્સસઃ વિશ્વના મહાન બોક્સર માઈક ટાયસનની બહુચર્ચિત મુક્કાબાજીમાં શનિવારે જેક પૉલ સામે હાર થઈ હતી. જેમાં એક ઐતિહાસિક મેચમાં ૨૭ વર્ષના બોક્સર જેક પૉલે માઈક ટાયસનને હરાવીને મુકાબલામાં વિજય મેળવ્યો હતો. જેમાં જેક પૉલે આ મુકાબલો ૭૮-૭૪ થી જીતી લીધો હતો. જ્યારે સમગ્ર મેચ દરમ્યાન જેક પૉલ માઇક ટાયસન પર હાવી રહ્યો હતો. તેણે મૅચ દરમ્યાન ટાયસનને અનેક મુક્કા માર્યા હતા. જોકે જીત બાદ જેક પૉલે ટાયસન સમક્ષ નમન કરીને તેને સન્માન આપ્યું હતું.

જોકે, ૫૮ વર્ષના અનુભવી માઈક ટાયસને કરોડો લોકોનું ધ્યાન ખેંચતી આ મુક્કાબાજીમાં જબરદસ્ત શરૂઆત કરી હતી. પરંતુ, પૉલે શરૂઆતના હુમલાને સહન કર્યા અને તેને થાકી જવા દીધો હતો. પછી તેણે વળતો હુમલો શરૂ કર્યો હતો અને અંત સુધી વર્ચસ્વ જાળવી રાખ્યું હતું.

માઈક ટાયસને આક્રમક શરૂઆત કરીને પહેલા રાઉન્ડમાં પૉલને ખૂણામાં ધકેલી દીધો અને અનેક મુક્કા માર્યા. પૉલે આ ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન બૉક્સરના મુક્કાઓનો હિંમતપૂર્વક સામનો કરવાનું ચાલુ રાખ્યું હતું. પછી બીજો રાઉન્ડ શરૂ થયો જેમાં ટાયસને બે મુક્કા માર્યા હતા. પછીથી જેક પૉલે રિંગમાં આગળ વધવાનું શરૂ કર્યું અને યોજના મુજબ ટાયસન થાકી ગયા પછી તેણે વધુ ઘાતક મુક્કા મારવાના શરૂ કર્યા અને બીજા રાઉન્ડમાં ટાયસન પર સંપૂર્ણપણે આક્રમક રહ્યો હતો. તેણે ટાયસન પર લેફ્ટ હુક્સની હૅટ-ટ્રિક પણ ફટકારી હતી. ટાયસન ત્રીજા રાઉન્ડ અને ચોથા રાઉન્ડમાં ખૂબ જ રક્ષણાત્મક જોવા મળ્યો હતો.

રિપોર્ટ અનુસાર, જેક પૉલને આ મેચ માટે ૪૦ મિલિયન યુએસ ડોલર (૩૩૭ કરોડ રૂપિયા) મળશે. જ્યારે હારી ગયા છતાં માઈક ટાયસનને ૨૦ મિલિયન યુએસ ડોલર (૧૬૮ કરોડ રૂપિયા) આપવામાં આવશે. ■




**ભારતના નીરજ ગોયતે બ્રાઝિલના હરીફને હરાવ્યોઃ** ભારતના નીરજ ગોયતે (જમણે) બ્રાઝિલના વ્હીન્ડરસન નુન્સને સુપર-મિડલવેઇટ બાઉટમાં ૬૦-૫૪થી હરાવી દીધો હતો. આ કોઈ ટાઇટલ માટેનું બાઉટ નહોતું, કારણકે ટેક્સસમાં માઇક ટાયસન અને જેક પૉલની મુક્કાબાજી પહેલાંની પ્રમોશનલ ઈવેન્ટ તરીકે જ આ બાઉટ યોજાયું હતું. વ્હીન્ડરસન બ્રાઝિલનો જાણીતો યુટ્યૂબ ઇન્ફ્લ્યૂન્સર અને કૉમેડિયન છે.

# ઑસ્ટ્રેલિયામાં ગિલ પણ થયો ઘાયલ, હવે રોહિતનું વહેલાસર પહોંચી જવું અત્યંત જરૂરી

## કોહલી, સરફરાઝ અને રાહુલ પછી હવે ચોથો બૅટર ઈજા પામતાં ટીમ ઇન્ડિયા વધુ ચિંતિત

પર્થઃ અહીં ઑસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ શરૂ થવાને માંડ પાંચ દિવસ બાકી છે ત્યારે એ મૅચના સ્થળ પર્થમાં ટીમ ઇન્ડિયાનો લગભગ દરરોજ એક પછી એક બૅટર ઈજા પામતો જાય છે. વિરાટ કોહલી, સરફરાઝ ખાન અને કેએલ રાહુલ પછી હવે શુભમન ગિલને પણ પ્રૅક્ટિસ દરમ્યાન ઈજા પહોંચી છે.

ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩ના વાઇટવૉશથી પરેશાન ભારતની ટેસ્ટ ટીમ ઑસ્ટ્રેલિયામાં સારું પર્ફોર્મ કરવા થોડા માનસિક દબાણમાં પ્રૅક્ટિસ કરી રહી હશે એવું માની શકાય અને એ સ્થિતિમાં એક પછી એક ખેલાડીએ પ્રૅક્ટિસ અધવચ્ચે છોડીને સારવાર લેવી પડી છે અથવા આરામ કરવો પડ્યો છે.

રોહિત શર્માની પત્ની રિતિકાએ પુત્રને જન્મ આપ્યો છે એટલે હવે રોહિત રજા ટૂંકાવીને વહેલાસર ઑસ્ટ્રેલિયા પહોંચી જાય અને પહેલી ટેસ્ટથી જ રમે એવું ખુદ ટીમના ખેલાડીઓ પણ ઇચ્છતા હશે.

ગિલ પ્રૅક્ટિસ દરમ્યાન સ્લિપમાં ફિલ્ડિંગ કરી રહ્યો હતો ત્યારે તેને ડાબા હાથમાં ઈજા પહોંચી હતી અને તે મેદાન પરથી જતો રહ્યો હતો.

બાવીસમી નવેમ્બરે પ્રથમ ટેસ્ટ શરૂ થશે અને ગિલ એ મૅચમાં રમશે કે કેમ એ વિશે હજી નક્કર પ્રતિક્રિયા નથી મળી.

ગિલ વનડાઉનમાં બૅટિંગ કરે છે, પરંતુ રોહિત શર્માએ પ્રથમ ટેસ્ટમાંથી પોતાની બાદબાકી કરી હોવાથી ગિલને ઓપનિંગમાં યશસ્વી જયસ્વાલ સાથે રમવાનું ટીમ મૅનેજમેન્ટ કહેશે એવું માનવામાં આવતું હતું.

ઓપનિંગમાં યશસ્વીની સાથે કેએલ રાહુલનું નામ પણ ચર્ચામાં હતું, પરંતુ શુક્રવારે રાહુલને પ્રૅક્ટિસ દરમ્યાન કોણીમાં ઈજા થઈ હતી.

જોકે ઈજા પામેલા ભારતીય ખેલાડીઓમાંથી કોઈ ખેલાડી પ્રથમ ટેસ્ટમાં નહીં રમી શકે એવો કોઈ અહેવાલ નથી, કારણકે કોઈની પણ ઈજા ગંભીર નથી.

ભારતીય સ્ક્વૉડમાં અભિમન્યુ ઈશ્વરન પણ છે એટલે ટીમને ઓપનરની જરૂર પડશે તો તેને પણ ઇલેવનમાં સમાવી શકાશે.

શુક્રવારે ગિલે બે વખત બૅટિંગ કરી હતી. પહેલાં તેણે ૨૮ રન બનાવ્યા હતા અને નેટ બોલર નવદીપ સૈનીના બૉલમાં ગલીમાં કૅચ આપી બેઠો હતો. બીજી વાર કરેલી બૅટિંગમાં ગિલે ૪૨ રન બનાવ્યા હતા અને આઉટ નહોતો થયો. ■

# રોહિત શર્માને ત્યાં 'જુનિયર હિટમૅન'નું આગમન, રિતિકાએ પુત્રને જન્મ આપ્યો

## સેલિબ્રિટી કપલને છ વર્ષની એક દીકરી પણ છેઃ કૅપ્ટન હવે ઑસ્ટ્રેલિયામાં પહેલી ટેસ્ટથી જ રમશે?

મુંબઈ ભારતીય ક્રિકેટ ટીમના કૅપ્ટન રોહિત શર્મા અને તેની પત્ની રિતિકાએ શુક્રવાર, ૧૫મી નવેમ્બરે તેમના બીજા બાળકનું સ્વાગત કર્યું. રિતિકાએ પુત્રને જન્મ આપ્યો હોવાનું કેટલાક અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું.

આ દંપતીને છ વર્ષની પુત્રી છે જેનું નામ સમાઇરા છે.

'હિટમૅન' રોહિત દ્વારા આ ગુડ ન્યૂસની સત્તાવાર જાહેરાત તો નથી કરવામાં આવી, પરંતુ સવાલ એ છે કે રોહિત હવે ઑસ્ટ્રેલિયામાં શુક્રવાર, ૨૨મી નવેમ્બરે શરૂ થતી પ્રથમ ટેસ્ટથી જ રમશે કે નહીં?

ઑસ્ટ્રેલિયામાં રમાનારી બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં કુલ પાંચ ટેસ્ટ મૅચ રમાવાની છે. જસપ્રીત બુમરાહ ટીમનો વાઇસ કૅપ્ટન છે. રિતિકાની ગર્ભાવસ્થાની બાબતને લાંબા સમય સુધી ગુપ્ત રાખવામાં આવી હતી, પણ ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝની શરૂઆતથી જ પોતે કદાચ નહીં રમે એવું રોહિતે જાહેર કર્યું ત્યારથી તેની ગેરહાજરી વિશેના સંભવિત કારણ પર ચર્ચા થવા લાગી હતી. રોહિત અને રિતિકા તેમના પરિવારના નવા સભ્યનું સ્વાગત કરી રહ્યાં છે, ત્યારે હવે જોવાનું એ છે કે શું ભારતીય સુકાની પ્રથમ ટેસ્ટમાં ટીમ સાથે જોડાશે?



ભારતીય ખેલાડીઓ થોડા દિવસ પહેલાં જ પર્થ પહોંચી ગયા હતા અને ત્યાં તેઓ દરરોજ કલાકો સુધી પ્રૅક્ટિસ કરે છે. પ્રથમ ટેસ્ટ પહેલાં હવે ફક્ત પાંચ દિવસ બાકી છે.

રોહિતની ગેરહાજરી બદલ ટીમ ઈન્ડિયાને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે એમ છે, કારણ કે ટીમના ખેલાડીઓ (વિરાટ કોહલી, સરફરાઝ ખાન, કેએલ રાહુલ) પ્રૅક્ટિસ દરમ્યાન નજીવી ઇજા પામ્યા છે.

હવે જોવાનું એ છે કે રોહિત ફરી વાર ડૅડી બન્યો એની ખુશી પરિવાર સાથે શૅર કરવા માટે ઑસ્ટ્રેલિયા સામેની પહેલી ટેસ્ટમાં ન રમવાનું નક્કી કરશે કે પછી ટીમ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવાનો નિર્ણય લેશે?

રોહિત જો પહેલી ટેસ્ટથી જ રમવાનું પસંદ કરશે તો બીસીસીઆઈ ઑસ્ટ્રેલિયાની તેની ટૂર સંબંધમાં તેના માટે તમામ પ્રકારની વ્યવસ્થા માટે તૈયાર જ છે, એવું જાણવા મળ્યું છે. રોહિતે સિરીઝની પહેલી ટેસ્ટ પોતે નહીં રમે એવી થોડા દિવસ અગાઉ જાહેરાત કરી ત્યારે એક વિવાદ થયો હતો. બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે મીડિયામાં એવો મત વ્યક્ત કર્યો હતો કે રોહિત જો સિરીઝની શરૂઆતથી જ ટીમ સાથે ન રહેવાનો હોય તો તેણે આખી શ્રેણી માટેની કૅપ્ટન્સી જતી કરવી જોઈએ અને સિરીઝની બાકીની ટેસ્ટમાં માત્ર એક ખેલાડી તરીકે જ રમવું જોઈએ.'

ઑસ્ટ્રેલિયાના બૅટર આરોન ફિન્ચે ગાવસકરની આ ટિપ્પણી સંબંધમાં મીડિયામાં રોહિતની તરફેણમાં કમેન્ટ કરી હતી કે પરિવારમાં જો નવા બાળકનું આગમન થવાનું હોય તો પ્લેયરે આનંદની આ ખાસ પળો દરમ્યાન પરિવારની પડખે રહેવાને જ પ્રાધાન્ય આપવું જોઈએ.'

રિતિકાએ ત્યારે મીડિયા પરની એક પોસ્ટમાં ફિન્ચની આ કમેન્ટને 'સેલ્યૂટ'ના ઈમોજી સાથે વધાવી લીધી હતી. ■

# રણજીમાં સૌરાષ્ટ્ર એક દાવથી જીત્યું, મુંબઈનો નવ વિકેટે વિજય

## ગુજરાતે ગઈ સીઝનના રનર-અપ વિદર્ભને જીતવા ન દીધું, શમીએ કુલ સાત વિકેટ લઈને બેંગાલને જિતાડ્યું

ચંડીગઢ/નવી દિલ્હીઃ સૌરાષ્ટ્રએ અહીં રણજી ટ્રોફીમાં એલીટ, ગ્રૂપ 'ડી'ની મોખરાની ટીમ ચંડીગઢને એક દાવ અને ૫૯ રનથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં બોનસ પૉઇન્ટની મદદથી પ્રગતિ કરી હતી. સૌરાષ્ટ્ર હવે કુલ સાત પૉઇન્ટ મેળવવાની સાથે ૧૧ પૉઇન્ટ લઈને પાંચમા સ્થાને આવી ગયું છે. ચંડીગઢની સર્વોચ્ચ ટીમના ખાતે ૧૯ પૉઇન્ટ છે.

સૌરાષ્ટ્રએ પ્રથમ દાવમાં નવ વિકેટે ૫૩૧ રન બનાવ્યા હતા જેના જવાબમાં ચંડીગઢ પહેલા દાવમાં ૨૪૯ રન બાદ ફૉલો-ઑન પછી બીજા દાવમાં ફક્ત ૨૨૩ રને ઑલઆઉટ થઈ ગયું હતું. કૅપ્ટન જયદેવ ઉનડકટ અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ બેઉ દાવમાં ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. યુવરાજસિંહ ડોડિયાએ મૅચમાં કુલ પાંચ વિકેટ મેળવી હતી. સૌરાષ્ટ્ર વતી રમાયેલા એકમાત્ર દાવમાં ૩૫૪ બૉલની મૅરથોન ઇનિંગ્સમાં ૧૯૮ રન બનાવનાર ચિરાગ જાનીને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો.

દિલ્હીમાં સર્વિસીઝ સામે મુંબઈનો નવ વિકેટે વિજય થયો હતો. મુંબઈએ ૧૩૫ રનનો નાનો લક્ષ્યાંક એક જ વિકેટ ગુમાવીને ૧૩૭ રનના સ્કોર સાથે હાંસલ કરીને છ પૉઇન્ટ મેળવ્યા હતા. ઓપનર આયુષ મ્હાત્રે શનિવારે બીજા દાવમાં ફક્ત ચાર રન બનાવીને આઉટ થઈ ગયો હતો, પરંતુ પ્રથમ દાવમાં તેણે જે ૧૧૬ રન બનાવ્યા હતા એનાથી મુંબઈની જીતનો પાયો નખાયો હતો જે બદલ તેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો. મુંબઈના શાર્દુલ ઠાકુરે મૅચમાં કુલ સાત અને મોહિત અવસ્થીએ છ વિકેટ લીધી હતી. મુંબઈ ગ્રૂપ 'એ'માં બાવીસ પૉઇન્ટ સાથે હવે નંબર-વન બરોડા (૨૭ પૉઇન્ટ) અને જમ્મુ-કાશ્મીર (૨૩ પૉઇન્ટ)ની નજીક ત્રીજા સ્થાને આવી ગયું છે.

દરમ્યાન, બરોડાએ બે દિવસ પહેલાં જ મેઘાલય સામે એક દાવ અને ૨૬૧ રનથી વિજય મેળવ્યો હતો, પરંતુ ગુજરાતની ગઈ સીઝનના રનર-અપ વિદર્ભ સામેની મૅચ ડ્રૉમાં પરિણમી હતી. ગુજરાતના પ્રથમ દાવના ૩૪૩ રન બાદ વિદર્ભે કરુણ નાયર સહિતના ત્રણ બૅટરની સદીની મદદથી બનેલા ૫૪૫/૯ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો. વિદર્ભની ટીમને મળેલી ૨૦૨ રનની લીડ બદલ ગુજરાત મુશ્કેલીમાં આવી શકે એમ હતું, પરંતુ શનિવારે બીજા દાવમાં ઉમંગ કુમાર (૮૮ બૉલમાં) ૫૦ રનની, વિકેટકીપર હેત પટેલ (૧૨૯ બૉલમાં) ૭૭ રનની, જયમીત પટેલ (૯૬ બૉલમાં) ૨૧ રનની અને વિશાલ જયસ્વાલ (૩૫ બૉલમાં) ૧૬ રનની જે ઇનિંગ્સ રમ્યા એને કારણે ગુજરાત આ મૅચમાં વિદર્ભને જીતથી વંચિત રાખી શક્યું હતું. મનન હિંગરાજિયાએ ૩૪ બૉલમાં ૧૯ રન બનાવ્યા હતા. પ્રથમ દાવમાં વિશાલના ૧૧૨ રન, કૅપ્ટન ચિંતન ગજાના અણનમ ૮૬ અને ઓપનર પ્રિયાંક પંચાલના ૮૮ રન હતા.

ઇન્દોરમાં બેંગાલે મધ્ય પ્રદેશને રોમાંચક મુકાબલામાં ૧૧ રનથી હરાવ્યું હતું. મોહમ્મદ શમી આ મૅચનો હીરો હતો. તેણે બેંગાલ વતી પ્રથમ દાવમાં ચાર અને બીજા દાવમાં ત્રણ વિકેટ લીધી હતી. તેના ભાઈ મોહમ્મદ કૈફને મૅચમાં કુલ ત્રણ વિકેટ મળી હતી. શમીએ બીજી ઇનિંગ્સમાં ૩૬ બૉલમાં બે સિક્સર અને બે ફોરની મદદથી ૩૭ રન બનાવીને મૅચમાં ઑલરાઉન્ડ પર્ફોર્મ કર્યું હતું. ■

MUMBAI SAMACHAR
મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૧૭-૧૧-૨૦૨૪

# ‘ખ્યાતિ’ની જીવલેણ કુખ્યાતિ...



કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

## સમસ્ત સરકારી તંત્ર માત્ર સંવેદનહીન જ નહીં, પણ કેટલી હદે ભ્રષ્ટાચારી છે એની કંપાવી મૂકે એવી એક હોસ્પિટલની કૌંભાંડ - કથા

**અમદાવાદમાં** આવેલી ‘ખ્યાતિ’ મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલના કાંડે ખળભળાટ મચાવી દીધો છે. ખ્યાતિ હોસ્પિટલે કડી તાલુકાના બોરીસણા ગામે યોજાયેલા કેમ્પમાં આવેલા લોકોમાંથી જરૂર નહોતી એવા લોકોને પણ હાર્ટ પેશન્ટ ગણાવીને એન્જિયોપ્લાસ્ટી કરી નાખી અને તેમાંથી ૭ લોકોની હાલત બગડી ગઈ. આ પૈકી બોરીસણા ગામના ૫૬ વર્ષના મહેશ બારોટ અને ૭૫ વર્ષના નાગજી સેનમાનાં ખ્યાતિ હોસ્પિટલમાં મોત થઈ ગયાં. ખ્યાતિ હોસ્પિટલે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર માટે મળતાં નાણાંની લાલચમાં જરૂર નહોતી એવા લોકોની પણ એન્જિયોપ્લાસ્ટી કરી નાખેલી. ખ્યાતિ હોસ્પિટલના લોભિયા સંચાલકોની આ લાલચમાં બેના જીવ જતા રહ્યા.

હોસ્પિટલે પહેલાં તો આખી વાત દબાવી દેવા મથામણ કરેલી પણ મૃતકોના પરિવારજનોએ હોસ્પિટલમાં હોબાળો કર્યો તેમાં આ પાપલીલા બહાર આવી ગઈ. ખ્યાતિ હોસ્પિટલનું પાપ છાપરે ચડીને પોકાર્યું પછી સફાળી જાગેલી ગુજરાત સરકારે દર્દીઓની સર્જરી કરનાર આરોપી ડોક્ટર પ્રશાંત વજીરાનીની ધરપકડ કરી છે.

ગુજરાત સરકારે ખ્યાતિ હોસ્પિટલને ‘પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં’થી બ્લેકલિસ્ટ કરી છે.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે તપાસ માટે રચેલી કમિટીના સભ્યોએ રજૂ કરેલા રિપોર્ટમાં હોસ્પિટલ અને ડોક્ટરની ગંભીર બેદરકારી બહાર આવતાં આ હોસ્પિટલમાં માલિક કાર્તિક પટેલ, સંચાલકો તેમજ સર્જરી કરનાર ડોક્ટર સહિત પાંચ લોકો સામે વિવિધ ફરિયાદ નોંધવામાં આવી છે. બે મૃતકના પરિવારોએ પણ મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશનમાં અલગ-અલગ ફરિયાદ દાખલ કરાવી છે અને બંને ફરિયાદને અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવી છે. ‘સોલા સિવિલ હોસ્પિટલ’ના સિવિલ સર્જન ડો પ્રકાશ મહેતાએ સરકાર તરફથી એક ફરિયાદ નોંધાવી છે.

આમ તો આ કેસમાં પોલીસ પણ તપાસ કરી રહી છે. પોલીસ તપાસમાં કશું નક્કર બહાર આવે છે કે પછી ભૂતકાળમાં બનેલી ઘટનાઓની જેમ બધું રફેદફે કરીને ભીનું સંકેલી લેવાય છે એ સમય કહેશે, પણ આ ઘટનાને લીધે ભારતમાં સેવાનું ક્ષેત્ર મનાતા મેડિકલ સેક્ટરને પણ લૂણો લાગી ગયો છે અને દેવદૂત ગણાતા ડોક્ટરો નાણાંની લાલચમાં યમદૂત બનતાં ખચકાતા નથી એ સાબિત કર્યું છે.

નિષ્ણાતોની ટીમે મૃતક મહેશભાઈ બારોટ અને નાગરભાઈ સેનમાના રિપોર્ટ તપાસ્યા તેમાં બહાર આવ્યું છે કે, બંનેને ઍન્જિયોગ્રાફી અને ઍન્જિયોપ્લાસ્ટી કરવાની જરૂર જ નહોતી.. બંનેના કેસમાં બંને ધમનીમાં ૮૦-૯૦ ટકા બ્લોકેજ બતાવાયાં હતાં, પણ બ્લોકેજ જ નહોતાં. મતલબ કે સાવ ખોટા મેડિકલ રિપોર્ટ બનાવીને બંનેના પરિવારને ડરાવીને એન્જિયોપ્લાસ્ટી કરી નાખવામાં આવી હતી. સરકારી યોજનામાં મળતાં નાણાં લેવા માટે ડોક્ટરો આ હદે નીચા ઊતરી શકે એ વાત જ થથરાવી મૂકનારી અને ડોક્ટરો પર ભરોસો ઉઠાડી મૂકનારી છે.

કમનસીબે આ દેશમાં આ પ્રકારની આ પહેલી ઘટના નથી. ગુજરાતમાં જ આ વરસે માંડલ, રાધનપુર અને અમદાવાદ એમ ત્રણ ઠેકાણે અંધાપાકાંડ બનેલા. એ ત્રણેય કેસમાં ઘણાં લોકોએ પોતાની આંખો ગુમાવી હતી. મોતિયાનાં ઓપરેશન કરવા માટે યોજાયેલા આ કેમ્પોમાં પણ જરૂર નહીં હોવા છતાં ઘણાંનાં ઓપરેશન કરી નાખવામાં આવ્યા હતાં કે જેથી સરકાર પાસેથી નાણાં લઈ શકાય. આ લાલચમાં લોકોએ પોતાની આંખો ગુમાવી હતી.

અમદાવાદની આ તાજી ઘટનાએ દેશના સરકારી તંત્રની નિંભરતા અને સંવેદનહીનતા પણ છતી કરી છે. ખ્યાતિ હોસ્પિટલે ભૂતકાળમાં આ રીતે કલોલ પાસેના શેરથામાં પણ મેડિકલ કેમ્પ કરીને જરૂર નહોતી એવા લોકોની એન્જિયોપ્લાસ્ટી કરી નાખી હોવાનું બહાર આવ્યું છે. ખ્યાતિ હોસ્પિટલે એક વર્ષમાં આ રીતે ઓપરેશનો તથા સારવારના નામે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી ૩.૬૬ કરોડ રૂપિયા લીધા છે. ખ્યાતિની કુખ્યાતિ જોતાં મોટા ભાગની રકમ તેણે આ રીતે જ ભ્રષ્ટાચાર કરીને પડાવી હશે એ ઉમેરવાની જરૂર નથી.

આમ જુઓ તો ખ્યાતિ બહુ નાની હોસ્પિટલ છે, પણ આ દેશમાં આવી તો સેંકડો હોસ્પિટલ્સ છે. અને એમાંથી ઘણી હોસ્પિટલ આ રીતે ખોટાં ઓપરેશનો તથા સારવારના માટે ‘પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના’ ના નામે ખોટી રીતે રકમો પડાવતા જ હશે એ જોતાં કેન્દ્ર સરકારની આ યોજનાની મોટા ભાગની રકમ તો ચવાઈ જ જતી હશે એવું માનવામાં જરાય અતિશયોક્તિ નથી.

કેન્દ્રની મોદી સરકાર દાવા કરે છે કે, કૉંગ્રેસના શાસનમાં સરકાર તરફથી અપાતા એક રૂપિયામંથી ૮૫ પૈસા ચવાઈ જાય છે એવું ખુદ રાજીવ ગાંધીએ કબૂલેલું પણ અમારા શાસનમાં એક રૂપિયાનો પણ ભ્રષ્ટાચાર થતો નથી ને પ્રજા માટેની પાઈએ પાઈ પ્રજા પાછળ વપરાય છે. ખ્યાતિ કાંડ જોયા પછી આ દાવો પોકળ અને એકદમ હાસ્યાસ્પદ લાગે છે. બલ્કે કૉંગ્રેસ શાસનમાં તો કમ સે કમ ૧૫ પૈસા લોકો સુધી પહોંચતા હતા, જ્યારે ભાજપના શાસનમાં તો કશું લોકો સુધી પહોંચતું હશે કે કેમ એવી શંકા જાગે છે.

અહીં બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે, ખ્યાતિ જેવી હોસ્પિટલ્સ આ પ્રકારનાં કૌભાંડો ચલાવે ને કોઈને ખબર ના પડે એ વાતમાં માલ નથી, પણ સરકારમાં બેઠેલા લોકો, અધિકારીઓ વગેરેની મિલિભગતથી જ આ ધંધો ચાલતો હોય છે. ‘પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના’ સાથે જોડાયેલા ડોક્ટરો પણ તેમાં સામેલ હોય જ એ જોતાં આખું તંત્ર જ ભ્રષ્ટ કહેવાય. આખું તંત્ર ભેગું મળીને સામાન્ય લોકોના સ્વાસ્થ્ય માટેની રકમ ચાઉં કરી જાય એ શરમજનક કહેવાય ,તેમ છતાં કમનસીબે આ બધાંને ઊની આંચ પણ નથી આવતી ને અમુક કિસ્સામાં તો ખુદ ડોક્ટરોને બલિના બકરા બનાવી દેવામાં આવે છે.

રાજ્ય સરકારે લીધેલા નિર્ણય પ્રમાણે, ખ્યાતિ હોસ્પિટલ સાથે જોડાયેલા ડોક્ટરો રાજ્યની અન્ય કોઈ હોસ્પિટલમાં કામ કરી શકશે નહીં. આ ઘટના સાથે જોડાયેલા ડોક્ટરો વિરુદ્ધ પગલાં લેવા ગુજરાત મેડિકલ કાઉન્સિલને પણ સૂચના આપવામાં આવી છે, પણ હોસ્પિટલના માલિકોને કશું થયું નથી. સરકારે એવું કહ્યું છે કે, હોસ્પિટલના માલિક, ટ્રસ્ટી કે અન્ય હોસ્પિટલ સાથે સંલગ્ન હશે તો એમની વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે પણ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. આ કાર્યવાહી કરાય એવી શક્યતા પણ ઓછી છે કેમ કે માલિકો તો તંત્રને પોષે છે.

આ સમસ્યા ગંભીર કહેવાય ને તેનો એક માત્ર ઉપાય આરોગ્ય સેવાને સંપૂર્ણપણે સરકાર હસ્તક લેવાનો છે. સરકારી હોસ્પિટલો મારફતે જ લોકોને સરકારી યોજનાઓનો લાભ મળે એવી વ્યવસ્થા કરવી પડે ને એ માટે સરકારી આરોગ્ય સેવાને ઉચ્ચ કક્ષાની બનાવવી પડે. કમનસીબે આપણે ત્યાં સરકાર દરેક મામલે પોતાની જવાબદારીથી હાથ ખંખેરી રહી છે તેમાં આરોગ્ય ક્ષેત્ર પણ છે. સરકાર નવી હોસ્પિટલ્સ ખોલવાના બદલે સરકારી હોસ્પિટલ્સને પણ ખાનગી કંપનીઓને આપી રહી છે એ જોતાં ભવિષ્યમાં પણ હજુ આવા કાંડ થતા રહેશે...પ્રજા હાયવોય કરશે- પ્રેસ-મીડિયા ઊહાપોહ મચાવશે ને સરકાર ‘તપાસ...તપાસ’નું નાટક રમશે! ■

ફોકસ

નૌશાબા પરવીન
feedback@bombaysamachar.com

## લિંગ પરીક્ષણ પરનો પ્રતિબંધ દૂર કરવો ઘાતક સાબિત થશે



**સંભલ** (ઉત્તર પ્રદેશ) ના મન્નીખેડા ગામમાં કેટલાંક બાળકો સરસવના ખેતર પાસે કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક તેમણે કોઈના રડવાનો અવાજ સાંભળ્યો. દૂર દૂર સુધી કોઈ રડતું દેખાતું ન હતું. જ્યારે બાળકોએ ધ્યાનથી સાંભળ્યું ત્યારે તેમને સમજાયું કે રડવાનો અવાજ તો જમીનની અંદરથી આવી રહ્યો છે. તેઓ ડરી ગયા અને તેમના વડીલોને બોલાવ્યા. જ્યાંથી રડવાનો અવાજ આવતો હતો તે જગ્યા ખોદવામાં આવી ત્યારે અંદર એક નવજાત બાળકી જીવતી દાટી હતી, જેની નાળ પણ કપાઈ ન હતી. પૂર્વધારણા એવી છે કે બાળકીના જન્મ પછી તરત જ તેની માતાએ તેને જીવતી દફનાવી હતી. ગ્રામીણોએ બાળકીને ‘કબર’માંથી બહાર કાઢીને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે અને તે હવે ઠીક છે. આ ૩ નવેમ્બર ૨૦૨૪ની ઘટના છે.

શક્ય છે કે આ બાળકને જન્મ આપનારી માતા અપરિણીત હોય અને બદનામીથી બચવા માટે આવું કર્યું હોય. એવું પણ શક્ય છે કે પરિણીત યુગલ તેમની દીકરીથી છુટકારો મેળવવા માગતા હોય. હાલ પોલીસ સીસીટીવીના આધારે તપાસ કરી રહી છે, તપાસમાં સાચું સત્ય બહાર આવશે. પરંતુ એક વાત ચોક્કસ છે કે આજે પણ સમાજનો એક મોટો વર્ગ દીકરી નહીં પણ દીકરો ઇચ્છે છે, પછી ભલે સેક્સ રેશિયો ગમે તેટલો અસંતુલિત બને. આવી સ્થિતિમાં, ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઇએમએ) ના પ્રમુખ ડો. આર.વી. અશોકનની માંગ વાહિયાત અને બિનજરૂરી લાગે છે કે પીસી-પીએનડીટી એક્ટ પાછો ખેંચવામાં આવે, જેના હેઠળ ગર્ભના લિંગ પરીક્ષણ પર પ્રતિબંધ છે જેથી કરીને ગર્ભમાં બાળકીઓને હત્યાથી બચાવી શકાય. તે કહે છે, ‘હાલના પ્રતિબંધથી ભારતના સેક્સ રેશિયોમાં અર્થપૂર્ણ સુધારો થયો નથી... ત્રીસ વર્ષ પછી પણ આ કાયદાએ શું હાંસલ કર્યું છે? શું આનાથી સેક્સ રેશિયો બદલાયો છે? કાનૂની પ્રતિબંધો અયોગ્ય રીતે અલ્ટ્રાસાઉન્ડ મશીનો અને તબીબી વ્યાવસાયિકોને લક્ષ્ય બનાવે છે. આઇએમએ લિંગ પરીક્ષણ અને બાળ સુરક્ષાની તરફેણમાં છે.’

ભારતમાં ગુમ થયેલી છોકરીઓ ૨૦૦૧ની વસ્તી ગણતરી પછી વૈશ્વિક હેડલાઇન્સ બનાવવાનું શરૂ થઈ, જ્યારે માલૂમ પડ્યુ કે, પંજાબમાં સેક્સ રેશિયો જે ૧૯૯૧ માં ૧૦૦૦ છોકરાઓ દીઠ ૮૭૫ છોકરીઓ હતો, તે ઘટીને ૧,૦૦૦ છોકરાઓ દીઠ ૭૯૮ છોકરીઓ થઈ ગયો. ધ લેન્સેટ દ્વારા ૨૦૨૧ના અભ્યાસમાં અંદાજ છે કે ૧૯૮૭-૨૦૧૬ના સમયગાળામાં ૧૩૫ લાખ ભારતીય છોકરીઓને જન્મ પહેલાં જ મારી નાખવામાં આવી હતી. અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ વગેરેમાં ભારતીય વસાહતીઓ પણ છોકરાઓના જન્મને પ્રાથમિકતા આપતા હતા.નોંધનીય છે કે ભારતમાં લિંગ પરીક્ષણની પ્રક્રિયા ગ્લોબલ પોપ્યુલેશન લોબીઝ દ્વારા ૧૯૭૦માં ભારતના ‘વસ્તી વિસ્ફોટ’ને ઘટાડવા માટે શરૂ કરવામાં આવી હતી. તેની શરૂઆત એમ્સ દિલ્હી ખાતે આનુવંશિક પરીક્ષણ એમિનોસેન્ટેસિસથી થઈ હતી. પછી ૧૯૭૯ સુધીમાં, એવું બન્યું કે પંજાબ, હરિયાણા, દિલ્હી, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવાં રાજ્યોમાં, ખાનગી લેબોએ સ્ત્રી ભ્રૂણનો નાશ કરવા માટે લિંગ પરીક્ષણો કરવાનું શરૂ કર્યું. ભારતીય નારીવાદીઓને ૧૯૮૦ની શરૂઆતમાં જ સમજાઈ ગયું હતું કે લિંગ પરીક્ષણ એ સ્ત્રીઓ સામેની હિંસા છે.

જાહેર અભિયાને મહારાષ્ટ્રમાં શરદ પવાર સરકારને આનુવંશિક પરીક્ષણોના દુરુપયોગ સામે કાયદો લાવવાની ફરજ પાડી. મહારાષ્ટ્ર ૧૯૮૭માં આ કાયદો આવ્યો અને આવું કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. જ્યારે ભારત સરકાર ૧૯૯૧માં પીએનડીટી બિલ લાવ્યું ત્યારે આઇએમએના વિરોધને કારણે તેને સંયુક્ત તદર્થ કમિટીમાં મોકલવું પડ્યું અને અંતે તે અલ્ટ્રાસાઉન્ડની સાથે સપ્ટેમ્બર ૧૯૯૪માં કાયદો બન્યો, જેનો પહેલા બિલમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. આ કાયદાના નિયમો ૧૯૯૩માં બનાવવામાં આવ્યા હતા. આ પછી પણ, આ કાયદો કાગળ પર જ રહ્યો, જ્યાં સુધી ૨૦૦૦માં સુપ્રીમ કોર્ટે પીઆઈએલ પર હસ્તક્ષેપ કર્યો ન હતો. આ ઇતિહાસને યાદ રાખવાની જરૂર છે કારણ કે આઇએમએ ફરી એકવાર લિંગ પરીક્ષણના તબીબી ગુનાને ‘સામાજિક દુષ્ટતા’ માં બદલવાનો પ્રયાસ કરી રહી છે. સાથે જ તે ભેદભાવનો બોજ મેડિકલ પ્રોફેશનને બદલે ગર્ભવતી મહિલા પર નાખવા માંગે છે. સગર્ભા સ્ત્રીઓ પર આ દબાણ તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. જો દેશ ૮૦,૦૦૦ ક્લિનિક પર નજર રાખી શકતો નથી, તો તે દર વર્ષે ૨૭૦ લાખ ગર્ભધારણની સંભાળ કેવી રીતે કરશે?

અશોકનનું નિવેદન (અથવા પ્રયાસ) એવું જ એક માસ્ક છે જેને દૂર કરવાની જરૂર છે. તે લિંગ પરીક્ષણ પરનો પ્રતિબંધ હટાવવા માગે છે કારણ કે, તેમના મતે, તે ભયંકરરૂપે અસફળ રહ્યું છે. શું કોઈ વ્યક્તિ હત્યાને કાયદાકીય માન્યતા આપી શકે કારણ કે સદીઓથી મૃત્યુદંડ જેવી આકરી સજા થવા છતાં હત્યાઓ અટકી નથી? સ્ત્રી ભ્રૂણ કરતાં પુરુષ ભ્રૂણને પ્રાધાન્ય આપવું એ એક સંકેત છે કે સ્ત્રીના જીવનનું કોઈ મૂલ્ય નથી અને સમાજ તેને અપમાન અને કલંક માને છે. જો આ દુષ્ટ પ્રથાને બદલવાની સમગ્ર જવાબદારી સમાજ પર છોડી દેવામાં આવશે તો દેશની સ્થિતિ ખરાબથી વધુ ખરાબ થઈ જશે. લિંગ પરીક્ષણ પર સખત પ્રતિબંધ મૂકવો એ ન્યાયી છે, તાર્કિક પણ છે અને ઉત્પાદક માર્ગ પણ છે. ભારતમાં જન્મ સમયે સેક્સ રેશિયો હજુ પણ ૯૩૩-૧૦૦૦ છે, જે કાયદાના અમલીકરણમાં શિથિલતાનો સ્પષ્ટ સંકેત છે. આગળ જતાં બેદરકારીનો અવકાશ નથી. અશોકન દરેક ક્લિનિક પર દેખરેખ રાખવાની, દરેક અજાત બાળકને ટેગ કરવા અને કંઈક ‘અનિચ્છનીય’ બને તો લોકોને જવાબદાર રાખવાની વાત કરે છે. દરેક મહિલાની જાસૂસી કરવા અને તેને સજાની ધમકી આપવાનું આ એક વાહિયાત સૂચન છે. ટૂંકમાં, જો અશોકનની વાત તાર્કિક હોત તો તેના પર થોડું ધ્યાન આપી શકાયું હોત. હવે તેમને અવગણવામાં જ શાણપણ છે.■


સૉલ ઓફ ટૂર

## દક્ષિણ કોરિયા એટલે અદ્ભૂત કુદરતી સૌંદર્ય, ટાપુ, ટ્રેન્ડી રેસ્ટોરાં, પેલેસ, આર્કિટેક્ચર અને સમૃદ્ધ ઇતિહાસ



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

આ લેખ દ્વારા ચાલો જાણીએ ટૂર્સના મૅનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસે કે કુદરતના ખોળા જેવા આ સુંદર દેશમાં માણવા જેવું શું છે,

**ધવલભાઈ, આજે આપણને દક્ષિણ કોરિયા વિશે વાત કરવાના છીએ.**

દક્ષિણ કોરિયા એક આકર્ષક દેશ છે. અહીં તમને નવી ટેક્નોલોજી અને પ્રાચીન સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ઉદ્યાનો અને કુદરતી ગરમ ઝરણાંઓ સાથેના પર્વતીય ગ્રામ્ય વિસ્તારો સાથે શ્રેષ્ઠ શહેરો જોવા મળશે. તે બધાની ટોચ પર, તે પૃથ્વી પરના કેટલાક મૈત્રીપૂર્ણ લોકોનું ઘર પણ છે. ચાલો જઈએ!

દક્ષિણ કોરિયા એક એવું સ્થળ છે જેને જાણવા અને સમજવા માટે પૂરતા સમય અને સમર્પણની જરૂર છે... આ લેખ તમને સિઓલનો પરિચય કરાવશે, તેના અવશ્ય મુલાકાત લેવાનાં સ્થળો અને તમે ખોજ કરી શકો તેવા રોમાંચક સ્થળોને પ્રકાશિત કરશે. ઐતિહાસિક સીમાચિહ્નોથી આધુનિક આકર્ષણો સુધી, સિઓલ દરેક પ્રવાસી માટે કંઈક પ્રદાન કરે છે.







**મ્યોંગડોંગ સ્ટ્રીટ :** મ્યોંગડોંગ માર્કેટ એ દક્ષિણ કોરિયાના મુખ્ય શોપિંગ જિલ્લાઓમાંનું એક છે. તમને ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, શોપિંગ મોલ્સ અને સ્વતંત્ર દુકાનો જોવા મળશે તેની સાથે ટ્રેન્ડી રેસ્ટોરાં અને કાફેના યજમાન પણ જોવા મળશે. મ્યોંગડોંગ માર્કેટના લોકપ્રિય શોપિંગ મોલ્સમાં લોટ્ટે ડિપાર્ટમેન્ટ સ્ટોર, લોટ્ટે યોંગ પ્લાઝા અને નૂન સ્ક્વેર શોપિગ મોલનો સમાવેશ થાય છે. M પ્લાઝામાં સિઓલ કલ્ચર એન્ડ ટૂરિઝમ સેન્ટર અને પરફોર્મન્સ હોલ છે જ્યાં તમે લાઈવ કોન્સર્ટ અને સાંસ્કૃતિક કાર્યક્રમો જોઈ શકો છો.

**કોરિયન ડિમિલિટરાઇઝ્ડ ઝોનઃ** કોરિયન ડિમિલિટરાઇઝ્ડ ઝોન DMZ એ કોરિયન પેનિનસુલામાં જમીનની પટ્ટી છે જે ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે બફર ઝોન તરીકે કામ કરે છે. ડોરા ઓબ્ઝર્વેટરી ડિમિલિટરાઇઝ્ડ ઝોનમાં ઉત્તર કોરિયાનાં દૃશ્યો પ્રદાન કરવા માટે મશહૂર છે.

ગ્યોંગબોકગુંગ પેલેસ, ‘પેલેસ ગ્રેટલી બ્લેસ્ડ બાય હેવન’ ૧૩૯૫માં જોસેન ફાઉન્ડર બાંધવામાં આવેલો સૌપ્રથમ મહેલ હતો. જોસેન રાજવંશમાં બાંધવામાં આવેલા તમામ પાંચ ભવ્ય મહેલોમાં આ સૌથી મોટો છે. સિઓલના ઘણા પ્રવાસીઓ માટે ગ્યોંગબોકગુંગ પેલેસ એ ફરજિયાત મુલાકાત લેવા પ્રવાસીનું આકર્ષણનું સ્થળ છે.

**બુકચોન હનોક વિલેજ :** બુકચોન હનોક વિલેજ એક ગતિશીલ સાંસ્કૃતિક કેન્દ્ર છે જયાં મુલાકાતીઓને પરંપરાગત કોરિયન આર્કિટેક્ચર અને જીવનશૈલીની સુંદરતા જોવા મળે છે. તેની મોહક શેરીઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને મનોહર દૃશ્યો સાથે, આ ગામ પ્રવાસીઓ અને સ્થાનિકો માટે એક અનોખો અને સમૃદ્ધ અનુભવ પ્રદાન કરે છે. ફોટોગ્રાફી, ખોજ અને કોરિયાના સમૃદ્ધ ઇતિહાસનો અનુભવ કરવા માટે તે એક ઉત્તમ સ્થળ છે.

**હ્યુન્ડાઇ મોટરસ્ટુડિયો ગોયાંગ વેબસાઇટ :** હ્યુન્ડાઈ મોટરસ્ટુડિયો ગોયાંગ એ દક્ષિણ કોરિયામાં સૌથી મોટો મોબિલિટી થીમ પાર્ક છે, જે મુલાકાતીઓ માટે આનંદ અને ઉત્તેજના આપે છે, કારણ કે તેઓ કાર કેવી રીતે બનાવવામાં આવે છે અને તેઓ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે શીખે છે.

**નામી આઇલેન્ડ :** નામી ટાપુને નામિસિયોમ ટાપુ તરીકે પણ ઓળખવામાં આવે છે! તે દક્ષિણ કોરિયામાં સૌથી વધુ મુલાકાત લેવાયેલ પ્રવાસન સ્થળોમાંનું એક છે, જે તેના અદ્ભૂત કુદરતી સૌંદર્ય માટે જાણીતું છે. પછી ભલે તમે શિયાળા, વસંત, ઉનાળા અથવા પાનખરમાં મુલાકાત લઈ રહ્યા હો, નામી ટાપુ વર્ષભર નયનરમ્ય એસ્કેપનું વચન આપે છે. મોહક પાઈન વૃક્ષો, જીંકગો વૃક્ષો અને જાજરમાન રેડવુડ જાયન્ટ્સથી ઘેરાયેલા ટાપુની ગલીઓની ખોજ કરો. મનોહર લાકડાના નદીના કિનારે આવેલા માર્ગ પર લટાર મારશો અને ખાતરી કરો કે ગોંગસેંગવૉન ગાર્ડનમાં આઇકોનિક વિન્ટર સોનાટા સ્ટેચ્યૂ જોવાનું ચૂકશો નહીં, ખાસ કરીને જો તમે -ડ્રામાના ચાહક હો તો! સિઓલ એક ફૂડી કિંગ્ડમ છે.

સિઓલ દરેક ખૂણે રેસ્ટોરાંથી ભરેલું છે, પરંતુ તે સ્ટ્રીટ ફૂડની ગાડીઓ અને સ્ટોલો છે જે ખુલ્લી જગ્યાઓ પર આવેલ છે. શહેરમાં ચાલવું એ સાંકડી ખીણમાંથી લટાર મારવા જેવું લાગે છે, જેમાં દરેક જગ્યાએ સ્વાદિષ્ટ ખોરાક હોય છે, જે તમને અજમાવવા માટે લલચાવે છે.

**ધવલભાઈ લોકોને જણાવશો કે દક્ષિણ કોરિયાના પ્રવાસનું આયોજન ક્યારે શરૂ કરવું જોઈએ ?**

લોકોએ ઓછામાં ઓછા ૩ મહિના અગાઉથી ઔરોરા ટ્રાવેલ્સ સાથે દક્ષિણ કોરિયાની ૭ રાત ૮ દિવસના પ્રવાસનું આયોજન કરવાનું શરૂ કરવું જોઈએ, કારણ કે અમને પહેલેથી જ ઘણી પૂછપરછો મળી ગઇ છે. તે એક લોકપ્રિય સ્થળ છે જેની મુલાકાત લેવા માટે લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને વહેલું બુકિંગ કરવાથી ઓછી મુશ્કેલીઓ, ગેરંટીવાળી બેઠકો અને સમયસર વિઝા પ્રક્રિયાની ખાતરી મળે છે. ■

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




અકબર પીઆરને વિચારતો મૂકીને અભિ એડવાન્સ ભાડાના રૂપિયા લેવા ફોન પર નક્કી થયા મુજબ એ વ્યક્તિની રાહ જોતો રેસ્ટોરન્ટમાં બેઠો હતો. એના માટે રહેવાની જગ્યા એકમાત્ર પ્રાયોરિટી હતી. એકવાર રહેવાની જગ્યા મળી જાય પછી રોજબરોજના સંઘર્ષને પહોંચી વળાશે. એડ એજન્સીમાંથી પૈસા મળતા થઇ જશે...એટલે ભાડું પણ નિયમિત ચુકવી શકાશે. આવા ખયાલોમાં રાચતો અભિ થોડીથોડીવારે દરવાજે જોઇ લેતો હતો. અચાનક જ હવાના ઝોકાની જેમ પ્રિયા પ્રવેશી...આમતેમ નજર કરીને લગભગ દોડતી આવીને અભિની સામે બેસી ગઇ.

'અભિ, શું થયું તારા ચહેરાને.?' એનો પ્રશ્ન અપેક્ષિત હતો.

અભિ પાસે અગાઉ બધાને કહેલી સ્ટોરી તૈયાર હતી. અભિએ કોઇપણ જાતના એડિટિંગ વિના પ્રિયાને સ્ટોરી કહેવાની શરૂઆત કરી. અકબર પીઆરની મદદથી સમીરભાઇની લોજમાં જગ્યા મળી ગઇ....સવા સો રૂપિયા એડવાન્સ ભાડું ચુકવવાનું છે....ત્યાં સુધીની અભિની કહાનીના ક્લાઇમેક્સમાં પ્રિયા ઓતપ્રોત થઇ ગઇ. અભિ પ્રત્યેના પ્રેમમાં થોડી દયા ઉમેરાઇ....અભિની સમર્પણની ભાવના માટે એને માન ઉપજ્યું.

પ્રિયાએ પર્સમાંથી રૂપિયા કાઢીને આપતા કહ્યું: 'અભિ, આવા ફેસ સાથે તું નાટક કઇ રીતે કરી શકીશ? તારો ચહેરો તો જો. કદાચ આ નાટક તારી કારકિર્દીમાં મોટો રોલ ભજવશે.' અભિએ ચહેરાની ચિંતા કર્યા વિના પૈસા લેતા સ્માઇલ સાથે કહ્યું: 'પ્રિયા, આ પૈસા ઉધાર રહ્યા.'

'એ તો હું વ્યાજ સાથે વસૂલી લઇશ. પહેલાં તું મારી સાથે ચાલ ડોક્ટર પાસે જઇને ઇલાજ કરી લઇએ.'

'નહીં પ્રિયા, ઇલાજ પછી, પહેલાં લોજના પૈસા આપી દઉં.' અભિ ઊભો થવા ગયો ત્યાં દૂર ઊભો રહીને ઓર્ડરની રાહ જોઇ રહેલો વેઇટર આવ્યો.

પ્રિયાએ અભિને બેસવા કહ્યું ને એક ચા અને એક કોફીનો ઓર્ડર આપ્યો.

'આ ચા કોફી પણ મારા ખાતે ઉધાર.' અભિ બોલ્યો.

'ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વસૂલ કરીશ' પ્રિયા હસી પડી.

કોફી પીતા પીતા પ્રિયા અભિની મનોકામના જલ્દી પૂરી થાય એવી પ્રભુ પાસે દુવા માગતી રહી....અને ત્યાર પછી આ ફિલ્મસ્ટાર અભિનય શ્રીવાસ્તવ સાથેના સુખી લગ્નજીવનનું સપનું જોવા લાગી....એનું ડ્રીમ સિનેમાસ્કોપ હતું.

*******************

ચૌબેજીએ પહેલા સફળ શો પછી કલાકાર-કસબીઓની મીટિંગ બોલાવી હતી. અભિ સંકોચ સાથે સૌથી પહેલાં પહોંચી ગયો...જેથી એ પોતાના ચહેરા વિશે ચોખવટ કરી શકે, પણ શીલાને બેઠેલી જોઇ. જરા મુંઝાયો કે શીલા ચહેરો જોઇને શું કહેશે.

'યે ક્યા હુઆ.?' શીલા પોતાના સાથીકલાકારના ફેસની હાલત જોઇને ડઘાઇ ગઇ.

'કુછ નહીં, ટેકસીવાલે સે ટક્કર હો ગઇ....આઇ મીન...એક્સિડેન્ટ...લેકિન બચ ગયા, વરના અખબારોં મે એક બડે કલાકાર કી મૌત કી ન્યૂઝ છપતી...ઔર મૈં સચ મેં બડા કલાકાર બન જાતા.'

'મજાક છોડો...અગલે સન્ડે શો હૈ...ક્યા એસે ચહેરે કે સાથ શો કરોગે.?' શીલાને એ વાતની ચિંતા થઇ કે ચૌબેજી રવિવારનો શો કેન્સલ કરશે તો શું થશે....પહેલીવાર મેઇન રોલ મળ્યો છે.....અભિ સાથેના નાટકમાં પોતાનું એની સાથે ટ્યુનિંગ જામી ગયું છે એમાં આ નવી ઉપાધી આવી.

'દવાઇ લી હૈ....અગલે સન્ડે તક ઠીક હો જાઉંગા...વરના મેરા રોલ રિયાઝ કર લેગા.'

'રિયાઝ...અગર વો કર લેતા તો તુમ ઇસ પ્લે મેં નહીં હોતે.' ચૌબેજી આવ્યા ને વાત પર પડદો પડી ગયો. અભિ અગાઉ બધાને કહેલી કહાની કહે તે પહેલાં શીલા ખુદ ચૌબેજીને કહેવા લાગી.

ચૌબેજીએ અભિના ચહેરાને જોઇને કહ્યું: 'કોઇ બાત નહીં..ઠીક હો ગયે તો ઠીક હૈ...વરના ઇસ ચહેરે કે સાથ કર લેના.' ચૌબેજીને અભિના અભિનય પર વિશ્વાસ હતો કે પોતે રચેલા નાટક પર...એ કળવું મુશ્કેલ હતું. જોકે, અભિએ હાશકારો અનુભવ્યો...પણ શીલાને જરા ખટક્યું કે આવો સુંદર ચહેરો ધરાવનાર હેન્ડસમ અદાકાર ઊપસેલા ઢીમણાં સાથે રોલ કરશે...કેવું લાગશે.

*****************

સીમા પથારીમાં પડી હતી. શરીરે ખમેલા મારના દરદ કરતાં વધુ માનસિક પીડા હતી. કોઇ એના માથા પર હથોડા ટીપી રહ્યું હોય એવું લાગતું હતું. સૂમસામ રાતમાં ઘડિયાળની ટક ટકનો અવાજ પણ એને ખટકતો હતો. ચંદન કોઇપણ ઘડીએ આવશે....પછી શું થશે...એ શું કરશે? એના વિચારમાં થથરતી રહી. અભિનું શું થયું હશે.? આવડા મોટા મુંબઈ શહેરમાં એ ક્યાં ગયો હશે.? ચંદનનો ભય અને અભિની ચિંતા વચ્ચે એની આંખો ઘેરાઇ ગઇ. થાકેલું મન પોઢી ગયું.

સવારે દરવાજો ઠોકવાના અવાજથી ફફડાટ સાથે ચાદર ફંગોળીને એ ઊભી થઇ ગઇ. ચંદન આવ્યો હોવાનું ધારીને એણે દરવાજો ખોલ્યો. દૂધવાળો ઉંબરા પર દૂધની થેલી જ નહીં, પણ ફફડાટ મૂકીને અલોપ થઇ ગયો હતો.

આ વાતને જોતજોતામાં એક અઠવાડિયું વીતવા આવ્યું. ચંદન ઘરે પાછો ન ફર્યો. સીમા પાસે એનો કોઇ કોન્ટેક્ટ નંબર નહતો. તપાસ કરે તો ક્યાં કરે. ચંદને આત્મહત્યા કરી લીધી કે પોતાને કાયમ માટે છોડીને જતો રહ્યો....ના...ના....ચંદન એવા પોચા મનનો નથી. એ આવું કોઇ પગલું તો નહીં જ ભરે. વિચારોનું ઘોડાપુર સીમાને ઘેરી વળ્યું.

**'અભિ, સંભાલ કે ચલો..યે બમ્બઇ હૈ....યહાં ટક્કર માર કે ચલે જાનેવાલે બહુત હૈ.' શીલા પોતાના ઓનસ્ટેજ હીરોને જોઇને બોલી**

અભિ ક્યાં હશે..? એને ક્યાં શોધવો.? આજે એનો શો હશે. એક ઝબકારો થયો. અભિને શો પર જઇને મળું...એ દિવસ પછી ચંદન ઘરે નથી આવ્યો એ જણાવું.

*****************

બસ્તા શેઠ બપોરે પોતાના ડ્રોઇંગ રૂમમાં બેસીને ચિલ્ડ બિયર પી રહ્યા હતા. ફોનની ઘંટડી વાગી.

હેલો.....પછી સામેવાળાની વાત ધ્યાનથી સાંભળીને થેન્ક યુ....ધન્યવાદ કહીને ફોન મૂકી દીધો.

'જોરાવર' એણે બૂમ મારી. જોરાવર હાજર થયો.

'ચંદનને લઇ આવ.' જોરાવર બે ડગલા પાછળ જઇને...માથું નમાવીને પોતાના આકાની આજ્ઞાનું પાલન કરવા ઝડપથી નીકળી ગયો ને બસ્તા શેઠે બિયરમાં ડૂબકી મારવાનું ચાલુ રાખ્યું.

*****************

થિયેટરના ગ્રીન રૂમમાં ચૌબેજી અભિનો ચહેરો જોઇને બોલ્યા: 'ઠીક હો ગયે હો. બાકી મેક-અપ દાદા સંભાલ લેગા.' કહીને એ જતા રહ્યા. શીલા ખુશ હતી. પોતાના ઓન સ્ટેજ હીરોને જોઇને બોલી: 'અભિ, સંભાલ કે ચલો..યે બમ્બઇ હૈ. યહાં ટક્કર માર કે ચલે જાનેવાલે બહુત હૈ.'

એ જ વખતે બેકસ્ટેજવાળાએ આવીને અભિને કહ્યું: 'આપકો કોઇ મિલને આયા હૈ.' અભિ વીજળીનો કરન્ટ લાગ્યો હોય એમ સટ્ટાક ઊભો થઇ ગયો.

બહાર સીમા ઊભી હતી. અભિ એને એક ખુણામાં લઇ ગયો.

'શું થયું.?'

ચંદન એ દિવસ પછી ઘરે પાછો નથી આવ્યો. શું કરું કાંઇ સમજાતું નથી.' સીમા બેબાકળી હતી. થોડીવારમાં શરૂ થનારા શોની પહેલી ઘંટડી પહેલા જ સીમાએ અભિના હદયના ધબકારા વધારી દીધા.

'ચંદન ગુસ્સામાં છે....ગુસ્સો ઠંડો પડતા આવી જશે.'

'તું કેમ છે..? તારું રહેવાનું શું થયું.?'

'હું ઠીક છું....એક લોજમાં રહું છું. વધુ વાત નહીં થઇ શકે. થોડીવારમાં શો છે....કાલે તને પબ્લીક બુથ પર ફોન કરીશ. રાહ જોજે.'

'અભિ, હું તારા વિના નહીં રહી શકું.' સીમા જતા પહેલા અભિને ભેટી. શીલાએ દૂરથી એ બંનેને જોયાં.

'કાલે વાત કરશું.' અભિએ એને હળવેથી અલગ કરતા કહ્યું.

*******************

'ચંદન, બેસ આપણા માટે એક શુભ સમાચાર છે. ખતરો ટળી ગયો છે.' બસ્તા શેઠે એને ગળે લગાડ્યો. ચંદન એમ જ ઊભો રહ્યો..એ જરાય ખુશ નહતો. એ બહાર નીકળી રહેલા જોરાવરની પીઠ જોતો ઊભો રહ્યો.

'તને તારી ટેક્સી પણ મળી જશે...આપણું ટેન્શન ગયું. આવ બેસ, આપણે સાથે દારૂ પીએ.'

'નહીં શેઠ, મારે ભાડા પર આપેલી બીજી ટેક્સીનો હિસાબ લેવા પણ જવું છે.'

'મારો હુકમ માનીને બેસ....બેસ કહું છુંને બેસ.'

'શેઠ, મારું મગજ ઠેકાણે નથી. મને જવા દો.'

'કાનની બૂટ પકડીને માફી માગું તારી...અંગૂઠા પકડું' બસ્તા શેઠ મુર્ગો બનીને માફી માગવા લાગ્યા....

'અરે. નહીં શેઠ તમે આ શું કરો છો....ચંદન પીગળી ગયો.

'જોરાવર, બોટલ લાવ...ગ્લાસ લાવ.....બરફ લાવ...પાણી લાવ...ચખના લાવ' બસ્તા શેઠના શબ્દો થોડા લથડિયાં ખાતા હતા. બસ્તા શેઠે ચંદનને દારૂ પીવડાવવાનું શરૂ કર્યો.

'તારે આખી બોટલ પૂરી કરવાની છે. હું તો બપોરથી પીઉં છું. તું પાર્ટીની મજા લે.' બસ્તા શેઠ બોલતા રહ્યા. પેગ પર પેગ બનતા ગયા. બિયરની ખાલી બોટલો ખણકતી રહી.

'સાલી કમજાત' નશામાં ચંદનથી બોલી જવાયું.

'કોણ કમજાત..?' બસ્તા શેઠે પૂછ્યું.

ચંદને પોતાની જાતને સંભાળતા કહ્યું: 'આ દારૂ. સાલી કમજાત છે. ચડતી નથી. આજે તો ફેંસલો કરી નાખવો છે.' ચંદનના દિમાગમાં દારૂ નહીં, સીમા ચડી ગઇ હતી.

બસ્તા શેઠે સામે આવીને ઊભા રહી ગયેલા જોરાવર પર નજર કરી.

'ચંદન તારી ટેક્સી આવી ગઇ છે, પણ તારી હાલત ચલાવી શકે એવી નથી. રાતના બાર વાગી ગયા છે...જોરાવર મુકી જશે.'

'હું જાતે ચલાવીને જઇશ....દારૂ કમજાત, સાલી ચડતી નથી.' બસ્તા શેઠના ઇશારે જોરાવરે ચંદનને ચાવી આપી.

'સંભાળીને જજે.' બસ્તા શેઠ જે ખુદ હોંશમાં નહોતા એણે તાકીદ કરી.

*********************

સીમા ઘરે પહોંચી ત્યારે લોકલ પોલીસની સાથે આવેલી બિહાર પોલીસ એની રાહ જોતી હતી.

'તુમ ચંદન કી પત્ની હો.?'

'હાં' સીમા પોલીસને જોઇને ડરી ગઇ.

'ક્યા નામ હૈ તુમ્હારા.?'

'સ..સ..સીમા' એણે થોથવાતા જવાબ આપ્યો.

દોરડેથી બંને હાથ બાંધી રાખેલા બબલુને બતાવતા પોલીસે પૂછ્યું: 'ઇનકો પહેચાનતી હો.?'

'નહીં, કૌન હૈ યે.? આપ કૌન હો.? ક્યા હુઆ.?' સીમા થથરવા લાગી.

'મિલન બબલુ હૈ....મર્ડર કર કે ભાગા થા...ઔર હમ બિહાર સે...છપ્રા પુલીસ. યે યહાં આપકી રૂમ મેં એક રાત રહા થા. ફિર ભી ઇન્હે નહીં જાનતી.?' સીમાનું ગળું સુકાવા લાગ્યું.

'કૌન સી રૂમ મેં રહા થા બતા..' પોલીસે બબલુને પૂછ્યું. બબલુએ બાજુની રૂમ તરફ ઇશારો કર્યો.

'રૂમ ખોલો મેડમ.' સીમા ઉતાવળે ચાલીને ધ્રૂજતા હાથે રૂમ ખોલ્યો. પોલીસે અંદર નજર કરી.

'ઓર કૌન થા ઉસ રાત ઇસ રૂમ મેં.?' પોલીસે પૂછ્યું.

સીમાનું હદય બેસી ગયું. એ રાતે અભિ પણ હતો. આ છોકરો એનું નામ આપી દેશે તો....સીમા આવનારી મુશ્કેલીની કલ્પના કરવા લાગી.

'ઇનકા હસબેન્ડ થા' બબલુ બોલ્યો.

'આપ કા હસ્બેન્ડ કહાં હૈ મેડમ.?'

********************

ચંદનની ટેક્સીની સ્પીડ બહુ નહતી. સામેથી આવતાં વાહનોનો પ્રકાશ એની આંખોને આંજી નાખતો હતો અને નશાને લીધે આંખો ખુલી રહી શકતી નહતી....ખુલતા અને ઢળી પડતા પોપચાની કશ્મકશની વચ્ચે અચાનક સામેથી આવતી ટ્રકે ટેક્સીને ટક્કર મારી. ટેક્સી લગભગ અડધો કિલોમીટર સુધી ઘસડાઇ.

(ક્રમશઃ)■

વિશેષ

કીર્તિ શેખર
feedback@bombaysamachar.com

# ફ્રિલાન્સિંગ કામ કરીને મેળવો અઢળક આવક





આજકાલ ઑનલાઇન અને ફ્રિલાન્સિંગ કામ કરવાનું ચલણ ખૂબ વધ્યું છે અને એમાં કમાણી પણ અઢળક છે. કોરોનાકાળમાં લાગેલા લૉકડાઉનમાં મોટાભાગે કામ ઑનલાઇન થતું હતું. ત્યારબાદ હવે એ ઑનલાઇન કામ કરવાનો સિલસિલો હજી પણ ચાલુ જ છે. જોકે એમાં કમાણી ઘણી છે. આવા જ કામ વિશે આજે આપણે ચર્ચા કરીશું. ઑનલાઇન ટ્યુટર, અકાઉન્ટન્ટ અને ગ્રાફિક ડિઝાઇનરની એમાં બોલબાલા છે. આ ત્રણેય પ્રોફેશન્સ એવા છે કે જેની વધુ ડિમાન્ડ છે. જોકે એક વર્ગ એવો પણ છે કે જે ફ્રિલાન્સિંગથી ડરે છે. તેમને ફ્રિલાન્સિંગનું જોખમ નથી લેવું. કેટલાંય ક્ષેત્રો એવાં છે કે જેમાં સ્વતંત્ર નિષ્ણાતો ફ્રિલાન્સિંગ કામમાં રુચી દેખાડી રહ્યાં છે. સાથે જ તેઓ કાયમી નોકરીની સાથે પણ આવક રળી રહ્યા છે.

કોવિડને કારણે આપણી રહેણી-કરણીની સાથે વિચારસરણી અને સ્થિતિને જોવાના નજરિયામાં પણ ફેરફાર આવ્યો છે. કરિયરને લઈને પણ પરિવર્તન આવ્યું છે. કોવિડ દરમિયાન જ લોકોએ ફ્રિલાન્સિંગ કામ કરવાની શરૂઆત કરી હતી. એને કારણે જે સ્વતંત્રતાનો સ્વાદ ચાખ્યો એને કારણે ફ્રિલાન્સર્સની સંખ્યામાં પણ વધારો થયો છે. ખાસ કરીને ટ્યૂટર્સ, જેઓ ઑનલાઇન ક્લાસીસ ચલાવીને ઘરે બેઠા પૈસા કમાય છે. તેમને ટ્યૂશન આપવા માટે કોઈના ઘરે જવાની જરૂર નથી પડતી. દિવસ દરમિયાન અમુક કલાકો ઘરે રહીને વિદ્યાર્થીઓને ઑનલાઇન ભણાવવાનાં હોય છે અને બાદમાં આખો દિવસ ઘરમાં આરામ કરવાનો હોય છે.

અકાઉન્ટન્ટ અને ગ્રાફિક ડિઝાઇનર પણ એવા બે પ્રોફેશનલ છે જેમને ફ્રિલાન્સિંગથી ઇન્કમ તો મળે જ છે, પરંતુ સાથે જ તેમનું ભવિષ્ય પણ સુરક્ષિત રહે છે. વર્તમાનમાં ભારતમાં અકાઉન્ટમાં વધેલી પ્રવૃત્તિઓને કારણે અકાઉન્ટની માહિતીની ખૂબ જરૂર હોય છે. જીએસટી લાગુ થવાથી દેશમાં લગભગ એકથી દોઢ કરોડ દુકાનદારો અને વેપારીઓને દર ત્રણ મહિને જીએસટી ભરવી પડે છે. આ કામ માત્ર અકાઉન્ટન્ટ જ કરી શકે છે. જોકે અહીં નોંધવા જેવી બાબત એ છે કે તેમના પાસે એટલુ કામ નથી કે તેઓ એક જ ફર્મમાં રહીને આકર્ષક પગાર મેળવે. આ જ કારણ છે કે છેલ્લાં બે-ત્રણ વર્ષમાં કેટલીક કંપનીઓ મોટી સંખ્યામાં ફ્રિલાન્સિંગ અકાઉન્ટન્ટ પાસે કામ કરાવે છે. એથી ઑનલાઇન ટ્યૂશનની જેમ ઑનલાઇન અકાઉન્ટન્ટનું પણ સારું એવું કામ છે. આવી રીતે ફ્રિલાન્સિંગની પણ વધુ માગ છે.

ગ્રાફિક ડિઝાઇનર તો પહેલેથી જ ફ્રિલાન્સિંગ કામ કરે છે. ઑનલાઇન કામ કરવાની સગવડ હોવાથી હવે તેમને કામ માટે ક્યાંય જવાની જરૂર નથી. તેમને પોતાના ઘરે જ આરામથી કામ કરવાની સવલત મળી રહે છે. આ જ કારણ છે કે ગ્રાફિક ડિઝાઇનર ત્રીજું એવું પ્રોફેશન છે, જેને કામમાં કોઈ તકલીફ નથી પડતી.

આ ત્રણેય નોકરીઓ ફ્રિલાન્સિંગ માટે અનુકૂળ છે, કેમ કે તેમની પાસે ઑનલાઇન કામ કરવાનો પર્યાય છે. બાળકોને ભણાવવા માટે ટીચર્સને હવે લોકોના ઘરે જવાની જરૂર નથી. અકાઉન્ટ કે પછી ગ્રાફિકસના કામ માટે પ્રોફેશનલ્સ ઑફિસમાં જાય એવું જરૂરી નથી. તેમનો અવર-જવરનો સમય બચી જશે.

આ ત્રણેય પ્રોફેશન્સની ખૂબ ડિમાન્ડ છે અને આ ત્રણેય મજબૂત અને શાનદાર કરિયર બનાવી શકે છે. તેમને સમાજમાં પણ માન-સન્માન મળે છે. ઑનલાઇન ટ્યૂટરની વાત કરીએ તો તેમને વર્ષના દસથી પંદર લાખ રૂપિયા મળે છે. વાત કરીએ ગ્રાફિક ડિઝાઇનર અને અકાઉન્ટન્ટની તો તેઓ પણ વર્ષના છથી દસ લાખ રૂપિયા રળી લે છે.

આ જ કારણ છે કે વર્તમાનમાં વિશેષ ક્ષેત્રે ફ્રિલાન્સિંગ કામનું ચલણ વધ્યું છે. ■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# લોકસેવકનો હીરક મહોત્સવ



માધુપુર ગામમાં આજે મોટો ઉત્સવ હતો. મંદિરના ખુલ્લા ચોકમાં એક મંચ ઊભો કરવામાં આવ્યો હતો. ગામના સરપંચ હરિભાઈ પટેલને ૬૦ વર્ષ પૂરાં થયાં તે ઠેઠ ગાંધીનગરથી મોટા સાહેબો સરપંચ સાહેબનું સન્માન કરવા આવવાના હતા. આજે માધુપુરમાં નાના ઉદ્યોગોને શરૂ કરી યુવાનો માટે ધંધાની તક ઊભી કરવી, શાળા-કૉલેજોમાં ઉત્તમ શિક્ષણ માટેની તક ઊભી કરવી, કિસાન સહાય યોજનાને સરકારની મંજૂરી મેળવવી આવાં કેટલાંય લોકહિતનાં કામ સરપંચે કર્યાં છે.

સરપંચ સાહેબની સાથે ગામની દીકરી લક્ષ્મી પણ ગામના આદિવાસી વિસ્તારના લોકોનાં સંતાનોને, કન્યાઓને આ જ મંદિરના ચોકમાં મફત શિક્ષણ આપે છે. આ મંદિરનો ચોક એટલે ઑપન શાળા જ્યાં મફત શિક્ષણ સાથે નૈતિક શિક્ષણ પણ આપવામાં આવે છે. હવે લક્ષ્મી વિદ્યાનગરથી પણ કેટલાક યુવાનોને આદિવાસી શિક્ષણ આપવા બોલાવે છે. આ વર્ષે ૬૦ આદિવાસી કન્યાઓ એસ.એસ.સી.માં પાસ થઈ હતી. સરપંચ સાહેબ આ બધી કન્યાઓને વિદ્યાનગર કૉલેજમાં ઍડ્મિશન અપાવીને તેમને હૉસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા કરશે. સ્ટેજ પર દેખરેખ રાખી રહેલી લક્ષ્મીની નજર સામે પિતૃવત્સલ સરપંચ કાકાનો ચહેરો ઊપસી આવ્યો. તેને એ દિવસ યાદ આવી ગયો.

માધુપુર ગામની શાળામાં બારમા ધોરણમાં પ્રભુદાસ ભટ્ટની દીકરી લક્ષ્મીએ જિલ્લાકક્ષાએ સાતમું સ્થાન મેળવ્યું હતું.

લક્ષ્મીએ પિતાજીને કહ્યું હતું કે 'બાપુ મારે વિદ્યાનગરની કૉલેજમાં ભણવા જવું છે.'

'લખમી બેટા, તું ભણવામાં હુશિયાર છે. કૉલેજમાં જાય, ખૂબ ભણે એ હારુ કહેવાય, પણ હું કૉલેજની ફીના પૈસા ક્યાંથી કાઢું, આ ગોરપદું કરીને જે કાંઈ મળે એમાં આ ઘર ખેંચું છું. વળી તને જુવાનજોધ છોડીને એટલે દૂર કેવી રીતે મોકલાય.' બાપુએ દયામણા ભાવે કહ્યું.

'ના, ના, બાપુ, તમે મારી ફીના પૈસાની ફીકર ન કરતા, આપણા સરપંચ કાકા જ ફીની અને હૉસ્ટેલની સગવડ કરશે. છોકરીઓની હૉસ્ટેલ અલગ હોય, ત્યાં ભણેલાંગણેલાં સારા સર અને મેડમ હોય. મને ફક્ત જવાની રજા આપો.'

પ્રભુદાસ ભટ્ટની આંખ ભીની થઈ ગઈ. આપણા સરપંચ માણહ નહીં દેવતા છે. આપણે ગરીબ બામણ અને અને એ મોટા પટેલસાહેબ પણ હગા ભાઈ જેવો ભાવ રાખે છે. બાપુએ એમની બચતમાંથી ત્રણ હજાર લખમીને આપતાં કહ્યું - 'બેટા, ભણીગણીને સરપંચ જેવાં સારાં કામ કરજે. મારી ગંગાબાએ તો સવરાજની લડતમાં ભાગ લીધો હતો. તે એક વાર મને પણ મહાત્મા બાપુની સભામાં પણ લઈ ગઈ હતી.'

'તે બાપુ આપણા સરપંચ પણ ગાંધીબાપુ જેવાં સારાં કામ કરે છે.' લક્ષ્મી મનોમન વિચારી રહી આજે હું જે કાંઈ છું એ પટેલકાકા થકી જ. કૉલેજનું શિક્ષણ પૂરું કરીને સમાજસેવા અને લોકશિક્ષણ તરફ લઈ જનાર આ પટેલકાકા જ મારા ગુરુ છે.

સ્ટેજની વ્યવસ્થા પર નજર નાખીને પ્રાર્થના ગાનાર છોકરીઓને તથા કાર્યક્રમના સંચાલકને એણે જરૂરી સૂચનાઓ આપી.

ત્યાં જ ધૂળના ગોટા ઉડાડતી એક પછી એક સાત મોટર મંદિરના ગૅટ પાસે ઊભી રહી. શિક્ષણ અધિકારીઓ અને ગામની શાળાઓના મોટા સાહેબો અદબપૂર્વક મંદિરના ગૅટ પાસે ઊભા રહ્યા. એકઠા થયેલા ગામલોકો આતુરતાપૂર્વક બધું જોઈ રહ્યા હતા. મંદિરના પૂજારીએ કંકુનો ચાંદલો કરવા પૂજાની થાળી હાથમાં લીધી. તેમણે એક હાર સરપંચ સાહેબને, એક હેડમાસ્તર તથા એક લક્ષ્મીને આપ્યો.

લક્ષ્મી છેલ્લાં વીસ વર્ષથી સરપંચ સાથે સમાજસેવા અને આદિવાસીનાં બાળકોને મફત ભણાવે છે. કન્યાશિક્ષણ માટે સરકારી યોજના મુજબ જુદા જુદા વર્ગની તાલીમ આપે છે. આજે ગુજરાત સરકાર તરફથી 'સમાજશક્તિ ઍવોર્ડ' લક્ષ્મી ભટ્ટને પણ એનાયત કરવામાં આવશે.

લક્ષ્મી ભટ્ટ એટલે આખા ગામનું ગૌરવ. સરપંચે તેને પોતાની દીકરીની જેમ મોટી કરી.પોતાની જેમ સમાજસેવાના કામમાં જોતરી દીધી હતી. ગૅટ પર ઔપચારિક સ્વાગતમાં મહેમાનોની આરતી ઉતારી રહેલી પોતાની દીકરીને જોતાં પ્રભુદાસ અને તેમનાં પત્ની હસુબા મૂક આશિષ આપી રહ્યાં.

મહેમાનોને સ્ટેજ પર લઈ જવા સ્વયંસેવકોની ટુકડી તહેનાત હતી. સન્માન સમારંભનો આરંભ થયો. કન્યાશાળાની દીકરીઓએ પ્રાર્થના કરી.

સરપંચ સાહેબની ષષ્ટિ પૂર્તિ ઉત્સવમાં દીપ પ્રાગટ્ય પછી પોતાના ભાષણમાં ગાંધીનગરના સાહેબે દીપ પ્રગટાવતાં કહ્યું કે 'માનનીય હરિભાઈ પટેલે તો માધુપુર ગામને આધુનિક ગામ બનાવી દીધું છે. છેલ્લાં સાડા ત્રણ દાયકાથી એમણે સમાજસેવાનો ભેખ લીધો છે.'

સરપંચના સન્માન પછી સરપંચે ટૂંકું ભાષણ આપતાં કહ્યુઃ- 'મને ખૂબ આનંદ થાય છે કે સરકાર આપણાં સમાજસેવિકા લક્ષ્મીબેન ભટ્ટને સમાજશક્તિ ઍવોર્ડ અર્પણ કરવાના છે.'

લક્ષ્મીએ ઊભા થઈને બે હાથ જોડીને સસ્મિત અભિવાદન કર્યું.

સરપંચ સાહેબે અને મોટા સાહેબે લક્ષ્મીને શાલ-શ્રીફળ અને સન્માનપત્ર આપીને પોતાના ભાષણમાં મંત્રી સાહેબે કહ્યુંઃ- 'આજે સમાજને સરપંચ સાહેબ અને લક્ષ્મીબેન જેવા સેવાભાવી નેતાની જરૂર છે. શહેરના વિકાસ સાથે ગામડાના પછાત-ગરીબ અને આદિવાસી વિસ્તારમાં પણ વિકાસ જરૂરી છે. લક્ષ્મીબેન છેલ્લાં એક દાયકાથી આ કામ કરી રહ્યાં છે. તેમણે કરેલા આ યજ્ઞથી આ વર્ષે ૬૦ આદિવાસી કન્યાઓ વિદ્યાપીઠમાં ભણવા જશે.'

ગામલોકોએ તાળીઓનો ગડગડાટ કરી આનંદ વ્યકત કર્યો. સરપંચે આગલી હરોળમાં બેઠેલા પ્રભુદાસ ભટ્ટને કહ્યું- તમે કંઈક બોલો.

પ્રભુદાસ હળવા ડગલે સ્ટેજ પર ગયા, ને બોલ્યા - 'મારી દીકરીને પોતાની દીકરી પેઠે સમજીને તેને આગળ લાવનાર આ સરપંચ સાહેબ જ છે. બેટા, લખમી, સરપંચ કાકાની જેમ હંમેશાં હારાં કામ કરજે. લોકોનું ભલું કરજે. આ સરપંચ કાકાની જેમ તું પણ, કોઈ મુશ્કેલીમાં હોય તેને મદદ કરજે. બેટા, તારા દાદા મેઠાના સત્યાગ્રહમાં જોડાયા હતા, તારી દાદી ગાંધી ચળવળમાં ફેરી કરવા જતી હતી. સરકારે આજે મારી લખમીના સેવાકામનું સન્માન કર્યું છે. તેથી એક પિતા તરીકે મને ગર્વ સે.'

લક્ષ્મીએ પોતાના મનોભાવ જણાવતાં કહ્યુંઃ- 'આ સમાજશક્તિ ઍવોર્ડ મને આપવા બદલ હું સરકારનો આભાર માનું છું. મારા પ્રેરકબળ સમા પિતૃવત્સલ સરપંચ કાકાને તથા મારા બા-બાપુને પ્રણામ. આ ઍવોર્ડ મને વધુ સારાં કાર્ય કરવાની પ્રેરણા આપશે.'

આદિવાસી લોકો સાથે કામ કરવામાં શરૂઆતમાં મારે સંઘર્ષ કરવો પડ્યો હતો. જયારે મેં આદિવાસી ઘરના એક ઝૂપડાંમાં પાંચ-છ કન્યાને ભણાવવાનું શરૂ કર્યું હતું ત્યારે બે આદિવાસી હાથમાં ધારિયાં લઈ મારી સામે આવ્યા હતા, આ છોરીઓ ભણશે તો દહાડિયું કોણ કરશે? મેં કોઈ પણ જાતનો સામનો કર્યા વગર, ગભરાયા વગર કામ કરવાનું ચાલુ રાખ્યું. આજે એ લોકો સામેથી અહીં દીકરીઓને લઈને આવે છે.

લોકોએ કહ્યું - ગામના સરપંચ પટેલ સાહેબ જેવા અને ગામની દીકરી લક્ષ્મીબેન ભટ્ટ જેવી હોય. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# આજે ફરીથી રંગ પિયાલી ભરો 'જટિલ' વાગી ગયા છે દિલને ફટાણાં વસંતનાં

જટિલરાય કેશવલાલ વ્યાસ આપણાં અગ્રગણ્ય અને કવિ. ઉપનામ પણ 'જટિલ' રાખ્યું, પણ સ્વભાવ અને શૈલીએ સરળ હતા. મૂળ વતન પોરબંદર. એમનો જન્મ ૧૫-૯-૧૯૧૭માં. કોલેજનું શિક્ષણ ભાવનગરની શામળદાસ કોલેજમાં, એમનો શોખનો વિષય હતો શિક્ષણ અને થવું હતું શિક્ષક, પરંતુ કુટુંબ સાથે રહીને માતા-પિતાની સેવા કરી શકાય એ માટે ભાવનગર રેલવેમાં નોકરી સ્વીકારી અને ૧૯૭૫માં નિવૃત્ત થયાં.

એમની ગઝલોમાંથી પસાર થતાં એક વાત તાત્કાલિક નજરે પડે છે એ છે ભાષાની સરળતા. વાતચીતની ભાષા પણ વેધકતા ખરી. માર્મિકતા અને ખુમારી એમના વિશેષ છે.

પહેલો કાવ્યસંગ્રહ 'કાવ્યાંગના' ૧૯૪૫માં પ્રગટ થતાં જ કાવ્યપ્રેમીઓનું ધ્યાન એમના તરફ ખેંચાયું. બીજો સંગ્રહ 'સંસ્પર્શ' ૧૯૬૮માં પ્રગટ થયો. આ બન્ને સંગ્રહો પછી મહત્ત્વના કવિ તરીકે તેઓ પ્રતિષ્ઠિત થઈ ગયા. અનાયાસ સંગ્રહ તૈયાર કર્યો, પણ પ્રગટ થાય એ પહેલાં કવિએ ટૂંકી બીમારીમાં અલવિદા કરી દીધી. એમનું મૃત્યુ ૨૦-૬-૧૯૮૭માં થયા પછી 'અનાયાસ'નું પ્રકાશન થયું હતું. 'અવસર'ની પ્રસ્તાવના આપણાં મૂર્ધન્ય કવિ અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માએ લખી છે. કવિ 'જટિલ' વિશે બહુ ઓછું લખાયું છે, પણ એમની સત્ત્વશીલ રચનાઓ ગુજરાતી ગઝલપ્રેમીઓમાં હંમેશને માટે યાદગાર બની રહેશે એમાં શંકા નથી.

સર્જક ક્યારેય બોલકાં વિધાનો ન કરે પણ મર્મસ્થાને ચોટ પહોંચાડે છે અને તે પણ બહુ ઓછા શબ્દોમાં જેમકે:

*છોડી ગયાં છે બુલબુલો સોબત ગુલાબની*
*કાંટા કરી રહ્યા છે મરમ્મત ગુલાબની*
*ખુદાને સારી વ્યવસ્થાનું ક્યારે જ્ઞાન હતું?*
*યુવાન પાંખ હતી, વૃદ્ધ આસમાન હતું.*

આકાશને વૃદ્ધનું વિશેષણ મને લાગે છે કે આ કવિએ જ પહેલી વખત આપ્યું છે.

ગલલિયત એટલે કે ગઝલનો રંગ તગઝ્ઝૂલ સચવાય, લાઘવથી ચોટ સધાય અને માર્મિક રીતે જરૂરી વાત કરવાનું સહજતાથી આવ્યું હોય એવા ઘણાં શેરો સંસારમાં જોવા મળે છે.

*જીવનનો જામ ભરાતો ગયો, પીવાતો ગયો,*
*ચઢ્યો છે કેટલો નશો એ કોને ભાન હતું?*
*તમારી જેમ હું યે મારો પરદો રાખું છું,*
*ગુમાન તમને હતું, તો મને સ્વમાન હતું,*
*કોઈના ઝુલ્ફની સુગંધ દિલને ભરતી રહી,*
*'જટિલ' આ મારા ઉપર કોણ મહેરબાન હતું.*

ભગવતીભાઈએ નોંધ્યું છે કે અહીં કવિએ ગુમાન અને સ્વમાન વચ્ચેનો જે સૂક્ષ્મ ભેદ તારવ્યો છે તે નોંધપાત્ર છે. પોતે પોતાનાથી પરદો રાખે એ વાત પણ નવી છે.

કવિ ક્યારેક ઈશ્વરને પણ પડકારે છે. પ્રતિસ્પર્ધી તરીકે આ વિશ્વનો નિયંતા હોય એ સત્ય પોતે જ અદ્ભુત છે. પરાજય નિશ્ચિત છે પણ કોને હાથે મળે છે એ મહત્ત્વનું છે. જુઓ આ શેર:

*મને પરવા નથી કે કોણ જીતે, કોણ હારે છે?*
*મજા તો એ કે બાજીગર બની તું ખુદ પધારે છે.*

કવિ પાસે વ્યંગ છે, મર્મ છે અને સચોટ દાવા-દલીલ પણ છે. ઈશ્વરે સૃષ્ટિની રચના કરી પણ પ્રથમ દૃષ્ટિએ જોઈએ તો ભુલોની


ગઝલકાર જટિલરાય કેશવલાલ વ્યાસ

ભરમાર લાગે છે અને કૃતિ ખામીવાળી હોય તો કર્તા કેવો હશે. તેને ખુદને સુધારવાની જરૂરિયાત નહીં હોય? જુઓ આ શેર:

*હરેક પથ્થર કહે છે એના ઘડનાર કલાધરને*
*ખરા શિલ્પી તો તેઓ છે જે પોતાને મઠારે છે.*

શાયર જલન માતરીની જેમ આપણાં આ શાયર જટિલને પણ ઈશ્વર સાથે પ્રેમીઓને હોય એવો મીઠો ઝઘડો છે. ઈશ્વર સાથેના માનવીના આ ખાસ સંબંધને છતો કરતાં અનેક શેરો એમણે કહ્યાં છે:

*એ જાણ્યું તો વધી છે મારી આસ્થા તારી રહેમત પર*
*એ મારું લોહી છે ઈશ્વર! કે જે તારી કટારે છે.*

કવિ ઈશ્વરીય ઘામાં પણ તેની કૃપા જુએ છે અને પોતાની આસ્થાનો પુરાવો આપે છે.

એમણે 'કામધેનુ વસુકી' શીર્ષકની એક ગઝલ લખી છે જે સચોટ છે અને ગઝલનાં નામને સાર્થક કરે છે. સામાન્ય બોલચાલની ભાષામાં એમણે કેવા પાણીદાર શેરો આપ્યાં છે:

*હું દુનિયાથી એવો તો દાઝી ગયો છું*
*અડું છું મને પણ હવે ફૂંકી ફૂંકી*
*અને આ શેર સર્વશ્રેષ્ઠ છે:*
*મને જોઈને લોક તમને પૂછે છે,*
*લીલા વૃક્ષની ડાળખી કેમ સૂખી?*

લાઘવની કળા ગઝલનું હાર્દ છે. બે પંક્તિઓ વચ્ચેની ખાલી જગ્યામાં ઘણું કહેવાતું હોય છે અને તેનો સૌંદર્યબોધ કંઈક ઔર જ હોય છે જેમકે:

*પણે ઝૂરતા માટ, મેડી, ઝરૂખા,*
*અહીં સાંઢણી રણ વચાળે જ ઝૂકી.*

શબ્દોનું પુનરાવર્તન પણ ક્યારેક કાર્યસાધક બને છે જેમકે નીચેના શેરમાં 'ઝબૂકી.'

*છતાં સૂર્યને ઊગવાનું ન સૂઝ્યું*
*દીવા ઓલવાયા ઝબૂકી ઝબૂકી*

ગઝલમાં આજકાલ શબ્દો કારણ વગર ગોઠવાયેલા નજરે પડે છે. ખરી ખૂબી તો એ છે કે એક શબ્દ પણ અસ્થાને ન હોય કે વધારાનો ન હોય જેમ કે આ શેરમાં:

*ગયા હાથ છોડી તો સમણામાં આવ્યાં*
*હથેળીમાં બૂઝી તો હૈયે ભભૂકી*

શાયર જટિલરાય વ્યાસના સર્જનકાળમાં એટલે કે વીસમી સદીના મધ્યકાળમાં ગઝલ રૂપે-રંગે અને ભાષાએ ગુજરાતણ બની રહી હતી. આ કવિએ સાવ સરળ ભાષા પ્રયોજીને ગઝલના ગુજરાતીપણાના કાર્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. કવિ ગઝલનાં પાસેપાસાં જાણે છે અને કટાક્ષ તો તેમનો સોંસરવો હોય છે:

*ના, રસ્તામાં રઝળાવે એવા નથી એ*
*સ્વજન ઘરે જાશે તને આગ મૂકી*
*મિલનની ઘડીએ જ શબ્દો ના સૂઝ્યા:*
*'જટિલ' ટાંકણે કામધેનુ વસુકી.*

ગઝલના છંદના માપ પ્રમાણે ગઝલ મોટી, બહરની કે નાની બહરની હોય છે. આ કવિ નાની-મધ્યમ બહરમાં એકશબ્દી રદીફ લઈને ગઝલ લખે છે. આવી થોડીક ગઝલો પણ ધ્યાન ખેંચે છે. એનું ઉત્તમ દૃષ્ટાંત 'ફટાણા વસંતના' શીર્ષકની ગઝલ છે. તેમાં કવિએ વસંતનો મિજાજ આબેહૂબ નિભાવ્યો છે, પણ યોગ્ય કાફિયાનો સફળ ઉપયોગ કર્યો છે.

*ફૂલોના મૌનમાં રમે ગાણાં વસંતનાં*
*સૌરભ બનીને ઊડતાં આણાં વસંતના*
*રંગોળી કોઈ પૂરી ગયું શૂન્ય ઘરમહીં*
*ઊકલી ગયાં છે સર્વ ઉખાણાં વસંતના*
*પાલવમાં એવી રીતે ભર્યે જાય છે સુગંધ*
*જાણે હવા કરે છે હટાણાં વસંતનાં*
*રણની તરસ બનીને પધારો પતંગિયાં!*
*અભરે ભર્યાં છે આજ તો ભાણાં વસંતનાં*
*આજે ફરીથી રંગ પિયાલી ભરો 'જટિલ'*
*વાગી ગયાં છે દિલને ફટાણાં વસંતનાં*

આ મુસલસલ ગઝલનું ઉત્તમ ઉદાહરણ છે. કવિના સર્જનની ઝાંખી કરીએ તો લાગે છે એમનો સ્થાયીભાવ વ્યથાનો છે. વેદનાનો છે પણ રોદણાં નથી વેદનામાં પણ સ્વસ્થતા છે, સંતુલન છે, પક્વતા છે. ખોટી હૈયાવરાળ કાઢ્યા વગર ઊલટાનું તેઓ તો કહે છે:

*અશ્રુઓએ જામ છલકાતો કર્યો*
*યાતનાઓએ મને ગાતો કર્યો*
*જખ્મના દેનારને લાખ્ખો સલામ*
*વાંસના ટુકડાને પણ ગાતો કર્યો*

વીંધ્યા વિના વાંસ ક્યારેય વાંસળી બની શકતો નથી. આ કવિનું પ્રદાન ચિરંજીવી છે અને આવનારી અને આજની પેઢીને માટે પથદર્શક છે. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# બંદૂકથી બગીચા સુધી... કેવા રે મળેલા મનના મેળ



**પ્રેમ- સૌથી કિંમતી ને સૌથી ચવાયેલ શબ્દ છે. (છેલવાણી)**

'અહંકારક' ને 'કહંકારક', ૨ આદિવાસી પાત્રો. 'કહંકારક' એ વાર્તા કહેનાર કથાકાર છે ને 'અહંકારક' છે વાર્તા સાંભળનાર રસિયો. વરસો સુધી બેઉ એકમેકના વિરહમાં વિતાવે છે ને આખરે એકબીજાને શોધવા ભયાનક જંગલમાં ભટકે છે. પછી એક તળાવ પર બેઉ અચાનક મળે છે અને 'કહંકારક' ઉત્સાહથી એક પછી એક વારતાઓ કહેવા માંડે છે. 'અહંકારક' ખૂબ આતુરતાથી કથારસ માણે છે. એમાં ને એમાં બેઉ ભૂખ-તરસ સુધ્ધાં ભૂલી જાય છે. દિનરાત વાર્તાઓમાં બેઉ એવા તે મગ્ન થઈ જાય છે કે ખાધા-પીધા વિના બેઉ બેભાન થઇને અંતે ત્યાં જ મરી જાય છે.

આ બાજુ એમની પત્નીઓને પોતપોતાના પતિ માટે ચિંતા થાય છે. હવે બંને પત્ની જંગલમાં શોધવા નીકળે છે. ટાઢ-તડકો, વાવાઝોડું, વરસાદ, જંગલનો દાવાનળ....બધું પાર કરીને બેઉ પત્નીને પેલા તળાવ પાસે પતિઓના માત્ર હાડપિંજરો મળે છે. આ જોઇ ને બેઉ દુઃખિયારીઓ મૂંઝાઈ જાય છે કે કયું હાડપિંજર કોનું છે? એવામાં ત્યાં એક સાધુ પસાર થાય છે.

પત્નીઓ સાધુનાં ચરણે પડીને પૂછે છેઃ 'મહારાજ, આમાં કયું હાડપિંજર કોનું?-એ કેવી રીતે ઓળખવું?'

સાધુ હસીને કહે છે, 'બહુ સહેલું છે. વજન કરો, જે હાડપિંજર ભારે છે તે 'અહંકારક' છે , કારણ કે એ જ્ઞાનનો સંગ્રહ કરતો હતો ને જેનું 'હાડપિંજર' હળવું છે છે- એ 'કહંકારક' છે, જે જ્ઞાનની ભેટ આપીને હળવો થયેલો. પણ હા, બેઉમાંથી કોઇને નાનો કે મોટો માનશો નહીં. એ બંને એકબીજા વિના અધૂરા હતા, જ્યારે એકબીજાને મળ્યા ત્યારે જ એમનાં જીવનનું કાર્ય પૂર્ણ થયું ને એટલે જ બેઉ સાથે જ ગુજરી ગયા.'

આ 'વારલી આદિવાસી બોધકથા'માં એકમેક વિના બે અધૂરાંઓના જીવનની ગૂઢ વાત કેવી સરળતાથી વર્ણવી છે, પણ તમને થશે કે આજે આ કથા કેમ?

તો વાંચો, ઇંટરવલ પછી...

**ઇંટરવલ**

**ઉસકો કસમ લગે જો બિછડ કે એકપલ ભી જીયે,**
**હમ બને, તુમ બને, એકદૂજે કે લિયે (આનંદ બક્ષી)**

આદિવાસી બોધકથામાં તો બે પુરુષની વાત હતી પણ એકમેક વિના અધૂરા એવા અજીબ કપલની રક્તરંજિત રોમેંટિક કથા આજે માંડવી છે.

ઉરગ્વે જેવા નાનકડા દેશમાં ૧૯૭૦ના દાયકામાં જોસ મુહિકા અને લુસિયા ટોપોલેન્સ્કી, એક હિંસક ડાબેરી પાર્ટી 'ટુપામારોસ'નાં મેંબર્સ હતાં. જોસ સશસ્ત્ર બળવાખોરોના ગ્રુપનું નેતૃત્વ કરતો, જ્યારે લુસિયા નકલી દસ્તાવેજો બનાવવામાં એક્સપર્ટ. સરકાર વિરોધી પણ સમાજ તરફી લક્ષ્ય સાધવા બંનેએ મળીને સાથે બેંકો લૂંટી, અનેકવાર જેલો ભાંગી. સામ્યવાદના આદર્શ ખાતર ગમે તેવા ગુનાઓ કરવાથી બેઉ અચકાતા નહીં, કારણ કે એમનું સામ્યવાદી ગ્રુપ, દમનકારી ક્રૂર સરકાર સામે લડતું, જેણે ઉરુગ્વે પર વરસોથી કબજો કરેલો.

જોસ ૩૭ વર્ષનો અને લુસિયા ૨૭ની હતી ત્યારે એક ખૂંખાર ગુપ્ત ઓપરેશન કે બોંબ-કાંડ દરમિયાન એકબીજાને પહેલીવાર મળ્યા. આજે ૮૯ વર્ષના જોસ, લુસિયા સાથેની લવ-સ્ટોરી મમળાવતાં કહે છેઃ

'અમને બેઉને લોહિયાળ યુદ્ધ વચ્ચે પેશનેટ પ્રેમ થયેલો. અમારી પહેલી રાત બોંબધડાકા ને ગોળીબાર વચ્ચે પહાડી પર સંતાઇને વિતાવવી પડેલી. પછી અમને બેઉને જેલમાં પૂરવામાં આવ્યાં. જેલમાં અમારા પર સતત ખૂબ ત્રાસ ગુજારવામાં આવતો. અલગ અલગ જેલમાં અમે બેઉએ સરકારી દમન સહીને પૂરા ૧૩ વર્ષ કાઢ્યા. જેમાં ફક્ત ૧ જ પત્રની આપ-લે અમે કરી શક્યાં. બાકીનાં લેટર્સને તો જેલના ઑફિસરો જપ્ત કરી લેતા! '

વિચાર કરો, બે પ્રેમી વચ્ચે ૧૩-૧૩ વરસમાં માત્ર ૧ જ પત્ર!

પછી ૧૯૮૫માં ઉરુગ્વેની સરમુખત્યારશાહી આથમી. જોસ-લુસિયા, જેલમાંથી છૂટ્યાં. ૧૩ વરસે ફરી એકમેકને મળ્યા પણ એમનો પ્રેમ એવો જ જીવંત ને અકબંધ હતો. ત્યાર બાદ, જોસ ને લુસિયાએ એમના સાથીઓને લઇને ઉરુગ્વેને વિશ્વની સૌથી મજબૂત લોકશાહી બનાવવાની રાજકીય લડત આદરી અને એમાં સફળ પણ થયાં. આ બધા સંઘર્ષમાં જોસ અને લુસિયા, જેલમાંથી છૂટીને ૨૦-૨૦ વર્ષ સાથે તો રહ્યા પણ કદી લગ્ન ના કર્યા. ૨૦૦૫માં એક ટી.વી. શોના ઇન્ટરવ્યુમાં જોસે અચાનક જાહેર કર્યુંઃ 'અમે લગ્ન કરવા જઈ રહ્યા છીએં!'-ત્યારે લુસિયાને અણધારી સરપ્રાઇઝ મળી. સાદાઇથી થયેલ લગ્નની રાતે પણ બેઉ હનીમૂનમાં ગયા નહીં, પણ પ્રતિબદ્ધ રાજકારણીની જેમ રાજકીય રેલીમાં ગયેલા! ૨૦૦૯માં જોસ, ઉરુગ્વેના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા અને લુસિયા ૨૦૧૭માં ઉપ-રાષ્ટ્રપતિ બની.

હિંસાથી લોકશાહી સુધીનાં આવા ઊબડખાબડ રાજકીય જીવન ઉપરાંત, પાછલી ઉંમર વિતાવવા એમણે ઉરુગ્વેની બહાર નાનું ફાર્મ-હાઉસ બનાવ્યું, જ્યાં બેઉ ફૂલો ઉગાડતા અને સાવ નોર્મલ લોકોની જેમ ફૂલોને બજારમાં વેંચવા જતાં.

કોઇ કલ્પના કરી શકે કે આપણે ત્યાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે પી.એમ.ને આવી સાદગી ફાવે? ૧૩-૧૩ વરસ જેલમાં રહેવાથી બાળકો થવાની ઉંમર તો વિતી ગયેલી એટલે પછી ફાર્મહાઉસમાં અનેક કૂતરાંઓને બાળકોની જેમ ઉછેરવા લાગ્યા. જે હાથોમાં બંદૂક હતી એ હાથોમાં ફૂલ આવ્યા ને જે લોકો બેંકો લૂંટતા એ બજારમાં મામૂલી સ્ટોલ રાખતા. હિંસક આદોલન કરનારા કૂતરાંઓને ચાહવા લાગ્યા!

'હવે વૃદ્ધ જોસને અન્નનળીનું કેન્સર છે ને રેડિએશનથી કમજોર સ્વરે જોસ કહે છે, પ્રેમની વ્યાખ્યા દરેક ઉંમરે બદલાતી રહે છે. જ્યારે તમે જુવાન હો ત્યારે પ્રેમ, આતિશબાજી જેવો લાગે છે ને એ જ પ્રેમ બુઢાપામાં મીઠી આદત બની જાય છે. હું તો ખાલી લુસિયાના પ્રેમના કારણે જ જીવિત છું.'

પેલી આદિવાસી બોધકથાની જેમ અહીં પણ બે વ્યક્તિ, એકમેકના પૂરક પાત્ર બનીને જીવનને સંપૂર્ણ બનાવે છે....વાત તો એ જ છેને આખરે?

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ આપણે બેઉ એક જ છીએ**
**ઈવઃ એમ? તો તારા બધા પાસવર્ડ આપ.** ■

વિશેષ
રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

# તમારા વ્યક્તિત્વમાં નિખાર લાવશે આ સુવર્ણ શબ્દો

*કેટલાંક લોકોની પર્સનાલિટી ખૂબ આકર્ષક આપણને લાગતી હોય છે. તેઓ પોતાના વ્યક્તિત્વથી લોકોમાં અલગ છાપ છોડે છે. તેમની બાહ્ય સુંદરતા જ નહીં, પરંતુ તેમનો સ્વભાવ પણ તેમની પર્સનાલિટીને નિખારે છે. તેઓ જીવનમાં નિયમિતરૂપે કેટલાક શબ્દોનો પ્રયોગ કરતા હોય છે, જે તેમના વ્યક્તિત્વમાં વધુ સુંદરતાનો ઉમેરો કરે છે. આ શબ્દો મહાન કે કોઈ કવિતાના નથી, પરંતુ આ તો પાવરફુલ અને સરળ શબ્દો છે, જે વ્યક્તિની સાથે જોડાતા ગજબનો જાદુ રેલાવે છે.*

## આ શબ્દો પર નાખીએ એક નજર

**આભારઃ** કોઈ પ્રત્યે આભાર વ્યક્ત કરવો એ સારા આચરણની તો નિશાની છે જ પરંતુ સાથે જ એનાથી તમે સામેની વ્યક્તિના દિલને સ્પર્શ કરી લો છો. જે લોકો વિનમ્ર સ્વભાવના હોય છે, તેઓ કદીપણ આભારની લાગણી વ્યક્ત કરવામાં શરમાતા નથી. તેમની સામે કોણ અને કેટલી ઉંમરની વ્યક્તિ ઊભી છે એની પરવા કર્યા વિના તેઓ થૅન્ક યુ તો જરૂર કહે છે. આ સાદો શબ્દ નમ્રતા દેખાડે છે અને સામેવાળી વ્યક્તિને ઓળખવાની પણ ક્ષમતા રાખે છે. એનાથી પરસ્પર સંબંધો પણ વધુ મધુર બને છે. સાથે જ થૅન્ક યુ માત્ર બોલવા ખાતર ન બોલવું જોઈએ. એમાં લાગણી પણ છલકાવી જોઈએ, તો જ એનું મૂલ્ય વધી જાય છે.

**મદદનીશ બનવુંઃ** લોકોની મદદ કરવા માટે હંમેશાં તત્પર રહેવું એ પણ સારા લોકોની એક ખૂબી છે. તેઓ જરૂરતમંદોને મદદ કરવા સદૈવ હાથ લાંબો કરતા હોય છે. જે ઉદારતા, સહાનુભૂતિ અને લોકોના કલ્યાણ કરવાની ભાવના દેખાડે છે. આપણાં સારા શબ્દોથી પણ લોકોની તકલીફને હળવી કરી શકાય છે. 'હું તમને કઈ રીતે મદદ કરી શકું છું?' આ વાક્ય બોલવા માત્રથી જરૂરતમંદને નિરાંત મળી શકે છે. કોઈની મદદ કરવા માટે આગળ આવવાથી ગરજું લોકોને પણ રાહત મળે છે. આવા શબ્દોનો ઉપયોગ કરવા માત્રથી તમે કોઈની સમસ્યા કાયમી ધોરણે દૂર તો નથી કરી શકતાં, પરંતુ હા એ વ્યક્તિને એટલી રાહત તો જરૂર મળે છે કે તેની સમસ્યાનું નિવારણ થઈ શકશે. એથી શબ્દોમાં ઘણી તાકાત છે એવું કહેવાય છે. એથી હંમેશાં લોકોની મદદ કરવા માટે આગળ આવવું જોઈએ.

**હું સમજી શકું છુંઃ** સહાનુભૂતિ એ આદર્શ વ્યક્તિના ગુણ છે. 'હું સમજી શકું છું.' આ વાક્ય પ્રમાણ છે કે તમે અન્ય વ્યક્તિને સમજી શકવાની ક્ષમતા ધરાવો છો. કોઈ વ્યક્તિ જ્યારે કપરા સંજોગોમાંથી પસાર થતી હોય. એવા સમયે ક્યારેક તેમને કોઈ સલાહ કે પછી નિવારણની જરૂર નથી હોતી, પરંતુ તેમની માત્ર એવી ઇચ્છા હોય છે કે કોઈ તેને સમજી શકે. અમેરિકન સાયકોલોજીકલ અસોસિએશનની રિસર્ચમાં જાણવા મળ્યું છે કે સહાનુભૂતિ દેખાડતાં પીડિત વ્યક્તિ પર એની ઘણી સકારાત્મક અસર પડે છે. માનસિક સ્વાસ્થ્યમાં સુધારો થાય છે, સામાજિક સંબંધો વધે છે અને સાથે જ શારીરિક આરોગ્યમાં પણ લાભ થાય છે. એથી 'હું સમજી શકું છું' આ વાક્ય સામેની વ્યક્તિની સાથે તમારું પણ કલ્યાણ કરે છે. જો કોઈ તમારી આગળ તેનાં દિલની વાત જાહેર કરે તો તેની લાગણીને



સમજવાનો પ્રયાસ કરજો.

**માફી માગવીઃ** તમારી ભૂલ હોય અને તમે માફી માગો તો એ સ્વાભાવિક છે. જોકે કેટલાંક લોકો એવા પણ હોય છે જેમને માફી માગવામાં ખચકાટ નથી થતો. 'હું માફી માગું છું' આ વાક્ય તે વ્યક્તિની વિનમ્રતા અને પોતાની ભૂલનો સ્વીકાર કરવાના સાહસને દેખાડે છે. કહેવાય છે કે માણસ માત્ર ભુલને પાત્ર. એથી માફી માગવાથી કોઈ નબળું પુરવાર નથી થતું, પરંતુ તેમના વ્યક્તિત્વની તાકાત દેખાડે છે. માફી માગી લેવાથી સંબંધોમાં મીઠાશ આવી જાય છે, જખ્મોને ભરવાનું કામ કરે છે અને પરસ્પર માન-સન્માન કેળવાય છે. જો તમારી ભુલ હોય તો અહમને બાજુએ રાખીને કહી દો 'આઇ એમ સૉરી.' એનાથી તમે ખોટા છો એ સાબિત નહીં થાય, પરંતુ અન્યોની લાગણી પ્રત્યે આદરભાવ દેખાશે. આ જ બાબત વ્યક્તિને અલગ તારવે છે.

**તમે ખૂબ સરસ કામ કર્યું છેઃ** કોઈની પ્રશંસા કરવી એ એક નાનકડી ભેટ સમાન છે. એ હંમેશાં ચહેરા પર સ્માઇલ લાવી દે છે. સારા લોકોની ખાસિયત એ છે કે તેઓ આ બાબતને સારી રીતે સમજે છે અને કોઈના વખાણ કરવામાં તેઓ કદી પાછળ નથી પડતાં. 'તમે ખૂબ સરસ કામ કર્યું છે.' આવું કહીને કોઈના પણ દિલ જીતી શકાય છે અને એ વ્યક્તિ પોતાને મળેલી પ્રશંસાથી ખુશ તો થાય જ છે, પરંતુ સાથે જ તે અતિશય ઉમળકાથી કામ પણ કરે છે. કોઈએ કરેલા કામથી તેની પ્રશંસા કરવી એ સરળ વસ્તુ છે. જોકે સાથે જ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે એ વખાણ ખોટા ન હોવા જોઈએ. તો કોઈ સારુ કામ કરતું હોય તો તેના વખાણ અચુક કરવા જોઈએ. કોઈના વખાણ કરવાથી તમારું પણ સન્માન વધી જાય છે.

**હું તારી પડખે છુંઃ** જીવન ઉતાર-ચડાવથી ભરેલું છે. દરેકના જીવનમાં ચડતી અને પડતી આવે છે. એવા સમયે જો કોઈ આવીને એમ કહે કે ડરીશ નહીં હું તારી પડખે છું. તો આ શબ્દો આશાના કિરણ જગાવે છે. સમસ્યાથી ઘેરાયેલી વ્યક્તિને કાને જ્યારે આ શબ્દો પડે છે તો તેને થોડી રાહત મળે છે. લોકોની તકલીફ સમજનાર વ્યક્તિ આ સરળ શબ્દોની તાકાત સમજે છે. આ શબ્દોમાં એક વચન, સમજદારી અને ધૈર્ય સમાયેલો છે. એવું કહેવાય છે કે આપણે કોઈની તકલીફ તો લઈ નથી શકતાં, પરંતુ કપરા સમયમાં તેને સાથ-સહકાર તો આપી શકીએ છીએ. એથી જો તમારી નજીકની કોઈ વ્યક્તિ તકલીફમાં હોય તો સામે ચાલીને તેને સાથ આપજો.

**વિશ્વાસઃ** વિશ્વાસ એક એવી વસ્તુ છે જે એક શક્તિશાળી પ્રોત્સાહક તરીકે કામ કરે છે. કોઈની ક્ષમતામાં ભરોસો કરીએ તો તેને પોતાની કાબેલિયત કરતા પણ આગળ જઈને કામ કરવાનું બળ મળે છે. સારાં લોકોમાં આ એક વિશેષ ગુણ હોય છે કે તેઓ અન્યો પર ભરોસો કરે છે અને તેમનાં સપનાં પૂરાં કરવા માટે પ્રોત્સાહન પણ આપે છે. કોઈ સમયે જ્યારે કોઈ પોતાનો આત્મ-વિશ્વાસ ગુમાવી બેસે છે તો એવા સમયે તેના પર ભરોસો કરવો જોઈએ. 'તારા પર મને ભરોસો છે.' આ સરળ શબ્દોથી નાસીપાસ થયેલી વ્યક્તિમાં નવું પ્રોત્સાહન જાગે છે. એથી કોઈ પ્રત્યે ભરોસો વ્યક્ત કરવાથી પાછી પાની ન કરવી જોઈએ.

**નકાર આપવોઃ** કોઈ બાબત જે તમને પસંદ નથી તો તેને 'ના' કહેવામાં શરમ ન રાખવી જોઈએ. ના કહેવી એ આત્મ-સન્માન દેખાડે છે અને પોતાના માટે સીમા બનાવવાનો સંદેશ આપે છે. અનેક વખત લોકો કોઈને ના કહેતા અચકાય છે. જોકે ના કહેવા પાછળ પોતાની ભલાઈ સમાયેલી છે. ના કહેવાથી કાંઈ તમે સ્વાર્થી કે ખરાબ નથી બની જતાં. ઊલટાનું એ તો દેખાડે છે કે તમે પોતાના સમય, પોતાની ઊર્જા અને પોતાની લિમિટ્સને માન આપો છો. આવું કરીને તમે તો અન્યોને પણ પ્રોત્સાહન આપો છો. આવું કરીને તમે નકારાત્મક નથી બની જતાં. એથી 'ના' કહેતા પણ શીખવું જોઈએ.

**પ્રેમની લાગણી વ્યક્ત કરવીઃ** 'આઇ લવ યુ' આ સૌથી સુંદર વાક્ય છે. આ માત્ર રોમૅન્ટિક રિલેશનને જ નથી દેખાડતું, પરંતુ એના માધ્યમથી જીવનમાં તમે જેમને વધુ મહત્ત્વ આપો છો એવી વ્યક્તિ આગળ પોતાની લાગણી વ્યક્ત કરો છો. સારા દિલની વ્યક્તિ પોતાની લાગણીને વ્યક્ત કરતાં અચકાતી નથી. પ્રેમ વ્યક્ત કરવાથી એ કદી ઘટતો નથી, પરંતુ દિવસે ને દિવસે એમાં ઉમેરો થતો જાય છે. 'આઇ લવ યુ' આ ત્રણ શબ્દ જોશનું સંચાર કરે છે, જખ્મોને ભરી દે છે અને જીવનમાં આનંદ લાવે છે. પ્રેમની લાગણી માત્ર શબ્દોથી જ વ્યક્ત ન કરવી જોઈએ, પરંતુ વાસ્તવમાં એને જીવનમાં પણ ઉતારવું જોઈએ. એકમેક પ્રત્યેની લાગણીને દિલથી વ્યક્ત કરવી જોઈએ.

આ બધા શબ્દો માત્ર ચર્ચા કરવા પૂરતાં જ નથી. એ તો વ્યક્તિની ઉદારતા, સહાનુભૂતિ, વિશ્વાસ, દયાભાવ, પ્રેમ અને નમ્રતાના ગુણો દેખાડે છે. રોજબરોજના જીવનમાં આવા શબ્દોનો ઉપયોગ તમારી પર્સનાલિટીમાં ચાર ચાંદ લગાવી દેશે. સાથે જ અંદરની ખૂબસૂરતી પણ નિખરી ઊઠશે. શબ્દોનો ઉપયોગ ખૂબ સમજી-વિચારીને કરવો જોઈએ. શરીર પરના ઘા તો રૂઝાઈ જાય છે, પરંતુ શબ્દોથી લાગેલા જખમ રૂઝાતા નથી. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# જાણતું નથી કોઈ એવી સમજમાં, સો ઉંદરો મારી બિલ્લી હજમાં...

*રમે છે કેવી નિર્દયતાથી માનવજાતની સાથે*
*ત્વચાના રંગને ગોરા અને કાળા બનાવીને....*

હવે પોતાને બહુ જ પ્રૉગ્રેસિવ દેશમાં ખપાવી દુનિયાભરને આકર્ષવા કોશિશ કરે છે એ સાઉથ આફ્રિકા શું છે અને કેવું હતું એ તો બધા જાણે જ છે, એટલે એને વિશે ન બોલવામાં નવ ગુણ (અમસ્તો જ કહેવતનો ઉપયોગ). મૂળ આફ્રિકાના કાળા અને સમગ્ર દુનિયાના કાળા લોકોને વેઠિયા મજૂર જ સમજવાવાળો આ દેશ ક્રિકેટમાંથી ૨૨ વરસ બહાર મુકાઈ ગયેલો એ બેસિલ ડોલીવીયેરા નામનો મૂળ સાઉથ આફ્રિકાનો અને ત્વચા કાળી હોવાને લીધે જેને એના દેશે રમવા નહોતો દીધો અને એક જમાનાના સાઉથ આફ્રિકા જેવા જ હરામખોર-બદમાશ-પાજી (કોહીનુર પાછો નહીં આપો ત્યાં સુધી અપશબ્દો ચાલુ જ રહેશે) દેશ ઇંગ્લૅન્ડે આશરો-નામ અને દરજ્જો આપ્યા હતાની વાત કરવી છે આજે.

અશ્વેત ડોલી અને લબાડ સાઉથ આફ્રિકાનો રંગભેદ એકસાથે યુવાની અને પરાકાષ્ટાએ પહોંચે છે લગભગ ૧૯૬૦ની આસપાસ. જી હા, ચોર સાઉથ આફ્રિકા મોહનદાસના ૧૯૧૫ની આસપાસ પછી અને ભારતના ૧૯૪૭ પછી પણ સુધર્યું નહોતું જ અને પરમાત્માની પૃથ્વીના બાકી બધા જ દેશો ડામ્મીસ ચુપકીદી જ સેવતા હતા. એ વર્ષોમાં આપણને ખરેખર દયા તો એ વખતના લગભગ ડોન બ્રેડમેનની કક્ષાના કેટલાક ક્રિકેટરોની આવે છે, જે સૂર્ય સમાન ઊગ્યા, પૃથ્વીના ગોરી ચામડીના દેશોને પોતાની અનહદ ચમક બતાવી અને કાયમને માટે આથમી ગયા... ગ્રેહામ અને પીટર પોલોક, બેરી રીચર્ડસ (રમવામાં ઑવર પ્રૉજેક્ટેડ વિવનો બાપ) સિંકલેર, સોબર્સનો સમકક્ષ ઑલરાઉન્ડર માઇક પ્રોક્ટર, એડી બાર્લો ઈ. આપણો ડોલી ઇંગ્લૅન્ડના ત્યારના ક્રિકેટ કૉમેન્ટરીના બહુ જ મોટા માથા જહોન આર્લોટને કથની વર્ણવે છે અને ૩૦ વર્ષનો ડોલી ઇંગ્લૅન્ડ સ્થાયી થાય છે. ક્લબ ક્રિકેટમાં અને એની ક્રિકેટ કાબેલિયતને લીધે એને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળે છે. કયારે? ખબર છે? ૩૪ વર્ષની ઉંમરે... અશ્વેત ડોલી, પોતાના દેશથી નકારાયો હોવા છતાં.... અને તમને શું લાગે છે? વાત પતી ગઈ? સુવ્વર જેવા જડ સાઉથ આફ્રિકાની સાન ઠેકાણે આવી ગઈ? અરે આ તો હજી વાત શરૂ થઈ છે...



૧૯૬૮ (ડોલી ૩૭)માં ડોલીએ ૮૭ રન બનાવ્યા છતાં ઇંગ્લૅન્ડ ઑસ્ટ્રેલિયા સામે હારે છે અને ડોલીને ડ્રૉપ કરવામાં આવે છે, એ કારણસર કે એની બોલિંગ બરાબર નહોતી. મૂળ કારણ એ હતું કે ઇંગ્લૅન્ડ નજીકમાં જ ડામ્મીસ સાઉથ આફ્રિકાની ટૂર કરવાનું હતું જે અશ્વેત ખેલાડીવાળી કોઈ પણ ટીમ જોડે રમવા તૈયાર જ નહોતું. આમાં ઇંગ્લૅન્ડની બદમાશી પણ તમે જોઈ જ લીધી ને! ઇંગ્લૅન્ડ ક્રિકેટના સર્વોપરીએ તો ડોલીને ગેરઉપલબ્ધ બનવાનો ફૉર્સ પણ કર્યો... પણ ડોલીએ ઘસીને ના પાડી દીધી.

ઝડપ વધારું... ઑસ્ટ્રેલિયા સામેની પાંચમી ટેસ્ટમાં ડોલી પસંદ તો થયા સાવ આખરે, પણ ઇલેવનમાં પસંદ થયા છેક છેલ્લે, ત્રણ પ્લેયર્સ ઇન્જરીને આધીન થયા બાદ. ડોલીએ બનાવ્યા ૧૫૮ રન, જેને લઈને સિરીઝ ઇંગ્લૅન્ડ ડ્રૉ કરી શક્યું. બેટના જોરે, બધાની ઇચ્છા વિરુદ્ધ, ડોલીએ અશકય કરી દેખાડ્યું.

છતાં એને ડ્રૉપ કરવામાં આવ્યો. ઇંગ્લૅન્ડ આખામાં ઊહાપોહ થયો. જહોન આર્લોટે સિરીઝની કમેન્ટરી કરવાની ના પાડી દીધી. આખું બ્રિટન ડોલીની પડખે ઊભું રહ્યું, જયારે એનો દેશ હજી એને અશ્વેતપણા બદલ ધિક્કારતો હતો અને જુઓ નસીબ! પાછા ઇન્જરીના જ કારણસર ડોલી આવી ગયો પાછો ટીમમાં. હરામખોર સાઉથ આફ્રિકાનો એવો જ કોઈ ડામ્મીસ પ્રધાન મંત્રી બોલ્યોઃ અમને ઇંગ્લૅન્ડ સામે વાંધો નથી, અમને રંગભેદની (અ)નીતિ વિરુદ્ધની ટીમ સામે વાંધો છે. ડોલીવીયરા મુદ્દા તરીકે ઓળખાતા આ બનાવે આખી ટૂર કૅન્સલ થઈ.

પછી તો પાજી સાઉથ આફ્રિકાની દશા બેઠી. ૧૯૭૦ની ઇંગ્લૅન્ડની ટૂર અને પછી ઑસ્ટ્રેલિયાની ટૂર રદબાતલ થઈ અને છેવટે કાયમને માટે એ ખલ સાઉથ આફ્રિકાને બધાં ક્ષેત્રોમાંથી હાંકી કઢાયું ૧૯૯૧ સુધી. બાકીનું બધું તમે જાણો છો.

૧૯૬૮માં ડોલીના ૧૫૮, એક તણખો, કેવા જંગલી સાઉથ આફ્રિકાના આખા જંગલને સાફ કરી નાખે છે એ જોયું ને? આ બધા ખલ 'કહેવાતાં' સામ્રાજ્યોને ખતમ કરવા નિષ્ઠાનો એક તણખો પૂરતો છે... આ વિષદ અંધારપટને નામશેષ કરવાનું કામ એક આગિયાથી જ શરૂ થાય છે. ૨૦૧૪ની પહેલી સભા યાદ છે 'નમો'ની યુપીમાં? પણ સચેત એ રહેવાનું કે આપણે ચૂક્યા તો ભવિષ્યદશા આપણી પણ આ જ છે.

*સિર્ફ હંગામાં ખડા કરના મેરા મકસદ નહીં*
*મેરી કોશિશ હૈ કી યે સુરત બદલની ચાહીયે. (દુષ્યંતકુમાર)*

હમણાં હમણાં કવિશ્રી અનિલ જોશી સાથે સુંદર સમય ચાલી રહ્યો છે. એમની ૪૫ વર્ષ પહેલાં સર્જાયેલી રંગભેદ ઉપરની એક અફલાતૂન રચનાથી આજે છુટા પડીએ?!

### રંગભેદ

*કાળો વરસાદ મારા દેશમાં નથી કે નથી પીળો વરસાદ તારા દેશમાં*
*આપણે તો નોધારા ભટકી રહ્યા છીએ ચામડીના ખોટા ગણવેશમાં*

*ઘટાદાર જંગલમાં દેશવટો ભોગવતો હરિયાળા રંગનો નવાબ*
*રેતના અવાવરુ કૂંડામાં સ્હેજ આ તો આંખ્યથી ઉગાડ્યું ગુલાબ*

*સંતરાની છાલ જેવો તડકો વરસે છે બધે મારા કે તારા પરદેશમાં*
*કાળો વરસાદ મારા દેશમાં નથી કે નથી પીળો વરસાદ તારા દેશમાં*

*કાળી માટીમાં મ્હોર્યો લીલોછમ બાજરો ને કાળી છાતીમાં ગોરા ધાવણ*
*પાંદડાંની જાળીએથી લીલાછમ બાલ મુકુંદ નીકળી ગયા ને બેઠો શ્રાવણ*

*ધોબીપછાડથીયે ઊજળા થયા નહીં તો ગોરા થઈ જઈએ હવે કેશમાં*
*કાળો વરસાદ મારા દેશમાં નથી કે નથી પીળો વરસાદ તારા દેશમાં*


આજે આટલું જ.... ■

---

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ગૂગલ મેપ્સમાં રિયલટાઈમ અપડેટ...




એક શહેર કે ગામમાંથી બીજા ગામ કે શહેરમાં જવું અત્યારે સરળ થઈ ગયું છે. એસી કોચવાળી ટ્રેનથી લઈ એરલાઈન્સ ફ્લાઈટની સુવિધાઓ હાથવગી છે. રોડનેટવર્કમાં પણ બેસ્ટ કનેક્ટિવિટીથી ઘણા રસ્તા ખરા અર્થમાં સમય બચાવનારા બની રહ્યા છે. ઘણીવાર બીજા શહેરનાં લોકેશન જોઈને મજા આવી જાય છે.

આવા જ અનુભવમાં થોડો ઑર વધારો કરવા માટે ગૂગલે રિયલટાઈમ અપડેટ મૂકી છે. જોકે, અત્યારે એમાં એક જ વિષય છે. એ છે પ્રદૂષણ. દિલ્હીથી લઈને દહેરાદૂન સુધી, ઓખાથી લઈને ઓડિશા સુધી , કાશ્મીરથી લઈને ધનુષકોટી સુધી પ્રદૂષણને કારણે પ્રજા પરેશાન છે. દરવર્ષે શિયાળામાં દિલ્હીની હાલત દયા આવે એવી બની જાય છે. આ પરિસ્થિતિમાં ગૂગલે 'રિયલટાઈમ' ફિચર ઉમેરીને લાઈવ 'એક્યૂઆઈ' બતાવવા પગલું ભર્યું છે. ગૂગલ મેપ્સ પર હવે રિયલટાઈમ AQI (એર ક્વોલિટી ઈન્ડેક્સ) જોઈ શકાય છે. એક રિપોર્ટ એવું કહે છે કે, ૨ મિલિયનથી વધારે લોકો ગૂગલ મેપ્સ એપનો ઉપયોગ કરે છે. આ એપ્લિકેશનનો ઉપયોગ રાત્રીના સમયે વધારે થાય છે. ખાસ કરીને, હાઈ-વે પર ટ્રાવેલ કરનારા લોકો ચોક્કસ સ્થળ સુધી પહોંચવા માટે એનો ઉપયોગ કરે છે.

ગૂગલ મેપ્સની એક નવી અપડેટમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે હવે એમાં લાઈવ ફીડ દેખાશે. જે રીતે આપણું વાહન ફરે એમ એમાં ટ્રેકિંગ થાય છે એમ જે તે સ્થળે પ્રદૂષણની માત્રા જાણી શકાશે. એપ્લિકેશનમાંથી આ અંગેની ટિપ્સ પણ મળશે. આ ટિપ્સ અનુસાર તકેદારી પણ રાખી શકાશે. ગૂગલ મેપ્સમાં દર કલાકે આ AQI અપડેટ થશે એવું કંપની કહે છે. આ ફિચર આપણે ત્યાં આ વર્ષે આવ્યું. ભારત સિવાયના દેશમાં એ ઘણા સમયથી કાર્યરત છે. મેપ્સમાં લેયર્સ આઈકોન પર ક્લિક કરી એર ક્વોલિટી ઓપ્શન સિલેક્ટ કરવાથી આ જાણકારી મળશે. આ સાથે ટિપ્સ પણ મળશે કે, એર ક્વોલિટી સામાન્ય છે કે જોખમી.

એપ્લિકેશનમાં એ પણ અપડેટ આવશે કે, જોખમી આબોહવા વખતે ઘરની બહાર નીકળવું નહીં. આ સિવાય જો વાત કરવામાં આવે તો સ્ટ્રીટ વ્યૂની સાથે તે હવે લાઈવ વ્યૂ પણ આપશે. સૌથી ખાસ વાત એ છે કે, જે તે ડેસ્ટિનેશન જો ટુરિસ્ટ સ્પોટ હશે તો એ લોકેશનનો પ્રાઈમ ટાઈમ બતાવશે. કયા સમયે સૌથી વધુ રશ હોય છે એ પણ કહેશે. સારી વાત છે કે, હવે જે તે ડેસ્ટિનેશન સુધીના આખા રુટને ઓફલાઈન સેવ કરી શકાય છે. ઓટો સેટિંગ એટલું મસ્ત છે કે, સાંજ પડતા જ ગૂગલ મેપ્સ ડાર્ક મોડમાં ફેરવાઈ જાય છે અર્થાત રાત પડી ગઈ છે. આવી રિયલટાઈમ અપડેટ ટ્રાવેલનો આનંદ વધારી દે છે. આ ઉપરાંત મેપ્સમાં હવે એડવાન્સથી જે તે હોટેલ, ધાબા કે રેસ્ટોરાં જે હાઈ-વે પર છે અને રુટમાં આવે છે એને લોકેટ કરી શકો છો. નવા ધાબા કે રેસ્ટોરાં પણ જોવા મળશે.

ગૂગલ મેપ્સ પર રેટિંગના ફિચર્સે પણ લોકોને મોટી ચોઈસ આપી દીધી. જે તે હોટેલ લોકેટ થયા બાદ એની અંદર કેવું બેસવાનું છે એ પણ જોઈ શકાય છે. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવાનું થાય એ સમયે આવા ફિચર્સ આશીર્વાદ રૂપ સાબિત થાય છે. કયા રસ્તા પર શું આવશે એની એડવાન્સ જાણકારીથી ઘણો ફાયદો થાય છે. મેપ્સમાં બીજી સારી વાત એ છે કે, વૈકલ્પિક રસ્તો પણ બતાવે છે, જેમાં સમયની ગણતરી કરીને જે તે સમય કહે છે. ખાસ કરીને જ્યારે નાઈટ ટ્રાવેલ કરવાનું થાય ત્યારે આ ઘણી રીતે ટાઈમિંગ બાબતે કામ આવે છે. પણ ઘણા ઓછા લોકો જાણતા હશે કે, મેપ્સમાં જોવા મળતો સમય નોન-સ્ટોપ ડ્રાઈવિંગ કેલક્યુલેશન પણ હોય છે જ્યારે બે રાજ્ય વચ્ચે થતી લાંબા અંતરની મુસાફરીમાં બ્રેક અનિવાર્ય હોય છે.

વાત જ્યાં રિયલ ટાઈમની થઈ રહી છે તો એ વાત પણ ખરી છે કે, મેપ્સમાં જે રુટ પર ટ્રાફિક જામ હોય એ અગાઉથી એલર્ટ આપે છે. જે તે રુટ પર રેડમાર્ક કરીને એલર્ટ કરે છે. આ સાથે એક મર્યાદા એવી પણ છે કે, જ્યારે ફોર લેન કે ટુ લેન રોડ હોય ત્યારે એ જ વે તે સ્ક્રિન પર બતાવે છે. એના કારણે ઘણી વખત યુ-ટર્ન લઈને સામેની બાજું જવાનું પણ ઘણા લોકોને થયું જ હશે. એકથી વધારે બ્રિજ કનેક્શન હોય ત્યારે પણ થોડી મુંઝવણ થાય છે, કારણ કે સર્વિસલેન મેપમાં દેખાડે એના કરતાં ઘણી દૂર હોય છે. ટેકનોલોજીની એક જ એપ્સ પર આટલું બધું શક્ય છે તો કેટલીક મર્યાદા પણ સ્વીકારવી પડે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*ઑક્ટોબર ૨૦૧૦માં 'ઈન્સ્ટાગ્રામ' લૉંચ થયું, પણ શોર્ટ વીડિયો એપ 'ટિકટોક' બંધ થતા 'ઈન્સ્ટા' એ આ વીડિયો સ્પેસની તક ઝડપીને પોતાના યુઝર્સ વધાર્યા.*

---

ટ્રાવેલ પ્લસ


કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# કુદરતનો અલાયદો આવાસ હિમાલયનો આલીશાન વૈભવ - વિશ્વ પ્રસિદ્ધ બરફાચ્છાદિત શિખરો

***Look deep into nature, and then you will understand everything better. -Albert Einstein***

એલબર્ટ આઈન્સ્ટાઈન કુદરત માટે લખે છે કે, ''નિસર્ગમાં જેટલા ઊંડા ઊતરશો, એટલી જ સરળતાથી સઘળું સમજી શકશો અને ખૂબ સારી રીતે સમજી શકશો.'' મારું માનવું છે કે કુદરતને ખરા અર્થમાં જાણવા અને સમજવાની રીત એ મુસાફરી જ છે. દેશના ખુલ્લા વગડામાં વિવિધ રીતે મુસાફરી કરીને જંગલોની પ્રકૃતિને માણવી અને સમજવી, નદીઓની ધારાઓ સાથે કિનારે કિનારે ચાલતાં જઈને એના બદલતા રૂપ રંગ અને સંગીતને માણવું, ખુલ્લા આકાશ તળે બેસીને હજારો તારાઓથી પ્રકાશિત અગોચર વિશ્વમાં ભજવાતા વૈશ્વિક નર્તનને અનુભવવું, અણુ અણુમાં સ્પંદિત થતા લય અને કુદરતની ધ્વનિને મસ્તિષ્કથી છેક હૃદયનાં ઊંડાણ સુધી અનુભવવી. આ બધી રીતો જ કુદરતના સમીપે રહીને નિસર્ગને મહાલવાની છે, અને આ રીતોને મેં પ્રત્યક્ષ રીતે સતત માણી છે. મેં હંમેશાં કુદરત પર અને કુદરતના દરેક સજીવ અને નિર્જીવ તત્ત્વો પર ભરોસો મૂક્યો છે. અજાણી જંગલોની કેડીઓએ મને હંમેશાં કોઈ શ્રેષ્ઠ સ્થળે જ પહોંચાડ્યો છે અને હું એ પરમ મનોહર દશ્યોને પામી શક્યો છું જે વર્ણવવા માટે હું અસમર્થ છું. અજાણ્યા રસ્તાએ મને નિર્ભય બનાવ્યો છે. ખુલ્લા આકાશમાં ચમકતી મંદાકિનીએ મને જિજ્ઞાસુ બનાવ્યો છે. મધુર ગાન ગાતાં ગાતાં ઊંચાઈથી વહેતી સરિતાની સરવાણીઓએ મને પરોપકાર શીખવ્યો છે. સવાર ઊઘડતાં જ મધુર ગાન ગાતાં રંગબેરંગી નાનકડાં પંખીઓએ મને પોતાની ક્ષમતા પર વિશ્વાસ કરતા શીખવ્યું છે. વિશાળ જંગલોમાં ત્રાડ પાડતા વાઘે મને સંઘર્ષ શીખવ્યો છે તો વળી વાઘથી પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા હરણાઓએ મને સતત પ્રયત્નશીલ રહેતાં શીખવ્યું છે. પ્રકૃતિનો મૂળભૂત ગુણ હંમેશાં હકારાત્મક જ રહ્યો છે અને એ હકારાત્મકતા હું મારી અંદર કેળવી શકું છું એનું એક જ કારણ છે કે પ્રકૃતિ જ મારા આરાધ્ય દેવ છે, તે જ મારા ગુરુ છે અને હું આ પ્રકૃતિને વારંવાર નમું છું.





ઊંચાઈએથી દુનિયા જોવાનો મને ગજબનો શોખ એમાં પણ પ્રતિકૂળ સંજોગોમાં તો ખાસ. એનું એક જ કારણ કે બહુ જ જૂજ લોકો ત્યાં જોવા મળે. હિમાલયમાં ઉત્તરાખંડમાં બરફવર્ષા પછી કેદારનાથ અને નંદાદેવીનો નજારો જોવાની એટલી મજા આવે કે જાણે આદિત્ય ખુદ હિમાલયને સોનાના ઢોળથી સજાવે એ જોતાં આંખો ન ધરાય. કુદરતનાં અનેરાં દશ્યો નિહાળવાં હોય અને અનુભવવાં હોય તો કપરાં ચઢાણ ચઢવાં પડે જે સામાન્ય રીતે ખૂબ જ ઓછો વર્ગ ચઢતો હોય છે. દુર્ગમ રસ્તાઓ જરા ઓછા ખેડાયેલા હોય એટલે એની સુંદરતા અકબંધ હોય. ઉત્તરાખંડમાં ચોપતા વેલીમાં તુંગનાથ મહાદેવનો મજાનો ટ્રેક છે. ચોપતાથી શરૂઆત કરીને એક દિવસનો આ ટ્રેક કરી શકાય. તુંગનાથ મહાદેવ પહોંચતાં સુધી તો ઘણા લોકો તુંગનાથથી જ પરત ફર્યા હશે, પણ તુંગનાથથી ઉપર બીજો ત્રણ-ચાર કિમીનો ટ્રેક છે જે સ્વર્ગની અનુભૂતિ કરાવી શકે. ચંદ્રશિલા નામનો આ ટ્રેક ખૂબ જ રમણીય છે. ચંદ્રશિલાનાં કપરાં ચઢાણ પછી હિમાલયનાં નરી આંખે દર્શન કરનાર વ્યક્તિ કદાચ એ ક્ષણને જિંદગીભર ન ભૂલી શકે એવો નજારો જોવા મળે. ખૂબ કપરું ચઢાણ અને તુંગનાથ સુધીનો થાક પણ ખરો, પણ આત્મવિશ્વાસ હોય તો ચંદ્રશિલા ચઢી જ શકો. ચઢાણ કરતાં ઉતરાણ વધારે કપરું ખરું, પણ એવું કહેવાય છે જે વ્યક્તિ ચંદ્રશિલા પહોંચી જાય એ ત્યાંનું દશ્ય જોઈને બોખલાઈ જાય છે, આભો બની જાય છે. ઘડીભર માટે એની વાચા હણાઈ જાય છે. ચંદ્રશિલા પરથી ચારે તરફ હિમાલયના સુવર્ણ શિખરો દેખાય છે. નરી આંખે જોયેલું દશ્ય કોઈ કૅમેરા લઈ શકે તેમ નથી કે કોઈ રીતે એ સુંદરતાને હું શબ્દોમાં ઢાળી શકું એમ નથી. હું નતમસ્તક શિવની જટામાં ખોવાયો હોઉં એવો જ કંઈક અનુભવ હતો. ચંદ્રશિલા જનાર વ્યક્તિ પણ દિવસ આથમે એ પહેલાં તો નીચે ઊતરી જ જાય કેમ કે ઠંડોગાર પવન, ચોતરફ બરફ અને ક્યાંય રસ્તો પણ ન દેખાય. ચઢાણ કરતાં ઊતરવાનું વધારે, જ્યાં પગ મૂકો ત્યાંથી લપસીને સીધા નીચે આવો એટલે પાછી ફરી શરૂઆત કરવાની. કોઈક કોઈક જગ્યાએ પાકો બરફ જાણે કુદરતી લસરપટ્ટીની રચના થઈ હોય એવું જ કંઈક, પણ આ બધા અંતરાયોને ઓળંગીને ચંદ્રશિલા ચઢતાં સાથે જ મેં સુમેરુ અને નંદાદેવીને જોતાં જ અહીંયાના સૂર્યાસ્ત પછીની લાલિમાની કલ્પના કરી અને નક્કી કર્યું કે સૂર્યાસ્ત પહેલાં અહીંયાથી હટવું નથી. પૂનમ પહેલાંની ઢળતી સાંજ હતી, ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો, સૂરજ ડૂબું ડૂબું થઈ રહ્યો હતો અને ચંદ્રશિલા પરના એક પથ્થરને અઢેલીને વાદળોને પહાડની સોડમાં લપેટાયેલાં જોતો હું લગભગ કલાક જેટલો સમય અવાચક બનીને કુદરતની આ પરમ મનોહર લીલાને આંખોથી મારામાં ભરી રહ્યો હતો. આ બધી ક્ષણો એ હતી જે સંપૂર્ણપણે ખાલી મારા માટે જ હતી, મારી જાત માટે જ હતી. સાંજ ઢળતાં સૂરજને ગંગોત્રીની સોડમાં લપાઈ જતાં જોઈને જાતને ઢંઢોળી ત્યાં સુધીમાં એકલદોકલ ટ્રેકર પણ નીકળી ચૂક્યા હતા અને હું સાવ એકલો અનિમેષ નજરે હાથી પર્વત પર ચંદ્રને જોઈ રહ્યો અને સૂરજની છેલ્લી લાલાશ બરફાચ્છાદિત પર્વતોને તમસની ચાદર ઓઢાડતી ગઈ. કપરા ચઢાણ પછી ચંદ્રશિલા પહોંચે કે કુદરત પોતાની પાસે ખેંચીને તમને વહાલ કરે એવો સાક્ષાત્કાર અહીં થાય છે એટલે જ અહીંયા આવનાર વ્યક્તિ સમયનું ભાન ભૂલીને હિમાલયમાં લીન થઈ જાય છે. આ એ જ જગ્યા છે જ્યાં ચંદ્રએ દક્ષ પ્રજાપતિના ક્ષય રોગના શ્રાપમાંથી મુક્તિ માટે મહાદેવની આરાધના કરી હતી અને ભગવાન શ્રી રામે રાવણવધ પછી બ્રહ્મહત્યા નિવારણ માટે શિવ આરાધના કરી હતી.

ગમે તેવો નાસ્તિક અહીંયા આવીને જ સાચો આસ્તિક બની જાય અને શિવમય થઈ જાય. વાદળોની રંગો સાથે રમાતી રમત અને ૪૦૦૦ મીટર ઊંચાઈએ આથમતો સૂરજ કઈ રીતે નંદાદેવી અને ત્રિશૂળ પર્વત પર સોનેરી ઢોળ ચઢાવે છે એ જોવાની જિજ્ઞાસાએ મને ચંદ્રશિલા પર સૂરજ આથમ્યા પછી પણ રોકી રાખ્યો. અંધારું થતાં હું પાછા ફરવાનો રસ્તો ભૂલી જઈશ, તાપમાન નીચું જતા બરફ જામી જશે અને ઉતરાણ કપરું બનશે, પિવાનું પાણી પણ પૂરું થઈ ગયું હતું આવા ઘણા પ્રશ્નો હતા, પણ કુદરતના એ વિશાળ કેનવાસ સામે આ બધા જ પ્રશ્નો સાવ વામણા લાગતા હતા.સૂર્યાસ્ત થતાં જ હું સાવ દિગ્મૂઢ...

ચંદ્રશિલા પરથી જ નંદાદેવી દશ્યમાન થાય છે. સ્વર્ગ વિષે જેટલી પણ કલ્પનાઓ વાંચી છે એ સઘળી આની સામે વામણી છે. સાંભળ્યું છે કે અહીં સ્વર્ગની હવા આવે છે, પણ હવે અનુભવ્યું છે કે અહીં પહોંચવાનો આનંદ સ્વર્ગથી વિશેષ છે. મારા જીવનની શ્રેષ્ઠ ઘડીઓમાંની આ એક ઘડી છે કે ટોચ પર પહોંચીને ''નંદાદેવી'' - ભારતના બીજા સહુથી ઊંચા પર્વતને શાંતિથી જોઈ શકું. નંદાદેવીને ભારતીય લોકસાહિત્યમાં હિમાલયની પુત્રી તરીકે ઓળખાવવામાં આવ્યાં છે અને ૬૪૦૦ મીટર કરતાં ઊંચા બારેક જેટલા હિમાલયના પહાડોથી નંદાદેવી અને સુનંદાદેવી બંને ઘેરાયેલાં છે. એ જ રીતે ભારતની મોટા ભાગની નદીઓનું ઉદ્ગમ સ્થાન એવું ચૌખંભાનાં અદ્ભુત શિખરો અહીંથી નજર સમક્ષ તરવરે. ચૌખંભા ચાર પિલ્લરના પર્વતોથી રચાયેલ અને ગંગોત્રી ગ્લેશિયર સ્થિત ગઢવાલ હિમાલયની સહુથી સુંદર પર્વત શૃંખલા છે અને એને કોઈ પણ દિશામાંથી જુઓ એકસરખી જ દેખાય એ એની ખાસ વિશેષતા છે. ચૌખંભા જ અલકનંદા અને ભાગીરથીની ધારાનું મૂળ છે. કેદારનાથ, શિવલિંગ પર્વત જેવા હિમાલયના મનમોહક પર્વતોને કંપની આપતો આ ઉત્તરાખંડનો સહુથી સુંદર પર્વત છે. ગંગોત્રી ગ્રુપના આ દિવ્ય અને મુખ્ય પર્વતને ગુપ્તકાશી, તુંગનાથ, ચંદ્રશિલા, વાસુકીતાલ, દેઓરિયા તાલ, સાતોપંથ લેક, નાગ ટિબ્બા, કૌરી પાસ અને મદમહેશ્વરથી ખૂબ જ સુંદર રીતે જોઈ શકાય છે. મદમહેશ્વરથી તો સૂર્યની સોનેરી ઝાંય સવાર-સાંજ એટલી અદ્ભુત લાગે કે પોતાની આંખો પાર વિશ્વાસ ન થઈ શકે. આ તસવીર ચંદ્રશિલા પર સૂર્યાસ્ત સમયની છે. ખાસ તો સૂર્યાસ્ત સમયે ચૌખંભા અને એની શ્રેણીની તમામ પર્વતમાળાને નરી આંખે જોવા માટે હું સૂર્યાસ્ત સુધી ચંદ્રશિલા પર રોકાયો અને હું કુદરતની આ ભવ્યતાને કલાક સુધી માણી શક્યો. હિમાલયની આ પર્વતમાળાઓમાં શિવની ઝટાની કલ્પનાનો સાક્ષાત્કાર થાય જ.

આવાં દશ્યો રૂબરૂ જોઈને જ સમજી શકાય કે મહાન વિભૂતિઓ, મહર્ષિઓ કે દેવતાઓ હિમાલયને જ કેમ પોતાના આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પસંદ કરતા હશે? આ વર્ષે હિમાલય તરફ પગલાં માંડો તો નંદાદેવીને વધારે ક્ષણો માટે અચૂક નિહાળજો, કુદરત પ્રત્યે અન્યાય કરતાં પહેલાં તમારી અંદરની સંવેદના તમને જરૂર ટોકશે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# રોડ રેજ: સડક પર વાહનચાલકોમાં આક્રમકતા કેમ વધી રહી છે?



થોડા દિવસો પહેલાં, અમદાવાદના બોપલ વિસ્તારમાં ૨૩ વર્ષના એક બાઈકસવાર યુવાનની એટલા માટે હત્યા થઈ ગઈ, કારણ કે એણે બાજુમાંથી પૂરઝડપે પસાર થઈ રહેલા એક કારચાલકને સ્પીડ બાબતે ટોક્યો હતો. કારચાલકે ગુસ્સામાં આવીને કાર ઊભી રાખીને બાઈકસવાર સાથે ઝઘડો કર્યો હતો અને એમાં વાત વધી જતાં એણે પેલા છોકરાને છરી હુલાવી દીધી.

આ ઘટનાને અલગ-અલગ રીતે જોઈ શકાય, જેમ કે કારચાલકનો પૈસાનો નશો અથવા સત્તાનું ગુમાન અથવા નશામાં ડ્રાઈવિંગ કે પછી વિવેકનો અભાવ અથવા ટ્રાફિક સેન્સની ઐસીતૈસી...

મૂળભૂત રીતે તેને 'રોડ રેજ' કહેવાય છે એટલે કે સડક પર ગુસ્સો કરવો તે. ક્યારેક આ ગુસ્સો વ્યક્તિઓ પર એટલો હાવી થઈ જાય કે તેમાં ઘણીવાર હત્યા પણ થાય છે.

બે વર્ષ પહેલાં, દિલ્હી પાસે નોઈડામાં બે જણની કાર એકબીજાને 'ટચ' કરી ગઈ, તેમાંથી થયેલા ઝઘડામાં એક વાહનચાલકે ઉશ્કેરાઈને બીજા કારચાલક પર કાર ચડાવી દીધી હતી, જેમાં એનું મોત થયું હતું. આ વર્ષે, ૩૧ ઓક્ટોબરે મુંબઈમાં સ્કોર્પિયો ચલાવતા એક વેપારીની કેટલાક લોકો સાથે દલીલબાજી થઈ હતી. તે પછી, ઉશ્કેરાયેલા વેપારીએ ચાર લોકોને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. પીડિતોને નાની-મોટી ઈજાઓ થઈ હતી પછી મિત્રોએ સાથે મળીને વેપારીને માર માર્યો હતો.

સડક પર વાહન માલિકો વચ્ચે અથડામણ થવાની ઘટનાઓ ઉત્તરોત્તર દુનિયાભરમાં વધી રહી છે. તેનો સીધો સંબંધ સડકો પર વાહનોની સંખ્યામાં થઈ રહેલા વધારા સાથે છે. ભારતનાં શહેરોમાં હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૬૦ ટકાથી વધુ વાહનચાલકોએ સડક પર ગુસ્સો કર્યો હોવાની કબૂલાત કરી હતી, જેમાં લગભગ ૩૦ ટકા લોકોએ આક્રમક પ્રતિક્રિયા આપી હતી. 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો'નો અહેવાલ છે કે રોડ રેજ અને આક્રમક ડ્રાઇવિંગ સંબંધિત ઘટનાઓમાં દર વર્ષે ૭ ટકાનો વધારો જોવા મળ્યો છે, જે આ બાબત કેટલી ગંભીર છે તે બતાવે છે.

કેંદ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ માર્ચ ૨૦૨૨માં સંસદ સમક્ષ ડેટા રજૂ કર્યો હતો. એમના જણાવ્યા અનુસાર, ૨૦૧૯માં દેશમાં રોડ રેજ અને અવિચારી ડ્રાઇવિંગના ૧.૫ લાખથી વધુ કેસ નોંધાયા હતા. ૨૦૨૦માં તેની સંખ્યા વધીને એક લાખ ૮૩ હજાર થઈ ગઈ. ૨૦૨૧માં આવા કેસોની સંખ્યા વધુ વધીને બે લાખ ૧૫ હજાર થઈ ગઈ...

ઘણી વાર, ટ્રાફિક પોલીસકર્મીઓ ખુદ રોડ રેજનો ભોગ બને છે. ગયા વર્ષે, મુંબઈમાં એક ડ્રાઈવરે લાલ બત્તી હોવા છતાં વાહન ના રોક્યું ત્યારે એક ટ્રાફિક કૉન્સ્ટેબલે એને રોકવાનો સંકેત આપ્યો છતાં ડ્રાઈવરે કારની ઝડપ વધારી હતી એમાં કારની સામે ઊભેલો કૉન્સ્ટેબલ બોનેટ પર પડી ગયો. તેમ છતાં, ડ્રાઈવરે ૨૦ કિલોમીટર સુધી વાહન દોડાવે રાખ્યું હતું. આ દરમિયાન કૉન્સ્ટેબલે કારની વિન્ડશીલ્ડને ચુસ્તપણે પકડીને પોતાનો જીવ બચાવ્યો હતો.

આવું દુનિયાભરમાં પણ બને છે. અમેરિકામાં આ વર્ષે એક સર્વેક્ષણ અનુસાર ૯૬ ટકા લોકો રોડ રેજના સાક્ષી બન્યા હતા. છેલ્લા ૭ વર્ષના આંકડા અનુસાર, અમેરિકામાં રેડ રેજની મારામારીને કારણે કુલ ૧૨,૬૧૦ લોકોને ઈજા થઇ હતી અને ૨૧૮ લોકોનો જીવ ગયો હતો. ૨૦૨૨માં, રોડ રેજમાં દર ૧૬ કલાકે એક માણસની ગોળી મારીને હત્યા થઈ હતી

(અમેરિકામાં નાગરિકો ખાનગી હથિયાર રાખી શકે છે). અમેરિકામાં, છેલ્લાં ૧૦ વર્ષમાં રેડ રેજની ઘટનાઓમાં ૫૦૦ ટકાનો વધારો થયો છે...!

રોડ રેજની ઘટનામાં મુખ્યત્વે, ખરાબ નિર્ણયશક્તિ, માનસિક અસ્વસ્થતા, નશો કે કશે પહોંચવાની ઉતાવળ જેવાં કારણ જવાબદાર મનાય છે. આવાં કારણોથી કોઈ પોતાને કે બીજાને જોખમમાં ના મૂકે, તેમ છતાં રોડ રેજ એટલું સામાન્ય થઈ ગયું છે કે તેની પાછળ બીજાં મનોવૈજ્ઞાનિક કારણોની પણ ભૂમિકા છે. માણસોને ક્યાંક જવામાં મોડું તો આજથી ૧૦૦ વર્ષ પહેલાં પણ થતું, પણ એવું તે શું થયું છે કે વર્તમાન સમયમાં જ લોકો એટલા બધા ઉશ્કેરાઈને પિત્તો ગુમાવે કે ખૂન પણ કરી નાખે?

રોડ રેજ બે પ્રકારના હોય છે. એકમાં, ડ્રાઈવર કાયમ આક્રમક રીતે વાહન ચલાવે છે અને આ વર્તન એની આદત બની ગયું છે (આધુનિક હોર્સ પાવરવાળાં વાહનોની 'ખૂબી' એ છે કે તે તમને જોશમાં આવીને ડ્રાઈવ કરવા લલચાવે છે).

બીજાને સિચ્યુએશનલ રોડ રેજ કહેવામાં આવે છે - તેમાં ડ્રાઈવર ઘર કે ઑફિસના ટેન્શનથી ગુસ્સામાં વાહન ચલાવી રહ્યો છે. સડકો પર ગુસ્સો અનુભવતા લોકોની એક સમસ્યા એ છે કે એ બીજા ડ્રાઈવરને એક માણસ તરીકે જોતા નથી.

એને માત્ર એક વસ્તુ તરીકે જુએ છે. રોડ રેજનો ભોગ બનેલાને એવું દેખાતું નથી કે સામે જે માણસ છે એનો પણ એક પરિવાર છે, એની નોકરી જતી રહી છે અથવા હૉસ્પિટલમાં કોઈ બીમાર છે.

એમ તો મોલ્સમાં ખરીદી કરી રહેલા લોકો પણ ટેન્શનમાં હોય છે, પણ એ લોકો એકબીજા સાથે મારામારી નથી કરતા. તેનું કારણ એ છે કે મોલ્સમાં લોકો એકબીજાને માણસ તરીકે જુવે છે. કોઈની સાથે બાળક છે, કોઈ પતિ-પત્ની છે, કોઈ વૃદ્ધ મહિલા કે પુરુષ છે એટલે ત્યાં કોઈ એક બીજાને 'ટચ' કરે તો 'સોરી' કહીને આગળ નીકળી જાય છે.

સડક પર વાહન સાથેનો માણસ 'માણસ' મટીને 'વસ્તુ' બની જાય છે એટલે રોડ રેજનો ભોગ બનેલો માણસ ગુસ્સામાં એને સડક પરના એક ઉંદર કે પથ્થરથી વિશેષ નથી ગણતો. એ સિવાય, એવું કેવી રીતે શક્ય છે કે તે કારમાંથી ઊતરીને બીજાને છરી મારી દે અથવા એના પર કાર ચઢાવી દે!

રોડ રેજની મોટા ભાગની લોહિયાળ ઘટનાઓ કારચાલકો સાથે જ બનતી હોય છે. તેનું કારણ પણ એ છે કે લોખંડી કાર પોતે જે એક કિલ્લા જેવો અહેસાસ ઊભો કરે છે. સ્કૂટર પર જતા એક ચાલકની તુલનામાં કારચાલક પોતાને બહુ સુરક્ષિત (અને શક્તિશાળી) મહેસૂસ કરતો હોય છે, પરિણામે એ સામેના માણસને એક તુચ્છ આડખીલી સમજતો હોય છે.

આ બધા પાછળ મુખ્ય કારણ સડક પર વાહનોની ભીડ છે. પશ્ચિમમાં, ઉંદરોની આક્રમકતા પર અનેક પ્રયોગ થયા છે. સામાન્ય રીતે, ઉંદર અત્યંત ચંચળ જીવ છે, પરંતુ તે એકલો હોય ત્યારે આશ્ચર્યજનક રીતે શાંત હોય છે, પણ તેની બંધ જગ્યામાં એકથી વધુ ઉંદરો ઘૂસી આવે ત્યારે તે એકબીજાની ઉપર ચડી જાય છે.


આધુનિક શહેરોમાં આવું થઈ રહ્યું છે. સડકો પર મર્યાદિત જગ્યાઓમાં અનેક વાહનો આવી ગયાં છે. ૧૦૦ વર્ષ પહેલાં સડકો પર આટલા બધા લોકો નહોતા. રોડ રેજ ભીડનું પરિણામ છે. ઈંગ્લૅન્ડમાં, એક જુદા અભ્યાસમાં ખબર પડી હતી કે સ્કૂલોના ક્લાસરૂમમાં છોકરાઓની સંખ્યા વધી ગઈ હોવાથી એમનામાં પણ આક્રમકતા વધી છે...! ■

---

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# લંડનમાં 'ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ'


THE
INDIAN SOCIOLOGIST
AN ORGAN OF FREEDOM, AND OF POLITICAL, SOCIAL, AND RELIGIOUS REFORM.

"EVERY MAN IS FREE TO DO THAT WHICH HE WILLS, PROVIDED HE INFRINGES NOT THE EQUAL FREEDOM OF ANY OTHER MAN." -Herbert Spencer, Principles Ethics, Section 272
"RESISTANCE TO AGGRESSION US NOT SIMPLY JUSTIFIABLE BUT IMPERATIVE NON RESISTANCE HURTS BITH ALTRUISM AND EGOISM." -The Study of Sociology, Chap.8

Edited by SHYAMAJI KRISHNAVARMA, M.A. (Oxon.)

VOL. V.- NO. 9.] LONDON, SEPTEMBER, 1909. ONE PENNY, MONTHLY.

NOTICE CHANGE OF ADDRESS

In future all literary Communications, Orders for THE INDIAN SOCIOLOGIST, and money, Postal Orders or Cheques, should be sent to SHYAMAJI KRISHNAVARMA, 10, Avenue Ingres Passy, Paris, France.

The charge for letters to France from India, England, and other foreign countries, is 2½d per ounce. The charge for a Post Card is 1d.

MARTYR DHINGRA SCHOLARSHIPS


The four Scholarships in honor of the Indian motive Dhingra, an announcement regarding which was made in the last issue of The Indian Sociologist, have been awarded to some of his devoted compatriot's, among the beneficiaries being two young Indian ladies

ENGLISH TRIBUTE TO INDIAN MARTYRDOM
GARIBALDI'S ADVOCACY OF WHOLESALE POLITICAL ASSASSINATION

AN EXAMPLE TO INDIAN NATIONALISM

In connection with the assassination of Sic Curzon Willet by the Indian Martyr Dhingra, an Lulis gentlemen, graduate of Trinity College Cambridge, and author of some distinction, who combines high intellectual attainments with wide sympathies, has brought to our notice a remarkable Passage addressed to the people of Messina by no less an authority than the illustrious Genoese Guiseppe Garibaldi, whose centenary was celebrated in England not as long ago. While drawing our attention to the original text of the passage in question and the English translation thereof, our esteemed correspondent, who is now sojourning on the Continent, remarks that with respect to the theoretical right to react against intolerable insults and tyranny imposed from without, even to the extent of wholesale assassination, he supposes that it is universally recognized by the Western world He further observes that with regard to the English is is quite certain that we

77




૧૮૫૭ પછી સશસ્ત્ર આઝાદીની વિચારધારાનો અંત આવ્યો ન હતો, એક યા બીજી રીતે તેનો પ્રવાહ વહેતો રહ્યો અને તેનો અસરકારક વિસ્ફોટ વીસમી સદીની શરૂઆતમાં થયો, તે પણ એક ગુજરાતી પંડિત દ્વારા ભારત પર શાસન કરતા ઈંગ્લેન્ડમાં. અહિંસક વિચાર દ્વારા સ્વતંત્રતાના આગ્રહી મહાત્મા ગાંધી અને સશસ્ત્ર ક્રાંતિનું તત્ત્વજ્ઞાન સ્વીકારનારા પંડિત શ્યામજી કૃષ્ણવર્મા બંને ગુજરાતના તેમાંય શ્યામજી કચ્છી હોવાથી આપણને વિશેષ ગૌરવ ઊપજે. એજ કચ્છી ક્રાંતિકારીએ આઝાદી મેળવવા અસંખ્ય અવરોધો વચ્ચે વિદેશોમાં પત્રકારત્વને શસ્ત્ર બનાવ્યું. આ પેપર શરૂ કર્યું અને ત્રણ વખત (લંડન-પેરિસ-જીનિવા) સ્થાનાંતરિત કર્યા પછી પણ તેનું પ્રકાશન ચાલુ રાખ્યું. આ ઘટના પત્રકારત્વ અને સ્વતંત્રતાના ઈતિહાસમાં ગુજરાતના યોગદાનને ગૌરવપૂર્ણ પ્રદર્શિત કરે છે. આંતરરાષ્ટ્રીય મંચ પર સ્વાતંત્ર્ય સંગ્રામને લોકપ્રિય બનાવનાર તે પ્રથમ અખબાર હતું. શ્યામજી કૃષ્ણવર્માના ઇન્ડિયન સોશિયોલોજીસ્ટ' સાથે શ્રીમતી કામાનું 'તલવાર' અને 'વંદે માતરમ', છગન ખેરાજ વર્માનું 'મદન તલવાર' અને 'ગદ્દર' પણ સ્વાતંત્ર્ય સંગ્રામના વિચાર વિસ્તાર માટેના ઉત્તમ ઉદાહરણ સાબિત થયા હતા.

વર્ષ ૧૯૦૫ ની ૧૮ મી ફેબ્રુઆરીએ ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના શ્યામજી કૃષ્ણ વર્મા અને સાથીઓએ કરી હતી. આ સ્થાપના અને વિચારના પ્રચારાર્થે જે પત્રનો પ્રારંભ થયો તે જ 'ઇન્ડિયન સોશિયોલોજીસ્ટ'. વિદેશોમાં પ્રકાશિત થતું આ પહેલવહેલું સ્વાતંત્ર્યજંગનું સમર્થક અખબાર! આ વર્ષોમાં મુંબઈમાં યુવાન વીર સાવરકર ઇન્ડિયન સોશિયોલોજિસ્ટનો અંક વાંચ્યો. 'કેસરી'માં પણ શ્યામજીની થોડી વિગતો જાહેર થયેલી એટલે શ્યામજીની 'શિવાજી છાત્રવૃત્તિ'ની સગવડથી તેઓ ઇંગ્લેન્ડ ગયા હતા. તેના દરેક અંક 'રાજકારણ, સમાજ અને ધર્મના સુધારા અને સ્વતંત્રતાનું મુખપત્ર' છપાયું હતું.

આ પેપરનું યોગદાન અનેક રીતે હતું. વિશ્વના દરેક સ્વાતંત્ર્ય સંગ્રામને અહીં સમર્થન મળ્યું, વિવિધ દેશોના સ્વાતંત્ર્ય ચિંતકો સાથે સંપર્ક થયો, તેઓ ભારતની આઝાદી માટે પ્રેરિત થયા, તે ભારતીય ક્રાંતિકારીઓ માટે પ્રેરણા બની. ભારતીય ક્રાંતિકારીઓને વિસ્ફોટક સામગ્રી અને નાણાકીય સહાય પૂરી પાડવા, તેમના કારણ સમજાવતા લેખોનું પ્રકાશન, સ્વતંત્રતા ઉત્સવોનું આયોજન, દેશભક્તો માટે શિષ્યવૃત્તિ, વ્યાખ્યાન શ્રેણી, ભારતીય નેતાઓને આમંત્રિત કરવા વગેરે માટે સતત પ્રયત્નો કરવામાં આવ્યા અને 'ઇન્ડિયન સોશિયોલોજીસ્ટ' એક ઉત્તમ માધ્યમ હતું. બ્રિટિશ સરકારે તો તેને 'દેશદ્રોહી, ઉશ્કેરણીજનક પત્રકારત્વ' ગણાવ્યું, બ્રિટિશ સ્વતંત્રતાવાદીઓએ તેને 'સ્વતંત્ર પત્રકારત્વ' માન્યું અને તે ભારતીય ક્રાંતિનું 'પ્રેરણાદાયી ક્રાંતિકારી કાગળ' બની ગયું. આ અખબાર કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલું ન હતું પરંતુ સમાજવિગ્રહના મૂળ સિદ્ધાંતો અનુસાર ચાલતું રહ્યું.

તેના એક અંકમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખપદેથી લોકમાન્ય તિલકનું વ્યાખ્યાન, એચ. એમ. હિન્ડમેનના ભારત વિશેના વિચારો, ઉદયપુરમાં યોજાયેલ શાહી દરબાર, હર્બર્ટ સ્પેન્સર ફેલોશિપ અને ઇ.ની રસપ્રદ ટિપ્પણીઓ નજરે પડે છે. ફેબ્રુઆરી ૧૯૦૫ના અંકમાં, એલ ઇ. ઇનના ભારતીય ઉદ્યોગપતિઓની નિંદાનો જવાબ શ્યામજીએ ખુદ 'ડિસ્પોટિઝમ એન્ડ લાઇંગ' શીર્ષકથી આપ્યો છે. બ્રિટન અને ભારતમાંથી 'ભારતીય સમાજશાસ્ત્રી'ની હિંમતની પ્રશંસા કરવામાં આવી હતી. તે બધાના પત્રો આપવામાં આવ્યા હતા અને અખબારો 'ડેઇલી મેઇલ' અને રેનોલ્ડ્સ ન્યૂઝપેપર તરફથી ટિપ્પણીઓ પણ આપવામાં આવી હતી. માર્ચ ૧૯૦૫ ના અંકમાં શ્યામજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'ભારત માટે સ્વરાજની તાતી જરૂરિયાત છે. લંડનમાં સ્થપાયેલી 'ધ ઈન્ડિયન હોમરૂલ સોસાયટી'ના સંદર્ભમાં તેમણે લખ્યું કે, 'કેટલાક વર્ષો પહેલા આયર્લૅન્ડ દ્વારા પણ આવી જ માગ કરવામાં આવી હતી. હવે ભારતનો વારો છે.'

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું કે છેક ૧૯૩૦થી જીનિવામાં સાચવી રાખવામાં આવેલા શ્યામજીના અને તેમનાં જીવનસંગિની ભાનુમતિના અસ્થિ જાતે જઈને લાવ્યા અને કચ્છનાં માંડવીને એક ભવ્ય સ્મારક 'ક્રાંતિતીર્થ' સ્વરૂપે ભેટ ધર્યું. તાજેતરમાં જ જી. એમ. ડી. સી. ના કુશળ અને ભાવાત્મક રીતે સંચાલિત આ સ્મારક ખાતે 'વિરાંજલિ ગેલેરી'ના ઉદઘાટન પ્રસંગે વર્ત. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવેલા અને તેમના હસ્તે પંડિતના 'ઇન્ડિયન સોશિયોલોજીસ્ટ'ના ૧૯૦૫ થી ૧૯૨૨ સુધીના અંકોનું સંપાદન અને લેખન ધરાવતા અંકોનું વિમોચન કરવામાં આવ્યું. આ સંપાદન કાર્ય પીઢ પત્રકાર પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ કર્યું છે અને પ્રકાશક જીએમડીસી ખુદ છે. ભારતીય ક્રાંતિકારીઓએ કેવી રીતે વિદેશમાં જઈને આઝાદીની ચળવળ શરૂ કરી એનું સંશોધન અને પ્રેક્ટિસ કરવા માટે આ પુસ્તકો ખૂબ જ ઉપયોગી થશે જે બે ભાગમાં ઉપલબ્ધ છે. અને તેનું પ્રકાશન જીએમડીસી દ્વારા કરવામાં આવ્યું છે. શ્યામજીનું જેવું જીવન હતું તેવી જ તેમની વિચાર યાત્રા. હજુ તેમનું ઘણું દુર્લભ છે અને તેમના વિષે લોકોમાં જાગૃતિ પણ! પરંતુ જે પણ હાંસલ થયું તેમાં ઘણાં લોકોનો પરમાર્થ છુપાયેલો છે, આપણા પંડ્યાસાહેબ તેમાંના એક! ■

---

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# દેશના અર્થપૂર્ણ વિકાસ માટે જવાબદાર મૂડીવાદ ને આર્થિક સમાનતાનાં લક્ષ્ય જરૂરી છે

**ભારતનું અર્થતંત્ર ભલે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર ગણાય, પરંતુ દેશની આર્થિક અસમાનતાનો પ્રશ્ન ગંભીર છે. આમ તો આ વિષય વિભિન્ન દેશ માટે પણ ચિંતાનો વિષય છે ત્યારે આપણા નાણાપ્રધાને વૈશ્વિક મંચ પરથી કરેલું એક નિવેદન વૈશ્વિક ચર્ચા-વિચારણા માગી લે છે**



**રિસ્પૉન્સિબલ** કેપિટાલિઝમ (જવાબદાર મૂડીવાદ) આ શબ્દો તાજેતરમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ઉચ્ચાર્યા ત્યારે એમણે એમ પણ કહ્યું કે વિરાટ અર્થતંત્ર સામે સમાનતા (ઈક્વાલિટી) બહુ મોટો પડકાર હોય છે. અર્થતંત્ર માત્ર ઊંચો વિકાસદર હાંસલ કરે એ પર્યાપ્ત નથી. એની સાથે ઈકોનોમી ઈક્વાલિટી - આર્થિક સમાનતા પણ વિકસવી જોઈએ...પ્રજાના દરેક વર્ગને સમાન તકો પણ ઉપલબ્ધ થવી જોઈએ....આવા શબ્દ સાંભળવા-વાંચવા બહુ સારા લાગે છે, પણ આનો અમલ ખૂબ અઘરો છે. જોકે આપણા નાણાં પ્રધાન એક વૈશ્વિક મંચ પરથી આમ બોલ્યા તે પ્રજા માટે આનંદની સાથે આવકારવાલાયક વિચારધારા છે.

વરસો પહેલાં જાણીતા અર્થશાસ્ત્રી વાડીલાલ ડગલીએ 'રંકનું આયોજન' નામનું એક પુસ્તક લખ્યું હતું, જેમાં આઝાદી બાદનાં ૨૫ વરસનું સરવૈયું રજૂ કરીને કેટલાક સવાલ ઉઠાવાયા હતા કે આ આઝાદીનાં ૨૫ વરસ બાદ રંક-ગરીબ પ્રજાની દશા શું છે? કેમ કે એ બધા તો ત્યાંના ત્યાં જ છે જો કે, આજે - ખાસ કરીને દસ વરસમાં એ સ્થિતિ-પરિસ્થિતિમાં ફરક પડ્યો છે.

ગરીબ-વંચિત વર્ગ પર ધ્યાન અપાઈ રહ્યું છે. એમને પૂરતી તક મળે એવી સતત વ્યવસ્થા થઈ રહી છે. એ સમયે 'રંકનું આયોજન' પુસ્તકે એવા સવાલ ઉઠાવ્યા હતા કે તત્કાલીન ભારત સરકારે તે પુસ્તક પર પ્રતિબંધ મૂકી દીધો હતો. ભારતીય લેખકના જ પુસ્તક પર ભારતમાં સરકાર દ્વારા જ પ્રતિબંધ?! ખેર, આ પુસ્તક પછીથી ઉપલબ્ધ થવા લાગ્યું હતું.

## વિકસિત રાષ્ટ્ર એટલે...

આજના સમયની વાત પર આવીએ તો આઝાદીનાં ૭૫ વરસ થઈ ગયાં છે, જેમાં હજી પણ પ્રજાનો બહુ મોટો વર્ગ સંઘર્ષ કરી રહ્યો છે. ગરીબી ભલે ઘટી રહી હોવાનું કહેવાતું યા દાવો કરાતો હોય (જે અમુક હદ સુધી સાચો પણ ખરો) તેમ છતાં હજી સંખ્યાબંધ બુનિયાદી પ્રશ્નો ઊભા છે. ખાસ કરીને આર્થિક અસમાનતાના કોઈ સચોટ કે નકકર ઉપાય થયા નથી, કયાંક તો આ અસમાનતા સતત વધી રહી છે. ભારતની સરકાર હાલ ૨૦૪૭માં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનાં લક્ષ્ય સાથે આગળ વધી રહી છે, જ્યારે દેશ આઝાદીનાં ૧૦૦ વરસ (શતાબ્દી) ને ઊજવતો હશે. આ સમય સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાનો પડકાર સરકારે ઉપાડયો છે. જોકે વિકસિત રાષ્ટ્રની વ્યાખ્યા ખરેખર શું એ રિલેટિવ-સાપેક્ષ સવાલ છે, કેમ કે વર્તમાન સમયનાં કહેવાતાં વિકસિત રાષ્ટ્ર પોતે હાલ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે.

## મેક એઆઈ ઈન ઈન્ડિયા

નિર્મલા સીતારમણ થોડો સમય પહેલાં મેકસિકોમાં એક ગ્લોબલ મંચ પરથી કહ્યું હતું કે ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ (આઈએમએફ)ના અંદાજ મુજબ ભારત ૬.૫ ટકાના દરે વિકાસ કરશે, જે ૭ ટકા સુધી પણ જઈ શકે છે. હાલ ભારત વિશ્વની ફાસ્ટેસ્ટ ગ્રૉઈંગ ઈકોનોમી છે. આ ગ્રોથરેટ સરેરાશ ગ્લોબલ ગ્રોથરેટ કરતાં બમણો છે. હવે ભારત ટેક્નૉલૉજીની દિશામાં વધુ ઝડપ સાથે આગળ વધવા માગે છે, જે માટે AI (આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ) પર જોર આપી રહ્યું છે. આ માટે ભારત 'મેક AI ઈન ઈન્ડિયા' અને 'AI વર્ક ફૉર ઇન્ડિયા'ના મિશન સાથે કામ કરી રહયું છે.

## રોજગાર સર્જન પર ભાર મૂકો

આર્થિક સમાનતાની વાત પર પાછા ફરીએ તો ભારત સરકાર ખેડૂતો, ગ્રામ્યજનો, ગરીબો-વંચિતોના વિકાસ અર્થે વિવિધ તેમ જ આર્થિક સુધારાના પ્રત્યેક કદમ આ દિશામાં વધી રહ્યું છે. સરકાર રોજગાર સર્જન માટે પ્રયાસ કરી રહી છે. કૉર્પોરેટસમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશિપ માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જોકે તેને કેવો સફળ પ્રતિભાવ મળે છે એ જોવું રહ્યું, બાકી સ્ટાર્ટઅપ્સ મારફત સરકાર પ્રોત્સાહન આપીને પણ રોજગાર સર્જન તેમ જ સાહસિકતાને પ્રમોટ કરવાનો પ્રયાસ કરી રહી છે.

## વર્તમાન વૈશ્વિક સંજોગ કેવા છે?

વૈશ્વિક સ્તરે હાલ માહોલ વધુ ને વધુ અનિશ્ચિતતા તરફ જતો હોવાનું જણાય છે. આર્થિક દૃષ્ટિએ પોતાને મજબૂત કરવા દરેક દેશ પોતાના પ્રયાસ કરી રહ્યા છે. ખાસ કરીને હાલ અમેરિકા પર સૌની વિશેષ નજર છે, ટ્રમ્પનું શાસન નવાં પરિમાણ સર્જે એવું જણાઈ રહ્યું છે.

બીજી બાજુ ચીન રિવાઈવલ-પુનરુત્થન માટે થનગની રહ્યું છે. રશિયાને પોતાની આગવી સમસ્યાઓ છે તો મિડલ ઈસ્ટના દેશો ગ્લોબલ સ્તરે પણ વધુ તનાવનું સર્જન કરી રહ્યા છે. આ બધાં વચ્ચે અનેક પડકારો વચ્ચે પણ ભારત પોતાની આર્થિક નીતિઓ સાથે આગળ વધી રહ્યું છે.

## પ્રજાને સ્વાવલંબી બનાવો...

હાલ મહારાષ્ટ્રમાં ચૂંટણીનો માહોલ છે ત્યારે દરેક પક્ષ પોતાને મત મળે એ માટે પ્રજાને આકર્ષવા જાત જાતની ઑફર સાથે વાયદા આપી રહ્યા છે, જેમાં આખરે તો સરકારી તિજોરીમાંથી જ એ નાણાં જવાનાં છે. આનાથી પ્રજા સ્વાવલંબી બનવાને બદલે પરાવલંબી બનશે.. આને બદલે સરકાર રોજગારસર્જન પર ભારે મૂકે અને સતત તેના ગંભીર પ્રયાસ ચાલુ રાખે એ પ્રજા અને દેશ બંનેના હિતમાં ગણાશે. આ વાત માત્ર મહારાષ્ટ્ર જ નહી, બલકે દરેક રાજ્યને લાગુ પડે છે. ખરા અર્થમાં વિકસિત રાષ્ટ્રની આ સાચી નિશાની છે. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# બાળકોએ મનોબળ વધુ મજબૂત બનાવ્યું



જીવનમાં ઘણી વાર કેટલાક નિર્ણયો આવેગમાં લેવાઈ જતા હોય છે. આવેગ શાંત પડ્યા પછી એ નિર્ણય ઉતાવળે લીધો અને ભૂલભરેલો હતો એવા વિચારો દિલ-દિમાગને ઘેરી વળતા હોય છે. ખૂબ મહેનત કરીને, પૈસા બચાવી જોગેશ્વરીમાં ઊભું કરેલું ઘર, પતિ (માસ્તર) સાથેનું સહજીવન અસહ્ય થઈ પડતાં તાત્કાલિક છોડી તો દીધું, પણ પછી એક ઘેરથી બીજે ઘર મારે જે રીતે રઝળપાટ કરવો પડી રહ્યો હતો એ જોઈ ઘર છોડવાની ઉતાવળ તો નથી કરી ને એવા વિચારો ઘેરી વળ્યા. જોકે, માસ્તર સાથે રહેવાથી જે પીડા ભોગવતી હતી એની સામે ઘર બદલવાની તકલીફ તો મામૂલી હતી. ભવિષ્યનું ઘડતર હવે આપબળે જ કરવાનું હતું. કોઈ પણ લક્ષ્ય જાતે આપણી સાથે નથી આવતું. રસ્તામાં અનેક મુશ્કેલીઓ-વિઘ્નો આવે, પણ એનાથી અકળાયા વિના, એમાં અટવાયા વિના આગળ વધતાં રહેવાથી સફળતા મળે જ. ઘર બદલતાં રહેવાનો શારીરિક થાક લાગતો હતો, પણ હું નાસીપાસ નહોતી થઈ.

જોગેશ્વરીનું પોતાનું ઘર છોડી ભાઈના ઘરે દહિસર ગઈ અને ત્યાંથી ઉચાળા ભરી વિલે પાર્લે ભાડાંના ઘરમાં રહેવા ગઈ. જોકે, ત્યાં પણ સમસ્યા ઊભી થતાં બહુ જલદી ઘર છોડવું પડ્યું. જુહુમાં દરિયાકિનારા નજીક એક સેનેટોરિયમ હતું (આજે છે કે નહીં એ હું નથી જાણતી) જ્યાં નજીવી રકમ ભરી ત્રણેક મહિના માટે રહેવા આપતા હતા. આજે આપણે જોઈએ છીએ એ મુંબઈ તો કૉન્ક્રિટ જંગલ છે. દેશી નાટક સમાજમાં હતી ત્યારે મોટી ઉંમરના કલાકાર-કસબીઓ પાસે સેનેટોરિયમ વિશે સાંભળેલી વાત જણાવું છું. વર્ષો પહેલાં જ્યારે મુંબઈ વિસ્તર્યું નહોતું ત્યારે તળ મુંબઈ (ચર્ચગેટ, કાલબાદેવી, ગિરગામ વગેરે)માં રહેતા લોકો, વિશેષ કરીને ગુજરાતીઓ વૅકેશન પડે ત્યારે હવાફેર કરવા કાંદિવલીના સેનેટોરિયમ જતા. વિચાર કરો કે એ મુંબઈ કેવું હશે જ્યારે કાંદિવલી હવાફેરનું સ્થળ ગણાતું. આજે તો પ્રદૂષણે એવી માઝા મૂકી છે કે મુંબઈના લોકો હવાફેર માટે લોનાવલા, માથેરાન - મહાબળેશ્વર કે પંચગિની ઊપડી જાય છે. જાણવા જેવી વાત એ છે કે આજની તારીખમાં પણ મુંબઈમાં છૂટાછવાયાં સેનેટોરિયમ છે ખરાં.

અલબત્ત સેનેટોરિયમમાં કંઈ બધાને રહેવા ન મળતું. માંદા-બીમાર અથવા વૃદ્ધજનો અરજી કરી રહેવા આવી શકતા હતા. આ સિવાય ભારે વરસાદ કે અન્ય કોઈ કારણસર કોઈ લોકો ઘરબાર વિનાના થઈ ગયા હોય એમને પણ આશારો મળી જતો હતો. મેડિકલ સર્ટિફિકેટ પણ આપવું પડતું જેમાં ડૉક્ટર સંબંધિત વ્યક્તિનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી એને માટે હવાફેર જરૂરી છે એવું લખી આપતા. બદલાયેલા વાતાવરણમાં પૂરતી સારવાર મળવાથી લોકો સાજા-નરવા થઈ ત્યાંથી નીકળી પોતાના ઘરે જતા રહેતા. મેં પણ અરજી કરી અને મેડિકલ સર્ટિફિકેટ સુદ્ધાં આપ્યું. જોકે, મને કોઈ કરતાં કોઈ માંદગી નહોતી, પણ મારી પાસે રહેવા માટે ઘર નહોતું. સદ્નસીબે બે મહિના માટે રહેવાની પરવાનગી તો મળી ગઈ. બે મહિના પૂરા થાય એ પહેલાં વધુ એક મહિનો રોકાણ લંબાવવા માટે વિનંતી કરી શકાતી હતી. સંચાલકને કારણ યોગ્ય લાગે તો વધુ એક મહિનો રહેવાની છૂટ આપવામાં આવતી હતી. એટલે ત્રણ મહિના પૂરતો તો માથા પરના છાપરાનો પ્રૉબ્લેમ સોલ્વ થઈ ગયો. બાળકો અને બોરિયા-બિસ્તરાં લઈ પહોંચી ગઈ જુહુ સેનેટોરિયમ. બાળકોને ખબર પડી કે નજીકમાં જ દરિયો છે તો એકદમ આનંદમાં આવી ગયાં. મને કહેવા લાગ્યાં કે 'આઈ, આતા આપણ હે ઘર બદલાયચં નાહી. (મમ્મી, હવે અહીંથી ઘર નથી બદલવું.) નજીકમાં કેવો સુંદર દરિયાકિનારો છે.' એમની નિર્દોષતા, એમનું ભોળપણ જોઈ હું હસી પડી. એમનો ઉત્સાહ ટકાવી રાખવા માટે 'સારું. હવે આપણે અહીં જ રહેશું' એમ કહ્યું. અંદરખાને હું જાણતી હતી કે ત્રણ મહિના પછી કાં તો બીજું ભાડાંનું ઘર શોધી કાઢવું પડશે અથવા બીજા સેનેટોરિયમ માટે કોશિશ કરવી પડશે.

એક સમી સાંજે હું બાળકોને દરિયા કિનારે ફરવા લઈ ગઈ. ખુશનુમા દિવસ હતો. બાળકો રેતીમાં રમવા લાગ્યાં. નજીકમાં બીજાં બાળકો રેતીનો કિલ્લો બનાવી રહ્યાં હતાં એ જોઈ તેમને પણ ઇચ્છા થઈ આવી. પહેલાં ક્યારેય આવી કોશિશ નહોતી કરી, પણ પોતાની ઉંમરનાં જ અન્ય બાળકોને જોઈ તેમનો ઉત્સાહ વધી ગયો અને મહેનત કરી કિલ્લો તો નહીં, પણ એક નાનકડું ઘર બનાવી નાખ્યું. એ બંધાઈ ગયા પછી તેમના ચહેરા પર જે આનંદનો સાગર દેખાયો એમાં મેં મનોમન ડૂબકી મારી લીધી. 'કેવું લાગે છે?' એવા સવાલમાં મેં કહ્યું કે 'છાન' (છાન એટલે સુંદર) અને એ સાંભળી બાળકો જે મલકાયાં એ દૃશ્ય મારા માનસપટ પર અંકિત થઈ ગયું. જીવનમાં રહેલી વિષમતાઓ થોડી વાર માટે ઓગળી ગઈ. બાળકોના સહવાસમાં પરિસ્થિતિ સામે લડી લેવાનું મનોબળ વધુ મજબૂત બન્યું. એ દિવસ પછી જ્યારે પણ હું દરિયાકિનારે ગઈ છું, ખિલખિલાટ કરતાં મારાં બાળકોના ચહેરા મારી આંખો સામે તરવરવા લાગે છે અને મારામાં ગજબના ઉત્સાહનો સંચાર થાય છે.

ખુશખુશાલ બાળકો મારી આંગળી પકડી દરિયાનાં પાણીમાં છબછબિયાં કરવા જવા માટે કહેવા લાગ્યાં. મને પણ મારું બાળપણ યાદ આવી ગયું. 'સુજાતા'ના ગીતની પંક્તિઓમાં મારા કાનમાં ગુંજવા લાગી 'બચપન કે દિન ભી ક્યા દિન થે, ઊડતે ફિરતે તિતલી બન'... દરિયાકિનારા પર બાળકો સાથે વિતાવેલી એ સાંજ મને બહુ હિંમત આપી ગઈ. ભરતી અને ઓટ તો દરિયામાં કાયમ થયા કરે, પણ એનાથી દરિયાની વિશાળતા ઓછી નથી થઈ જતી. સંધ્યાકાળ થવા આવી હતી અને ડૂબી રહેલો સૂરજ આવતી કાલે સવારે ફરી પ્રકાશ પાથરવા આવવાનો છે એની હૈયાધારણ આપતો ગયો. ■


## 'ભટનું ભોપાળું': કન્યાવિક્રયનાં દૂષણનું નાટક


વિદેશી નાટકોથી પ્રભાવિત થઈ ગુજરાતીમાં અનેક નાટ્ય રૂપાંતર થયાં હતાં અને ભજવાયાં સુદ્ધાં હતાં. દલપતરામે ઈ. સ. પૂર્વે ૩૮૮માં પ્રાચીન ગ્રીક ભાષામાં લખાયેલાં અને પછી અંગ્રેજીમાં અનુવાદ થયેલાં 'પ્લુટસ' નાટક પરથી 'લક્ષ્મી' નામનું નાટક આપ્યું હતું. અમદાવાદની લોકપ્રિય નાટ્યસંસ્થા જવનિકાનું સર્વપ્રથમ નાટક હતું જ્યોર્જ બર્નાર્ડ શોના 'ડેવિલ્સ ડિસાઇપલ' ઉપરથી નિરંજન ભગત અને શશિકાન્ત નાણાવટીએ મળીને રૂપાંતર કરેલું 'શયતાનનો સાથી'. કવિ, નાટ્યકાર અને વિવેચક તરીકે આદર અને પ્રતિષ્ઠા મેળવનારા નવલરામ પંડ્યાએ 'ભટનું ભોપાળું' અને 'વીરમતી' એ બે મહત્ત્વનાં નાટક આપ્યાં. 'ભટનું ભોપાળું' (૧૮૬૭) બ્રિટિશ મૅજિસ્ટ્રેટ અને લેખક હેન્રી ફિલ્ડિંગનાં અંગ્રેજી નાટક 'ધ મોક ડૉક્ટર' (૧૭૩૨) પર આધારિત હતું. જોકે, મિસ્ટર ફિલ્ડિંગનું નાટક ફ્રેન્ચ નાટ્યકાર મોલિયરના પ્રહસન (૧૬૬૬)નું રૂપાંતર હતું. ફ્રેન્ચ અને અંગ્રેજી રૂપાંતરનું હાર્દ જાળવી નવલરામે કન્યાવિક્રય જેવા દૂષણને ઉઘાડું પાડવાના આશયે 'ભટનું ભોપાળું' લખ્યું હતું. સમકાલીન સમસ્યા સાથે તાલ મેળવી નાટક ધારી અસર ઉપસાવવામાં સફળ રહ્યું હતું. વયોવૃદ્ધ સાથે એક કન્યાને પરણાવવાનો પેંતરો નિષ્ફળ બનાવી કન્યાને તેના પ્રિય પાત્ર સાથે પરણાવવાનો નાટ્યકારનો આશય છે. ૧૯મી સદીમાં પૈસા માટે કુમળી કન્યાને વૃદ્ધ સાથે પરણાવી દેવાની કુપ્રથા ફેલાયેલી હતી. કજોડાને કેન્દ્રમાં રાખી અન્ય ભાષામાં પણ નાટક ભજવાયાં હતાં. *(સંકલન)*

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# હિન્દી ફિલ્મો ભારતીય સંસ્કૃતિનો ભાગ છે તો એને તકલાદી ન થવા દો!




વિદેશની કૉલેજો કે સ્કૂલોમાં ભારતને ઓળખવા માટે જો ક્રેશ કોર્સ કરવો હોય તો થોડીક હિન્દી ફિલ્મો જોઈ લેવી જોઈએ એવી સલાહ અમુક પ્રૉફેસરો આપતા હોય છે.

હવે આપણી હિન્દી ફિલ્મોનો વર્તમાન જોઈએ. અમુક ભોળા ને થોડા મહેનતુ મિત્રો 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભૂલૈયા-૩'નો રિવ્યૂ કરે છે. સિંઘમ ને સિંબા યુનિવર્સમાં આ ખૂબી છે ને આ ત્રુટિ છે. અહીં પહેલા બે ભાગ જેવું મ્યુઝિક નથી અને સ્ટાર કાસ્ટનો શંભુમેળો કર્યો છે એટલે થોડી મનોરંજક છે અને અર્જુન કપૂરે આશ્ચર્ય આપતાં સારું પર્ફોર્મ કર્યું છે, વગેરે, વગેરે, વગેરે.

બીજા વધુ ગંભીર ચાહકો (સમીક્ષકનાં ચશ્માં ચડાવીને!) લેટેસ્ટ 'ભૂલભૂલૈયા'નું પૃથક્કરણ કરવા બેઠા. અક્ષય કુમાર જેવી મજા નથી આવતી ને મ્યુઝિક તો સાવ નિરસ છે ને વિદ્યા-માધુરીનો ડાન્સ ને... અરે ભાઈ સાહેબ, સાઉથની ફિલ્મોની ફર્સ્ટ કૉપીની પણ પંદરમી ઝેરોક્સ જેવી ફિલ્મો રિવ્યૂ-એબલ જ નથી કારણ કે આ બધી ફિલ્મો નથી, તે પૈસા કમાવવા માટેની પ્રૉડક્ટ માત્ર છે. તે લોકો હવે સિનેમા નથી બનાવી રહ્યા, તે લોકો સિઝનલ સ્ટોર નાખીને બેઠા છે.

એ દિવસ દૂર નથી કે ભારતીય ફિલ્મો, એમાં પણ હવે આવી રહેલી હિન્દી ફિલ્મોને ચાઇનીઝ રમકડાં સાથે સરખાવવાનું શરૂ થઈ જાય. ચાઈનાના માલની ઈજ્જત વૈશ્વિક માર્કેટમાં ડૂલ થઈ જતાં એ લોકો પણ શરમાઈને પાછલા બારણેથી પોતાનો નવો માલ બનાવીને વેચે છે, પણ હિન્દી ફિલ્મના ઘણા નિર્માતાઓ એવી શરમ પણ અનુભવતા નથી, કારણ કે એ લોકોને ખિસ્સાં ભરવાં હોય છે. પહેલાંની પિકચરો ફિલ્મ હતી. તેમાં સિનેમાની આર્ટ પ્રત્યેનું થોડું સમર્પણ ને સગપણ રહેતું. પછી એવો સમય આવ્યો કે ફિલ્મો નિર્માતાઓ માટે એક પ્રૉજેક્ટ જેવી રહેતી. એક પ્રૉજેક્ટ પૂરો થાય પછી બીજો પ્રૉજેક્ટ. હવે ફિલ્મ કારની એસેમ્બલી લાઈનની માત્ર પ્રૉડક્ટ બનીને રહી ગઈ છે. એક સફળ નીવડેલી ફૉર્મ્યુલાનાં બીબાં બનાવીને છાપવામાં આવતાં કાટલાં જેવી એ બની ગઈ છે. ફિલ્મ એટલે એમને મન તહેવાર ટાણે કમાઈ આપે એવું એક માધ્યમ. આવો અભિગમ રાખીને ફિલ્મ બનાવનારાઓ અને મેળામાં આઈસ્ક્રીમનો સ્ટૉલ નાખનારાઓમાં ફરક એટલો હોય છે કે સ્ટૉલધારક દર વર્ષે પાંચ નવી ફ્લેવર લઈને આવે છે.

**હિન્દી ફિલ્મ ઉદ્યોગ પાસે પોતાની સારી વાર્તાઓ ન હોવાથી સાઉથની ફિલ્મોના રાઇટ્સ લઈને બેઠેબેઠી કૉપી ફિલ્મો છાપવાનું શરૂ કર્યું**

થોડા સમયમાં રિલીઝ થયેલી મેનસ્ટ્રીમ ફિલ્મો કઈ? 'કરણ-અર્જુન' ફરીથી રિલીઝ થઈ રહી છે. દસ વર્ષ કરતાં વધુ જૂની 'લૈલા મજનુ' હવે જુએ છે લોકો. 'તુંબાડ' રિલીઝ થઈ હતી ત્યારે કોઈ જોવા ન ગયા અને હવે ઇન્સ્ટાગ્રામનાં છોકરડાઓ 'તુંબાડ' જોઈને પ્રભાવિત થઈ જાય છે અને એ 'ઓસ્કાર-લાયક' ફિલ્મ છે એવી કમેન્ટ કરે છે. 'રોકસ્ટાર' તો ત્યારે પણ વખણાયેલી અને હજુ લોકો થિયેટરમાં જોવા જાય છે. ટૂંકમાં જૂની જૂની હિટ થયેલી એવરગ્રીન ફિલ્મો રી-રિલીઝ થાય છે. કેમ? કારણ કે વર્તમાન સમયમાં ફિલ્મ નિર્માતાઓ પાસે દર્શકોને દેખાડવા જેવી કોઈ દમદાર ફિલ્મો જ નથી.

પહેલાં ફિલ્મોની સિરીઝ બનતી નહીં. હૉલિવૂડ પાસેથી એ શીખીને ફિલ્મના એક - બે - ત્રણ ભાગ બનાવવાનું શરૂ કર્યું. હિન્દી ફિલ્મ ઉદ્યોગ પાસે પોતાની સારી વાર્તાઓ ન હોવાથી સાઉથની ફિલ્મોના રાઇટ્સ લઈને બેઠેબેઠી કૉપી ફિલ્મો છાપવાનું શરૂ કર્યું. સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના માંધાતાઓ એકસાથે તમિલ / હિન્દી / તેલુગુ વર્ઝન રિલીઝ કરવા માંડ્યા અને મુંબઈ - ચેન્નાઇ - કોચી ખાતેના પ્રૉડક્શન હાઉસ એકબીજાં સાથે હાથ મિલાવીને સંગાથે બિઝનેસ કરવા લાગ્યા. હવે સાઉથની ફિલ્મની રિ-મેકના પણ ત્રણ-ત્રણ ચાર-ચાર ભાગ બને છે ને તહેવાર ઉપર રિલીઝ કરે છે! વાર્તાથી લઈને ડાયલોગ સુધી, મ્યુઝિકથી લઈને સિનેમેટિક તત્ત્વ સુધી એક પણ જગ્યાએ કંઈ ભલીવાર હોતો નથી, પણ ફિલ્મમાં રોક્યા હતા એનાથી વધુ પૈસા પરત મળી જાય એટલે ભયો ભયો.

પહેલાં જેટલી સંખ્યામાં ફિલ્મો બનતી એટલી સંખ્યામાં તો હવે ફિલ્મો બનતી નથી. એક સમયે ગોવિંદા પચાસ - સાઠ ફિલ્મો એકસાથે સાઈન કરીને બેસતો. હવે નવા સ્ટારની આખી કરિઅરમાં માંડ પંદર-વીસ ફિલ્મો ટોટલ હોય છે એટલે જે પણ ફિલ્મ આવે તેમાંથી ઢગલો પૈસા કમાઈ લેવાની કુ-વૃત્તિ પ્રવેશે છે, જે ભારતીય ફિલ્મ જગતને બદનામ કરે છે.

'લાપતા લેડીઝ' કે 'ટ્વેલ્થ ફેલ' જેવાં ઉદાહરણ માત્ર અપવાદ હોય છે. સારું કન્ટેન્ટ ઑનલાઇન પ્લૅટફૉર્મ ઉપર આવી જાય છે. પૈસા દઈને થિયેટરમાં જોવું પડે એવું કન્ટેન્ટ-વાર્તાવસ્તુ દર્શકોને ટેકન ફૉર ગ્રાન્ટેડ લે છે. કે. આસિફ 'મુગલે આઝમ'ની અભૂતપૂર્વ સફળતા પછી એનો બીજો ભાગ બનાવે તો એ ભારતીય પ્રેક્ષકગણનું અપમાન કહેવાય અને આમ જે જે સર્જકો પોતાની ભૂતપૂર્વ સફળતાની રોકડી કરવા ગયા છે એ પીટાઈ ગયા છે. ઉદાહરણ તરીકે, 'શોલે' બનાવનાર સિપ્પી સાહેબની પાછળથી આવેલી ફિલ્મ 'શાન'નો ધબડકો થયો. સલીમ-જાવેદની ડૉક્યુમેન્ટરી સિરીઝ ઘણી જોવામાં આવી. એ પેરેલલ કે આર્ટ ફિલ્મો ન લખતા. કૉમર્શિયલ લોકભોગ્ય ફિલ્મો જ લખતા, પણ એમાં પ્રયોગ કરવાની હિંમત હતી, એમને મળતા પ્રૉડ્યુસરોમાં પણ રહેતી. 'ઝંઝીર'માં અમિતાભ બચ્ચન પાસે ડાન્સ કે કૉમેડી નથી કરાવતા એ લોકો. દર્શકોને નવું જોવાની, નવું-સારું સ્વીકારવાની ટેવ પાડવી પડે. તેના માટે પેશન-ઝનૂન જોઈએ, પણ સિનેમા માટે હવે પેશન નથી, માત્ર ધનલાલસા છે. પહેલાંના સર્જકો પણ પૈસા કમાતા, પણ પોતાનામાં વિશ્વાસ રહેતો કે મારી એક નહી તો બીજી ને બીજી નહી તો ત્રીજી ફિલ્મ સફળ થશે, પણ હું બનાવીશ મારી શરતો પર.

બીજી બીજુ હવેની મોટા ભાગની ફિલ્મો બહુ બાષ્પશીલ આવે છે. તરત ભુલાઈ જાય એવી. ઠંડા ભજિયાનું કોઈ લેવાલ નથી હોતું.

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીનાં ઘણાં છાપેલાં કાટલાં ડરી ગયાં છે - આત્મવિશ્વાસ ગુમાવીને બેઠા છે. ઓટીટી પ્લૅટફૉર્મ અને ઇન્સ્ટાગ્રામની રીલે જે સ્તર ઉપર પ્રજાને મનોરંજન આપવાનું શરૂ કર્યું છે તેનાથી એ બધા હબકી ગયા છે. કાયરની જેમ એકના એક શેરડીના સાંઠાને ફરી ફરીથી નીચોવ્યા રાખે છે. લેખકોને પૂરતું માન મળતું નથી. ઇન્ડસ્ટ્રીનાં પોતાનાં બીજાં દૂષણો વધી રહ્યાં છે. સિનેમા નામની આર્ટ માટે ગંભીર હોય તેવા પ્રૉફેશનલની સંખ્યા ઘટતી જાય છે. ભારતીય અને એમાં પણ હિન્દી ફિલ્મોનો હ્રાસ થઈ રહ્યો છે. મેનસ્ટ્રીમ ફિલ્મોના નામે નાહી નાખવાનું બાકી રહ્યું છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડ રિચ્યુઅલ્સ વધારે છે બ્રાન્ડની વફાદારી

**ચોક્કસ બ્રાન્ડની બિસ્કિટ કઈ રીતે ખાવી તે દર્શાવીને એ બ્રાન્ડે બાળકોને આકર્ષ્યાં...**



'બ્રાન્ડને એક વ્યક્તિ તરીકે જોવી' એવું આપણે સાંભળ્યું છે. આ કારણે વ્યક્તિ સાથે બ્રાન્ડ પોતાને સરખાવી જે જે વાત વ્યક્તિ કરે તેમાંથી શીખ લઇ પોતે આગળ વધી શકે છે. સાદા શબ્દોમાં આને સમજવું હોય તો બ્રાન્ડ તે વાત કરે છે જે ગ્રાહકને પોતીકી લાગે. બ્રાન્ડ પોતાની એક પર્સનાલિટી બનાવે, મૂલ્ય સ્થાપિત કરે, પોતાનો એક ટોન સેટ કરે, વગેરે. બ્રાન્ડ પણ માનવજીવનની અમુક રીતિ-નીતિ અપનાવી શકે. જેમ આપણે રિચ્યુઅલ્સ અર્થાત્ વિધિઓને પ્રાધાન્ય આપીએ છીએ. એને ચોક્કસ રીતે કરીએ છીએ. (ઉદાહરણ તરીકે ફેરફાર કર્યા વગર જે વિધિવત પૂજા કરીએ છીએ) એમ આપણે જે રોજિંદો ક્રમ કરીએ છીએ અને જો આમાં કંઈ બધા આવે તો આપણે ડિસ્ટર્બ થઇ જઇએ. રેસ્ટોરન્ટમાં જમવા જઇએ તો સ્ટાર્ટરથી લઈને ડેઝર્ટ સુધી બધું મંગાવીએ. જરૂર હોય કે ના હોય, ભૂખ લાગી હોય કે ના હોય, ઈચ્છા કદાચ સૂપ પીવાની ના હોય તો પણ આપણે તે જ રીતે ખાવાનો ક્રમ જાળવશું.

પિક્ચર જોવા જઇએ એટલે પોપકોર્ન તો ખાવા પડે... આ બધું શું છે? આ બધી ક્રિયા- વિધિ અંગ્રેજીમાં 'રિચ્યુઅલ્સ' કહે છે. એને સમજવા આપણે તેને રીતિ -રિવાજ નામ આપીએ છીએ.

વર્ષો પહેલાં લગ્નમાં સંગીત, બેચલર પાર્ટી, કલર થીમ, ડેસ્ટિનેશન વેડિંગ, મેહંદી ,ઈત્યાદિ રીત-રિવાજો નહોતા, પણ અમુક બ્રાન્ડસ અને બોલીવૂડની ફિલ્મો આ બધું આપણા જીવનમાં લઈ આવ્યું. આ વાત આજે રિવાજનું રૂપ લઇ રહી છે. કહેવાનું તાત્પર્ય તે છે કે, જેમ બ્રાન્ડ આપણા જીવનમાંથી રિવાજો જોઈ તે પ્રમાણે વર્તે છે અને પોતે પણ અમુક રિવાજો અથવા રિચ્યુઅલ્સ આપણા જીવનમાં લાવે છે.આવી બ્રાન્ડ રિચ્યુઅલ્સ જો એકવાર આ વાત મગજમાં બેસી જાય તો તેને કાઢવી મુશ્કેલ છે. આ તમારા સબ કોન્સિયસ -સુષુપ્ત મનનો ભાગ બની જાય છે અને તમે જાણતા-અજાણતા એની વાતો કરવા માંડો છો.

બ્રાન્ડ રિચ્યુઅલ્સને આપણે રીત-રિવાજો, વર્તન, આદતો જેવી વાતો સાથે સાંકળી શકીએ. જ્યારે બ્રાન્ડ આવી રિચ્યુઅલ્સનો સહારો લે છે ત્યારે તે બ્રાન્ડની વફાદારી અને બ્રાન્ડ તરફ આકર્ષણ વધારે છે. આને સમજવા માટે અમુક ઉદાહરણ જોઈએ તો એક ચોક્ક્સ બ્રાન્ડની બિસ્કિટ કેવી રીતે ખાવી તે બતાવ્યું છે - એને ટ્વિસ્ટ કરો, લીક કરો અને દૂધમાં ડીપ કરી ખાવ.

બાળકોને બિસ્કિટ ભાવે અને બજારમાં ઘણી બિસ્કિટો ઉપલબ્ધ છે, પણ આ ચોક્કસ બ્રાન્ડની બિસ્કિટ કઈ રીતે ખાવી તે દર્શાવીને એ બ્રાન્ડે બાળકોને આકર્ષ્યાં...એવું જ ચોકલેટનુંય છે. એક બ્રાન્ડે લોકોને રેપર કેવી રીતે તોડી ટુકડા કેવી રીતે કરવા તે દેખાડયું ને લોકો તે રીતે ખાતા થઇ ગયા...! આ જ રીતે, એક બિયર બ્રાન્ડે લીંબુ સાથે પીવાની આદત પાડી, એક સૂપે કહ્યું સાંજે ચાર વાગ્યાની નાની ભૂખ માટે અમે છીએ. તો એક બ્રાન્ડના નુડલ્સે કહ્યું કે એ બે મિનિટમાં તૈયાર થઇ જશે.... ઈત્યાદિ, ઈત્યાદિ. આવું જ કારની બ્રાન્ડનું છે. લોન્ગ ડ્રાઈવે જવા માટે SUV જોઈએ અને નહીં કે નાની કે સેડાન કાર....

આમ રિચ્યુઅલ્સ ગ્રાહકના મનમાં પોતાની જગ્યા આવી આદત, વર્તણૂક, રિવાજ દ્વારા બનાવે છે. બ્રાન્ડ રિચ્યુઅલ બનાવવા શું ધ્યાનમાં રાખવું ? સૌપ્રથમ તમારા પ્રેક્ષક-ભાવી ગ્રાહકોને ધ્યાનમાં રાખી તેને બનાવો.ઉદાહરણ તરીકે, એક બ્રાન્ડના બિસ્કિટે બાળકોને ધ્યાનમાં રાખી ખાવાની રીત બનાવી. બીજુ, તેને દિવસના સમય સાથે સાંધો. (ઉદાહરણ તરીકે એક બ્રાન્ડનું સૂપ ) ત્રીજું; તેને તમારી બ્રાન્ડ સાથે સાંકળો, કારણ કે કોઈ પણ તેવું જ પ્રોડક્ટ વાપરી શકે. આગળ જતા તેને એવું બનાવો જેથી લોકોને તે વારંવાર વાપરતા કંટાળો ના આવે. તમે જે બનાવ્યું છે તેને તમારી જાહેરાત દ્વારા લોકોને જાણ કરો. એ જાહેરાત રસપ્રદ બનાવો જેથી તમે જે બનાવ્યું છે તેને વાપરવા લોકોને મન થાય.

આમ બ્રાન્ડ રિચ્યુઅલ્સ ન ફક્ત બ્રાન્ડનું વેચાણ, લોયલ્ટિ, વેલ્યુ વધારે છે પણ સાથે સાથે ગ્રાહકો એને અન્ય લોકોને એ બ્રાન્ડની ભલામણ કરવા પ્રેરિત પણ કરે. અહીં સૌથી મહત્ત્વની વાત એ છે કે આજના સ્પર્ધાત્મક યુગમાં જયારે બ્રાન્ડની USP જાણવી મુશ્કેલ છે ત્યારે આવા રીત રિવાજ, વર્તન, આદત બ્રાન્ડને પ્રતિસ્પર્ધીથી અલગ તારવે છે અને તે USP નું કામ કરે છે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અધોવહિયા, કિરમજવાળા ને ખમાર



ગુજરાત વિદ્યાસભા (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી)એ ગુજરાતી ભાષા માટે નોંધપાત્ર કામ કર્યું છે. ભાષા સંશોધનમાં આદરેલી વિવિધ પ્રવૃત્તિમાં એક હતી ગુજરાતી અટકો વિશે સંશોધન. વિદ્વાન રસિકલાલ છોટાલાલ પરીખ સંસ્થાના સંશોધન વિભાગના અધ્યક્ષપદ પર નિમાયા ત્યારે તેમણે વિવિધ અટકો અંગે ખાંખાંખોળાં કરી ઘણી માહિતી એકઠી કરી હતી. એમની જહેમત વધુ લોકો સુધી પહોંચાડવાના આશય સાથે ઓછી જાણીતી અને અસામાન્ય અટકો અંગેની રસપ્રદ જાણકારી પ્રસ્તુત છે.

અધોવહિયા અટક મુખ્યત્વે પાટીદાર કોમમાં જોવા મળે છે. જવલ્લે જ સાંભળવા મળતી આ અટક વ્યવસાયલક્ષી છે. આ અટક અધવાયું શબ્દ પરથી અસ્તિત્વમાં આવી છે. અધવાયો એટલે ઢોરનો વેપાર કરનારો કે ભાડે ગાડાં ફેરવનારો માણસ. કાળક્રમે આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો અધોવહિયા તરીકે ઓળખાવા લાગ્યા. કિરમજવાળા પણ ઓછી પ્રચલિત અટક છે.

આ અટકનું મૂળ કિરમજ શબ્દ સાથે જોડાયેલું છે. કિરમજ કીડાની એક જાત છે. આ કીડાઓને વાસણમાં એકઠા કરી નીચેથી ગરમી આપવાથી બધા મરી જાય છે. કીડાની માદાના મૃત શરીરના ખોખામાંથી રંગ નીકળે છે. આ કીડાનાં ખોખાં કિરમજ કહેવાય છે અને એમાંથી કિરમજી રંગ (ઘેરો લાલ રંગ) તૈયાર થાય છે. આ રંગ વેચવાવાળા કીરમજવાળા કહેવાયા. આવી જ એક અસામાન્ય અટક છે, સોના-રૂપાની પરીક્ષા કરી તેનું મૂલ્ય આંકનારા રેસોટિયા કહેવાય છે. એટલે એ વ્યવસાય અપનાવનારા પછી રેસોટિયા તરીકે ઓળખાવા લાગ્યા. આપણી ભાષાનો ઓછો જાણીતો શબ્દ છે કંપાણ. આનો એક અર્થ થાય છે મોટી અને ભારેખમ વસ્તુ જોખવા માટે ધાતુનો બનેલો કાંટો, તુલા અથવા ત્રાજવું. કંપાણથી જોખવાનું કામ કે ધંધો કરતો માણસ કંપાણવાળા તરીકે ઓળખાવા લાગ્યો. આ અટક કાળક્રમે કંપાણી બની ગઈ.

ખમાર અટક પણ વ્યવસાયલક્ષી છે. ગુજરાતી ભાષાના કવિ પદ્મનાભે રાજસ્થાનના જાલોર જિલ્લામાં સોમગિરા કાન્હડદે ચૌહાણે અલાઉદ્દીન ખિલજીનો જે રીતે પ્રબળ સામનો કર્યો એનું યશોદાયી રસમય વર્ણન કર્યું છે. લશ્કરના વર્ણનમાં ખમાર શબ્દ વપરાયો છે. કવિએ વર્ણન કરતાં લખ્યું છે કે 'કાવડિયા દારૂ લઈ ચાલે, ભાઠી વહે ખમાર, સહસ્ર પાંચ ચાલે ભઠિયારા, ઘાટઘડા લોહાર.' ભાઠી એટલે દારૂની ભઠ્ઠી કે દારૂ ગાળવાનું વાસણ. ખમાર એટલે દારૂ ગાળવાનું કામ કરતી વ્યક્તિ. એના પરથી આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની અટક ખમાર પડી હોવાનું માનવામાં આવે છે.

ENગ્લિશ વિંGLISH

## NAME - SURNAME IDIOMS

ગયા હપ્તામાં આપણે એશિયાના બે દેશ ચીન અને કોરિયાના લોકોની અટકની લાક્ષણિકતાથી પરિચિત થયા. દુનિયાના એક કરોડથી વધુ લોકોની અટક વાંગ છે એ જાણ્યું. આજે આપણે ૪૪ દેશનો સમૂહ એવા યુરોપ ખંડના રહેવાસીઓમાં કઈ અટક (સરનેમ) વધુ જાણીતી છે એનાથી વાકેફ થઈએ. 5 Most Common Last Names in Europe are Garcia, Martin, Muller, Rodrigues and Fernandez. યુરોપિયન લોકોમાં જોવા મળતી સૌથી વધુ પ્રચલિત પાંચ અટક છે ગાર્શિયા, માર્ટિન, મુલર, રોડ્રિગ્સ અને ફર્નાન્ડિઝ. આ પાંચમાં પહેલે નંબરે બિરાજે છે ગાર્શિયા. ૧૭ લાખ યુરોપિયન લોકો આ અટક ધરાવે છે અને આ અટકધારી સૌથી વધુ લોકો સ્પેનમાં જોવા મળે છે. યુરોપની બીજા નંબરની લોકપ્રિય અટક છે મુલર. Muller (a German occupational surname similar to the English version, Miller) is the most popular surname in many German-speaking countries. મુલર અટક મુખ્યત્વે જર્મનીમાં જોવા મળે છે. અંગ્રેજી અટક મિલરનું જર્મન સ્વરૂપ છે. મકાઈ અથવા ઘઉં જેવા અનાજને દળીને લોટ બનાવવા માટે મિલ ચલાવતા લોકોએ મિલર તરીકે ઓળખ મેળવી હતી. મિલરો કૃષિ વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન ધરાવતા હતા. In Spain Muller becomes Molina and in Ukraine it becomes Melnik. આ બંને દેશમાં મિલર-મુલર અટક અન્ય સ્વરૂપમાં પ્રચલિત થવાનું કારણ એ છે કે અહીં અનાજ ઉત્પાદન મોટે પાયે થાય છે અને અનાજ દળવાનો વ્યવસાય કરતા લોકોની સંખ્યા ખાસ્સી હોવાથી આ અટકધારી મોટી સંખ્યામાં જોવા મળે છે. The Martin surname is the most common last name in France and one of the most common in Spain. માર્ટિન અટક સૌથી વધુ ફ્રાન્સમાં જોવા મળે છે અને સ્પેનમાં પણ આ અટક ધરાવતા લોકોની સંખ્યા ખાસ્સી છે. આ અટક માર્ટિન નામ પરથી પડી છે. Rodrigues surname is common in Portugal, Spain and also seen in India. રોડ્રિગ્સ અટક પોર્ટુગલ, સ્પેન ઉપરાંત ભારતમાં વિશેષ કરી ગોવાના કેથલિક લોકોમાં જોવા મળે છે. ૧૫૧૦થી ૧૯૬૧ સુધી ગોવા પોર્ટુગીઝ સંસ્થાન હોવાથી આ અટક જોવા મળે છે. The surname Fernandez is common in Spanish-speaking countries and is also found in southern Italy and Portugal. ફર્નાન્ડિસ અટક સ્પેનિશ ભાષા બોલાતા દેશો ઉપરાંત દક્ષિણ ઈટલી, પોર્ટુગલ અને આપણે ત્યાં ગોવામાં જોવા મળે છે. ગોવામાં રોડ્રિગ્સ અટકની હાજરીનું કારણ ફર્નાન્ડિસને પણ લાગુ પડે છે.



સગ્ગી बहिण

## आडनावचा आनंद

પહેલાં બૉમ્બે સ્ટેટ હતું અને પહેલી મે, ૧૯૬૦ના દિવસે મહારાષ્ટ્ર અને ગુજરાત સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવ્યાં. મરાઠી ભાષિકોની અટકની પણ લાક્ષણિકતા હોય છે. પ્રજા સ્વભાવે ગુજરાતીઓ જેવી રંગીન નહીં, પણ એમની અટકમાં ઘણા રંગ છલકાતા હોય છે. **काळे, गोरे, पांढरे, काळभोर, हिरवे, पिवळे, ढवळे, सावळे** એ જાણીતી રંગીન મરાઠી અટકો છે. કાળે અને ગોરે એટલે કાળા - ધોળા. પાંઢરે એટલે શ્વેત - શુભ્ર કે સફેદ. કાળભોર એટલે અત્યંત શ્યામવર્ણી, કાળું ડિબાંગ. આ અટક પુણે જિલ્લામાં જ ખાસ કરીને જોવા મળે છે. હિરવે એટલે લીલા રંગનું અને પિવળે એટલે પીળા રંગનું. ઢવળે - સાવળે અટક પણ શ્વેત - શ્યામ સૂચક જ છે. મરાઠી પ્રજા શારીરિક રીતે ખડતલ પ્રજા છે. તેમનું શારીરિક બંધારણ મજબૂત હોય છે. એટલે જ કદાચ તેમની અટકોમાં મેટલ એટલે કે ધાતુના નામ જોવા મળે છે. **पितळे, तांबे, लोखंडे, सोनार, रत्नपारखी, हिरेखण** એ જાણીતી મેટલ સરનેમ છે. આવી અટક ધરાવતા લોકોને રમૂજમાં 'મેટાલિક મહારાષ્ટ્રીયન' કહેવામાં આવે છે. અટક જેવા ગુણ હોય એ જરૂરી નથી. પિતળે (પિત્તળ) અટકધારી માણસ વ્યવહારમાં - સંબંધમાં સોના જેવો મૂલ્યવાન સાબિત થાય અને સોનાર (સોની) અટકધારી સાવ પિત્તળ (મામૂલી) સાબિત થાય એવું પણ બની શકે. **केसकर - टकले** બંને વિરોધાભાસી અટક છે. મરાઠીમાં કેસ એટલે વાળ અને આ વાળ વાંકડિયા હોય કે સીધા હોય કે દરિયાના મોજા જેવા વેવી પણ હોઈ શકે છે. ટકલે એટલે ટાલિયા. જોકે, ટકલે અટક ધરાવતી વ્યક્તિના માથા પર કાળા ભમ્મર વાળ હોય અને મિસ્ટર કેસકરના માથા પરના વાળ ગણી શકાતા હોય એવી પરિસ્થિતિ પણ હોઈ શકે છે.

राष्ट्र भाषा

## नगरों के उपनाम

શહેરની અદ્વિતીય ભૌગોલિક સ્થિતિ, નૈસર્ગિક સૌંદર્ય, ધમધમતા ઉદ્યોગો, કૃષિ ઉત્પાદનોની લાક્ષણિકતા જેવી બાબતો શહેરને ઉપનામ બક્ષવામાં નિમિત્ત બને છે. આજે સૌપ્રથમ જાણીએ ઉત્તર પ્રદેશના કનૌજ શહેર વિશે. **कन्नौज में इत्र उत्पादन की भूमिका के कारण, शहर को 'भारत की इत्र राजधानी' के रूप में जाना जाता है। कन्नौज हजारों वर्षों से देश का इत्र शहर रहा है। ऐसा भी कहा जाता है कि कन्नौज भारत के लिए वैसा ही है जैसा ग्रास फ्रांस के लिए है।** યુપીનું આ શહેર મઘમઘતા શહેર તરીકે પણ જાણીતું છે. અહીં અત્તરનું ઉત્પાદન સારા પ્રમાણમાં થતું હોવાથી આ શહેર 'ભારતની અત્તરની રાજધાની' તરીકે ઓળખાય છે. વિશ્વના પરફ્યુમ કેપિટલ તરીકે જાણીતા ગ્રાસ નામના શહેરનું ફ્રાન્સમાં જેટલું મહત્ત્વ છે એવો દરજ્જો ભારતમાં કનૌજને પ્રાપ્ત છે. **छत्तीसगढ़ को धान का कटोरा कहा जाता है.** અગાઉ મધ્ય પ્રદેશનો હિસ્સો હતું અને આજે સ્વતંત્ર રાજ્ય તરીકે ઓળખ ધરાવનાર છત્તીસગઢના ૮૦ ટકા વિસ્તારમાં ધાન એટલે કે ડાંગરની ખેતી મહત્તમ થાય છે. અહીંના રહેવાસીઓના ભોજનમાં ધાન અવશ્ય હોય છે. આ કારણસર છત્તીસગઢ 'ધાનના કટોરા' તરીકે પ્રખ્યાત છે. **पंजाब का कपूरथला शहर को बगीचों का शहर कहा जाता है.** ઐતિહાસિક કારણસર રાજાઓ અને યોદ્ધાઓના શહેર તરીકે નામના મેળવનાર કપૂરથલા ઉદ્યાનોના શહેર તરીકે ખ્યાતિ ધરાવે છે. સૌંદર્ય જેની રગેરગમાં વસ્યું છે એવા પંજાબના આ શહેરની ઈમારતો અને સડકો પણ આંખ ઠારે એવી સુંદર હોય છે. એક સમયે અહીં સાફસફાઈ અને સ્વચ્છતાની એવી તકેદારી રાખવામાં આવતી હતી કે એને 'પંજાબનું પેરિસ' સુદ્ધાં કહેતા હતા. ■

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાતોરાત માલદાર થવા આ ત્રણ અક્કલના ઓથમીરે શું કર્યું?



'ચિકના, ખબર પક્કી હૈ ને ?' સલમાને પૂછયું. સલમાન એકસાઈટેડ હતો. સલમાને હથેળી ઘસી. પક્યાને સૌ લાડમાં 'ચિકનો' કહેતા હતા. દેખાવે એ ઢાંસુ હેન્ડસમ હતો. પક્યો હાલની લાઈન છોડીને ફિલ્મ લાઈનમાં પડ્યો હોત તો પક્યો રૉમેન્ટિક સ્ટાર બનીને લાખો-કરોડો રૂપિયાની નોટો રળતો હોત,પરંતુ, હાય રે કિસ્મત.પક્યાનું નસીબ એવું ખરાબ હતું કે આકાશમાંથી પડીને ખજૂરે લટક્યો જેવી સ્થિતિ હતી.

'હા, ભાઈ ... હંડ્રેડ પર્સેન્ટ પક્કી હૈ. ખબર ગલત નીકલે તો મુજે ગોલી માર દેને કા. ટેન્શન લેને કા નહીં, બોસ.... ટેન્શન દેને કા!' પક્યાએ જવાબ આપ્યો.

'ચિકને કોઈ પોલીસ ફોલીસ કા કોઈ લફડા નહીં હોને મંગતા.' સલમાને કહ્યું.

'અરે બોસ, પંદરાહ દિનસે સ્પોટ કી સટીક રેકી કર રહા હૂં. વો સ્પોટ પે દિન કો બહોત ચહલપહલ હોતી હૈ. બડા સેન્ટર હૈ. બહોત લોગ આતે-જાતે રહેતે હૈ.' પક્યાએ માહિતી આપી.

'ઔર સીસીટીવી કા કયા?' સલમાને ઠંડા કલેજે પૂછયું.

'દો-તીન દિન સે સીસીટીવી ઠપ્પ પડા હૈ. દિવાલી કે ત્યૌહારો કે કારણ કોઈ ટેક્નિકલ આદમી સીસીટીવી ઠીક કરને કો નહીં આયા હૈ.' રાજુ રદીએ લેટેસ્ટ માહિતી શેર કરી.

'કિતના માલ મિલેંગા?' સલમાનના અવાજમાં અધીરાઈ ટપકતી હતી..

'ભીડું, હમ સબ લોગો કો છે મહિને તક હાથ-પૈર નહીં મારને પડેંગે. ઇતના તગડા માલ મિલેંગા. હર એક કો કમ સે કમ પંદરાહ લાખ રૂપિયે મિલેંગે!' પક્યાએ ફોડ પાડ્યો. પક્યાના હાથમાં ખંજવાળ-ખણ આવતી હતી.

'પકયા, ૧૫ લાખ ખાતે મેં જમા હોને કે વો સરકારી જુમલે સે મેં ઉબ ગયા હૂં.... કોઈ ઐસા જુમલા તો નહીં હોયેગાં ન?' સલમાન કો ઐસે ચુનાવી જુમલા-જુગાડસે ડર લગતા હૈ!' સલમાને કહ્યું.

'ભાઇ, હમેં ચુનાવ લડને થોડી જાના હૈ? હમ તો પસીના બહા કે દો પૈસા કમાને જા રહે હૈ ઔર જોખિમ ભી ઊઠા રહે હૈ..ભાઈ, હમ હોંગે કામિયાબ ઉસ દિન.' રાજુએ જુમલા-જુગાડ અને જૉબ વચ્ચેનો તફાવત જણાવ્યો.

'તો પરમ દિવસે રાતે બાર વાગ્યે મિલતે હૈ ઔર ઑપરેશન કો આખરી અંજામ દેંગે. બેસ્ટ ઑફ લક.' સલમાન અને એની ગૅન્ગના સાથી છૂટા પડયા.

બે દિવસ પછી. રાતના સમયે માંદલી સ્ટ્રીટ લાઈટ મરવાના વાંકે રોશની આપતી હતી. ક્યાંક ગલ્લા પર નિશાચર જેવા લોકો બિરયાની ઝાપટી રહ્યા હતા. રસ્તા પર વાહનોની સામાન્ય અવરજવર પણ ગાયબ હતી. ત્રણ બુકાનીધારી એક જગ્યાએ લપક્યા. બૉર્ડમાં અંગ્રેજીમાં કંઈક લખેલું. કોઈ બૅન્કનો લોગો પણ લગાવ્યો હતો. ભૂરા-લાલ રંગના નિયોન બોર્ડમાં બૅન્કનું નામ ચમકતું હતું.

બુકાનીધારીઓ બૅન્કના મકાનમાં ઘૂસ્યા. કદાચ રાતના સમયે પૈસા ઉપાડવા હશે. પૈસા ઉપાડવા જાય તો બુકાની બાંધવાની શું જરૂર હશે?

બુકાનીધારી પૈકી એક રોડ પર ધ્યાન રાખતો હતો. બીજા બે બુકાનીધાકીએ મશીનને હચમચાવ્યું.ઇલેકટ્રિકની મૅન સ્વિચ બંધ કરી. મશીનના વાયરો અલગ કર્યા. બંને જણાએ મશીન ઢસેડયું. મશીનને જેમતેમ કરીને ટેમ્પામાં ચડાવ્યું. શિયાળાની રાતે પણ પેલા તમામ પરસેવે રેબઝેબ થઈ ગયા. ઑપરેશન સફળ થયું તેનો આનંદ થઈ રહ્યો હતો. આકાશના તારા તોડવા જેવું કામ આંકડે મધ જેવું લાગ્યું. માનો કે બગાસું ખાતા પતાસું મળ્યું! બુકાનીધારીના મનમાં લડ્ડુ ફૂટી રહ્યા હતા. સલમાનને ગેરેજ શરૂ કરવું હતું. પક્યાને યુનિસેકસ સલૂન શરૂ કરી હકીમ વૈરાનવી જેવા ફિલ્મી હેરડ્રેસર બનવું હતું. મીણબત્તીથી વાળ કાપવાનો કરતબ કરવો હતો. રાજુ રદી ચોરીના ભાગમાંથી હાથ પીળા કરીને સ્ટાલિન-ચંદ્રાબાબુ નાયડુની હાકલનું પાલન કરી પંદર-સોળ સંતાનો પેદા કરવાની અને દેશસેવા કરવાની ખ્વાહિશ પંપાળતો હતો. સૌ બુકાનીધારીઓ મુંગેરીલાલ કે શેખચલ્લીની જેમ સપનાં પંપાળતાં વેરાન જગ્યાએ ટેમ્પો અટકાવે છે.

ટેમ્પામાંથી મશીન ઉતારે છે. પક્કડપાનાથી મશીન ખોલવાની મથામણ કરે છે. ગૅસ કટરથી પતરું કાપે છે. પકયા, સલમાન, રાજુ રદીને સુખનો પ્યાલો હોઠ સુધી આવ્યો હોય તેવું લાગે છે. સમુદ્રમંથન કર્યા પછી દેવો-દાનવોને અમૃતપાન કરવાની જેવી ઉત્કંઠા તેવી જ ઉત્કંઠા એટીએમની ટ્રેમાં રાખેલી પહેલી ધારના દારૂ જેવી પાંચસો રૂપિયાની કડક કડક નોટો થેલામાં ભરી અંધારામાં ઓગળી જવાની મહેચ્છા ભડભડતી હતી.

રાતોરાત અમીર થવા માટે ટપોરી ટાઇપ લડકાઓ 'યુ ટયુબ' કે 'ક્રાઇમ પેટ્રોલ' જેવા ગુનાખોરીના કાર્યક્રમ જોઈને ચોરી ચપાટી જેવી ઘટનાને અંજામ આપે છે.

કડડડ કડડડ કરતું મશીન ખોલ્યું. બિલકુલ હોરર ફિલ્મ જેવો માહૌલ. સૌના શ્વાસોચ્છ્વાસ અનિયંત્રિત રીતે ઊછળતા હતા. સૌ મટકું માર્યા સિવાય ડ્રીમગર્લ જેવા ડ્રીમ મશીનને જોઈ રહ્યા હતા. સસ્પેન્શન વધતું ચાલ્યું. પકયા, સલમાન અને રાજુ રદી સ્ટેચ્યુની જેમ સ્તબ્ધ.

પકયાએ દુંદાળા દેવ ગણપતિનું સ્મરણ કરીને મશીન પૂરેપૂરું ખોલ્યું. હાઇલા... આ શું? મશીનમાં પચાસ, સો, બસો, પાંચસો રૂપિયા રાખવાની ટ્રેના સ્થાને શું હતું? સૌનાં સપનાં ચકનાચૂર થઈ ગયાં. ધરતી ગોળ ગોળ ફરવા લાગી. આ શું થયું? લાપશીને બદલે થૂલી? સલમાનની ગૅન્ગ ચોરી કરવાના અતિ ઉત્સાહમાં ચેક કર્યા સિવાય પાસબુક પ્રિન્ટ કરવાનું મશીન ઉપાડી લાવ્યા હતા.... !

બોસ સલમાન પકયા અને રાજુ રદી તરફ ફરીને બરાડાયોઃ 'એની માને....!' ■


હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ક્યારેક મહારાષ્ટ્રમાં હતી અખંડ ભારતની રાજધાની







આપણા દેશની રાજધાની તરીકે દાયકાઓથી દિલ્હી જ અડીખમ છે. અગાઉ મોગલ-મુસલમાન શાસકો પણ દિલ્હી-દિલ્હી કરતા હતા, પરંતુ એક સમયે અખંડ ભારતની રાજધાની- થોડા સમય માટે- મહારાષ્ટ્રમાં આવેલું સ્થળ હતું. ઔરંગાબાદ નજીકના દૌલતાબાદને મુખ્ય વહીવટી-રાજકીય કેન્દ્ર બનાવીને આખા દેશનું શાસન દૌલતાબાદના કિલ્લામાંથી ચાલતું હતું.

આ દૌલતાબાદ તો મોગલોએ આપેલું નામ છે, પરંતુ મૂળ નામ હતું દેવગિરી. હાલ ઔરંગાબાદ શહેરથી ૧૪ કિલોમીટર દેવગિરી એક નાનકડું ગામ છે. આની મુખ્ય વિશિષ્ટતા છે દેવગિરીનો કિલ્લો. આ ૧૯૦ મીટર ઊંચા કિલ્લાની ભીંતો એટલી મજબૂત બનાવાઈ હતી કે એક સાથે અનેક હાથી મળીને તોડી શકતા નહોતા. આ કિલ્લાની બાહ્ય દીવાલ અને અંદરની દીવાલ વચ્ચે પણ નાની ભીંત છે, જેના પર અનેક બુર્જ બનાવાયેલા છે. આ કિલ્લામાં કેટલીય ભૂગર્ભ ગલી અને ખીણો છે કે જેથી દુશ્મન ભેરવાઈ પડે કે પટકાઈ પડે. આ બધું પહાડોના પથ્થર કાપીને બનાવાયેલું છે. આ કિલ્લામાં એક અંધારિયો ભૂગર્ભ માર્ગ પણ છે, જેના પર ઠેરઠેર શત્રુઓને ઓચિંતો આવકાર મળી શકે. આ બધાં કારણોસર એ મધ્યકાલીન ભારતનો સૌથી શક્તિશાળી કિલ્લો ગણાતો હતો. કહેવાય છે કે કોઈ શત્રુ આ કિલ્લો જીતી શક્યા નહોતા. લોકવાયકા મુજબ યાદવકાળમાં નિર્માણ પામેલા આ કિલ્લાનું નામ દેવગિરી રખાયું કારણ કે પર્વતોમાં દેવતા વસતા હોવાની શ્રદ્ધા હતા.

દેવગિરીનો કિલ્લો ખૂબ લાંબા અને લોહિયાળ ઈતિહાસનો સાક્ષી છે. આ કિલ્લાએ યાદવ, ખિલજી અને તુઘલક વંશના શાસકોને જોયા. એની વિગતોમાં ઊંડા ઊતરવા અગાઉ દેવગિરી કિલ્લાના મૂળ સ્થાપકને યાદ કરીએ અને વિગતોમાં ઊંડા ઊતરીએ.

પર્વત પર બનેલો આ કિલ્લો મૂળભૂત પણે લોકપ્રિય અને અણનમ છે એની મજબૂતી માટે. આ કિલ્લામાં પ્રવેશવા માટે એક પુલ છે. જેનો માત્ર બે માણસો એક સમયે ઉપયોગ કરી શકે. આ અદ્ભુત અજેય કિલ્લો ઈ. સ. ૧૧૮૭માં યાદવ વંશના રાજા ભિલ્લામાએ બનાવ્યો હતો. આમાં બનાવેલા ચાંદ મિનાર, ચીની મહલ અને બરદરી આજેય પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર છે. ચાંદ મિનાર ઈ. સ. ૧૪૩૫માં અલાઉદ્દીન બહમન શાહે બનાવડાવ્યો હતો. આ મિનાર ૬૩ મીટર ઊંચો છે. ચીની મહલ કિલ્લાના નીચેના ભાગમાં છે. આ સ્થળે રાજા ગોલકુંડીને ઈ. સ. ૧૬૮૭માં ઔરંગઝેબે કેદમાં રાખ્યા હતા. અહીં જ શિખર પર બરદરી છે.

મહારાષ્ટ્રની સાત અજાયબીઓમાંની એક ગણાતો આ કિલ્લો પ્રાચીન બાંધકામ, અદ્ભુત કોતરણી-નકશીકામ અને હરિયાળી વચ્ચે હોવાથી ફરવાલાયક સ્થળોમાં મોખરે આવે છે. આ કિલ્લો ૨૦૦ કિલોમીટરની ઊંચાઈએ એક પર્વતને કાપીને બનાવાયો હતો. એનું નિર્માણ એક વિશિષ્ટ પ્રયોજન સાથે થયું હતું કે કોઈ દુશ્મન ક્યારેય એના પર સીધો હુમલો ન કરી શકે. પરંતુ પર્વતને કાપીને કિલ્લો બનાવવામાં ખૂબ તકલીફ પડે, લાંબો સમય લાગે. કિલ્લાની આસપાસ મોટી-મોટી ખાઈ બનાવીને એમાં મગરમચ્છ છોડાતા હતા કે જેથી કોઈ એ ખાઈને ઓળંગીને કિલ્લા સુધી પહોંચી ન શકે.

આવા અદ્ભુત કિલ્લા પર નવમીથી ચૌદમી સદી વચ્ચે યાદવોનો કબજો હતો. ઇ. સ. ૧૩૨૭ થી ૧૩૩૪ વચ્ચે દિલ્હીના સુલતાનનું પાટનગર બન્યો અને ૧૪૯૯થી ૧૬૩૬ વચ્ચે અહમદનગરના સુલતાનનો. એ અગાઉ આવા અદ્ભુત, ઐતિહાસિક સ્થળ કિલ્લો ન જોવો જોઈએ. દૌલતાબાદમાં માત્ર કિલ્લો જ નહીં, આસપાસ પણ ઘણાં જોવાલાયક સ્થળો છે. ■

## ૯. લગ્ન સંબંધી

**બોરીવલી**

SMART Educated કન્યા (December 1986) માટે બ્રાહ્મણ / વૈષ્ણવ સ્માર્ટ યુવક આવકાર્ય 9869781781. (દહેજ નહીં) (બી-૧૫૧૪૦)

**કન્યા જોઈએ છે**

**26 વર્ષના શ્રીમંત કુટુંબના કુંવારા (અમદાવાદ - બોપલ સ્થિત) એમ.ઈ.સીવીલ એન્જીનીયરને કપોળ વૈષ્ણવ વણિક (પુષ્ટિમાર્ગિય) કન્યા લગ્ન માટે આવકાર્ય છે ઈચ્છુક કન્યાના વાલી કન્યાનો બાયોડેટા વોટ્સએપ કરો મો. 88493 80365. (દહેજ નહીં) (બી-૧૫૧૩૮)**

**જૈન વૈષ્ણવ**

બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/- "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૧૮૮-સી)

**કુંવારા, છુટાછેડા, વિધવા, વિધુર**

લગ્નોત્સુક યુવક, યુવતીઓ માટે પરીચય મેળાવડો 15/12/2024, રવિવારે, કાંદીવલીમાં રાખેલ છે. શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન-9082825482. (દહેજ નહીં). (૧૪૪૯૩-બી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીયમુના**

વ્રજયાત્રા, કચ્છ રણોત્સવ, નૈમિષારણ્ય, ચિત્રકુટ, અયોધ્યા, બનારસ, નેપાળ, રામેશ્વર, તીરૂપતિ. 9892377559. (૧૪૪૯૫-એ)

**KRISHNA HOLIDAYS**

ઉત્તર ભારત બનારસ અયોધ્યા - ચિત્રકૂટ - પ્રયાગરાજ - લખનૌ સાથે શ્રી મહાપ્રભુજીની બેઠકજી માર્ચ (દિવસ - 12) (30,500/=) ચંપારણ - જગન્નાથપુરી ગંગાસાગર ફેબ્રુઆરી (દિવસ-10) - (23,500/=) 9224447855 / 9324353911. (૧૫૧૭૧-બી)

**ઉદયપુર શ્રીનાથજી**

સંપૂર્ણ રાજસ્થાન દર્શન ચિત્તોડગઢ રાણકપુર જોધપુર જેસલમેર રણુંજા બિકાનેર પુષ્કર જયપુર પ્રવાસ દિવસ ૧૩, 29 ડિસેમ્બર. (તમારા નાના/ મોટા ગ્રુપનું આયોજન કરી આપીશું.) જય અંબે ટૂર 9930929799 / 9869509133. (૧૫૧૭૩-સી)

**■ A Hemu: નવીજ ઈનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. ''નીલ- તેજ- ટ્રાવેલ્સ''- 8828221010/ 9322694599. (બી-૧૫૦૨૨)**

**LONAVALA VILLA**

Lonavala's newest 4+4 BHK Villa available on daily Rent. Party Hall, Swimming Pools, Hill Views, Private Bar, Discotheque, Games Room. Zline D Villa. Ms. Zil Shah 9769670155. (B-15079)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Tel. : 28811012
Mobile: 9820489442
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
S. ARTS ADVERTISING
Tel: 23415111
Tel.Fax: 23415222

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૪. નોકરી ખાલી છે

**ઘાટકોપરમાં**

નિવૃત્ત ભાઈઓ, બહેનો માટે કામની તક, SSC Passed. 8169881070. (૧૪૪૯૫-સી)

CAREER OPPORTUNITY!! Retired/ Housewives/ Bankers/ Pensioners. Salary + Incentives + Benefits : 9820009864. (B-15139)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**

1 BHK ગંગા વિહાર ઓનરશિપ ૧.૭૦ કરોડ તેમજ ૧ થી ૪ BHK પંચવટી, ગુલશન, હિમાયલ, ગ્રીન કોર્ટ, લાલુભાઈ પાર્ક, એસ.વી.રોડ, પાર્લે વેસ્ટ, જુહુ, જુહુ સ્કીમ. ઓનરશિપ / લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433 / 9821069632. (૧૫૧૮૧-એફ)

**પાર્લા (ઈસ્ટ-વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ - હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૧૮૧-સી)**

**જુહુસ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ - હોલ - કિચનના ફલેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૧૮૧-ઈ)**

**બોરીવલી**

ઓબેરોયની બાજુમાં - 3 બેડરૂમ, 1050' બાલ્કની પાર્કિંગ ગેસ્ટ પાર્કિંગ ગાર્ડન, સુંદર સોસાયટી સારો પાડોશ (2.61) 9820177738. (૧૫૧૭૧-ઈ)

**કાંદિવલી (વેસ્ટમાં)**

**લકઝરીયસ 1/2/3 બેડરૂમના ફલેટો માટે-9867932447. (૧૫૧૭૫-બી)**

**માટુંગા પૂર્વ**

**1400 Sqft ફુલ્લી ફર્નિશ્ડ ફલેટ 7 કરોડમાં ઇન્ડિયન જીમખાના પાસે, 1000 Sqft ફ્લેટ 5 કરોડમાં ભાઉદાજી રોડ, માટુંગા પૂર્વ / વડાલા, ફ્લેટ ખરીદી / વેચાણ/ ભાડા માટે કૉલ નિકી : 9987130181. (બી-૧૫૧૨૭)**

**Kandivali (West)**

2 BHK furnished, સાઈ નગર એમ જી રોડ, ૮૨૪' usable કાર્પેટ 1.70 Cr. negotiable. બ્રોકર આવકાર્ય. Contact 7666263383, 9323737062. (જેપી - ૪૯૫૬-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

2-3-4 બેડ, અંડર કન્સ્ટ્રકશન, 750-1100-1200-2000 કારપેટ, જીમ સ્વિમિંગ પુલ, મીની થિયેટર, બેંકવેટ હોલ, જૈન દેરાસર, સ્ટેશન નજીક JIGAR -9820511575. (૧૫૧૦૫-ઈ)

**જુહુસ્કીમ**

ગુલમોહર રોડ, 3-4-5 બેડ રેડી પઝેશન / અંડર કન્સ્ટ્રકશન 1450,1600, 2250, 3200, 3600 કારપેટ જીમ, સ્વિમિંગ પુલ, રૂફ ટોપ ગાર્ડન લેવાં JIGAR 9820511575. (૧૫૧૦૫/સી)

**અંધેરી (વેસ્ટ)**

SV રોડ, શોપર્સ સ્ટોપ નજીક, 2-3-4 બેડ, અંડર કન્સ્ટ્રકશન, 750-1100-1500 કારપેટ, કલ્બ હાઉસ, જીમ સ્વિમિંગ પુલ, દેરાસર, બેંકવેટ હોલ, રૂફ ટોપ ગાર્ડન લેવાં JIGAR- 9820511575. (૧૫૧૦૫/એ)

**મુલુન્ડ (પશ્ચિમ) મૅરેથોન ગેલેક્ષી**

**લાલબહાદૂર શાસ્ત્રી માર્ગ 3 બેડરૂમ હોલ કિચન ટેરેસ ફ્લેટ, એરિયા ૧૦૭૫ ચો.ફૂટ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, ૨ કાર પાર્કિંગ, સ્વીમીંગ પુલ, કલબ હાઉસ, રૂા. 3 કરોડ માટે સંપર્ક કમલેશ પંચાલ ૯૮૨૦૧ ૨૫૩૭૪. (૧૫૧૯૪-એ)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

**4 બેડરૂમ, 2300', લકઝરીયસ, પીસફુલ લોકેશન/ 3-4 બેડરૂમ ખાર વેચાણથી. વિનોદભાઈ 8097960449, ભાવેશભાઈ 9324001110. (૧૪૪૮૯/ઈ)**

**કાંદીવલી (વેસ્ટ)**

**3 બેડરૂમ 1040' એમજી રોડ, દેરાસર પાસે વેચાણથી. વિનોદભાઈ. 8097960449. (૧૪૪૮૯/બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**લક્ષ્મીનગર-૧ બેડરૂમ, હોલ, કિચન, 500' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ ૧ રીઝર્વ્ડ કાર પાર્કિંગ. 90 LAKH. ''જુગ્નું શાહ''-"HOMEALONE PROPERTY"-9833352224. (૧૪૮૬૨/ઈ)**

**મુલુન્ડ (ઈસ્ટ)**

3 BHK ફલેટ વેચવાનો છે. રિઝનેબલ પ્રાઈઝ. સંપર્ક મધુકર ઠક્કર - 9820016348. (૧૫૧૬૭-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલીમાં / બોરીવલીમાં**

**રીવાલી પાર્કમાં / ઓબેરોયમાં / ચાંડકમાં / વાધવામાં / સેઠિયામાં લેવા / વેચવા / ભાડે થી ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૫૫-ઈ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**ભાડેથી/વેચાણથી. પંતનગર -2 બેડરૂમ, હોલ, કિચન, 650' કારપેટ, મોડ્યુલર કિચન, પાર્કિંગ અને મોર્ડન એમેનીટીસ સાથે, રેડી પઝેશન, OC સાથે. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૧૯૨-એ)**

**તારદેવ**

3 બેડરૂમ- 1600' - કાર્પેટ - પાર્કીંગ - 6,50,00000/= નેગોશીએબલ શાહ 9820068382. (૧૪૪૯૬-એ)

**વાલકેશ્વર**

2 બેડરૂમ- 1000' - કાર્પેટ - પાર્કીંગ - ફરનીસ્ટ - 7,00,00000/= શાહ- 9820068382. (૧૪૪૯૬-બી)

**ગ્રાન્ટરોડ**

2 બેડરૂમ- 800' - કાર્પેટ - જુનું ભાડુ 2,25,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૪૪૯૬-સી)

**પરેલ/શિવરી**

અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૯૪૪)

**પારલા વેસ્ટ**

અર્જન્ટ 2 બેડ વેચાણથી/ લિઝથી નવું બિલ્ડીંગ સ્ટેશન, દેરાસર પાસે- 7045622403. (બી-૧૫૧૧૯)

**''પારલા વેસ્ટ''- ''ઈરલા''**

**S.V. Road, જૈન દેરાસર પાસે, ૧ બેડરૂમ- 485'- કારપેટ, 1,65,00,000/-, લિફ્ટ, પારકિંગ, લેવા-વેંચવા- અંનય પ્રપોઝલ. ''દિલીપ શાહ'' 9322210542, ''જીયા શાહ'' 7021783412. (બી-૧૫૦૮૫)**

**માટુંગા**

વડાલા 1700 કારપેટ બાદશાહી ઘર પાંચ અને આઠ કરોડ વિનોદઃ 9892980593. (બી-૧૫૧૧૩)

**વડાલા**

દોસ્તી Eastern Bay બે બેડરૂમ અઢી કરોડ બધા ખર્ચા સામેલ OC સાથે. વિનોદઃ 9892980593. (બી-૧૫૧૧૪)

**PEDDAR ROAD-NANA CHOWK**

1 & 2 BHK Sea Facing on Ownership / Lease Throwaway Price Must Sell Today Brokers Welcome Contact - "South Mumbai Realtors" 9987310819. (15181-A)

**TARDEO,**

Great Eastern Towers, Spacious 2 + Half Room, Cpt 1000, Cross Ventilation Podium, Gym, Pool, Play Turf, Steam, Low Maintenance Open Spaces, Owners No. 9152160026. (B-15133)

**KANDIVALI EAST**

Godrej Reserve New Tower Launch 2/3 BHK @ 2.35 Cr EOI Benefits - 9869070123 / 9167723483. (15188-F)

**SHETH BEAUMONTE, SION**

Ready OC, beautifully done interiors. All amenities, higher flr, Genuine Seller, 1300 Carpet 7.15 Cr., ICC, Wadala, 3 Bed 2000 carpet 8.75 Cr. 4 Bed, 2100 cpt 10.5 Cr, 9769884999. (B-14946)

**PAREL E, PRIME LOCATION**

**Pool, Club, Gym, Derasar 8-10! yr old Bldg., 1250 cpt, earlier Price 5.11 Cr. now, 4.81 Cr. Genuine Seller, also Runwal Nirvana 3 Bed 1325, cpt Investors Flat 5.5 Cr. ++ - 9819227923. (B-15070)**

**LOWER PAREL WEST**

**Prime Location 2 min Walk to Station Basic amenities Possn 1 year Sample flat ready Compact 2 Bed 450 to 550 carpet Price 2.11 to 2.45.cr Festive Discount Revised to 1.67 to 2.11 cr Limited Units only 9773038617. (B-15002)**




(15195-A)

## ૧૭. જગ્યા આપવી છે

**MATUNGA EAST**

New tower launch, Gated community, 5 acres land, Open spaces, 7 star amenities, 2, 2.5, 3, 3.5 Bed 3.21 to 6 Cr. Special pre launch benefits. 9004078342. (B-14917)

## ૧૮. જગ્યા જોઈએ છે

**"DADAR TO CHURCHGATE"**

**"Wanted / Available Flats - Investors Flats - Sole Selling Proposals Welcome". "Global Realty" - 8591254627. (15128-C)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા / વેચવા / ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 / હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૨૪૬)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ-બાપાને-સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ-ગાળા-શેડ-યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**આટગાવ**

૧) ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ 1300 સ્કે.મીટર વેચવાનો છે. ૨) ઈન્ડિપેન્ડન્ટ ફેક્ટરી 6000 સ્કે. ફીટ ભાડે આપવાની છે. ફેબ્રિકેશસ માટે ઉત્તમ. સંપર્કઃ મધુકર ઠક્કર-9820016348. (૧૫૧૬૭-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી**

મહાવીર નગર, વસંત કોમ્પલેક્સમાં મોકાની દુકાન 660 કારપેટ 85000/- ભાડેથી. 9820054365. (૧૫૧૭૫-એ)

**બાંદ્રા વેસ્ટ**

**દુકાન 300 કારપેટ સવા ત્રણ કરોડ સ્ટેશન પાસે. નીકીઃ 9987130181. (બી-૧૫૧૧૨)**

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૧૪૬-એ)

**વિકાસ પટેલ**

બર્થડે/ એનિવર્સરી, જ્ઞાતિ સંમેલન માટે સ્ટેન્ડ-અપ કોમેડી+ ગેમ્સ. 9764292208. (એસડીબી-૨૨૩૬)

**મોજમસ્તી ગ્રુપ**

પારિવારિક મનોરંજનનો ખજાનો વર્ષના 12 પ્રોગ્રામ 500/- તુષાર શાહ - 9022396765. (૧૫૧૮૦-એ)

## ૩૧. નાણાંકીય

■ ''લોનનાં ચક્કરથી'' આસાનથી બહાર નીકાળીશું. બેંકથી સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ એક્સટેંશન. 9137725086. (બી-૧૫૦૩૨)

## ૩૨. જમીન - મિલકત

**રાજકોટમાં જોઈએ**

**કાલાવડ / મોરબી / ન્યારી / અવધ રોડમાં નાના-મોટા પ્લોટ જોઈએ. મુકેશ ઠક્કરઃ 9825765505, 9377530831. (૧૫૧૦૨/બી)**

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૧૦૫/જી)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૦૨૩)

**એકાઉન્ટ**

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૫૧૨૯)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

# મણિપુરમાં ત્રણ જણની હત્યાઃ પ્રધાનોના ઘરની ઘેરાબંધી

ઈમ્ફાલ : જિરિબામ જિલ્લામાં ત્રણ જણની હત્યાની બાબતમાં ન્યાય મેળવવાની માગણીના સમર્થનમાં આંદોલનકારીઓ બે પ્રધાનો અને ત્રણ વિધાનસભ્યોના ઈમ્ફાલ ખાતેના નિવાસસ્થાને ધસી ગયા હતા. ટોળાએ વિધાનસભ્યોના ઘર પર હુમલો કરતાં ઈમ્ફાલ વેસ્ટના વહીવટીતંત્રે અનિશ્ચિત સમય માટે પ્રતિબંધાત્મક હુકમો લાદ્યા હતા. ઈમ્ફાલ વેસ્ટના જિલ્લા મેજિસ્ટ્રેટ કૃષ્ણકુમારે શનિવારે સાંજે સાડાચાર વાગ્યે સંચારબંધીના હુકમો આપ્યા હતા. ટોળાએ આરોગ્ય અને કુટુંબ કલ્યાણ ખાતાના પ્રધાન સપમ રંજનના લામ્ફેલ સનાકૈથીલ વિસ્તરના નિવાસસ્થાનને ઘેરી લીધું હતું. આ વિસ્તારના ડેવલપમેન્ટ ઑથોરિટીના પ્રતિનિધિ ડે વિડે પત્રકારોને કહ્યું હતું કે પ્રધાન સપમે ખાતરી આપી હતી કે ત્રણ ઈસમની હત્યાની બાબતની ચર્ચા પ્રધાનમંડળની બેઠકમાં થશે અને જો સરકાર લોકલાગણીને માન નહીં આપે તો પ્રધાન સરકારમાંથી રાજીનામું આપશે. દેખાવકારોએ ગ્રાહક બાબતો અને જાહેર વિતરણ ખાતાના પ્રધાન એસ. સુસિન્દ્રો સિંહના નિવાસસ્થાને પણ ધસી ગયા હતા. દેખાવકારોએ ભાજપના વિધાનસભ્ય અને મુખ્ય પ્રધાન એન. બિરેન સિંહના જમાઈ આર. કે. ઈમોના નિવાસસ્થાનને પણ ઘેરો નાખ્યો હતો. દેખાવકારોએ માગણી કરી હતી કે સરકાર ત્રણ ઈસમની હત્યાનો યોગ્ય પ્રતિસાદ પાડે અને ગુનેગારોને ૨૪ કલાકની અંદર પકડે. (એજન્સી)■

# સુરક્ષા દળોને મણિપુરમાં સુવ્યવસ્થા, શાંતિ માટે પગલાં લેવાનો સરકારનો નિર્દેશ

નવી દિલ્હીઃ સુરક્ષાની નાજુક સ્થિતિને ધ્યાનમાં રાખીને મણિપુરમાં તૈનાત તમામ સુરક્ષા દળોને રાજ્યમાં વ્યવસ્થા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેવા નિર્દેશ આપવામાં આવ્યો છે, એમ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું.

મણિપુરના જીરીબામ જિલ્લામાં અત્યાધુનિક શસ્ત્રો સાથે પોલીસ સ્ટેશન અને નજીકના સીઆરપીએફ કેમ્પ પર કથિત રીતે હુમલો કરનારા ૧૧ શંકાસ્પદ આતંકવાદી ગોળીબારમાં માર્યા ગયા બાદ મણિપુરમાં ગયા સોમવારે નવેસરથી હિંસા ફાટી નીકળી હતી.

એક દિવસ પછી, તે જ જિલ્લામાંથી સશસ્ત્ર આતંકવાદીઓ દ્વારા મહિલાઓ અને બાળકો સહિત છ નાગરિકનું અપહરણ કરવામાં આવ્યું હતું.

મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે, ''મણિપુરમાં છેલ્લા કેટલાક દિવસોથી સુરક્ષાની સ્થિતિ નાજુક રહી છે. સંઘર્ષમાં રહેલા બંને સમુદાયોના સશસ્ત્ર ગુંડા હિંસા આચરે છે, જેના કારણે કમનસીબ જાનહાનિ થઈ છે અને જાહેર વ્યવસ્થામાં વિક્ષેપ થયો છે.''

ગૃહ મંત્રાલયે કહ્યું કે જે કોઈ હિંસક અને વિક્ષેપજનક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનો પ્રયાસ કરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે અસરકારક તપાસ માટે મહત્ત્વપૂર્ણ કેસ એનઆઇએને સોંપવામાં આવ્યા છે. સુરક્ષા દળોને વ્યવસ્થા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોઈપણ હિંસક અને વિક્ષેપજનક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનો પ્રયાસ કરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

# સુખબીર સિંહ બાદલે શિરોમણિ અકાલી દળના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું

ચંડીગઢઃ સુખબીર સિંહ બાદલ, જેમને અકાલ તખ્ત દ્વારા 'તંખૈયા' (ધાર્મિક દુરાચાર માટે દોષિત) જાહેર કરવામાં આવ્યા હતા, તેમણે શિરોમણિ અકાલી દળના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું છે, એમ પાર્ટીના વરિષ્ઠ નેતા દલજીત સિંહ ચીમાએ શનિવારે જણાવ્યું હતું. તેમના રાજીનામાથી નવા પક્ષ પ્રમુખની ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. ચીમાએ જણાવ્યું હતું કે બાદલે પક્ષની કાર્યકારી સમિતિને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું.

''સાદ પ્રમુખ સુખબીર સિંહ બાદલે નવા પ્રમુખની ચૂંટણીનો માર્ગ મોકળો કરવા માટે આજે પાર્ટીની કાર્યકારી સમિતિને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે. તેમણે તેમના કાર્યકાળ દરમિયાન નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરવા અને સમગ્ર હૃદયથી સમર્થન અને સહકાર આપવા બદલ પાર્ટીના તમામ નેતાઓ અને કાર્યકરોનો આભાર માન્યો.'' એમ ચીમાએ એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું.

રાજીનામું આપ્યાં અગાઉ બાદલે અકાલ તખ્તના જથેદારને ધાર્મિક ગેરવર્તણૂકના આરોપો માટે તેની સજા જાહેર કરવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે તેને 'તંખૈયા' (ધાર્મિક ગેરવર્તણૂક માટે દોષિત) જાહેર કર્યાને બે મહિનાથી વધુ સમય વીતી ગયો છે.

૩૦ ઓગસ્ટના રોજ, અકાલ તખ્તના જથેદાર ગિયાની રઘબીર સિંહે ૨૦૦૭ થી ૨૦૧૭ દરમિયાન સાદ અને તેની સરકાર દ્વારા કરવામાં આવેલી ''ભૂલો'' માટે બાદલને 'તંખૈયા' જાહેર કર્યા હતા. ■

# તામિલનાડુમાં 'અમરન'ની સ્ક્રિનિંગ વખતે સિનેમા હોલ પર પેટ્રોલ બૉમ્બ ફેંકાયા

તિરુનેલવેલીઃ તામિલનાડુમાં શનિવારે સવારે કેટલાક અજાણ્યા બદમાશોએ અભિનેતા શિવકાર્તિકેયનના જીવનચરિત્ર પર આધારિત ફિલ્મ 'અમરન'ની સ્ક્રિનિંગ કરી રહેલા સિનેમા હોલ પર પેટ્રોલ બૉમ્બ ફેંક્યા હતા. જો કે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નથી. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર બે બદમાશોએ મેલાપલયમ ખાતે સિનેમા સંકુલની દીવાલની અંદર પેટ્રોલ બૉમ્બ ફેંક્યા હતા. જેના કારણે વિસ્ફોટ થયો હતો. જો કે કોઇને ઇજા થઇ ન હતી અને સંપત્તિને કોઇ નુકસાન થયું ન હતું. ઘટનાની સખત નિંદા કરતા તામિલનાડુ ભાજપના ઉપાધ્યક્ષ નારાયણન તિરુપતિએ આરોપ લગાવ્યો કે એસડીપીઆઇ, એમએનએમકે, તૌહીદ જમાત જેવા ઇસ્લામિક કટ્ટરવાદી સંગઠનોએ અગાઉ મેજર મુકુંદ વરદરાજનની બાયોપિક 'અમરન'નો વિરોધ કર્યો હતો. જેમને આતંકવાદી વિરોધી અભિયાન દરમિયાન તેમની બહાદુરી માટે મરણોત્તર અશોક ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમનું કહેવું છે કે તેમાં મુસ્લિમોને આતંકવાદી તરીકે દર્શાવવામાં આવ્યા છે, જે સાચું નથી. તેમણે એક્સ પર એક પોસ્ટમાં આરોપ લગાવ્યો કે આ ફિલ્મના કેટલાંક દ્રશ્યોમાં ભારતીય મુસ્લિમોને શહીદ અને દેશભક્ત તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ■

# જી-૨૦માં અર્થપૂર્ણ ચર્ચાની રાહ જોઇ રહ્યા છીએઃ વડા પ્રધાન મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રાઝિલમાં યોજાનારા આગામી જી-૨૦ શિખર સંમેલનમાં 'અર્થપૂર્ણ' ચર્ચાઓની રાહ જોઇ રહ્યા હોવાનું જણાવ્યું હતું. જે ગયા વર્ષે ભારતની અધ્યક્ષતામાં સમૂહ માટે નિર્ધારિત એજન્ડા પર આધારિત છે.

મોદીએ નાઇજીરિયા, બ્રાઝિલ અને ગુયાનાની પાંચ દિવસીય મુલાકાત પહેલા એક નિવેદનમાં આ ટિપ્પણી કરી હતી. વડા પ્રધાનનું પ્રથમ સ્થળ નાઇજીરિયા હશે, જ્યાંથી તેઓ બ્રાઝિલ જશે. વડા પ્રધાને કહ્યું કે હું બ્રાઝિલમાં ટ્રોઇકેના સભ્ય તરીકે ૧૯માં જી-૨૦ સમિટમાં ભાગ લઇશ. ગયા વર્ષે ભારતની સફળ અધ્યક્ષતાએ જી-૨૦ને લોકોનું જી-૨૦ બનાવી દીધું અને ગ્લોબલ સાઉથની પ્રાથમિકતાઓને તેના એજન્ડામાં મુખ્ય પ્રવાહમાં લાવી દીધી હતી.

મોદી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડન ૧૮ અને ૧૯ નવેમ્બરના રોજ રિયો ડી જાનેરોમાં સમિટમાં ભાગ લેનારા નેતાઓમાં સામેલ હશે. ભારત બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાની સાથે જી-૨૦ ટ્રોઇકેનો ભાગ છે. ■

# ડૉલર ઈન્ડેક્સ મજબૂત થતા સોનાએ ચળકાટ ગુમાવ્યો: વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ત્રણ વર્ષનો સૌથી મોટો ચાર ટકાનો ઘટાડો

## સ્થાનિકમાં સોનું સપ્તાહ દરમિયાન ₹ ૩૬૪૩ ગબડ્યું, લગ્નસરાની માગ ખૂલવાનો આશાવાદ

ગત પાંચમી નવેમ્બરના રોજ અમેરિકાની ચૂંટણીના પરિણામો જાહેર થતાં રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનલ્ડ ટ્રમ્પનો વિજય થતાં આંતરરાષ્ટ્રીય બજારમાં ખાસ કરીને નવાં પ્રમુખની વેપાર અને વેરાની નીતિઓ ફુગાવાલક્ષી હોવાની શક્યતા પ્રબળ બનતા ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઉછાળો આવ્યો હતો. તેમ જ ફુગાવાલક્ષી નીતિને કારણે ફુગાવામાં અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ ભવિષ્યમાં વ્યાજદરમાં કાપ મૂકવામાં ધીમું વલણ અખત્યાર કરે તેમ જણાતા સોનાએ ચળકાટ ગુમાવ્યો હતો. ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જળવાઈ રહેતાં સાપ્તાહિક ધોરણે એક મહિનાનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો. ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા દિવસના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૫૬૧.૨૧ ડૉલર અને ડિસેમ્બર વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૨૫૬૬.૩૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમજ વૈશ્વિક સોનાના હાજર ભાવમાં સાપ્તાહિક ધોરણે ત્રણ વર્ષનો સૌથી મોટો ચાર ટકાથી વધુ માત્રામાં ઘટાડો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ગાબડાં પડ્યા હતા. જોકે, ગત સપ્તાહના અંતે શુક્રવારે ગુરુ નાનક જયંતીની જાહેર રજાને કારણે સ્થાનિકમાં કામકાજના માત્ર ચાર સત્રમાં જ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૬૪૩નો અથવા તો ૪.૭ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિતના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત આઠમી નવેમ્બરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૭,૩૮૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૭૭,૦૨૭ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં ખૂલતી જ રૂ. ૭૭,૦૨૭ની સપાટી અને નીચામાં રૂ. ૭૩,૭૩૯ની સપાટીએ જ બંધ રહ્યા હતા. આમ સપ્તાહ દરમિયાન ૪.૭ ટકા અથવા તો રૂ. ૩૬૪૩નો ઘટાડો નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત શુક્રવારે સરકારે સોનાની ડ્યૂટી માટે બૅન્ચમાર્ક ગણાતા ભાવ અથવા તો ટેરિફ વૅલ્યુ જે અગાઉ ૧૦ ગ્રામદીઠ ૮૯૧ ડૉલર હતી તે ઘટાડીને ૮૩૭ નિર્ધારિત કરતાં હવે સોનાની અસરકારક જકાતમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. એકંદરે દશેરા, ધનતેરસ અને દિવાળીના તહેવારો દરમિયાન ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી અપેક્ષિત માગનો વસવસો રહ્યો હતો, પરંતુ હવે લગ્નસરાની મોસમ શરૂ થવાની સાથે સોનાના ભાવમાં પણ ઘટાડાતરફી વલણ રહેતાં ગત સપ્તાહે દેશમાં ઘરાકીનો સળવળાટ જોવા મળતાં ડીલરો સ્થાનિકમાં સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૬ ડૉલર પ્રીમિયમમાં ઓફર કરી રહ્યાના અહેવાલ હતા, આ પૂર્વેના સપ્તાહે ડીલરો ઔંસદીઠ ત્રણ ડૉલર પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હતા.

હૈદરાબાદ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે હજુ ઘણાં ગ્રાહકો ભાવમાં વધુ ઘટાડાની રાહ જોઈને બેઠા છે અને જો ભાવમાં વધુ ઘટાડો આગળ ધપશે તો નિ:શંકપણે લગ્નસરાની મોસમમાં વૉલ્યુમમાં પણ વૃદ્ધિ જોવા મળશે. વધુમાં મુંબઈ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે ગત દશેરા, ધનતેરસ અને દિવાળીની માગ પશ્ચાત્ હવે જ્વેલરો પણ નવો સ્ટોક કરી રહ્યા છે. જોકે, ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ઊંચા વ્યાજદરને ધ્યાનમાં લેતા સોનામાં માગ શુષ્ક રહેતા ચીનમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની તુલનામાં ઔંસદીઠ ૧૦થી ૧૩ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હોવાનું હૉંગકૉંગ સ્થિત વિન્ગ ફંગ પ્રીસિયસ મેટલ્સના ડીલિંગ વિભાગના હેડ પીટર ફંગે જણાવ્યું હતું.

ગત સપ્તાહે અમેરિકાનાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં અપેક્ષાનુસાર વૃદ્ધિ જોવા મળી હતી, પરંતુ ત્રણ મહિનાના કોર ઈન્ડેક્સમાં અપેક્ષાથી વધુ વૃદ્ધિ જોવા મળી હતી. તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બની હતી. તેમ છતાં સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડક્ક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ રહેવાની સાથે ટ્રમ્પના શાસનકાળમાં ફુગાવાલક્ષી નીતિ જોવા મળતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડાની ગતિ મંદ પાડે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા વૈશ્વિક સોનામાં ટ્રેડરો અને રોકાણકારોની વેચવાલીનું દબાણ પ્રબળ રહ્યું હોવાથી ભાવમાં સાપ્તાહિક ધોરણે ચાર ટકા કરતાં વધુ માત્રામાં ઘટાડો જોવા મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું. જોકે, હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૪૬૦થી ૨૫૯૦ આસપાસની રેન્જમાં અથડાતા રહેવાની અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ માટે ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૨,૨૦૦ની સપાટી મહત્ત્વની ટેકાની અને રૂ. ૭૪,૫૦૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

ગત ઑક્ટોબર મહિનામાં અમેરિકાના રિટેલ વેચાણના ડેટા પ્રોત્સાહક આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સ અને ટ્રેઝરીની યિલ્ડ વધી આવવાની સાથે હવે તમામ ટૂંકાગાળાની અનિશ્ચિતતાનો અંત આવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા છે અને હવે સોનાના ભાવમાં વધઘટ મૂળભૂત પરિબળોને આધિન જોવા મળશે, એમ એલિગિયન્સ ગોલ્ડના ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ એબકરિમે જણાવ્યું હતું. જોકે, અર્થશાસ્ત્રીઓનું પણ માનવું છે કે નવાં અમેરિકી પ્રમુખની નીતિઓ ફુગાવાલક્ષી રહેતા ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડાની ગતિ ધીમી પાડશે.

એકંદરે હાલમાં ડૉનલ્ડ ટ્રમ્પનાં વિજયની સોનાના ભાવ પર નકારાત્મક અસર પડી છે, પરંતુ જો આગામી મધ્યમ સમયગાળા દરમિયાન અનિશ્ચિતતાનો માહોલ સર્જાશે તો પુન: સોનાના ભાવમાં તેજીનો અન્ડરટોન જોવા મળે તેવી શક્યતા કિનેસિસ મની માર્કેટના એનાલિસ્ટ કાર્લો અલ્બર્ટો ડી કાસાએ વ્યક્ત કરી હતી. જોકે, હવે રોકાણકારોની નજર આગામી સપ્તાહે જાહેર થનારા અમેરિકાના બેરોજગારીના ડેટા, અમેરિકાના ઉત્પાદનના ડેટા, હોમ સેલના ડેટા, જર્મનીના જીડીપીના ડેટા, યુરોઝોનના સીપીઆઈના ડેટા ઉપરાંત વિવિધ ફેડનાં અધિકારીઓની ટિપ્પણીઓ પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■


**મુંબઈ સમાચાર**

**ક્લાસિફાઈડ ધમાકા**

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# વિદેશી હૂંડિયામણની અનામતમાં વધુ ૬.૪૭૭ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈ: ગત આઠમી નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ ૬.૪૭૭ અબજ ડૉલર ઘટીને ૬૭૫.૬૫૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહમાં અનામત ૨.૬૭૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૨.૧૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, તે પૂર્વે સપ્ટેમ્બરના અંતમાં વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૪.૪૬૭ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૫.૩૮૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સમીક્ષા હેઠળના સપ્તાહમાં ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧.૯૩૬ અબજ ડૉલર ઘટીને ૬૭.૮૧૪ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ છ કરોડ ડૉલર ઘટીને ૧૮.૧૫૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૪ કરોડ ડૉલર ઘટીને ૪.૨૯૮ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# શેરડીનું પિલાણ મોડું થતાં અત્યાર સુધીમાં ખાંડના ઉત્પાદનમાં ૪૪ ટકાનો ઘટાડો

નવી દિલ્હી: ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની ખાંડ મોસમના પહેલા છ સપ્તાહમાં બહુ થોડી મિલોએ શેરડીનું પિલાણ શરૂ કર્યું હોવાથી ખાંડનું ઉત્પાદન ગત મોસમના સમાનગાળાના ૧૨.૭૦ લાખ ટનની સરખામણીમાં ૪૪ ટકા ઘટીને ૭.૧૦ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું ઔદ્યોગિક સંગઠન નેશનલ ફેડરેશન ઑફ કૉ ઑપરેટિવ સુગર ફેક્ટરીઝ લિ. (એનએફસીએસએફએલ) એ જણાવ્યું છે. ફેડરેશનની યાદીમાં જણાવ્યાનુસાર ગત ૧૫મી નવેમ્બર સુધીમાં માત્ર ૧૪૪ ખાંડ મિલો કાર્યાન્વિત હતી, જ્યારે ગત સાલના સમાનગાળામાં ૨૬૪ ખાંડ મિલો કાર્યાન્વિત હતી. દેશનાં ટોચના ત્રણ ખાંડ ઉત્પાદક રાજ્યો પૈકીના એક એવા મહારાષ્ટ્રમાં હજુ પિલાણ શરૂ નથી થયું, જ્યારે ગત સાલના સમાનગાળામાં રાજ્યની ૧૦૩ મિલોએ પિલાણ શરૂ કર્યું હતું. જોકે, સમીક્ષા હેઠળના સમયગાળામાં ખાંડનો રિકવરી રેટ ગત સાલના સમાનગાળાની સમકક્ષ ૭.૮૨ ટકાના સ્તરે સ્થિર રહ્યો હોવાનું જણાવતા ફેડરેશને યાદીમાં ઉમેર્યું હતું કે આ સમયગાળામાં કર્ણાટકમાં માત્ર ૪૦ ખાંડ મિલો કાર્યાન્વિત રહેતાં ઉત્પાદન ઘટીને ૨૬.૨૫ લાખ ટન (૫૩.૭૫ લાખ ટન) અને ઉત્તરપ્રદેશ ખાતે ૮૫ ખાંડ મિલો કાર્યાન્વિત રહી છે. ફેડરેશને વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫માં ખાંડનું ઉત્પાદન આગલી મોસમના ૩૧૯ લાખ ટન સામે ઘટીને ૨૮૦ લાખ ટન રહેવાનો અંદાજ મૂક્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# ધાતુમાં પાંખાં કામકાજો વચ્ચે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંત તેમ જ વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. જોકે, ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે મુખ્યત્વે નિકલ, ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦, રૂ. નવ અને રૂ. છ ઘટી આવ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. સાત વધી આવ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ઝિન્ક સ્લેબ અને કોપર સ્ક્રેપ હેવીમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનના આર્થિક ડેટાઓ મિશ્ર આવ્યા હોવાથી ગઈકાલે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધની તુલનામાં ૦.૬ ટકા ઘટીને ટનદીઠ ૮૯૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં ખાસ કરીને નિકલ, ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ શાંત રહેતાં ભાવ ગઈકાલના બંધ સામે અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૪૮, રૂ. નવ ઘટીને રૂ. ૨૫૭૧ અને રૂ. છ ઘટીને રૂ. ૮૦૪ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૭૮૩ના મથાળે રહ્યા હતા. ■


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટિસ

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રબ્યુશન, પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે: ટેન્ડર નં.: EL/TRD/૫૮/૨૦૨૪-૨૫/0૫RT કામનું નામ: ૨ વર્ષની મુદત માટે રતલામ ડિવિઝનના ૮-વ્હિલર ટાવર વેગોન્સ અને ૪-વ્હિલર ટાવર વેગોન્સમાં કમિન્સ મેક એન્જિન ફિટેડનું વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (AMC) કામની અંદાજિત કિંમત: રૂ. ૨,૯૨,૪૯,૬૭૨/- બાનારકમ ડિપોઝિટ/બીડ સુરક્ષા: રૂ. ૨,૯૬,૩૦૦/- પૂર્ણતાનો સમયગાળો: ૨૪ મહિના ટેન્ડર દસ્તાવેજની કિંમત Nil બંધ થવાની તારીખ અને સમય: ૦૫-૧૨-૨૦૨૪ ૧૫.૦૦ ક. ઓફરની માન્યતા: ખોલવાની તારીખથી ૬૦ દિવસ. વેબસાઈટ વિગતો: www.ireps.gov.in નોટિસ બોર્ડ સ્થળ: Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રબ્યુશન), પશ્ચિમ રેલવે, રતલામ-૪૫૭૦૦૧ની ઓફિસની સામે.

SPAN/13/1/303 **Sr. DEE/TRD/RTM**

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**મધ્ય રેલવે**

**ટેન્ડર નોટીસ**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નં. E-૪૬/૨૦૨૪, તા. ૧૪-૧૧-૨૦૨૪

| ટેન્ડર નં. | આઈટમનું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૩૮૨૪૫૧૦૪B | વાર્ષિક ફાયર સુપરસેશન સિસ્ટમ ઈનટુ ઓટોમેટીક સિસ્ટમનું અપગ્રેડેશન | ૬૮ નં. | ૨૯-૧૧-૨૪ |
| ૨૭૨૪૪૬૬૫A | પેન્ટોગ્રાફ માટે BOW એસેમ્બલી | ૮૭ નં. | ૦૨-૧૨-૨૪ |
| ૩૬૨૩૫૦૩૯B | લાર્જર સ્પેન વાયર ૧૩૦ ચો.મીમી (૩૭/૨.૧૦મીમી) સ્ટ્રેન્ડેડ કેડમીઅમ કોપર વાયર | ૪.૧૫ Kms | ૦૫-૧૨-૨૪ |
| ૪૧૨૪૫૦૩૪ | ૧૧૦ kv (E) ગ્રેડ સિંગલ કોર, ૪૦૦ ચો.મીમી | ૧૧.૭૦ Kms | ૦૯-૧૨-૨૪ |
| ૬૨૨૪૩૧૦૫B | કોકલિયર ઈમ્પ્લાન્ટ | ૨૦ નં. | ૦૯-૧૨-૨૪ |
| ૭૧૨૪૫૦૮૫ | યુરોલોજી / સર્જરી / OT વિભાગ માટે એન્ડો લેસર સિસ્ટમ | ૦૧ નં. | ૦૯-૧૨-૨૪ |

વિગતવાર નોટીસ અને ટેન્ડર શરતો વેબસાઈટ www.ireps.gov.in પરથી જોઈ અથવા ડાઉનલોડ કરી શકાય.

Apex-553 પ્રિન્સિપલ ચીફ મટેરિઅલ્સ મેનેજર/ CSMT

अनाधिकृत रूप से रेल लाइन को पार करना दंडनीय अपराध है

**પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન**

No. W/623/5/1/NIT **વિવિધ કામ** તા. ૧૩-૧૧-૨૦૨૪

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે www.ireps.gov.in વેબસાઈટ મારફતે ઓપન ટેન્ડર આમંત્રે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| સિરિયલ નંબર | ઈ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત મૂલ્ય | અર્નેસ્ટ મની ડિપોઝિટ ઈએમડી |
|---|---|---|---|
| ૧. | RTM-2024-25-115 DHD-RSW: વિવિધ વર્કશોપ ખાતે નોર્થ લાઈટ ગ્લાસ, ડાઉન પાઈપનું સમારકામ અને માળખાનું રંગકામ. | રૂ. ૧,૧૪,૪૪,૬૪૪.૭૫/- | રૂ. ૨,૦૭,૩૦૦.૦૦/- |
| ૨. | RTM-2024-25-116 ગોધરા-નાગડા સેક્સન: થ્રુ સ્લિપર રિન્યુઅલ TSR (P) 60.15 TKM by PQRS | રૂ. ૧૬,૬૯,૭૯,૬૭૯.૮૨/- | રૂ. ૯,૮૪,૯૦૦.૦૦/- |

અંદાજિત જથ્થો: ટેન્ડરમાં નિર્ધારિત કર્યા મુજબ. કામ પૂરું કરવાનો સમયગાળો:- સિ.નં. ૧) ૯ મહિના સિ.નં.૨) ૨૪ મહિના. એ જ પ્રકારનું કામ: સિ.નં.૧) કોઈ પણ સિવિલ એન્જિનિયરિંગ કામ. સિ. નં.૨) કોઈ પણ ટ્રેકનું કામ. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: (દરેક માટે)૧૨-૧૧-૨૦૨૪. ટેન્ડર ખોલવાની તારીખ: (દરેક માટે) ૦૫-૧૨-૨૦૨૪ વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માટેના માપદંડ અને શરતો www.ireps.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ. SPAN/5/1/304

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly


# ગુણવત્તાયુક્ત અને ટકાઉ ઉત્પાદન નિકાસ વૃદ્ધિમાં મદદરૂપ થાય: એપેક

નવી દિલ્હી: એપરલ ઉદ્યોગે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને ટકાઉ ઉત્પાદનની પદ્ધતિઓ જ દેશની રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસ વધારવામાં મદદરૂપ થાય છે જેને કારણે ગત ઑક્ટોબર મહિનામાં નિકાસ ૩૫ ટકા વધી હોવાનું એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે તાજેતરમાં જણાવ્યું છે.

એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના અધ્યક્ષ સુધીર શેખરીએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે ભારતના કોરિયા, જાપાન અને ઑસ્ટ્રેલિયા જેવા દેશો સાથે થયેલા મુક્ત વેપાર કરારને કારણે પણ નિકાસને વેગ મળ્યો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ઑક્ટોબર મહિનામાં રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૩૫ ટકાથી વધીને ૧.૨૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ઑક્ટોબર દરમિયાનની નિકાસ ગત સાલના સમાનગાળાની તુલનામાં ૧૧.૬ ટકા વધીને ૮.૭૩ અબજ ડૉલરના સ્તરે રહી છે. નિકાસમાં જોવા મળેલી વૃદ્ધિ મુખ્યત્વે ઉદ્યોગે ગુણવત્તા, ઉત્પાદનમાં ટકાઉપણા અને પોસાણક્ષમતા પર મૂકેલા ભારને આભારી હોવાનું શેખરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા ઉત્પાદનમાં ટકાઉપણુ અને પોસાણક્ષમ હોય તેવા અમારા પ્રયાસો આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદદારોનું આકર્ષણ બન્યા છે, જે તાજેતરની નિકાસ વૃદ્ધિ દર્શાવે છે.

આગામી વર્ષ ૨૦૨૫માં દેશમાં સૌથી મોટા ટેક્સ્ટાઈલ મેળા 'ભારત ટેક્સ ૨૦૨૫'નું આયોજન થઈ રહ્યું જેનો ઉદ્દેશ ભારતની ક્ષમતા દાખવવાનો હોવાનું શેખરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભારતમાંથી સ્રોત મેળવવા માટે ઉત્સુક છે. તેમ જ તાજેતરમાં યોજાયેલા રોડ શૉ અને બેઠક દરમિયાન પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ સિવાય કાઉન્સિલના સેક્રેટરી જનરલ મિથિલેશકુમાર ઠાકુરે જણાવ્યું હતું કે હાલમાં વૈશ્વિક ખરીદદારો ચીન અને બાંગ્લાદેશનો વિકલ્પ ખોળી રહ્યા છે, ત્યારે ભારત સઘન સ્થિતિમાં છે. હાલમાં ખોરવાયેલા વેપાર રૂટ અને વૈશ્વિક પરિબળોને કારણે વધેલા ઉત્પાદનખર્ચ જેવા પડકારોની સ્થિતિમાં ઉદ્યોગની વૃદ્ધિ જળવાઈ રહે તે માટે સરકાર તરફથી નાણાકીય સહાય, તાલીમ અને રોકાણ જેવા ટેકાની આવશ્યકતા પર ભારત મૂકતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે માત્ર ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ ચાલુ રાખવાની જ માગ નથી કરી પરંતુ ઊંચા મૂડીગત્ ખર્ચને ધ્યાનમાં લેતા આ પાંચ ટકા ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન રેટ સાથે સ્કીમને ઓછામાં ઓછી પાંચ વર્ષ સુધી લંબાવવાનો પણ સરકારને અનુરોધ કર્યો છે. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૦૦થી ૩૫૪૦ના મથાળે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક સ્તરે એકંદરે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તેમ જ અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી ૧૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૨થી ૩૭૨૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેમ જ માગ ખપપૂરતી રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. બે ઘટીને રૂ. ૩૭૨૬થી ૩૮૮૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

# વર્તમાન નાણાકીય વર્ષમાં જીઈએમ પોર્ટલ મારફતની જાહેર પ્રાપ્તિ ₹ ત્રણ લાખ કરોડને પાર

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષમાં વિવિધ મંત્રાલયો અને સરકારી વિભાગો દ્વારા ખરીદીનું પ્રમાણ વધુ રહેવાથી અત્યાર સુધીમાં ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (જીઈએમ) પોર્ટલ મારફતે જાહેર પ્રાપ્તિનો આંક રૂ. ત્રણ લાખ કરોડની સપાટી પાર કરી ગયો હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જીઈએમ પોર્ટલ મારફતે મંત્રાલયો અને સરકારી વિભાગોની પ્રાપ્તિ રૂ. ચાર લાખ કરોડની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો અને વિભાગો માટેના ગૂડ્સ અને સર્વિસીસની ઓનલાઈન ખરીદી માટે ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ પોર્ટલ નવમી ઑગસ્ટ, ૨૦૧૬માં અમલી બનાવવામાં આવ્યું હતું.

ત્યાર બાદ ઑક્ટોબર મહિનામાં જીઈએમએ સિક્કિમ સાથે પ્લેટફોર્મની સુવિધાઓ માટે સમજૂતી કરાર કર્યા હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે આ પોર્ટલ હેઠળ તમામ રાજ્યને આવરી લેવામાં આવ્યા છે.

વધુમાં મોટી સરકારી એજન્સીઓ ઉપરાંત જીઈએમ પંચાયતો અને કૉઑપરેટિવ્સને પણ આવરી લેવામાં આવી છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર પોર્ટલ પર ગત ઑક્ટોબર મહિના સુધીમાં સેન્ટ્રલ ઓર્ગેનાઈઝેશનની ખરીદી રૂ. ૩૦.૨૬૪ કરોડની સપાટીએ રહી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પોર્ટલ શરૂ થયાથી અત્યાર સુધીમાં ૯.૭ લાખ માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝીસે પોર્ટલમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે અને કુલ ઓર્ડર પૈકી ૪૦ ટકા અથવા તો રૂ. ૪.૧૯ લાખ કરોડના ઓર્ડર મેળવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દક્ષિણ કોરિયાનુ કેઓએનઈપીએસ (કોનેપ્સ) પ્લેટફોર્મ આ પ્રકારનું વિશ્વનું સૌથી મોટું પ્લેટફોર્મ છે, ત્યાર બાદ બીજા ક્રમાંકે ભારતનું જીઈએમ અને ત્રીજો ક્રમાંક સિંગાપોરના જીઈબિઝ પ્લેટફોર્મનો આવે છે. ■


**OFFICE OF THE LIQUIDATOR**

**The Madhavpura Mercantile Co-operative Bank Ltd. (Under Liquidation)**

Office : Madhavpura Market, Shahibaug Road, Ahmedabad - 380004

Phone : (079) 25623852, Email : mmcbho@yahoo.com

**FOR SALE**

Sealed tenders are invited from the interested parties for sale of following Bank's / Borrowers' properties (without furniture / fixture) on **"AS IS WHERE IS AND WHATEVER THERE IS BASIS"** :

| S. N. | Bank's Property (Sr. No. 1 & 2) | Details of Property | App. Area | Reserve price (Rs. in Lacs.) | Earnest Money (In Rs.) | Date for inspection & Time | Date of opening of tender |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 1st floor, Mandvi Branch Mumbai | Office No. 1/A & 1/B, First Floor, Ganga Vihar Building, 94, Plot No. 154, Kazi Sayed street, Masjid Bunder (W), Mumbai. | 1706 Sq.ft. | 385.00 | 38,50,000.00 | 25.11.2024 & 26.11.2024 11.30 a.m. to 4.00 p.m. | 18.12.2024 |
| 2 | 2nd floor, Mandvi Branch Mumbai | Office No. 2/A, Second Floor, Ganga Vihar Building, 94, Plot No.154, Kazi Sayed street, Masjid Bunder(W), Mumbai. | 967 Sq.ft. | 220.00 | 22,00,000.00 | 25.11.2024 & 26.11.2024 11.30 a.m. to 4.00 p.m. | 18.12.2024 |
| | **Bank's Borrowers' Property (Sr. No. 3)** | | | | | | |
| 3 | Unicorn International | Office No. 10, Pooran Asha, 3rd Floor, Plot No. 317, N.N. Street, Kharek Bazar, Mandvi, Mumbai. | 348 Sq.ft. | 72.00 | 7,20,000.00 | 25.11.2024 & 26.11.2024 11.30 a.m. to 4.00 p.m. | 21.12.2024 |

**Note :**

1. Separate tender shall be submitted for each property.
2. Tender Form with Terms & Conditions of sale can be obtained by cash at the cost of Rs. 1,000/- (which is non-refundable) from the bank's Head Office in Ahmedabad at the address given above on any working day during office hours i.e. 11.30 a.m. to 4.00 p.m. on or before 04.12.2024.
3. Sealed tenders along with EMD shall be reached the bank latest by 3:00 PM on or before 10.12.2024. Property for which tender is to be submitted shall be clearly mentioned on top of the cover.
4. The payment shall be in favour of The Liquidator, Madhavpura Mercantile Co-operative Bank Ltd.

For detailed Terms & Conditions of sale as well as properties to be sold, please visit Bank's web site www.mmcbho.com

Place : Ahmedabad
Date : 16.11.2024

Liquidator
MMCBL




# કેટરેક્ટરૂપી કાંકરી કાઢો, અત્યાધુનિક મશીન કેટાલિસ દ્વારા

### કેટરેક્ટનું સચોટ, સરળતા, ઝડપથી, આધુનિક મશીન, લેટેસ્ટ ટેક્નિક તથા નિપુણ-કાબેલ તબીબ દ્વારા સમાધાન સાધવા માટેનું સચોટ સરનામું: વિઝન વિસ્ટા આઇ ક્લિનિક

પાટણનિવાસી કંચનબહેનને કુકિંગનો ખૂબ શોખ. નિતનવી વાનગી બનાવીને પરિવારજનોને રિઝવતાં. મહેમાન આવે ત્યારે તો પગ નીચે જાણે પૈડાં લાગ્યાં હોય તેમ કિચનમાં ફરફર કરીને ખૂબ સ્ફૂર્તિપૂર્વક ભોજન બનાવીને આગ્રહ કરીને જમાડવાનું પસંદ કરતાં. સંતાનમાં એકમાત્ર દીકરાનાં લગ્ન થયાં પછી પણ તેમના શોખમાં કોઇ કમી ન આવી. પુત્રવધૂને પણ દીકરીથી વિશેષ સાચવતાં. થોડા દિવસથી મરી-મસાલા તથા શાકભાજી વગેરે પારખવામાં, મનપસંદ લેખકની નવલકથા વાંચવામાં, સિરિયલ કે મનોરંજક કાર્યક્રમ વગેરે જોવામાં મુશ્કેલી સર્જાતી હતી. સમસ્યાને ધ્યાનમાં રાખીને ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેકટ કર્યો ત્યારે હાર્ડ-કેટરેક્ટના ભોગ બન્યા હોવાનું નિદાન થયું, જે જાણીને હાર્ટ પેશન્ટ ઉપરાંત ડાયાબિટીસનો ભોગ બનેલાં કંચનબહેન મૂંઝાઇ ગયાં. પરિવારજનોને જાણ કરવાનું વિચારતા હતા ત્યાં ઘરે પહોંચ્યા તો પુત્રવધૂ પ્રેગ્નેન્ટ હોવાના વધામણાં જણાવ્યા. ઘરમાં ખુશાલીનો માહોલ હોવા સાથે ગાયનેકોલોજિસ્ટે પુત્રવધૂને ફરજિયાતપણે બેડ-રેસ્ટ લેવાનું સૂચવ્યું હોવાનું જાણીને કંચનબહેને હસતે મોઢે ઘરની તમામ જવાબદારી પોતાને શિરે લીધી. પૌત્ર ચારેક મહિનાનો થયો ત્યારે કંચનબહેને પુનઃ ઓફથેલ્મોલોજિસ્ટનો સંપર્ક સાધ્યો, જેમાં મોતિયો પાકી ગયો હોવાને કારણે બનતી ત્વરાએ સર્જરી કરવી આવશ્યક હોવાની જાણ થઇ. ટૂંક સમયમાં પૌત્રની નામકરણવિધિ કરવાની હતી, જે માટેના કાર્ડ પ્રિન્ટ કરીને આમંત્રણ પણ આપી ચૂકવામાં આવ્યા હતા. બીજે છેડે બનતી ત્વરાએ કેટરેક્ટનું સમાધાન ન સાધ્યું તો ધીમે ધીમે દૃષ્ટિહીન થવાની સંભાવના હતી. શારીરિક ક્ષતિને કારણે માનસિક દ્વિધા અનુભવતા કંચનબહેને મુંબઇસ્થિત ભાઇને સમસ્યા જણાવી. કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર અર્થાત્ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે કેટરેક્ટનું સમાધાન સાધવા અત્યાધુનિક મશીન આરૂઢ હોવાના સમાચારથી વાકેફ ભાઇએ કંચનબહેનને તાબડતોબ મુંબઇ તેડાવ્યાં અને ક્લિનિકના ડિરેક્ટર ડો. સાયરસ મહેતાની એપોઇન્ટમેન્ટ લીધી. તબીબ સાથેની મુલાકાત કંચનબહેન માટે આશીર્વાદરૂપ સાબિત થઇ...... નિશ્ચિત તારીખે પૌત્રની નામકરણવિધિ સંપન્ન થઇ, જેમાં કંચનબહેને ક્ષતિરહિત નજરે સૌ આમંત્રિતોની આગતા-સ્વાગતા કરી. તાજેતરમાં કંચનબહેને તેમના માટે તારણહાર સાબિત થનારા ડો. સાયરસ મહેતાને કુરિયર દ્વારા મીઠાઇનું બોક્સ પાઠવ્યું હતું. વધુમાં ફોન પર તેમની દૃષ્ટિનું સફળતાપૂર્વક સમાધાન સાધવા માટે ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

મહારાષ્ટ્રના ગવર્નર તથા સ્વાસ્થ્ય પ્રધાનના વરદ્ હસ્તે ભારતના અગ્રણી આઇ-સર્જનનો એવોર્ડ પ્રાપ્ત કરનાર ડૉ. સાયરસ મહેતા જણાવે છે કે કંચનબહેનની સમસ્યાનું સમાધાન તેમણે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી તથા તાજેતરમાં નવીન વસાવવામાં આવેલા મશીન ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપ દ્વારા આણ્યું હતું. ત્યાર બાદ



EDOF લેન્સ પ્રત્યાર્પણ કર્યા હતા. ભારત ઉપરાંત સાઉથ એશિયામાં સૌપ્રથમ વાર ફુલી ડિજિટલ થ્રી-ડી માઇક્રોસ્કોપ મશીન વસાવવાનું શ્રેય ડો. સાયરસ મહેતાને ફાળે જાય છે. નવીન મશીનને પરિણામે ઇમેજિસ ખૂબ સ્પષ્ટ અને ઉત્કૃષ્ટ સ્તરે દૃષ્ટિભૂત થાય છે. વાપરવામાં ખૂબ સરળ અને ફ્લેક્સિબલ છે. વીડિયો ખૂબ ઉચ્ચતમ ક્વોલિટીનો શૂટ થવા સાથે રેકોર્ડિંગ પણ ઉત્તમ સ્તરે થાય છે. વધુમાં સર્જરી સચોટ, ત્રુટિરહિત અને સફળ સાબિત થાય છે.

બાર્સલોના ખાતે યુરોપિયન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રિફ્રેક્ટિવ સર્જન્સની 42મી કૉંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ડૉ. સાયરસ મહેતાએ 'કોમ્પલિકેટેડ કેટરેક્ટ સર્જરી' તથા 'ઇમ્પ્લાન્ટેબલ કોલામર લેન્સ ICL' અંગે પ્રવચન આપ્યું હતું. ઓફથેલ્મિક કેરના ક્ષેત્રમાં ડૉ. સાયરસ મહેતાનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. તેમની અત્યાધુનિક ટેક્નોલોજી અને લેટેસ્ટ ટેક્નિક તથા કાબેલિયત અને નિપુણતાથી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ઓફથેલ્મોલોજિસ્ટ પણ અભિભૂત થયા છે. હકીકતમાં ડૉ. સાયરસ મહેતા આઇ-કેરના ભવિષ્યને ઉત્કૃષ્ટ આકાર આપી રહ્યા છે એ કહેવું વધારે ઉચિત લેખાશે.

'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે પુસ્તકના લેખક ડો. સાયરસ મહેતા જણાવે છે કે કેટરેક્ટ દૂર કરવાની અન્ય સર્જરીની સરખામણીમાં તેમને ત્યાં આરૂઢ કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપ, ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ તથા નિકોન ઓપ્ટોસ મશીનને પરિણામે લેન્સના ઇમ્પ્લાન્ટેશન પછી કેટરેક્ટગ્રસ્ત ટૂંક સમયમાં સ્પષ્ટ દૃષ્ટિ કેળવે છે. સવારે સર્જરી કરવામાં આવે તો સાંજના સમયે ટીવી જોઇને મનોરંજન પ્રાપ્ત કરવા ઉપરાંત લેપટોપનો ઉપયોગ કરીને વ્યવસાયિક કામકાજ પણ કરી શકે છે. કેટાલિસ મશીન બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત હોવા ઉપરાંત સલામત છે. ગણતરીની સેકંડમાં કેટરેક્ટ છૂમંતર કરી શકાય છે. હાર્ટ-પેશન્ટ, હાઇ-બ્લડપ્રેશરયુક્ત કે ડાયાબિટીસગ્રસ્ત અને હાર્ડ-બ્રાઉન કેટરેક્ટ દૂર કરવા માટે કેટાલિસ લાભદાયક છે. અગાઉની ટેક્નિક મારફતે કોર્નિયા બળવાની સંભાવના હતી. એની સરખામણીમાં કેટાલિસ સંપૂર્ણપણે સુરક્ષિત છે. સમગ્ર મહારાષ્ટ્રમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ડિજિટલ થ્રી-ડી માઇક્રોસ્કોપ, ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ, નિકોન ઓપ્ટોસ મશીન વસાવનાર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે, જેને પરિણામે કેટરેક્ટનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન સાધવા માટે સહસા ડો. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર કંચનબહેનની આંખમાં લેટેસ્ટ EDOF લેન્સનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું, જેને પરિણામે વ્યક્તિ નજીક, દૂર કે મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકે છે. રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી. EDOF લેન્સના ઇમ્પ્લાન્ટેશન બાદ રાતના સમયે ઝળહળાટની પ્રતીતિ થતી નથી. EDOF લેન્સ રિંગરહિત હોવાને કારણે દૃષ્ટિમાં કોઇ પણ અંતરાય દૃષ્ટિભૂત થતો નથી. આર્કિટેક્ટ, મેનેજમેન્ટના કાર્યકરો, ડ્રાઇવર, પેપર વર્ક કરનારા, એડ-પોટેન્શિયલ, લાઇબ્રેરિયન, કમ્પ્યુટર પર કામ કરનારા, સર્જન, દુકાનમાં કે જ્વેલર્સને ત્યાંના સેલ્સમેન-સેલ્સગર્લ વગેરે માટે EDOF લેન્સ આશીર્વાદરૂપ છે. ડ્રાઇવિંગ દરમિયાન સ્પીડોમીટર જોવા, વીડિયોગેમ રમવા સાથે મોબાઇલ કે ટેબ દ્વારા SMS કે વોટ્સઅપ કરવા, રસોઇ કે ભરતગૂંથણ કરવા, ટીવી પર મનપસંદ સિરિયલ કે ફિલ્મ જોવા, પુસ્તક વાચન વગેરે માટે EDOF લેન્સ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ભારતમાં સૌપ્રથમ વાર આ પ્રકારના લેન્સનું ઇમ્પ્લાન્ટેશન કરવાનું શ્રેય ડો. સાયરસ મહેતાને ફાળે જાય છે. આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર 700 વિથ ટીકે મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડો. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે.

ભારતીયજનને દૃષ્ટિહીન કરનારી કેટરેક્ટ જેવી મુખ્ય ક્ષતિ ઉપરાંત દૃષ્ટિ સંબંધિત અનેક પ્રકારની જટિલ ક્ષતિનું એક છત નીચે અત્યાધુનિક મશીનરી તથા કાબેલ, નિપુણ અને અનુભવી તબીબ દ્વારા સમાધાન સાધવા માટેનું આદર્શ સરનામું એટલે

**વિઝન વિસ્ટા આઇ ક્લિનિક.**

### વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના પ્લસ પોઇન્ટઃ

- હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે કેટાલિસ ખૂબ લાભદાયક
- કેટાલિસ - એક્ટિવ સેન્ટ્રી કોર્નિયા માટે સલામત
- હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે
- ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપને પરિણામે આઇ-સર્જરી વધારે સચોટ, ત્રુટિરહિત અને પરિણામલક્ષી સાબિત થાય છે
- કોર્નિયાની સક્ષમતાનો તાગ મેળવવા માટે ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ. પ્રૌઢ વયના લોકો માટે આશીર્વાદરૂપ
- નિકોન ઓપ્ટોસ મશીન માત્ર પાંચ સેકંડની અંદર એક છેડેથી લઇને બીજા છેડે સુધીની સમગ્ર રેટિનાનું સ્કેન કરી શકે છે
- નિકોન ઓપ્ટોસ મશીન રેટિનાની પેરીફેરીમાં રહેલા ડાયાબિટીસને, સૂક્ષ્માતિસૂક્ષ્મ કદના છિદ્ર કે ચીરાને તથા રક્તવાહિની સંબંધિત ક્ષતિઓનો પણ તાગ મેળવી શકે છે
- નિકોન મશીન ઓપ્ટિક નર્વમાં રહેલા ગ્લુકોમાનો પણ તાગ મેળવી શકે છે
- નિકોન મશીન દૃષ્ટિ સંબંધિત એજ રિલેટેડ મેક્યુલર ડિજનરેશન(ARMD) ક્ષતિને પણ જાણી શકે છે. સૌથી વિશેષ આ માટે કીકીને ડાયલેટ કરવાની આવશ્યકતા નથી.
- રેટિના સંબંધિત ક્ષતિગ્રસ્ત માટે એન્જિયોવ્યૂ નામે સિસ્ટમ છે, જેને પરિણામે રેટિનાના પરીક્ષણ માટે ઇન્જેક્શન કે એન્જિયોગ્રાફી કરવાની આવશ્યકતા નથી, જે વ્યક્તિને કિડની સંબંધિત બીમારી હોય તેમના માટે આ સિસ્ટમ સલામત અને સરળ છે
- લેન્સના મેઝરમેન્ટ માટે મુંબઇમાં સૌપ્રથમ IOL માસ્ટર 700 વિથ ટોપો મશીન
- નેનો SLT લેસર સિસ્ટમને કારણે આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત્ ફક્ત બે-ત્રણ મિનિટમાં ઓછું કરીને ગ્લુકોમાને નાથી શકાય છે. પાંચ વર્ષ દરમિયાન ત્રણ વખત પ્રક્રિયા કરી શકાય છે
- નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજવસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકવા માટે EDOF લેન્સ સર્વોત્કૃષ્ટ છે
- EDOF લેન્સ રિંગરહિત હોવાને પરિણામે રાત્રે દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી
- ચશ્માંના નંબર દૂર કરવા માટે સમગ્ર વિશ્વમાં સ્માઇલ મશીન સર્વોત્કૃષ્ટ લેખાય છે. વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે આરૂઢ સ્માઇલ મશીનને પરિણામે પેશન્ટને ડ્રાયનેસની પ્રતીતિ થતી નથી. એક દિવસમાં રોજિંદી ક્રિયા તથા વ્યવસાયલક્ષી કામકાજ કરી શકે.



Know yr Dr.

નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદ્પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઈ ક્લિનિક - ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હૉટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 81049 59459 - 81049 76013 - 99674 39039
Email: cyresmehta@yahoo.com

# 'સોયાબીન' ચૂંટણી ગણિત બદલી શકે છે

### વિદર્ભ અને મરાઠવાડામાં સોયાબીનનો ભરપૂર પાક થાય છે પણ ખેડૂતો આને સસ્તામાં વેચી રહ્યા છે અને આ જ બાબત સત્તાધારીઓ માટે વિઘાતક સાબિત થવાની શક્યતા

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે પ્રચાર માટે લાડકી બહીણથી લઇને વિકાસ સહિતના અનેક મુદ્દા નેતાઓ માટે મહત્ત્વના રહ્યા છે, જ્યારે મરાઠવાડામાં તો તેનો પ્રચાર માત્ર ચાર અક્ષરને ફરતે જ રહ્યો છે. જેના ભાવને કંટ્રોલ કરવામાં વડા પ્રધાનથી લઇને ઉદ્ધવ ઠાકરે માત્ર આશ્વાસન જ આપી શક્યા છે એ સોયાબીનના ભાવ પર ઘણું બધું ગણિત અવલંબી રહ્યું છે.

કપાસનો ધંધો ખેડૂતો માટે એક દોરો સુખનો તો બાકીના ૧૦૦ દોરા દુઃખના, એવા હાલ થઇ ગયા હતા. આ જ કારણથી મોટા ભાગના ખેડૂતો સોયાબીનના પાક તરફ વળ્યા હતા. મરાઠવાડા અને વિદર્ભ સોયાબીનનો ડેપો ગણાય. માત્ર મરાઠવાડામાં જ ૩૦ લાખ હેક્ટર સોયાબીનનો પાક થાય છે. હવે સોયાબીન ખાતરીપૂર્વકના ભાવ કરતાં ઓછા ભાવે વેચાતા હોવાથી બધા ખેડૂતોએ માથે હાથ દેવાનો વારો આવ્યો છે.

સોયાબીનનું વિદર્ભ અને મરાઠવાડામાં વિક્રમી ઉત્પાદન થયું. સોયાબીનના ટેકાના ભાવ ૪૮૦૦

(જુઓ પાનું ૪) ▸▸

### મહાયુતિનો માસ્ટરસ્ટ્રોક?

ભાવાંતર યોજનાને કારણે બજારમાં ટેકાના ભાવ કરતાં ઓછા ભાવ હશે તો પણ ખેડૂતોને તેનો ફટકો નહીં બેસે. બજારના ભાવ અને ટેકાના ભાવમાંના ફરકની રકમ સરકાર તરફથી સીધી ખેડૂતના એકાઉન્ટમાં જમા થશે. મહાયુતિની આ યોજનાની જાહેરાત ચૂંટણીમાં ગેમ ચેન્જર બને એવી શક્યતા છે. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમની સભામાં ભાવાંતર યોજનાનો

(જુઓ પાનું ૪) ▸▸

# બાળાસાહેબનો ઉલ્લેખ કરવાનો ભાઈ સામેનો પડકાર પ્રિયંકા ગાંધીએ ઝીલ્યો

### શિર્ડીમાં પ્રિયંકાએ કહ્યું કે રાહુલ અનામતની વિરુદ્ધમાં હોવાનું જૂઠાણું ફેલાવાય છે

શિર્ડીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ સહિતના મહાયુતિના નેતાઓ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે વીર સાવરકર અને બાળાસાહેબ ઠાકરે માટે બે સારા શબ્દો બોલવાનો પડકાર ફેંકી રહ્યા હતા. શનિવારે અહીંની ચૂંટણીસભામાં ભાઈ સામેનો પડકાર પુરો કરતા બહેન પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે, મોદીજી સાંભળી લો. બાળાસાહેબ ઠાકરેનું નામ સાંભળી લો કે અમારી વિચારધારા અલગ હતી છતાં બાળાસાહેબ કે કૉંગ્રેસના કોઈ નેતાઓ છત્રપતિ શિવાજી મહારાજનું અમપાન સાંખી લીધું નહોત.

મારો ભાઈ રાહુલ ગાંધી અનામતના વિરોધમાં હોવાનું જૂઠાણું વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય પ્રધાન અમિત શાહ ફેલાવી રહ્યા હોવાનો આક્ષેપ કૉન્ગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધીએ શનિવારે અહીં ચૂંટણી સભા દરમિયાન કર્યો હતો.

દેશમાં જાતિ આધારિત જનગણના કરવાની માગણી રાહુલ ગાંધીએ કરી છે, તેથી આ નેતાઓ તેમનાથી ડરી રહ્યા હોવાનો દાવો પણ પ્રિયંકાએ કર્યો હતો.

અહિલ્યાનગર (અહમદનગર) જિલ્લાના પ્રખ્યાત ધામ શિર્ડીમાં એક ચૂંટણી રેલી દરમિયાન પ્રિયંકાએ કહ્યું હતું કે મહારાષ્ટ્ર પાસેથી ૧૦ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ છીનવી લેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રનું આપણને અભિમાન છે પણ આ જમીન પર છત્રપતિ શિવાજી મહારાજનું અપમાન કરવામાં આવી રહ્યું છે. તમારું અપમાન કરવામાં આવી રહ્યું છે. આ તમામ નેતાઓ જેમાં મોદીનો પણ સમાવેશ થાય છે તેઓ શિવાજી મહારાજના નામનો ઉપયોગ તો કરે છે પણ તેમને સન્માન આપતા નથી

(જુઓ પાનું ૪) ▸▸




**સાંઈને શરણેઃ** શિર્ડી ચૂંટણીસભા સંબોધવા માટે પહોંચેલાં પ્રિયંકા ગાંધી સાંઈબાબાના મંદિરે દર્શન માટે ગયાં હતાં. (પીટીઆઈ)

## આક્ષેપોની વણઝાર

# ભાજપ અને કૉંગ્રેસના વડાઓ પાસે જવાબ મગાયો

નવી દિલ્હીઃ આચારસંહિતાના ઉલ્લંઘન માટે ભાજપ અને કૉંગ્રેસ દ્વારા ચૂંટણીપંચ પાસે એકબીજા વિરુદ્ધ ફરિયાદો નોંધાવવાને પગલે, ચૂંટણી પંચે શનિવારે બંને પક્ષોના પ્રમુખોને તેમના નેતાઓ પર લાગેલા આરોપો અંગે ટિપ્પણી કરવા જણાવ્યું હતું. ભાજપે રાહુલ ગાંધીના વિરોધમાં અને કૉંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અમિત શાહના વિરોધમાં ફરિયાદ કરી છે.

ચૂંટણીપંચે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને અલગ-અલગ પત્ર લખીને અન્યની ફરિયાદ પર જવાબ આપવા કહ્યું છે.

ચૂંટણી પંચે બંને પક્ષ વચ્ચે ફરિયાદોની આપ-લે કરીને તેમના જવાબો માગ્યા છે.

ચૂંટણી પંચે બંને પક્ષ પ્રમુખ પાસેથી સોમવારે (૧૮ નવેમ્બર) બપોરે ૧ વાગ્યા સુધીમાં ઔપચારિક જવાબો માગ્યા છે, તથા તેમને લોકસભા ચૂંટણી દરમિયાન સ્ટાર પ્રચારકો અને નેતાઓને નિયંત્રણમાં રાખવા માટે કમિશનની અગાઉની સલાહની યાદ અપાવી છે અને એમને પ્રચાર દરમિયાન આચારસંહિતાનું ઉલ્લંઘન ન થાય એની કાળજી રાખવાની સલાહ અપાઈ છે.

બંને પક્ષોના ટોચના નેતાઓ ઝારખંડ અને મહારાષ્ટ્રમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા છે.

કૉંગ્રેસની ફરિયાદ મુજબ, મહારાષ્ટ્રની ધુળે અને નાશિકમાંની રેલીઓ દરમિયાન મોદી દ્વારા ખોટા (જુઓ પાનું ૪) ▸▸

# બૂથ કાર્યકરો ઘર-ઘર સુધી પહોંચે જઃ મોદીનો મંત્ર

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભાજપના કાર્યકરોને ૨૦ નવેમ્બરની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મતદાન મથકો જીતવા પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. 'મેરા બૂથ સબસે મજબૂત' કાર્યક્રમના ભાગરૂપે ભાજપના કાર્યકરો સાથે વર્ચ્યુઅલ વાર્તાલાપ દરમિયાન, મોદીએ તેમને મહિલાઓ, યુવાનો અને ખેડૂતોની બૂથ-સ્તરની બેઠકો કરવા પણ કહ્યું, અને સૂચન કર્યું કે તેઓ ભાજપની આગેવાની હેઠળની સરકારની યોજનાઓના વીડિયો ફેલાવે.

મોદીએ ભાજપના બૂથ કાર્યકરોને મતદારોમાં પાર્ટીના સંદેશનો પ્રચાર કરવામાં ડોક્ટર જેવા વ્યાવસાયિકોને સામેલ કરવા જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં વિપક્ષ મહાવિકાસ આઘાડી પર જૂઠ્ઠાંણાં ફેલાવવાનો આરોપ લગાવતા મોદીએ કહ્યું હતું કે ભાજપના કાર્યકરોએ મતદારોને આ હકીકત જણાવવી જોઈએ.

મોદીએ કહ્યું કે હું જ્યાં પણ ગયો ત્યાં મેં

(જુઓ પાનું ૪) ▸▸

# ફડણવીસ ચૂંટણીને ધાર્મિક રંગ આપે છેઃ શરદ પવાર

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના વડા શરદ પવારે શનિવારે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે તે 'વોટ જેહાદ' જેવા શબ્દોનો ઉપયોગ કરી રહી છે અને 'બટેંગે તો કટંગે (વિભાજીત થઈ જશો)' જેવા સૂત્રોનો ઉપયોગ કરીને ચૂંટણીને ધાર્મિક રંગ આપવાનો પ્રયાસ કરી રહી છે.

સિનિયર પવારે કહ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે 'વોટ જેહાદ' શબ્દ બનાવ્યો હતો અને તેનું કારણ એ હતું કે લઘુમતીઓએ કેટલાક લોકસભા મતવિસ્તારોમાં એમવીએના ઉમેદવારોને મત આપ્યા હતા. કેટલાક વિસ્તારોમાં ચોક્કસ સમુદાયો મોટી સંખ્યામાં રહે છે. પુણેના એક વિસ્તારમાં હિન્દુ સમુદાય મોટી સંખ્યામાં રહે છે અને તેઓ ભાજપને મત આપે છે. અમે તેનું પરિણામ અપેક્ષિત હોય પણ, જેહાદ જેવું નથી માનતા. અમે તેને ધાર્મિક રંગ નથી આપતા, પરંતુ તેને તેમની વિચારધારા તરીકે માનીએ છીએ. આમ,

(જુઓ પાનું ૪) ▸▸

# રાહુલ ગાંધી અને એકનાથ શિંદેની બેગની લેવાઈ તલાશી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લેતાં પ્રચાર અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. તેની વચ્ચે ચૂંટણી પંચના અધિકારીઓએ થાણેમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની બેગની ફરી એક વાર તલાશી લીધી હતી. આ પહેલાં પણ એકનાથ શિંદેની બેગની તલાશી પાલઘર ખાતે લેવામાં આવી હતી. તેઓ હેલિકોપ્ટરમાંથી ઊતર્યા ત્યારે તેમની બેગ ચકાસવામાં આવી હતી.

વિધાનસભાની ચૂંટણી માટે જાહેર રેલીને સંબોધવા મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં ધામણગાંવ આવેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ચૂંટણી અધિકારીઓએ બેગની તપાસ કરી હતી. અમરાવતી જિલ્લાની આઠ વિધાનસભા બેઠકો

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.